શ્રીમંત મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ ગ્રન્થમાળા, નં. ૧૨.

# दक्षिणनो पूर्वसमयनो इतिहास.

## (મુસલમાનોએ તે દેશ જીત્યો ત્યાં સુધીનો.)

ડૉ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર, એમ. એ., પી. એચ. ડી. ઈ. કૃત

અંગ્રેજીનું ભાષાંતરકર્ત્તા

નવનીધરાય નારાયણભાઈ મહેતા.

બી. એ, એલ એલ બી; હાઈકોર્ટ વકીલ.

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ગ્રન્થમાળા ફંડ ખાતેથી

છપાવી પ્રસિદ્ધકર્ત્તા

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, અમદાવાદ.

સન ૧૯૦૮. સંવત્ ૧૯૬૪.

કિંમત દશ આના.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

( સર્વ પ્રકારના હક્ક ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને સ્વાધીન છે. )

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# ઉપોદ્ઘાત.

વડોદરાના શ્રીમન્ મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદુર ઇ. સ. ૧૮૮૨ માં અમદાવાદ પધાર્યા હતા તે પ્રસંગે તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને રૂ. ૫૦૦૦ બક્ષીસ કર્યા; માટે સોસાઇટીએ તેમને પોતાના મુરબ્બી (પેટ્રન) ઠરાવ્યા છે, અને તે રકમ તેમના નામથી જુદી રાખી તેનું વ્યાજ તેમને નામે ગ્રંથો રચાવવામાં, ગ્રંથો છપાવી પ્રસિદ્ધ કરવામાં, અને ઉત્તેજન દાખલ ગ્રંથો ખરીદ કરવામાં વાપરવાનો ઠરાવ કર્યો છે. તે પ્રમાણે આજ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો શ્રીમન્ મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ ગ્રંથમાળા તરીકે છપાવવામાં આવ્યાં છેઃ-

૧. ગ્રીસદેશનો ઇતિહાસ.
૨. વિધવાવપન અનાચાર.
૩. હિંદનાં મહારાણી અને તેમનું કુટુંબ.
૪. ભાલણસુત ઉદ્ધવકૃત રામાયણ.
૫. કર્ત્તવ્ય. ( બીજી આવૃત્તિ. )
૬. બર્નિયરનો પ્રવાસ.
૭. ઔષધિકોષ ભાગ ૧ લો.
૮. અકસ્માત્ વખતે મદદ અને ઇલાજ.
૯. હેન્રીફૅાસેટનું જીવનચરિત્ર.
૧૦. હિન્દની ઉદ્યોગસ્થિતિ.
૧૧. મરાઠી સત્તાનો ઉદય.
૧૨. દક્ષિણનો પૂર્વસમયનો ઇતિહાસ.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઑફિસ,

અમદાવાદ, તા. ૫ ઑકટોબર ૧૯૦૮.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અનુક્રમણિકા.


| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧. | દક્ષિણ શબ્દની વ્યુત્પત્તિ અને તેનો નિર્દેશ. ... | ૧—૪ |
| ૨. | દક્ષિણમાં આર્યોનું વસવું. ... ... ... | ૪—૧૦ |
| ૩. | દક્ષિણમાં આર્યોના વસતિકાલનો નિર્ણય.... ... | ૧૦—૧૦ |
| ૪. | દક્ષિણ અથવા મહારાષ્ટ્રનો રાજ્યસંબંધી ઇતિહાસ. | ૨૪—૩૭ |
| ૫. | લેખોમાં વર્ણવેલા દેશી તથા પરદેશી રાજાઓ. ... | ૩૮—૪૧ |
| ૬. | આંધ્રભૃત્યો અથવા શાતવાહનોનો સમયનિર્ણય. ... | ૪૧—૬૫ |
| ૭. | શાતવાહન અથવા શાલિવાહન વંશના રાજાઓની રાજ્ય સંબંધી અથવા સાહિત્ય સંબંધી દંતકથાઓ. | ૬૫—૬૯ |
| ૮. | આંધ્રભૃત્ય અથવા શાતવાહન વંશના રાજાઓના સમયમાં મહારાષ્ટ્રની ધાર્મિક, સામાજિક તથા આર્થિક સ્થિતિ ... ... ... ... | ૬૯—૭૭ |
| ૯. | આંધ્રભૃત્ય વંશના નાશ અને ચાલુક્ય વંશના ઉત્કર્ષ વચ્ચેના સમયનો સંભવિત ઇતિહાસ. ... | ૭૭—૮૦ |
| ૧૦. | પ્રથમના ચાલુક્ય વંશના રાજાઓ ... ... | ૮૧-૧૦૧ |
| ૧૧. | રાષ્ટ્રકૂટ વંશ. ... ... ... ... | ૧૦૧-૧૨૫ |
| ૧૨. | પાછળના સમયના ચાલુક્ય વંશના રાજાઓ. ... | ૧૨૫-૧૫૨ |
| ૧૩. | કલચુરી વંશના રાજાઓ. ... ... ... | ૧૫૩-૧૬૩ |
| ૧૪. | દેવગિરિના યાદવો-તે વંશનો પ્રાચીન ઇતિહાસ. ... | ૧૬૪-૧૭૬ |
| ૧૫. | દેવગિરિના યાદવો પછીના સમયનો ઇતિહાસ. ... | ૧૭૭-૨૦૧ |
| ૧૬. | કોલ્હાપુરના શિલાહાર વંશના રાજાઓ... ... | ૨૦૨-૨૧૧ |
| પરિશિષ્ટ એ. | ગુપ્ત સંવત્સર ઉપર નિબંધ. ... ... | ૨૧૩-૨૨૯ |
| પરિશિષ્ટ બી | શિલાલેખોમાં આવતા શક, તારીખો, તથા બાર્હસ્પત્ય ચક્રનાં વર્ષો ઉપર ટીકા.... ... | ૨૩૦-૨૩૬ |
| પરિશિષ્ટ સી. | હેમાદ્રિના વ્રતખંડની પ્રસ્તાવના... ... | ૨૩૭-૨૫૧ |
| પરિપૂર્તિ— | પ્રકરણ ૧૧ મું—રાષ્ટ્રકૂટ વંશના રાજાઓ. | ૨૫૨-૨૬૦ |


Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# દક્ષિણનો પૂર્વસમયનો ઇતિહાસ.

## મુસલમાનોએ તે દેશ જીત્યો ત્યાં સુધીનો.

### પ્રકરણ ૧ લું.

#### "દક્ખણ" શબ્દની વ્યુત્પત્તિ અને તેનો નિર્દેશ.

**"દક્ખણ" શબ્દની વ્યુત્પત્તિ.**

"**दक्खण**" શબ્દ એ સંસ્કૃત "દક્ષિણ" જેનો અર્થ દક્ષિણ દિશા તરફનું એવો થાય છે તે શબ્દનો દેશી ઉચ્ચાર છે; હિન્દુસ્તાનના દ્વિપકલ્પનો જે ભાગ નર્મદા નદીની દક્ષિણે આવેલો છે તેને "દક્ષિણ" અથવા 'દક્ખણ' એ શબ્દ લગાડવામાં આવતો. સંસ્કૃત અને બીજાં પુસ્તકોમાં તેને માટે "**दक्षिणापथ**" અથવા "દક્ષિણ તરફનો પ્રદેશ" એ શબ્દ માલૂમ પડે છે. આ નામ પ્રાચીન સમયમાં સામાન્ય રીતે વપરાતું હતું. તે એ ઉપરથી જણાઈ આવે છે કે પૅરીપ્લસ્નો કર્ત્તા હિન્દુસ્તાનના તે ભાગને "[1]દક્ખિણ બદેસ" કહે છે. તે સમયની દેશી અથવા પ્રાકૃત ભાષામાં, સામાન્ય નિયમોને અનુસરીને સંસ્કૃત "**दक्षिणापथ**" શબ્દ "દક્ખિણાબધ" અથવા "દક્ખિણાવધ" થયો

---

૧ ઈન્ડીયન એન્ટીકવરીઝ ભા. ૮ પા. ૧૪૩ મું જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હશે, અને આ લોકોક્ત ઉચ્ચાર [1]ઉપરથી **ગ્રીક** પુસ્તકકર્ત્તાએ પોતાના પુસ્તકમાં લખેલું નામ લીધું હશે. એનું ટુંકું નામ પણ વપરાતું હશે એમ લાગે છે, કારણકે ઇસવીસનના પાંચમા શતકના આરંભમાં ચીનાઈ મુસાફર [2]ફાહ-હીયાન્‌ને બનારસમાં એમ કહેવામાં આવ્યું હતું કે દક્ષિણ તરફ એક દેશ છે જેનું નામ "ટાથ્રસીન્" છે. આ નામ સંસ્કૃત "**दाक्षिण**" ને મળતું આવે છે.

**"દક્ખણ" શબ્દનો નિર્દેશ.**

નર્મદા નદીની દક્ષિણના આખા દ્વિપકલ્પનું નામ **દક્ષિણાપથ** અથવા **દક્ષિણ** હતું. [3]માર્કણ્ડેય, [4]વાયુ અને [5]મત્સ્યપુરાણોમાં ગણાવેલા દેશોમાં ચૌલ, પાંડ્ય અને કેરલ એ દેશોનો **દક્ષિણાપથ**માં સમાવેશ કરવામાં આવેલો છે. આ દેશો છેક દક્ષિણમાં આવેલા છે અને આ સમયના તંજાવર, મદુરા અને મલબાર દેશોને મળતા આવે છે. પરંતુ [6]મહાભારતમાં એમ વર્ણવેલું છે કે પાંડવોમાંના સૌથી નાનાભાઈ **સહદેવ** દિગ્વિજય કરતાં કરતાં પાંડ્યદેશના રાજાને જીત્યા પછી દક્ષિણાપથમાં ગયા. આ ઉપરથી એમ દર્શિત થાય છે કે **પાંડય** દેશનો **દક્ષિ-**

---

૧ ભાષાંતરકર્ત્તાની નોટ—આ અનુમાન યોગ્ય હોય એમ લાગતું નથી, કારણકે પૅરીપ્લસે આપેલું નામ "દક્ખિણબદેસ" એ સંસ્કૃત '**दक्षिणप्रदेश**' નું અપભ્રંશ છે અને '**दक्षिणापथ**' ઉપરથી નીકળ્યું હોય એમ લાગતું નથી.

૨ ફાહ્-હીયાન્‌નો પ્રવાસ, એસ્ બીલકૃત, પા. ૧૩૯.

૩ અધ્યાય ૫૭. શ્લો ૪૫. બીબ્લીઓથીકા ઇન્ડીકાની આવૃત્તિ. તેમાં બીજી લીંટીનો પાઠ ખોટો છે. પણ "**पांड्याश्च केरलाश्चैव चोलाःकुल्यास्तथैवच**" આ પાઠ બીજી પ્રતમાં છે તેમ હોવો જોઈએ.

૪ અધ્યાય ૪૫. શ્લો. ૧૨૪ બી. ઇ. આવૃત્તિ.

૫ અધ્યાય ૧૧૨. શ્લો. ૪૬ પુનાની શિલામુદ્રિત આવૃત્તિ.

૬ સભાપર્વ, અધ્યાય ૩૧ શ્લો. ૧૭ મુંબાઈની આવૃત્તિ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**ણાપથ**માં સમાવેશ થતો નહતો. વળી **સહ્યાદ્રિ**માંથી **ઉત્પન્ન થતી** ગો-દાવરી અને અન્ય નદીઓના સંબંધમાં, [1]વાયુપુરાણ**માં એમ** કહેવામાં આવ્યું છે કે તે દક્ષિણાપથની નદીઓ છે, અને નર્મદા તથા તાપીને તેવી ગણવામાં આવી નથી. આ ઉપરથી એમ લાગે છે કે એ નદીઓની ખી-ણોના પ્રદેશનો દક્ષિણાપથમાં સમાવેશ થતો નહતો. આ રીતે **દક્ષિણાપથ** શબ્દ હમેશાં એકજ અર્થમાં વપરાયો હોય એમ લાગતું નથી. અર્વાચીન સમયમાં આ નામ જે દેશ ઉત્તરમાં નર્મદા અને દક્ષિણમાં કૃષ્ણા નદીના પ્રવાહની વાંકી ચુંકી લીંટી (છેક પૂર્વ તરફનો પ્રદેશ બાદ કરતાં જે રહે તે) ની વચ્ચે આવેલો છે તેનું છે. આ રીતે માલુમ પડશે કે મહારાષ્ટ્ર દેશ અથવા જે દેશમાં મરાઠી ભાષા બોલાય છે તે (પશ્ચિમઘાટ અને સ-મુદ્રની વચ્ચે આવેલા સાંકડા પ્રદેશ સીવાયના) દેશને એ ઘણોખરો મ-ળતો આવે છે. તેથી ઓછું વળી એ દેશમાંથી નર્મદા અને તાપી નદી-ઓની ખીણોના પ્રદેશ બાદ કરતાં જે દેશ રહે તેને પણ એ નામ લાગુ કરી શકાય, અને આ બાબતને વાયુપુરાણમાંથી આધાર મળી શકે છે. આ પ્રમાણે ગોદાવરીના પૂર્વ પ્રવાહથી ફળદ્રુપ થયેલો દેશ તથા ગોદાવરી અને કૃષ્ણા નદીઓની વચ્ચે આવેલો દેશ–આનું નામ "દક્ખણ" એમ દેખાય છે. આટલાજ દેશનું નામ **મહારાષ્ટ્ર** એક સમયે હતું તેમ પણ લાગે છે. કારણકે પુરાણો તથા અન્ય પુસ્તકોમાં આ દેશને એક હાથ ઉ-પર **અપરાંત** અથવા **ઉત્તરકોંકણ** તથા નર્મદા અને તાપીની બંને બાજુએ આવેલા પ્રદેશ જેમાં પુલીંદ તથા સાબર લોકો વસતા હતા તે દેશથી, તેમજ બીજા હાથ ઉપર **વિદર્ભ** દેશથી તદ્દન જૂદો ગણવામાં આવ્યો છે. તેના પ્રમાણમાં વધારે અર્વાચીન [2]રત્નકોશ નામના ગ્રંથમાં, મહારાષ્ટ્ર,

---

૧ અધ્યાય ૪૫, શ્લો. ૧૦૪ બી. ઇ. આવૃત્તિ.

૨ બૉડલીયન્ લાયબ્રેરીમાંના હસ્તલિખિત પુસ્તકોના પ્રો. ઑફ્રેકટના પત્રકનું પા. ૫૩૨ જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વૈદર્ભ, તાપીતટ દેશ અને નર્મદાતટ દેશ (એટલે આ નદીઓની બંને બાજુનો પ્રદેશ) અને કોંકણ, આ સર્વ એક બીજાથી જૂદા છે એમ વર્ણવામાં આવ્યું છે. આવી રીતે પરિમિત અર્થવાળા મહારાષ્ટ્ર અથવા **દક્ખણ** દેશ વિશે આ વૃત્તાંત લખવામાં આવે છે.

## પ્રકરણ ૨ જું.

### દક્ખણમાં આર્યોનું વસવું.

**દક્ખણમાં આર્યોનું વસવું.**

જે આર્યો હિંદુસ્તાનમાં આવ્યા તે પ્રથમ પૂર્વ અફઘાનીસ્તાન અને પંજાબમાં જ રહ્યા હતા. આ વાત તો હાલ સ્વીકૃત થએલી જ છે. ત્યાંથી તેઓ પૂર્વ તરફ ગયા, અને પૂર્વ તરફનો પ્રદેશ જેમાં તેઓ રહ્યા તે પ્રદેશનું નામ થોડા સમય સુધી **બ્રહ્માવર્ત** અથવા તેઓની પવિત્ર ભૂમિ પડયું; આ પ્રદેશ **સરસ્વતી** જેને હાલ સરસુતી કહે છે તે નદી અને તેની પાસે એટલે થાણેશ્વરની આસપાસના મુલકમાં આવેલી [1]**દૃશદ્વતી** એ બંને નદીઓ વચ્ચે આવેલો હતો. અહીંયાં જ્ઞાતીઓ, વર્ણો અને યજ્ઞયાગાદિકવાળા ધર્મની સંસ્થા પૂર્ણ વિકાસને પામી હતી એમ લાગે છે. ત્યાંથી તેઓ પૂર્વ અને દક્ષિણ તરફ પ્રસર્યા, અને ધીમે ધીમે હિમાલય અને વિંધ્યાદ્રિ વચ્ચેનો સઘળો પ્રદેશ રોકયો. તેઓના આ વસતિસ્થાનની દક્ષિણ તરફની મર્યાદા લાંબા સમય સુધી વિંધ્યાદ્રિ સુધી હતી. કારણકે **આર્યાવર્ત** એટલે જે પ્રદેશમાં આર્ય લોકો વસતા હતા તે પ્રદેશથી, [2]મનુ તથા પાણિનીય વ્યાકરણના મહાભાષ્યના કર્ત્તા

૧ મનુ અ. ૨; શ્લો. ૧૭. ૨ મનુ અ. ૨ શ્લો. ૨૩.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

[1]પતંજલિના લખવા પ્રમાણે પૂર્વોક્ત બંને પર્વત-શ્રેણીઓની વચ્ચે આવેલા પ્રદેશનુંજ માત્ર સૂચન થતું. જે પોતાની ઉંચાઈથી સૂર્યના માર્ગને રોકતો હોય એમ દેખાતું હતું તે **વિંધ્યાદ્રિ** તે લોકને અલંઘ્ય હતો. તે પર્વતની વધારે ઉત્તર તરફની તથા પશ્ચિમ તરફની હાર જેમાં-થી ચંબલ અને બેટવા નદીઓ ઉદ્ભવ પામે છે તે હારનું નામ **પારિ-યાત્ર** હતું, કારણ કે તેઓની યાત્રાની મર્યાદા એટલે સંચારની હદ ઉપર તે આવેલી હતી. પુરાણોમાં વર્ણવ્યા પ્રમાણે, થોડા સમય પછી અગસ્ત્ય ઋષિએ તે પર્વતને વધારે ઉંચો થવાની મનાઇ કરી, એટલે કે તેમણે તે પર્વત ઉલ્લંઘ્યો અને તેની દક્ષિણ તરફ આશ્રમ સ્થાપ્યો અને આ પ્રમાણે બીજા આશ્રમો માટે માર્ગ ખુલ્લો કરી આપ્યો. દક્ષિણ તરફના દેશમાં સૌથી પ્રથમ અથવા પ્રાચીન આર્ય-પ્રદેશ **વિદર્ભ** અથવા વરાડપ્રાંત હોવો જોઇએ. કારણ કે [2]રામાયણમાં વર્ણવ્યા પ્રમાણે જ્યારે વાનરરાજા સુગ્રીવ, રામની સ્ત્રી સીતા તથા તેના હરણ કરનાર રાવણની શોધમાં પોતાના અનુચરોને જૂદી જૂદી દિશાઓમાં મોકલે છે, ત્યારે બીજા દેશો સાથે વિ-દર્ભ, રુચિક, મહિષક દેશોમાં તેમજ દણ્ડકારણ્ય તથા ગોદાવરી નદીએ પણ જવાની તેઓને આજ્ઞા કરે છે. આ ઉપરથી એમ દર્શિત થાય છે કે ગોદાવરી નદીની આજુબાજુનો દેશ એટલે વધારે પરિમિત અર્થ પ્રમાણે ગણતાં દક્ખણ અથવા મહારાષ્ટ્ર દેશ તે સમયે અરણ્ય હતો અને વિદર્ભ વસ્તીવાળો દેશ હતો. [3]મહાભારતમાં પણ લખેલું છે કે અગસ્ત્ય ઋષિએ પોતાની આશ્ચર્યકારક શકિતથી ઉત્પન્ન કરેલી કન્યા વિદર્ભના રાજાને

**દક્ષિણમાં પ્રથમ આર્યપ્રદેશ વિદર્ભ હતો.**

---

**૧ પતંજલિકૃત મહાભાષ્ય પાણિનીય વ્યાકરણનું અ. ૨ પ્ર. ૪-૧૦.**

**૨ રામાયણ કાં. ૪ અ. ૪૧ (મુંબાઇની આવૃત્તિ)**

**૩ મહાભારત. મુંબાઇની આવૃત્તિ. ૩ અધ્યાય ૯૬-૯૭.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આપી, અને જ્યારે તે મોટી વયની સ્ત્રી થઇ ત્યારે લગ્ન માટે તે રાજા પાસેથી માગી. [1]રામાયણમાં લખેલું છે કે રામ લાંબા સમય પર્યંત દણ્ડકારણ્યમાં પંચવટી નામનું સ્થાન જે અગસ્ત્યના આશ્રમથી આશરે બે યોજનને અંતરે ગોદાવરીના કીનારા ઉપર આવેલું છે ત્યાં રહ્યા હતા.

**દંડકારણ્ય તેજ મહારાષ્ટ્ર.**

આ દંડકારણ્ય તેજ હાલનું મહારાષ્ટ્ર એમ હોવાનું કારણ ઉપર કહ્યા પ્રમાણે એજ કે તેમાં ગોદાવરી તથા અન્ય નદીઓના પ્રવાહ આવેલા હતા. જ્યારે કોઇ પણ ધર્મક્રિયાનો આરંભ કરવો હોય ત્યારે હિંદુ વિધિ પ્રમાણે એ અગત્યનું છે કે જે દેશમાં તે વિધિ કરવામાં આવતી હોય તે દેશનું નામ બોલવું. તે પ્રમાણે મહારાષ્ટ્રમાંના બ્રાહ્મણો "મહારાષ્ટ્ર દેશ" એમ બોલતા નથી, પરંતુ દંડકારણ્ય શબ્દની પાછળ દેશ શબ્દ લગાડી "**દંડકારણ્ય દેશ**" એમ બોલે છે. આજથી આશરે છસો વર્ષ ઉપર લખાએલા હેમાદ્રિના **વ્રતખંડ** નામના પુસ્તકની પ્રસ્તાવનામાં દેવગિરિ એટલે આ સમયનું દૌલતાબાદ શહેર દંડકારણ્યની સીમાના પ્રદેશમાં આવેલું છે એમ લખેલું છે. પંચવટી જ્યાં રામ રહ્યા હતા તે આ સમયનું નાસીક એમ માનવાનું કારણ છે. પરંતુ વિંધ્યાદ્રિમાંથી નાસીક જેવા ઘણાજ દૂર પશ્ચિમના ખુણામાં આવેલા સ્થાનમાં રામાયણના નાયકને કવિ કવચિત્જ લાવી શકે. રામાયણમાં તેમજ ભવભૂતિકૃત ઉત્તરરામચરિતમાં આપેલા વર્ણન પ્રમાણે ગોદાવરી નદી

**પંચવટી.**

રામના પંચવટીસ્થાન આગળ વિસ્તીર્ણ હોવી જોઇએ. નાસીક જે તે નદીના મૂળની ઘણીજ પાસે આવેલું છે ત્યાં આગળ તે નદી વિસ્તીર્ણ ભાગ્યેજ હોઈ શકે. તેથી ઉલટું સહ્યાદ્રિના ઉત્તર તરફના ભાગની આજુબાજુનો પ્રદેશ જેમાં થઇને ગોદાવરી નદી વહેતી હતી અને જેમાં ગોવર્ધન આ-

---

૧ રામાયણ. કાં. ૧૩, અ. ૧૩, મુંબાઇની આવૃત્તિ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વેલો હતો તે પ્રદેશ વિષે પુરાણોમાં એમ લખેલું છે, કે "તે પૃથ્વી ઉપર અતિ રમણીય હતો; અને ત્યાં રામનું મન રંજન કરવાને માટે, તેમની સ્ત્રી સીતાના ઉપભોગને અર્થે ભારદ્વાજ ઋષિએ દિવ્ય વૃક્ષો તથા નાના પ્રકારની ઓષધિઓ ઉગાડી, અને આ રીતે ત્યાં એક રમણીય ઉદ્યાન થયું." ગોવર્ધન એ શેહેર હતું એમ[1] માર્કણ્ડેયપુરાણમાં લખવામાં આવ્યું છે. પરંતુ મત્સ્ય તથા [2]વાયુપુરાણોમાંથી એમ દર્શિત થાય છે કે તે એક પર્વત હતો. માટે આપેલા સ્થાન ઉપરથી એમ અનુમાન થાય છે કે આ ગોવર્ધન નાસીક પાસે આવેલું એજ નામનું ગામ હોવું જોઇએ; અને આ પ્રમાણે આ ત્રણે પુરાણો ઉપરથી એમ સમજાય છે કે પંચવટી તેજ આ સમયનું નાસીક એ વાતનું સમર્થન થાય છે.

**આર્યોએ મહારાષ્ટ્ર સંપૂર્ણ રીતે સર કર્યું, તે વાત તે દેશમાં પ્રચલિત ભાષાથી સાબીત થાય છે.**

પરંતુ જો કે હિંદુસ્થાનના આર્યોએ રોકેલા દેશોમાં મહારાષ્ટ્ર સર્વથી છેલ્લો દેશ હતો, તોપણ ઉત્તરના અન્ય પ્રદેશો કરતાં આ દેશ તેઓએ થોડી સંપૂર્ણતાથી સર કર્યો નહોતો. તે દેશોની માફક અત્રે પણ તેઓએ અસલ વતનીઓને પર્વતોની ગુફાઓમાં અને જંગલોમાં નસાડી મુકયા, અને બાકીનાઓને પોતાના જન-સમાજમાં એકત્ર કરી દીધા. ઉત્તર હિંદુસ્તાનની અન્ય ભાષાઓ જેટલે દરજ્જે સંસ્કૃતની શાખાઓ છે તેવીજ રીતે આ સમયની મરાઠી ભાષા પણ છે. મહારાષ્ટ્રી, સૌરસેની, અને માગધી તેમજ જૂના વખતની

---

૧ માર્કંડેય પુરાણ અ. ૫૭ શ્લો. ૩૪—૩૫: વાયુપુરાણ અ. ૪૫ શ્લો. ૧૧૨—૧૧૪.

૨ મત્સ્યપુરાણ અ. ૧૧૨ શ્લો. ૩૭-૩૯. આ શ્લોકો દૂષિત થએલા છે. ત્રણે પુરાણોનો પાઠ એકજ અસલ ઉપરથી છે; પરંતુ પાઠ અતિ દૂષિત થયેલો છે. તોપણ ત્રણેમાંથી વાયુપુરાણનો પાઠ સર્વથી પ્રાચીન છે એમ લાગે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભાષા નામે પાલી, આ સર્વ ભાષાઓનાં પ્રાચીન રૂપોમાં સંસ્કૃત શબ્દોનાં ઘણાંજ અપભ્રૃષ્ટરૂપો આવે છે, અને આના થોડાએક સામાન્ય નિયમો નીકળી શકે છે. એક જાતિના લોકો પોતાના ઇતિહાસના આખા સમયમાં જે એક ભાષા બોલતા હોય તે ભાષાનો નાશ જે સ્વાભાવિક કારણોની અસરને લીધે થાય છે તે પ્રમાણે આ ભાષાઓના સંબંધમાં થયું હોય તેમ લાગતું નથી. કારણ કે આવી ક્રિયા ઘણી મંદ હોવી જોઇએ, તથા ઘણા લાંબા સમય પર્યંત ચાલુ રહેલી હોવી જોઇએ, કે જેથી કરીને, તે સર્વ પ્રાકૃત ભાષાઓમાં જે સ્વર ( ઉચ્ચાર ) સંબંધી વિકૃતિઓ આપણી નજરે પડે છે તે ઉત્પન્ન થઈ શકે. આ લાંબા સમય સુધી ચાલુ રહેલી ક્રિયાથી અન્ય બાબતોમાં પણ ઘણીજ વિકૃતિઓ ઉત્પન્ન થવી જોઇએ. પરંતુ તે બોલીઓમાં આવું આપણને માલુમ પડતું નથી, અને સંસ્કૃતથી અતિ દૂર તે બોલીઓ ગઈ હોય એમ લાગતું નથી. માટે સંસ્કૃત ઉચ્ચારોનાં અતિ અપભ્રૃષ્ટરૂપો થયાં તેનું કારણ એમ અનુમાન કરવાથી મળી શકે છે, કે જે લોકોની સ્વભાષા સંસ્કૃત નહોતી તે લોકોને તે બોલવી પડતી હતી. સર કરનારા આર્ય લોકોમાં વપરાતા સંસ્કૃત શબ્દોના યથાસ્થિત ઉચ્ચાર તે વિજાતીય લોકો કરી શકતા નહોતા; અને આ રીતે સંસ્કૃત શબ્દોનાં પ્રાકૃતરૂપો તે શબ્દોના તે લોકોએ કરેલા ઉચ્ચાર હતા. સંસ્કૃતમાં માલુમ નથી પડતા એવા થોડા ઉચ્ચારો (સ્વરો) તેમજ સંસ્કૃતમાંથી નીકળી શકતા નથી એવા કેટલાએક શબ્દો પ્રાકૃતમાં માલુમ પડે છે, અને આથી પણ એજ અનુમાન થઇ આવે છે. આ પ્રમાણે એ સ્પષ્ટ દેખાય છે, કે હિંદુસ્તાનના આર્યો તે દેશમાં આગળ પ્રસરતા ગયા તેમ તેમ વિજાતીય લોકોના સંસર્ગમાં આવતા ગયા, જેમને તેઓએ પોતાના જનસમાજમાં એકત્ર કરી દીધા, અને આ લોકો આર્યલોકોની ભાષા શીખ્યા તેમજ પોતાના અસલના કેટલાએક શબ્દો

**પ્રાકૃત બોલીઓ.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તથા ઉચ્ચારનાં વિશેષ [1]લક્ષણો સાચવી રાખ્યાં. ઉત્તરના દેશમાં છેક નીચે મરાઠા દેશ સુધી આ વસ્તુસ્થિતિ હતી. પરંતુ તેથી વધારે દક્ષિણમાં તથા પૂર્વ તરફના કિનારા ઉપર વસનારા લોકોમાં જો કે આર્યોએ પ્રસાર કર્યો અને તે લોકોને પોતાનો સુધારો આપ્યો, તો પણ એ લોકોને તેઓ પોતાના જનસમાજમાં સંપૂર્ણ રીતે એકત્ર કરી શકયા નહીં, તેમજ તેમની ભાષાઓ અને તેમનો સ્વદેશીય સુધારો જડમૂળથી ઉત્થાપિત કરી શકયા નહીં.

**વધારે દક્ષિણ તરફના પ્રદેશોમાં તે થોડી હતી.**

તેથી ઉલટું તે જાતિના લોકોની ભાષાઓ આર્યોને શીખવી પડી, અને તેઓના સુધારાનો કંઈક અંશ પોતાને લેવો પડયો. આ પ્રમાણે કાનડી, તેલુગુ, તામીલ અને દક્ષિણ હિંદુસ્તાનમાં હાલ બોલાતી અન્ય ભાષાઓ, સંસ્કૃતમાંથી ઉત્પન્ન થઈ નથી, પરંતુ તદ્દન જૂદાજ કુળની છે, અને દક્ષિણની કલાઓ આ રીતે આજ કારણથી ઉત્તરનાથી જૂદી પડે છે. આર્યોના આ પ્રસારનું પરિણામ ઉત્તરમાં જે આવ્યું હતું તેથી દક્ષિણમાં શા કારણથી આટલું બધું જૂદું આવ્યું તેનું કારણ એમ દેખાય છે કે, જ્યારે આર્યો દક્ષિણમાં ગયા ત્યારે ત્યાં સુવ્યવસ્થિત જનસમાજો તથા રાજ્યો ઘણા લાંબા સમયથી હતાં. ઉપર લખેલાં રામાયણનાં વાક્યોમાં વાનરસેનાને દક્ષિણમાં આંધ્ર ( તેલુગુ ) લોકોના, પાંડય, ચોલ, અને કેરલ લોકોના દેશોમાં જવાની આજ્ઞા કરી છે, અને તેઓને એમ કહેવામાં આવ્યું છે કે પાંડય લોકોની રાજ્યધાનીના દરવાજા સુવર્ણ તથા રત્નોથી શોભાયમાન કરેલા છે. અને આ જાતિના લોકોનું, તેઓના દેશનું અને તેઓના રાજાનું વર્ણન અન્ય સંસ્કૃત ગ્રંથોમાં કરવામાં આવ્યું છે તે હવે પછી આપવામાં આવશે. તેથી ઉલટું આર્યલોકોના પ્રસારને સમયે ઉ-

---

**૧ આ વિષયો મેં સંસ્કૃત તથા તેમાંથી ઉત્પન્ન થએલી પ્રાકૃત ભાષાઓ ઉપરના મારા ભાષણોમાં વિકસિત કર્યા છે.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ત્તરના દેશોમાં દેશ–સ્થિતિ દંડકારણ્યના જેવી હોવી જોઈએ, એટલે રામાયણમાં વર્ણવ્યા પ્રમાણે તે અરણ્યમાં રાક્ષસો એટલે બ્રાહ્મણ ઋષિઓની ધર્મક્રિયાઓમાં વિઘ્ન નાંખતી એવી જંગલી જાતીઓ રહેતી હતી. અને સંસ્કૃત સાહિત્યનો જૂનો ભાગ, ( જે આર્યો પંજાબમાંથી ધીમે ધીમે નીચે પ્રસરતા જતા હતા તે સમયનો છે ) તેમાં તેઓને જે જંગલી જાતીઓ મળી તેઓને દસ્યુ, રાક્ષસ અને એવાં અન્ય નામો આપવામાં આવ્યાં છે.

## પ્રકરણ ૩ જું.

### દક્ખણમાં આર્યોના વસતિકાલનો યથાશક્તિ નિર્ણય, તથા પ્રાચીન હિંદુસ્તાનના સાહિત્ય અને લેખોમાં દક્ષિણ હિંદુસ્તાન વિશેના લેખો.

**ઐતરેય બ્રાહ્મણના સમયમાં આર્યો ઉત્તર હિંદુસ્તાનથી માહીત હતા.**

આર્યો દંડકારણ્યમાં ક્યારે વસ્યા તે કાલનો યથાશક્તિ નિર્ણય આપણે હવે કરવાનો પ્રયત્ન કરીશું, અને સંસ્કૃત સાહિત્યના જૂદા જૂદા સમયોમાં તથા હિંદુસ્તાનના ઇતિહાસમાં સંપૂર્ણ રીતે જાણીતી થએલી તારીખોએ, ઉત્તર હિંદુસ્તાનના સુધરેલા આર્ય જનસમાજનો દક્ષિણ હિંદુસ્તાન સાથે શો સંબંધ હતો તે શોધી કાઢીશું.

ઐતરેય બ્રાહ્મણ, કે જે આખા શ્રેષ્ટ સંસ્કૃત સાહિત્યથી અતિ પ્રાચીન છે, તેમાં એમ [1] લખ્યું છે કે, વિશ્વામિત્ર ઋષિએ પોતાના પચાસ પુત્રોની સંતતિને આર્ય વસતિ સ્થાનોની “ સીમા ઉપર રહેવાનો ” શાપ આપ્યો હતો, અને એમ કહેલું છે કે, આ વસતિ સ્થા-

૧ ઐતરેય બ્રાહ્મણ અ. ૭ શ્લો. ૧૮

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નોના લોકો “ આંધ્ર, પુંન્ડ્ર, સાબર, પુલીંન્દ અને મૂતીબ ” હતા, અને વિશ્વામિત્રના વંશજો દસ્યુનો મોટો ભાગ હતા. આમાંના પ્રથમની ચાર જાતિના લોકો દક્ષિણમાં રહેનારા તરીકે લખેલા છે, એટલે કે [1]રામાયણમાં પુંડ્ર લોકો વિષે, અને પુરાણોમાં અન્ય ત્રણ જાતિઓ વિષે તે પછીના સમયના સાહિત્ય ઉપરથી એમ દેખાય છે, કે પુલિન્દ તથા સાબર લોકો[2] વિંધ્યાદ્રિની આજુબાજુ રહેનારી જંગલી જાતોના હશે. ટોલેમી પુલિંદ લોકોને નર્મદા નદીના તટ આગળના બતાવે છે. આંધ્ર લોકો, જેઓ આ સમયના તેલુગુ લોકો છે, તેઓ ગોદાવરી નદીના મુખ આગળ અથવા તેથી પણ ઉત્તરમાં રહેતા હતા. ઐતરેય બ્રાહ્મણના સમયમાં આ જાતિના લોકોનાં આ સ્થાનો હતાં, તો તે વખતે હિંદુસ્તાનના આર્ય લોકોને વિંધ્યાદ્રિથી ઉત્તરના સઘલા દેશની તેમજ તે પર્વત–શ્રેણીના આગ્નેયી ખૂણામાં આવેલા પ્રદેશની માહીતિ હોવી જોઇએ.

**પાણિનીના સમયમાં પણ હતા.**

**પાણિની** પોતાના સૂત્રો એટલે વ્યાકરણના નિયમોમાં હિંદુસ્તાનની ભૂગોળનું અતિ વિસ્તીર્ણ જ્ઞાન દર્શાવે છે. તેઓએ દર્શાવેલાં સ્થાનો અને નદીઓ પૈકી ઘણાંએક પંજાબ અને અફઘાનીસ્તાનમાં આવેલા છે; પરંતુ ઉત્તર હિંદુસ્તાનના પૂર્વ તરફના ભાગમાં આવેલા દેશોનાં નામ પણ તે સૂત્રોમાં આવે છે. દક્ષિણમાં અતિ દૂર દર્શાવેલા દેશોમાં કચ્છ [ ૪. ૨. ૧૩૩ ], અવન્તી [ ૪, ૧, ૧૭૬ ], કોસલ, [ ૪, ૧, ૧૭૧ ] [3]કરૂપ [ ૪, ૧, ૧૭૮ ] અને કલિંગ [ ૪, ૧, ૧૭૮ ] છે. આમાંનો

૧ ઉપર બતાવેલાં વાકયો જોવાં.

૨ બાણ ભટ્ટ પોતાની કાદંબરીમાં સાબરોને વિંધ્યાદ્રિની હાર આગળના જંગલોના બતાવે છે.

૩ આ નામ સૂત્રોમાં આવતું નથી, પણ ભર્ગાદિગણમાં બીજુ છે. આ ગણોમાં આવતા શબ્દો વિષે, મેં અગાઉ એવો મત દર્શાવ્યો છે કે, આખો ગણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રથમ તો એજ નામનો આ સમયનો દેશ છે, અવંતી એ ઉજ્જયિનીની આજુબાજુનો પ્રદેશ છે, અને કલિંગ આ સમયના ઉત્તર સરકારને મળતો આવે છે. પુરાણોમાં લખ્યા પ્રમાણે કોસલ, કરૂષ અને અવન્તી એ દેશો વિંધ્યાદ્રિની પીઠ[1] ઉપર આવેલા છે. રત્નાવલી નામના નાટકમાં કોસલ તે પર્વતની પાસે આવેલો છે એમ લખેલું છે. આપણે એમ અનુમાન કરીએ કે પાણીનીના ગ્રંથમાં વધારે દક્ષિણ તરફના દેશોનાં નામ નથી તે તેની અજ્ઞાનતાને લીધે હોય ( અને તેમણે પોતાના ગ્રંથમાં ઉત્તરનાં ઘણાં સ્થાનોનાં નામો આપેલાં છે તેથી આ વાત સંભવિત હોય એમ લાગે છે ), તો ઉપરથી એમ નિર્દિષ્ટ થાય છે કે પાણીનીના સમયમાં વિંધ્યાદ્રિથી ઉત્તરમાંજ ફક્ત આર્યલોકો હતા, પરંતુ પૂર્વ તરફના કિનારાના

**પાણિનીના સમયમાં ઘણુંકરીને દક્ષિણ હિંદુસ્તાનનુ જ્ઞાન હતું નહીં.**

---

પાણિનીનો છે એમ કહેવું બરાબર નથી, ( અને કેટલીક જગાઓએ આપણને સ્પષ્ટ સાબીતીઓ છે કે કેટલાક શબ્દો પાછળથી દાખલ કરવામાં આવ્યા હતા. ) તોપણ પ્રથમના ત્રણ શબ્દો તો તેમનાજ હોવા જોઇએ એમ તો સ્વીકારવું જોઇએ જ. આ સામે પ્રો વેબરે વાંધો લીધો હતો. પરંતુ મારા ધારવા મુજબ મારાં કારણો સ્પષ્ટ છે તેથી મારા મતને સમર્થન કરવાની અગત્ય મને લાગી નહોતી. તોપણ હું અત્રે જણાવીશ કે પાણિની પોતાના સૂત્રોમાં આ ગણોનું પ્રથમના અક્ષરને આદિ લગાડીને સૂચન કરે છે, અને આ પ્રમાણે થયેલો શબ્દ બહુવચનમાં વાપરે છે, અને બહુવચન ફક્ત બેથી વધારે હોય ત્યારે જ વપરાય છે, માટે તે ઉપરથી આપણે એમ સમજવું ઉચિત છે કે પ્રથમનો અને તેની પછી ઓછામાં ઓછા બીજા બે શબ્દોનો વિચાર તેમના મનમાં હશે. આ સૂચના સામાન્ય રીતે લાગેલી જોઇએ એ મારો આશય છે. આ પ્રસંગમાં તો ભર્ગાદિ સમાસનો એક ભાગ છે અને બહુવચન જો કે સ્પષ્ટ રીતે લક્ષિત કર્યું છે તો પણ ખરેખરૂ વાપરવામાં આવ્યું નથી.

[1] ઉપર લખેલા વાક્યો જોવાં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સૌથી વધારે ઉત્તરના પ્રદેશમાં તેઓ પ્રસર્યા હતા અથવા તેઓ સાથે તેમનો સંસર્ગ હતો, તે તે વિંધ્યાદ્રિ ઉલ્લંઘીને કરેલો નહીં, પરંતુ તેને બદલે પૂર્વ તરફનો માર્ગ લઇને જ કરેલો.

**દક્ષિણ હિંદુસ્તાનનું કાત્યાયનને જ્ઞાન હતું પરંતુ પાણિનીને નહીં.**

તેથી ઉલટું કાત્યાયન ઋષિ જેમણે પોતાના વાર્તિકથી પાણિનીનાં સૂત્રો સમજાવ્યાં છે, તેમને દક્ષિણનું જ્ઞાન હતું તેમ જણાય છે. કોઈ અમુક દેશમાં વસતા લડવૈયાની જાતિઓનાં નામ તેમજ તે દેશનાં નામ એક સરખાં હોય છે અને તે ઉપરથી અન્ય શબ્દો રચવામાં આવે છે, જેનો અર્થ "તે જાતિના અમુક સખ્સમાંથી ઉત્પન્ન થએલા" એવો થાય છે, તેમજ જેનો અર્થ "તે દેશનો રાજા" એવો પણ થાય છે, તેવી જાતનાં નામો શી રીતે ઉપજાવવાં તે બાબતના નિયમો પાણિની આપે છે; દૃષ્ટાંત તરિકે "પાંચાલ" એટલે પાંચાલની જાતિના એકાદ સખસના વંશમાં ઉત્પન્ન થએલો માણસ, અથવા પાંચાલ દેશનો રાજા. તેવીજ રીતે શાલ્વના વંશમાં ઉત્પન્ન થએલો માણુસ તેમજ શાલ્વ જાતીના લોકોનો રાજા—એ બંને શાલ્વેય કહેવાય છે. આમાંથી એક દૃષ્ટાંત મુકી દેવામાં આવ્યું છે એમ કાત્યાયન કહે છે; પાંડય એ નામ પાણિનીએ સમજાવ્યું નથી; તેટલા માટે કાત્યાયન લખે છે કે "પાંડુની જાતિના સખસમાંથી ઉત્પન્ન થએલો માણસ અથવા પાંડુની જાતિના લોકોનો રાજા" પાંડય[1] કહેવાય. તેવીજ રીતે પાણિનીનું એમ કહેવું છે કે "કામ્બોજ" (જે વાયવ્યકોણના પ્રદેશમાં વસનારા અનાર્ય જાતિના લોકોનું નામ છે), એ શબ્દ ઉપરથી બંનેમાંથી એક પણ અર્થવાળું એવું નામ ઉપજાવવામાં કાંઇ પણ પ્રત્યય લગાડવાનો નથી તેમ કોઇપણ સ્વરને પણ બદલવાનો નથી. પરંતુ "કાંબોજ" એજ શબ્દનો અર્થ "કાંબોજ

---

૧ **पांडोर्ड्यण्** એ પાણિનીના અ. ૪–૧–૧૬૮ શ્લોક ઉપરનું વાર્તિક છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જાતિના એક માણસનો વંશજ અથવા કાંબોજ જાતિના લોકોનો રાજા"[1] એવો થાય છે. કાત્યાયન એમ કહે છે કે પાણિનીના સૂત્રમાં 'કાંબોજ' એ શબ્દ પછી "ઇત્યાદિ" એ શબ્દ વધારવો જોઇએ; કારણકે તેના સંબંધમાં લખેલો નિયમ ચોલ ઇ૦ ને પણ લાગે છે, એટલે ચોલ ઇ૦ જાતિના મનુષ્યનો વંશજ તેમજ ચોલ ઇ૦ દેશના રાજાને "ચોલ ઇ૦" કહેવો જોઇએ. તેવીજ રીતે પાણિની કહે છે કે [2]કુમુદ્વત્, નડ્વત્, અને વેતસ્વત્ દેશોનાં નામ પડયાં, તેનું કારણ એ કે તે તે દેશોમાં કુમુદો, નદ એટલે બરૂઓ, અને વેતસ્ એટલે નેતરો થાય છે. કાત્યાયન આમાં વધારો કરીને કહે છે કે "મહિષ્મત્" દેશનું તે નામ પડયું, કારણ કે તેમાં મહિષ એટલે પાડાઓ થાય છે. હવે વિચારતાં માલુમ પડે છે કે પુરાણોમાં મહારાષ્ટ્ર સાથે સંસર્ગવાળો દક્ષિણ તરફનો દેશ જેને "મહીષક" દેશ કહેલો છે તેજ મહિષ્મત્ હોય એમ લાગે છે. નર્મદાના કીનારા ઉપર આવેલી માહિષ્મતી તેની રાજ્યધાની ઘણુંકરીને હતી. આ ઉપરથી આપણે બીજાં તેવાંજ દષ્ટાંતોમાં પ્રો. ગોલ્ડસ્ટકરે જે અનુમાન કર્યું છે તેવુંજ અનુમાન કરી શકીએ, કે જો પાણિની ને પાંડ્ય, ચોલ અને મહિષ્મત્ દેશોનું જ્ઞાન હોત, તો તેણે પોતાના નિયમોમાંથી આ નામો મુકી દીધાં નહોત, કારણ કે તેણે કેટલી બધી સંભાળથી પોતાનું વ્યાકરણ લખેલું છે. માટે ઘણુંકરીને તેને તે દેશોનું જ્ઞાન હતું નહીં એમ ધારવામાં આવે છે અને તેના સૂત્રોમાં કોઈપણ દક્ષિણ તરફના દેશનું નામ આવતું નથી તેથી આને વધારે સમર્થન મળે છે. આ ઉપરથી સાબીત થાય છે કે પાણિનીના સમયમાં ઉત્તરના આર્યોને દક્ષિણ તરફના દેશો તથા ત્યાંની જાતિના લોકોની માહીતી નહોતી, પરંતુ કાત્યાયનના સમયમાં તો હતી. કાત્યાયનના વાર્તિકમાં નાસીકીય નામના એક શેહેરનું નામ આવે છે તે હાલનું નાસીક હોય એમ ઘણું સંભવે છે.

---

૧ પાણિની ૪-૧-૧૭૫. ૨ પાણિની ૪-૨-૮૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પતંજલિ દક્ષિણનું સૂક્ષ્મ જ્ઞાન દર્શાવે છે. એક વ્યાકરણકર્તા તરીકે દક્ષિણમાં પ્રચલિત ભાષાની રૂઢિઓ તે લખે છે અને કહે છે કે દક્ષિણાપથમાં "[1]સરસી" એ શબ્દ મોટાં તલાવોના અર્થમાં વપરાય છે તે [2]માહીષ્મતી [3]વૈદર્ભ, [4]કાંચીપુર એટલે આ સમયનું કાંજીવરમ અને [5]કેરલ એટલે મલબારને પણ ગણાવે છે. પતંજલિનો સમય ઇ. સ. પૂર્વ ૧૫૦ નો છે એમ હાલ ખરૂ માની શકાય.

**પતંજલિને દક્ષિણ હિંદુસ્તાનનું સંપૂર્ણ જ્ઞાન હતું.**

**કાત્યાયન અને પતંજલિ વચ્ચેનો સમયાંતર.**

ભારદ્વાજીયો, સૌનાગો ૪૦ ની શાલાઓમાં વપરાતાં પુસ્તકોમાં કાત્યાયનના વાર્તિકના જે જૂદા જૂદા પાઠો ચાલતા તે પતંજલિ બતાવેછે. આમાંના કેટલાએક તો વાર્તિકના સુધારા તરીકે ગણી શકાય, તોપણ તે સંબંધમાં પતંજલિ **"પઠંતિ"** એમ લખે છે તેથી તો એમજ સમજાય છે કે તેણે તો તેમને પાઠાંતર તરીકેજ ગણ્યા હતા. માટે કાત્યાયન અને પતંજલિની વચ્ચે ઘણાં લાંબો કાલ વ્યતીત થએલો હોવો જોઇએ કે જેથી આવા પાઠાંતર અથવા સુધારા થઈ શકે. આ ઉપરથી મૌર્યના પૂર્વે જે નંદો થઈ ગયા તેમના સમયનો કાત્યાયન હતો, એ સામાન્ય દંતકથા સ્વીકારવાનું મને વળણ થાય છે. અને તેથી ઇ. સ. પૂર્વેના ચોથા શતકના પૂર્વાર્ધનો સમય તેનો હતો એમ લાગે છે. આ રીતે કાત્યાયન અને પતંજલિ બંને વચ્ચેનું અંતર આશરે બસો વર્ષનું હોવું જોઇએ. વાર્ત્તિકોની પરીક્ષા કરીને તે ઉપરથી પ્રો. ગોલ્ડસ્ટકરે એમ દર્શાવી આપ્યું છે કે કેટલાંએક અમુક રૂપો પાણિનીએ ગણાવ્યાં

---

૧ પાણિની ઉપરનું મહાભાષ્ય ૧—૧—૧૯ ૩ ,, ,, ૪-૧ ચોથું આહ્નિક.
૨ ,, ,, ૩—૧—૨૬ ૪ ,, ,, ૪-૨ બીજું ,,
,, ,, ૫ ,, ,, ૪-૧ ચોથું ,,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**કાત્યાયન અને પાણિનીનું સમયાંતર.**

નથી, પરંતુ કાત્યાયને ગણાવ્યાં છે, માટે તે એમ અનુમાન કરે છે કે પાણિનીના સમયમાં ભાષામાં તે નહોતાં. સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાઓ ઉપરના મારા ભાષણમાં આ દલીલને હું અનુસર્યો છું, અને આવા રૂપોનાં કેટલાંએક સામાન્ય દૃષ્ટાંતો[1] વાર્તિકમાંથી મે આપ્યાં છે. આ ઉપરથી બેમાંથી એકજ અનુમાન શકય છે તે એ કે—પાણીની ઘણોજ પ્રમાદી વ્યાકરણકર્ત્તા હતો અથવા તો તેના સમયમાં એ રૂપો હતાંજ નહીં. આ બેમાંથી પ્રથમનું અનુમાન સ્વીકારવા યોગ્ય નથી, માટે બીજું ખરૂ હોવું જોઇએ. પતંજલિના મહાભાષ્યની પ્રસ્તાવનામાંનાં કેટલાંએક વાકયો ઉપરથી પણ મેં બતાવી આપ્યું છે કે પૂર્ણ ભૂતકાલ ૭૦ નાં ક્રિયાપદનાં રૂપો કે જે ભાષા એટલે પ્રચલિત ભાષામાં વપરાય છે પણ છાંદસ્ એટલે પ્રાચીન ભાષામાં નહીં એમ પાણિનીએ બતાવ્યાં છે તે રૂપો કાત્યાયન તથા પતંજલિના સમયોમાં વપરાશમાંથી જતાં રહ્યાં હતાં અને તેમને સ્થાને ભૂત કૃદંતો વપરાતાં હતાં. પાણિનીએ પોતાના સૂત્રોમાં કેટલાએક શબ્દો વાપર્યા છે જેનો અર્થ કાત્યાયનના સમયમાં જીર્ણ થઈ ગયો હતો, તેવા શબ્દોની એક યાદી પ્રો. ગોલ્ડસ્ટકરે આપી છે; અને આ ઉપરથી દર્શાવી આપ્યું છે કે પાણિનીના સમયમાં સંસ્કૃત સાહિત્યનો કેટલોએક ભાગ ઘણુંકરીને હતોજ નહીં પરંતુ તે કાત્યાયનને માહિત હતો; અને એક વિષયમાં તો ઘણું મજબુત અને ખરૂં અનુમાન કરી બતાવ્યું છે કે પાણિની અને *કાત્યાયનની વચ્ચેનું અંતર એટલું બધું મોટું* છે કે પાણિનીના સમયમાં જે કેટલાંએક સાહિત્યનાં પુસ્તકો બીલકુલ હતાંજ નહી ~~અથવા જે~~ તે સમયે પ્રાચીન ગણાતાં નહોતાં તેવાં પુસ્તકો કાત્યાયનના સમયમાં પાણિનીના સમયના પ્રાચીન પુસ્તકો જેટલાંજ પ્રાચીન ગણતાં હતાં.

---

[1] **अस्त्यप्रयुक्तः** થી શરૂ થતું પ્રથમ આહ્નિકનું વાકય જોવું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ બધી હકીકત ખરી છે એમ નક્કી થવાને ત્રણ શતકો કરતાં ઓછો સમય જવો જોઈએ નહીં, માટે વધારે નહીં તો ઈ. સ. પૂર્વના સાતમા શતકના આરંભમાં પાણિની થઈ ગયો હોવો જોઈએ; અને આ અનુમાનની સામે અનિશ્ચિત દુરાગ્રહ વિના બીજી કોઈપણ દલીલ હજુ સુધી લાવવામાં આવી નથી, તેમજ લાવી શકાય તેમ પણ નથી એમ હું માનું છું. અને આ ઉપરથી હવે આપણા મુદ્દાની વાત ઉપર આવતાં એમ નીકળે છે, કે ઈ. સ. પૂર્વના સાતમા શતક અગાઉ હિંદુસ્તાનના આર્યોને દક્ષિણ હિંદુસ્તાનનું જ્ઞાન હતું નહીં; તેઓ પૂર્વ તરફના માર્ગથી ઉત્તર સરકાર સુધી ગયા હતા, પરંતુ તેથી આગળ નહીં; અને વિંધ્યાદ્રિથી દક્ષિણમાં આવેલા દેશથી તેઓ અજાણ્યા હતા. એ સમયે તેથી પણ વધારે દૂર નીચે જવાનો તેઓએ આરંભ કરેલો હશે; કારણ કે વિંધ્યાદ્રિના ઉત્તર પરિસરના પ્રદેશોમાં અને કલિંગ દેશમાં તેઓ તે પૂર્વે જઇને વસ્યા હતા, અથવા તેઓની સાથે સંસર્ગમાં હતા, અને સૌથી પ્રથમ વિદર્ભ દેશ અથવા વરાડ પ્રાંતમાં વસ્યા હતા અને હજુ પણ તેઓ ત્યાં પૂર્વ તરફનાજ માર્ગથી જતા હતા તેમ લાગે છે. પણ કેટલોએક વધારે સમય વીત્યા બાદ તેઓએ વિંધ્યાદ્રિને ઉલ્લંઘ્યો, અને ગોદાવરી નદીના તટ આગળના દંડકારણ્યમાં એટલે મહારાષ્ટ્ર અથવા દક્ખણમાં વસ્યા. ઇ. સ. પૂર્વે ૩૫૦ ના વર્ષ પૂર્વે તંજાવર અને મદુરા સુધીના સર્વ દક્ષિણના આખા દેશથી તેઓ માહીતગાર થયા હતા.

**આશરે ઇ. સ. પૂર્વના સાતમા શતકના આરંભ પછીથી આર્યો દક્ખણમાં પેઠા.**

મહાકાવ્યોમાં અમુક શબ્દો અથવા નામો આવે છે તે ઉપરથી સમયનું અનુમાન કરવું એ એટલું બધું નિઃશંક નહીં ગણાય. પાણિની અને આશ્વલાયનના સમય પૂર્વે એક મહાભારત હતું, તોપણ આ સમયમાં મહા-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભારતનો જે ગ્રંથ છે તેજ તે સમયનો મૂળ ગ્રંથ હતો એ ઘણા સંશયની વાત છે. તેથી ઉલટું એ વાત સંભવિત છે કે એ ગ્રંથમાં સમયાંતરે વધારો થતો ગયો છે; અને મૂળ ગ્રંથ એટલો બધો દૂષિત થઇ ગયો છે કે અમુક શબ્દ તેમાં અર્વાચીન સમયમાં દાખલ કરવામાં આવ્યા નથી એમ નિશ્ચયપૂર્વક કોઇ પણ મનુષ્ય કહેવાને શક્તિમાન્ નથી. રામાયણના મૂળ ગ્રંથમાં જો કે વધારા થયા હોય એમ લાગતું નથી તોપણ તે પણ ઘણો દૂષિત થએલો છે. તોપણ ઘણા અર્વાચીન બંગાળી પુસ્તકોની પેઠે રામાયણના બંગાળી ગ્રંથમાં પણ ઘણા વધારાઓ આવે છે. એ દેશમાં તથા દક્ષિણ દેશમાં રામાયણનો જે ગ્રંથ પ્રચલિત છે તે વધારે વિશ્વાસ રાખવા લાયક છે; અને વળી તે ગ્રંથના પાઠમાં અગણિત પાઠાંતર માલુમ પડે છે, તો પણ ખાસ જરૂરનો પાઠાંતર તો કવચિત્જ હશે. પરંતુ રામાયણનો સમય અનિશ્ચિત છે. પુરાણો ઉપરથી હાલના સમયની હિંદુઓની માન્યતા એવી છે, કે **રામાવતાર** તે **કૃષ્ણાવતાર** કરતાં પહેલાં છે અને તેટલા માટે રામાયણ તે મહાભારતથી પ્રાચીન પુસ્તક છે. પરંતુ પાણિનીમાં વાસુદેવ, અર્જુન અને યુધિષ્ઠિર વિશે લખેલું છે અને પતંજલિ પોતાના ગ્રંથમાં દષ્ટાંતોમાં મહાભારતમાં વર્ણવેલા પુરૂષોનાં નામો વારંવાર આપે છે, તોપણ તે ગ્રંથોમાં રામ અગર તેના ભાઇઓ અગર પિતા દશરથનું એક વાર પણ કથન નથી. આ વાત થોડી આશ્ચર્યકારક નથી. તેવીજ રીતે ઘણો અર્વાચીન ગ્રંથકર્ત્તા એટલે કોશકાર અમરસિંહ પોતાના કોશમાં, વિષ્ણુના પર્યાયોમાં કૃષ્ણાવતારમાંથી ઉત્પન્ન થએલાં ઘણાં નામો આપે છે, અને કૃષ્ણના ભાઇ બલભદ્ર અથવા રામનું નામ તેમાં આવે છે, તોપણ દશરથના પુત્ર રામનું નામ પણ તેમાં આવતું નથી. આ બાબતને કાલનિર્ણય કરવામાં ગમે તેટલું અગત્ય આપવામાં આવે, તોપણ દક્ખણમાં આવેલાં સ્થાનનાં નામો એ મહાકાવ્યોમાં આવે છે તે વિષય મેં ઉપર દર્શાવ્યો છે. તેમાં એમ લખવામાં આવ્યું છે કે સ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**મહાકાવ્યોમાં દ-ક્ખણમાં આવેલાં સ્થાનો લખેલાં છે.** હદેવે પાંડ્ય, દ્રવિડ, ઉદ્ર, કેરલ અને આંધ્ર એ સર્વ જાતિના લોકો ઉપર જીત મેળવી અને કિષ્કિંધામાં પણ તે ગયા હતા એમ લખેલું છે. પ્રાચીન પંપા સરોવર જ્યાં વાનરના રાજા સુગ્રીવને રામ મળ્યા હતા અને જે આ સમયનું હાંપી છે તેની પાસે આ કિષ્કિંધા આવેલું છે; જો કે પુરાણો પ્રમાણે તો વિંધ્યાદ્રિ પાસેના પ્રદેશોમાં કિષ્કિંધા દેશ મુકવામાં આવેલો છે. સુર્પરક જે આ સમયનું વસાઇ પાસે આવેલું સોપારા છે ત્યાં, અને દંડક એટલે દંડકારણ્ય જેને અરણ્ય તરીકે વર્ણવવામાં આવ્યું નથી ત્યાં, કર્ણાટક એટલે કૃષ્ણા અને કોઇણા નદીના સંગમ ઉપર આવેલું આ સમયનું કર્હાડ ત્યાં, અને અન્ય સ્થાનોએ પણ સહદેવ ગયા હતા તેમ પણ લખેલું છે.

ઉપર લખેલાં રામાયણનાં વચનોમાં જે દેશો દક્ષિણમાં આવેલા છે એમ લખવામાં આવ્યું છે તે દેશો, ઉત્કલ એટલે આ સમયનો ગંજમ, કલિંગ, દશાર્ણ, અવન્તી, વિદર્ભ ઇત્યાદિ છે. પ્રાચીન સમયમાં ભીલસાની પાસેના પ્રદેશને દશાર્ણ દેશ કહેવામાં આવતો હતો; કારણ કે તેની રાજ્યધાની વિદિશા હતી, જે નગર કાલિદાસે મેઘદૂતમાં લખ્યા પ્રમાણે વેત્રવતી એટલે હાલની બેટવા નદી ઉપર આવેલું છે અને તેથી જે હાલનું ભીલસા હોવું જોઇએ. આ સર્વ વિંધ્યાદ્રિની પાસે જ છે અથવા તેની સીધી લીટીમાં પરંતુ વધારે પૂર્વ તરફ આવેલા છે. પરંતુ આ દેશો અને છેક દક્ષિણમાં આવેલા ચોલ, પાંડ્ય અને કેરલ દેશોની વચ્ચે રામાયણમાં લખ્યા પ્રમાણે દંડકારણ્ય વિના બીજું કોઈ સ્થાન અથવા દેશ આવતો નથી. ઉપર કહી ગયા પ્રમાણે આ દેશ–સ્થિતિ દક્ખણમાં આર્ય લોકો વસ્યા તે પૂર્વની છે એમ ગણવું જોઇએ; અને ઉપર બતાવ્યા પ્રમાણે મહાભારતમાં લખેલી દેશસ્થિતિ તે પછીની હોય એમ લાગે છે, પછી તે બંને મહાકાવ્યોના સમયની ગણના ગમે તે હોય. તોપણ એક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વાત તો સ્પષ્ટ જ છે કે મહારાષ્ટ્ર એ નામ બેમાંથી એકેમાં આ-વતું નથી.

**અશોકના લેખોમાં દક્ખણના લોકોનાં નામો.**

ઇ. સ. પૂર્વે ત્રીજા શતકના મધ્યમાં મૌર્યવંશનો મહાન્ રાજા **અશોક** જે મગધમાં રાજ્ય કરતો હતો તેણે પર્વતોમાં લેખો કોતરેલા છે. આ લેખો પશ્ચિમમાં કાઠીયાવાડમાં ગિરનાર ઉપર, પૂર્વ તરફના કિનારા ઉપર કટકમાં ધૌલી તથા અફઘાનીસ્તાનમાં શાહબાઝ–ગિરિઉપર માલૂમ પડે છે. આ ઉપરથી એમ દેખાય છે કે તેણે રાષ્ટિક, પેટેનીક, અને અપરાન્ત લોકોને ત્યાં ધર્મગુરૂઓ મોકલ્યા હતા: છેલ્લો એટલે **અપરાન્ત** જેનું આપણને સંપૂર્ણ જ્ઞાન છે તે ઉત્તર કોંકણ છે અને તેની રાજ્યધાની શુર્પરક હતી. **પેટેનીક** તે ઘણું કરીને પૈઠણક એટલે ગોદાવરી નદી ઉપર આવેલા પૈઠણની આસપાસના લોકો અથવા પ્રદેશ હોવો જોઇએ. જે નગરનું સંસ્કૃત નામ **પ્રતિસ્થાન** હતું. તેનો દેશી ઉચ્ચાર હાલ તેમ તે સમયે પણ પેઠણ અથવા પૈઠાણ હતો, કારણ કે પેરીપ્લસનો કર્ત્તા તેમજ ટૉલેમી એ બંને તેને પૈઠણ અથવા બૈથણ કહે છે. **રાષ્ટીકો** જેનું સંસ્કૃત નામ રાષ્ટ્રિક છે, તે ઘણું કરીને મહારાષ્ટ્રના લોકો હોવા જોઇએ, કારણ કે રાટ્ટ નામની જાતિના લોકો પ્રાચીન સમયથી દક્ખણમાં સર્વ સત્તાવાન્ હતા. તેઓની એક શાખાએ રાષ્ટ્રકૂટનું નામ ધારણ કર્યું અને ચાલુક્યોએ સત્તા મેળવી તે પૂર્વે તે રાજ્ય કરતા હતા. આશરે ત્રણ શતક પછી તેઓએ પોતાની સત્તા પુનઃ સ્થાપી, પરંતુ કેટલાએક સમય પછી ફરીથી ચાલુકયોને તાબે થવું પડયું. તે પછીના સમયમાં રાટ્ટ નામના સરદારો સુગંધવર્ત્તી એટલે બેલ-ગામ જીલ્લામાં આવેલા સૌદંત્તીમાં રાજ્ય કરતા હતા. તેરમા લેખમાં પેટેનીક લોકોની સાથે રાષ્ટ્રિકને બદલે ભોજ લોકોને લખવામાં આવ્યા છે. આપણા જાણવા પ્રમાણે ભોજ લોકો વિદર્ભ અથવા વરાડ[૧] દેશમાં તેમજ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દક્ષિણના બીજા ભાગોમાં રાજ્ય કરતા હતા. કુડાની ગુફાઓના લેખોમાં [2] મહા ભોજ એ નામ ઘણી વખત આવે છે, અને બેડસાના લેખમાં એક વાર આવે છે. જેમ ભોજ લોકો પોતાને મહાભોજ કહેવા લાગ્યા,

**'મહારાષ્ટ્ર' શબ્દની વ્યુત્પત્તિ.**

તેવીજ રીતે રાષ્ટ્રિક અથવા રાટ્ટી, રાઠી, અથવા રઠ લોકો પોતાને મહારાટ્ટી અથવા મહારાટ્ટ નીચે દર્શાવ્યા મુજબ કહેવા લાગ્યા, અને તેથી જે દેશમાં તેઓ રહેતા હતા તે દેશનું નામ મહારાઠ અથવા જેનું સંસ્કૃત " મહારાષ્ટ્ર " છે તે થયું. બીજા અને તેરમા લેખમાં ચોલ, પાંડ્ય, કેટલપુત્ર ( ચેરા અથવા કેરલ ) ની સીમા ઉપર આવેલા દેશો તેમજ આંધ્ર અને પુલીંદ દેશો વિશે પણ લખવામાં આવ્યું છે. આ રીતે પતંજલિના સમય પૂર્વે સો વર્ષ ઉપર કન્યાકુમારિકા સુધીનો બધો દક્ષિણનો દ્વીપકલ્પ ઉત્તરની સાથે સીધા સંસર્ગમાં હતો અને દક્ષિણ અથવા મહારાષ્ટ્રમાં રાટ્ટ અને ભોજ લોકોનાં વ્યવસ્થિત રાજ્યો હતાં.

**પુસ્તકોમાં તથા લેખોમાં 'મહારાઠી' 'મહારાઠ' અને મહારાષ્ટ્ર એ નામ આવે છે.**

ઇ. સ. ના પાંચમા શતકના તૃતીય પાદમાં લખાએલા મહાવંશ નામના સીલોન ( સિંહલદ્વીપ )ના ઇતિહાસ રૂપી વૃત્તાંતમાં અને તેથી પ્રાચીન 'દીપવંશ' નામના ગ્રંથમાં એમ લખેલું છે કે અશોકના સમયમાં થએલી તૃતીય ધર્મસભાના અધ્યક્ષ મોગલીપુત્ર નામના બુદ્ધ ધર્મગુરૂએ મહારાઠ, અપરાન્તક અને વનવાસી દેશોમાં ધર્મ ફેલાવવા માટે સાધુઓ મોકલ્યા હતા. આ ઉપરથી એમ સ્પષ્ટ નથી થતું કે

---

૧. દશકુમારચરિતમાં લખ્યા પ્રમાણે ભોજ લોકોના કુટુંબે લાંબા સમય સુધી વિદર્ભ દેશ ઉપર સત્તા ચલાવી હતી.

૨. કુડાના લેખોમાંના નં. ૧–૯–૧૭–૨૩ અને બેડસાનો નં. ૨ જોવો. આ. સર્વે ઓફ વેસ્ટ ઈન્ડિયાનો નં. ૧૦ જુવો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અશોકના સમયમાં "મહારાઠ અથવા મહારાષ્ટ્ર" એ નામ પ્રચલિત હતું કે નહીં, પરંતુ ઈ. સ. ના આરંભના શતકોમાં તો તે પ્રચલિત હતું તેમાં તો શંકાજ નથી. ભાજા, બેડસા, અને કાર્લીની ગુફાઓમાંના લેખો જે દ્વિતીય શતકના છે તેમાં, નરજાતિના દાન કરનારાઓને "મહારાઠી" તથા નારીજાતિની દાન કરનારીઓને "મહારાઠીણી" કહેવામાં આવેલી છે. આ નામો ઉપર કહ્યા પ્રમાણે મહાભોજ અને મહાભોજીને મળતાં આવે છે. અને તેનો અર્થ [2]મહાન્ રાઠી, ( નર અને નારી ) એવો થાય છે.

તેવીજ રીતે નાનાઘાટ આગળ આવેલી મોટી ગુફામાં એક "મહારઠ્ઠી" વીર પુરૂષનું નામ આવે છે. જીર્ણ પ્રાકૃતોમાં મુખ્ય એક ભાષા મહારાષ્ટ્રી હતી, કારણ કે તે મહારાષ્ટ્રની ભાષા હતી તેમ પણ કહેવામાં આવ્યું છે. **કાલિદાસ** રચિત સેતુબંધ નામે કાવ્ય જેનું નામ દંડિના પુસ્તકમાં આવે છે તે કાવ્ય આ ભાષામાં છે, તેમજ શાલીવાહને રચિત કહેવાતા કેટલાએક શૃંગારના શ્લોકો પણ આજ ભાષામાં છે. સંસ્કૃત નાટકોમાં સ્ત્રીપાત્રો જે પ્રાકૃત શ્લોકો બોલે છે તે ભાષામાં તે છે. તેનું વ્યાકરણ વરરૂચિકૃત પ્રાકૃત-પ્રકાશમાં છે, પણ આ વ્યાકરણકર્ત્તાનો સમય અનિશ્ચિત છે. જો કે કાલિ-

---

૧. મહાવંશ-ટર્નરની આવૃત્તિ પૃ. ૭૧-૭૨ અને દીપવંશ-ઑલ્ડનબર્ગની આવૃત્તિ પા. ૫૪ જોવું. છેલ્લામાં વનવાસી નથી.

૨. પશ્ચિમ હિંદુસ્તાનનો આ. સર્વે નં. ૧૦, ભાજા નં. ૨, બેડસા નં. ૨, કાર્લી નં. ૨, અને ૧૪, આમાંના "મહારાઠી" નું સંસ્કૃત "મહારથિ" કરીને તેનો અર્થ મોટો યોધ્ધો એવો જે પંડિત ભગવાનલાલે કર્યો છે તે ખોટો છે એમ મને લાગે છે, કારણકે બેડસાના નં. ૨ ના લેખમાં સ્ત્રીને "મહારાઠીણી" કહી છે અને તેનો અર્થ "મોટી યોધ્ધી" એમ તો થાયજ નહીં; અને તેનો અર્થ "મોઠા યોધ્ધાની સ્ત્રી અથવા દીકરી એમ કરવો તે તો અયુક્ત જ છે માટે 'મહારાઠી' એ એક જાતિનાં લોકોનું નામ છે; જેમકે મરાઠા હાલનું છે તેમ. આ લેખ ઉપરથી એમ જણાય છે કે મહાભોજ અને મહારાઠી લોકોની વચ્ચે લગ્નસંબંધ થતા હતા, કારણ કે આ લેખમાં કહેલી સ્ત્રી મહાભોજની દીકરી અને મહારાઠીણી એટલે મહારાઠીની સ્ત્રી હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દાસનો સમય હજુ સંતોષકારક રીતે નિશ્ચિત થયો નથી, તોપણ તે મહા વિદ્વાન્ કવિ હતો એમ [1]ઉત્તરમાંના બાણકૃત હર્ષચરિતમાં તથા [2]દક્ષિણ-માંના ઐહોલીના લેખમાં સાતમા શતકના પૂર્વાર્ધમાં કહેવામાં આવ્યું છે. આખા દેશમાં તેની કીર્તિનો વિસ્તાર પામવાને માટે એકસો વર્ષનો સમય બાદ કરવો એ બહુ લાંબો સમય ન કહેવાય, પણ ઘણો ટૂંકો છે એમ પણ ક્વચિત્ કહી શકાય. માટે સંસ્કૃત સાહિત્યના જે સમયમાં નવ રત્નો થઇ ગયા અને જે સમય ડૉ. કર્નના કહેવા પ્રમાણે છઠ્ઠા શતકના પૂર્વાર્ધમાં હોવો જોઇએ તે સમયમાં કાલિદાસ થઈ ગયો એમ કહી [3]શકાય. તેટલા માટે મહારાષ્ટ્રી ભાષા, કે જેમાં કાલિદાસે સેતુબંધકાવ્ય તથા પોતાનાં નાટકોમાંના પ્રાકૃત શ્લોકો રચ્યા તે ભાષા તે પૂર્વે આશરે બે ત્રણ શતક સુધી વિકસિત થએલી હોવી જોઇએ, અને તેનું તે નામ હોવું જોઇએ; કારણ કે આખા સાહિત્યમાં તેનું અન્ય નામ છેજ નહીં. વરાહમિહિર જે છઠ્ઠા શતકના આરંભમાં થઇ ગયો તે પણ મહારાષ્ટ્ર દક્ષિણ તરફનો દેશ છે એમ કહે છે; તથા ઉપર કહેલા ઐહોલીના લેખમાં પણ એમ લખવામાં આવ્યું છે કે મહારાષ્ટ્ર દેશમાં ત્રણ દેશો તથા નવાણું હજાર ગામો આવેલાં છે. સાતમા શતકના ઉત્તરાર્ધમાં ચાલુક્ય લોકો જ્યાં રાજ્ય કરતા હતા તે દેશનું નામ હ્વેનસંગ નામના ચીનાઈ મુસાફરે "મહાલોક" એમ કહ્યું છે, અને આ મહાલોક તે મહારાષ્ટ્ર જ છે તે બરોબર છે. પુરાણોમાં મહારાષ્ટ્રનું નામ આવે છે તે તો અગાઉ દર્શાવેલું છે.

---

૧. ડૉ. હૉલકૃત વાસવદત્તાની પ્રસ્તાવના પૃ. ૧૪.

૨. ઇન્ડિયન એન્ટીકવરી પુ. ૮, પૃ. ૨૪૩.

૩. વરાહમિહિર આવૃત્તિ, પ્રસ્તાવના પૃ. ૨૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૪.

## દક્ખણ અથવા મહારાષ્ટ્રનો રાજ્ય સંબંધી ઇતિહાસ.
## પશ્ચિમ હિન્દુસ્તાનની ગુફાઓમાંના ઐતિહાસિક લેખોનું પૃથક્કરણ.

ઇસવી સનના આરંભ પૂર્વેના શરૂઆતના શતકોમાંના મહારાષ્ટ્રના રાજ્ય સંબંધી ઇતિહાસનો પત્તો હાલ લાગતો નથી. પુરાણોમાં રાજાઓ તથા રાજ્યવંશોની યાદીઓ આવે છે, જેનો સમય–નિર્ણય મહાન્ અલેગ્ઝાન્ડરની પછી થએલા રાજાઓ સાથેના તેઓના વિખ્યાત સંબંધથી થોડે અંશે થઇ શકયો છે; પરંતુ તેઓ દક્ષિણમાં ગયા તે બાબતનો પત્તો હજુ સુધી જડયો નથી. ચંદ્રગુપ્ત જેણે આશરે ઈ. સ. પૂર્વે ૩૨૦ માં મૌર્યવંશ સ્થાપ્યો તે કાઠિયાવાડ સુધી ઉત્તર હિંદુસ્તાનમાં રાજ્ય કરતો હતો; અને તેનો પૌત્ર અશોક જેણે ઇ. સ. પૂર્વે ૨૬૩ થી ૨૨૯ સુધી રાજ્ય કર્યું તેના તાબામાં તે [૧]મુલક હતો. તેના રાજ્યના પર્વતના લેખો જે નિશ્ચિત રીતે તેના રાજ્યની સીમા ઉપર મૂકવામાં આવ્યા હતા તે ઉપરથી જણાય છે કે તેનું રાજ્ય પૂર્વમાં કલિંગ એટલે ઉત્તર સરકાર સુધી અને પશ્ચિમમાં કાઠીઆવાડ સુધી વિસ્તાર પામેલું હતું. તેથી વધારે દક્ષિણમાં તેનું રાજ્ય હતું તેમ દેખાતું નથી; કારણ કે પોતાના રાજ્યોને તે જીતી લીધેલા દેશો એ નામથી પોતાના લેખોમાં લખે છે, અને વળી જે દેશ તેના તાબામાં નહોતા તેવા દેશોનાં પણ નામો તે આપે છે. માટે રાષ્ટ્રિકો, ભોજો, પેટેનીકો, ચોલલોકો, પાંડયો અને બીજાઓ તેની સત્તા નીચે હતા નહીં; અને જો મહારાષ્ટ્ર

---

૧. રૂદ્રદામનનો લેખ જોવો. ઇન્ડી. એન્ટી. પુસ્તક ૭ પૃ ૨૬૦ લી ૮ જોવી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અથવા દક્ખણ ઉપર તેનું રાજ્ય હોત તો ત્યાં કોઇપણ*સ્થાને તેનો લેખ માલૂમ પડયો હોત. પરંતુ તે સમયે વિદર્ભ એક જુદા રાજ્ય તરીકે હોવો જોઇએ; કારણકે માલવિકાગ્નિમિત્ર નામનું નાટક જેની અંદર વર્ણવેલાં રાજ્ય સંબંધી વૃત્તાંતો ઐતિહાસિક છે એમ ગણવામાં બાધ નથી, તેમાં લખ્યા પ્રમાણે સંગવંશનો પ્રથમ રાજા પુષ્યમિત્ર જેણે ઇ. સ. પૂર્વેના બીજા શતકના બીજા તથા ત્રીજા પાદમાં રાજ્ય કર્યું હતું તેનો પુત્ર અગ્નિમિત્ર વિદિશા જે ઉપર લખ્યા પ્રમાણે ભીલસા છે તેમાં તેના પિતાના પ્રતિનિધિ તરીકે રાજ્ય કરતો હતો. વિદર્ભના રાજા યજ્ઞસેનના પીતરાઇ ભાઇ માધવસેનને તેની બહેન માલવિકા પોતાને પરણાવવા માટે આ અગ્નિમિત્રે કહાવ્યું હતું. રાજ્ય ઉપર કોણે આવવું એ વિષયે આ બંને પીતરાઇ ભાઇઓ વચ્ચે તકરારો હતી. જ્યારે માધવસેન ગુપ્ત રીતે વિદિશા જતો હતો, ત્યારે યજ્ઞસેનના પોતાના રાજ્યની સીમા ઉપર મૂકેલા સરદારે તેને પકડયો. તેનો સલાહકાર સુમતિ તથા માલવિકા બંને નાસી ગયાં, પણ માધવસેનને તો કેદમાં જ રાખ્યો. તે ઉપરથી માધવસેનને પોતાને સોંપી દેવાનું અગ્નિમિત્રે યજ્ઞસેનને કહાવ્યું. યજ્ઞસેને તેમ કરવા કબૂલ કર્યું, પણ એવી શરતે કે પોતાનો સાળો જે છેલ્લા મૌર્ય રાજાનો સલાહકાર હતો અને જેને અગ્નિમિત્રે અથવા તેના પિતા પુષ્યમિત્રે કેદ કર્યો હતો તેને છોડવો. આ ઉપરથી અગ્નિમિત્ર ગુસ્સે થયો અને તેણે યજ્ઞસેનની સામે સેના મોકલી તેને હરાવ્યો. માધવસેનને છોડાવ્યો, અને વિદર્ભ દેશની એ પીતરાઇઓ વચ્ચે વહેંચણ થઇ, અને વરદા નદીની એકેકી બાજુએ એકેકનું રાજ્ય થયું.

---

* આ લખાયા પછી સુપારા આગળ કરેલી મી. કેમ્પબેલ તથા પં. ભગવાનલાલની શોધો પ્રકાશિત થઇ છે. એ જગ્યાએથી મળી આવેલા આઠમા લેખના એક ટુકડા ઉપરથી એમ માલૂમ પડે છે કે અશોકની સત્તા કીનારા ઉપર નીચે સુપારા સુધી હતી, પરંતુ મહારાષ્ટ્ર અથવા દક્ખણ વિષે તો ઉપર જે લખ્યું છે તેજ ખરૂં છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એ સમયે પૈઠણ પણ એક રાજ્યની રાજ્યધાનીનું નગર હોવું જોઇએ.

**રાજ્યની રાજ્યધાનીનું શહેર પૈઠણ હતું.**

ચાલીસગાંવ પાસે આવેલા પીતલખોરા આગળની ગુફાઓના લેખો જેના અક્ષરો ઉપરથી એમ જણાય છે કે તે લેખો ઇ. સ. પૂર્વે બીજા શતકના હોવા જોઇએ તે લેખોમાં પ્રતિસ્થાનના વ્યાપારીઓએ કરેલાં ધર્મકાર્યો તેમજ રાજ્યવૈદ્ય તથા તેના પુત્ર તથા [1] પુત્રીએ કરેલાં ધર્મકાર્યોની નોંધ કરવામાં આવી છે. તેમાં લખેલો રાજા પ્રતિસ્થાન અથવા પૈઠણનો રાજા હોવો જોઇએ. આથી વધારે નિશ્ચિત હકીકત મળી શકતી નથી. ઈ. સ. પૂર્વેના શરૂઆતના શતકોના ઇતિહાસ તથા તે પૂર્વેના પ્રથમના શતકના ઇતિહાસ ઉપર, સહ્યાદ્રિના શિખરની ગુફાઓના લેખોથી સારો પ્રકાશ પડે છે. તે ઉપરથી જે હકીકતનું અનુમાન થાય છે તે અત્રે હું એકત્ર કરીશ, અને તે લેખોના અક્ષરોથી સ્પષ્ટ રીતે સમયાનુક્રમ નિશ્ચિત થાય છે તે જ અનુક્રમે તે લેખો હું લઇશ.

**નાશીક તથા નાનાઘાટ આગળ સાતવાહન વંશના કૃષ્ણ રાજા તથા અન્ય રાજાઓના લેખો.**

નાસીક આગળ એક નાની ગુફાના લેખમાં લખેલું છે કે શાતવાહન વંશના રાજા કૃષ્ણના નાસીકમાંના સરદારે એ ગુફા ખોદી કહાડી હતી. નાનાઘાટ આગળની ગુફામાં બીજો એક લેખ છે તે ઘણો નાશ પામેલો છે તેથી તેનો અર્થ યથાર્થ રીતે સ્પષ્ટ થતો નથી. તેજ ગુફામાં આગળની ભીંત ઉપર મનુષ્યોની આકૃતિઓ કોતરેલી છે, અને તેના ઉપર નીચે પ્રમાણે નામો કોતરેલાં છેઃ—૧ રાયા સીમુક સાતવાહનો એટલે રાજા શ્રીમુખ સાતવાહન; ૨ દેવી નાયની કાયા રાણ્ણો ચ સીરી સાતકનીનો એટલે રાણી નાયનીકા અને રાજા શ્રી શાતકર્ણીનો; ૩ કુમારો ભાયા એટલે રાજપુત્ર ભાયા; ૪ મહારઠી ગણક-

---

૧. લેખો પા. ૩૯-૪૧. આ. સર્વે ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા નં. ૧૦

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

યીરો એટલે મરાઠાવીર સેનાપતિ અથવા મરાઠાની જાતનો વીરપુરૂષ; ૫ કુમારો હકુસીરી એટલે રાજપુત્ર હકુશ્રી; ૬ કુમારો સાતવાહનો એટલે રાજપુત્ર સાતવાહન. આમાંથી બીજા નંબરનો રાજા જેનું નામ રાણી સાથે આપવામાં આવ્યું છે તે તે સમયે રાજ્યકર્ત્તા હોવો જોઇએ, પહેલા નંબરનો તેજ વંશનો આગળનો રાજા, ચોથા નંબરનો સ્થાનિક મરાઠા વીરપુરૂષ, અને બાકીનાઓ સાતવાહન વંશના જુવાન રાજપુત્રો હોવા જોઇએ.

**નાસીકમાંનો ઉશવદાતનો મુખ્ય લેખ.**

નાસીકની બીજી ગુફામાં ચાર લેખો છે. પહેલામાં એમ કહેવામાં આવ્યું છે કે તે ગુફા ગોવર્ધન અથવા નાસીક જીલ્લામાં ત્રીરશ્મિ પર્વત ઉપર, દીનીકના પુત્ર અને રાજા ક્ષહરાટ નહાપાનના જમાઇ પરોપકારી ઉશવદાતે બનાવરાવી હતી. ઉશવદાતે ત્રણ લાખ ગાયોનું દાન કર્યું હતું. વર્ણાશાયા નદી ઉપર પગથિયાંનો ઘાટ બંધાવ્યો, દેવો તથા બ્રાહ્મણોને માટે સોળ ગામો નીમી આપ્યાં. દરવર્ષે એક લાખ બ્રાહ્મણો જમાડતો, પોતાને ખરચે સોમનાથ અથવા પ્રભાસપાટણમાં આઠ બ્રાહ્મણોને પરણાવી આપ્યા, ભરૂકચ્છ અથવા ભરૂચમાં, માળવામાં આવેલા દશપુરમાં, ગોવર્ધનમાં, સોર્પારગ એટલે વસાઇ પાસે આવેલું હાલનું સુપારા તેમાં, ચત્વરો ( ચોતરાઓ ) ઘરો તથા ઉતરવાનાં સ્થાનો બંધાવ્યાં, વાડીઓ બંધાવી તથા કુવા અને તળાવો ખોદાવ્યાં; ઈબા, પારદા, દમણા, તાપી, કરબેણા ચને દાહનુકા જે થાણા અને સુરત વચ્ચેના કિનારા ઉપર આવેલી નદીઓ છે ત્યાં ઉતરવાની હોડીઓ મુકાવી. આ બધી નદીઓની બંને બાજુએ વિશ્રાંતિગૃહો તથા મુસાફરોના ઉપયોગ માટે પાણી આપવાનાં સ્થાનો બંધાવ્યાં; અને

---

૧. નં. ૬ નો નાસીકનો લેખ વા ૭ બો. બ્રે. રો. એ. સોમાં અને પૃ. ૩૩૮ ઓ. કી. નું ભાષાંતર સને ૧૮૭૪ નું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નાન મગોલા નામના ગામમાં, પીંડીટકાવદ ગોવર્ધન, સુવર્ણમુખ, સો-
પાંરગ, અને રામતીર્થમાં પરિષદો (બ્રાહ્મણો માટેની વૈદિકશાલાઓ)
માટે તથા ચારણો માટે કેટલીએક પરોપકારી સંસ્થાઓ સ્થાપી. એક
વર્ષે વર્ષાઋતુમાં પોતાના ઉપરી રાજાની આજ્ઞાથી ઉત્તમભદ્ર જાતિના
ક્ષત્રિયોનો રાજા જેના ઉપર માલય લોકોએ ચઢાઇ કરી ઘેરી લીધો હતો,
તેને છોડાવવા તેની મદદે તે ગયો હતો. તેની સેનાનું રણગાન સંભળાયું
કે તરતજ તે માલય લોકો પલાયન કરી ગયા અને ઉત્તમભદ્રને આધીન
પ્રજા બન્યા. ત્યાંથી તે પોશકરણી ગયો અને ત્યાં સ્નાન કરી ત્રણ હજાર
ગાયો તથા એક [1]ગામ દાનમાં આપ્યું.

**ઉશવદાતના બીજા લેખો.**

બીજા લેખમાં એમ લખ્યું છે કે ઉશવદાતે ૪૨ ના વર્ષમાં તે ગુફાનો
મઠ ચારે દિશાઓથી ત્યાં આવતા બુદ્ધ ધર્મના સાધુ-
ઓના ઉપયોગ માટે અર્પણ કર્યો. ગોવર્ધનમાં
વસતા વણકરના સમાજને ત્યાં તેણે બે હજાર કાર્શા-
પણની રકમ દર વર્ષે એકસો કાર્શાપણના વ્યાજે
મૂકી. તેણે એમ આજ્ઞા કરી કે તે ગુફાના મઠમાં વર્ષાઋતુમાં જે વીશ
સાધુઓ રહે તે દરેકને પ્રતિ વર્ષે આ વ્યાજમાંથી વસ્ત્ર આપવાં. બીજા
સમાજને ત્યાં એક હજાર કાર્શાપણની બીજી રકમ વ્યાજે મૂકી જેનું વ્યાજ
૭૫ કાર્શાપણ હતું. આ વ્યાજમાંથી તે સાધુઓ માટેની બીજી વસ્તુઓ
આપવાની હતી. આ આજ્ઞાઓ ગોવર્ધનના શહેરની સમસ્ત લોકસમાજમાં
જાહેર કરવામાં આવી હતી અને તે મઠના દ્વાર ઉપર કોતરવામાં આવી
હતી; આ રીતે તેનો અમલ યથાર્થ રીતે થાય તેવી ગોઠવણ કરી હતી.
૪૧ તથા ૪૦ ના વર્ષમાં દેવો તથા બ્રાહ્મણો માટે તેણે પૈસાની મોટી
રકમનું દાન કર્યું. ત્રીજો લેખ જે ટુંકો છે તેમાં લખ્યું છે કે જે આવાસ

---

૧. ઉપરમાંનો લેખ નં. ૧૭.

૨. ઉપરમાંના લેખોમાંથી નં. ૧૮ તથા ૧૯ જે બંને મળી એકજ લેખ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉપર આ લેખ લખવામાં આવ્યો છે તે આવાસ ઉશવદાતની સ્ત્રી [1]દખ-મિત્રાએ ધર્મમાં આપેલો છે. ચોથો લેખ ઘણો નાશ પામ્યો છે પણ જેટલું રહ્યું છે તેથી જણાય છે કે [2]ઉશવદાતનાં અન્ય દાનોનું વર્ણન તેમાં કરવામાં આવ્યું છે. કાર્લીની ગુફામાં એક લેખ છે તેમાં લખ્યું છે કે વાલુરકની ગુફાના મઠમાં વસતા સાધુઓના પોષણ અર્થે કાર્જીક નામના ગામનું દાન ઉશવદાતે કર્યું છે, અને તે સમયે તેની આજુબાજુનો પ્રદેશ એ [3]નામથી વિખ્યાત હતો. તેના નાસીકના લેખોમાંના પહેલામાં જણાવ્યા મુજબ આમાં પણ તેનાં બીજાં એવાં ધર્મદાનોનું વૃત્તાંત છે. જુનારના એક લેખમાં એમ લખ્યું છે કે મહાન્ ક્ષત્રપ નહાપાનના મંત્રી અયમે એક તળાવ ખોદાવ્યું અને એક [4]આવાસ બંધાવ્યો. આ મંત્રી બ્રાહ્મણ હોય એમ લાગે છે, કારણ કે તે વત્સગોત્રનો છે એમ લખેલું છે.

**નાસીકમાં ગોતમીપુત્ર શાતકર્ણીના તથા પુલુમાયીના લેખો.**

તેથી અનુક્રમે બીજા લેખો આવે છે જેમાં ગોતમીપુત્ર શાતકર્ણી અને પુલુમાયી નામના અમુક રાજાઓનાં નામ આવે છે. નાસીકમાંની ટેકરીના એક છેડા ઉપર આવેલા ગુફામઠમાંના ચાર લેખોમાંથી લાંબામાં લાંબા એક લેખમાં એમ લખવામાં આવ્યું છે કે વાસિષ્ઠીના પુત્ર રાજા પુલુમાયીના રાજ્યના ઓગણીસમા વર્ષમાં આ ગુફા બનાવવામાં આવી હતી. અને રાજા શાતકર્ણી ગોતમીપુત્રની મા ગોતમીએ તે ગુફા ભદ્રાયણીય સંપ્રદાયના બુદ્ધ સાધુઓના ઉપયોગાર્થે અર્પણ કરી હતી. ત્યાં તેણીનું નામ " તે મહાન્ રાજાની માતુશ્રી તથા મહાન્ રાજાની પિતામહી " એવી રીતે

---

૧. ઉપરના લેખોમાંનો લેખ નં. ૧૯ નો પેહેલો. ભાગ.

૨. ઉપરના લેખોમાંનો લેખ નં. ૧૪

૩. કાર્લીનાં લેખોમાં તો નં. ૧૩ નો લેખ આસ. વે. ઇ. નં. ૧૦ માં.

૪. ઉપરમાંના લેખમાંથી જુનારનો લેખ નં. ૧૦૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લખવામાં આવ્યું છે. " ગોતમી પુત્રને રાજાધિરાજ; અને અશીક, અશ્મક, [1]મૂલક, સુરાષ્ટ, કુકકુર, અપરાન્ત, અનૂપ, વિદર્ભ અને [2]અકરાવન્તીનો રાજ્યકર્તા જણાવ્યો છે. વિંધ્યાવત્, પારિયાત્ર, સહ્ય, કૃષ્ણગિરિ, મલય, મહેન્દ્ર, શ્રેષ્ટગિરિ તથા ચકોર એ પર્વતોનો તે રાજા હતો. તેની આજ્ઞાઓ ઘણા રાજાઓ માનતા અને તે રાજાઓ તેના પાદનું સેવન કરતા. તેનાં ભારવાહી પશુઓ ત્રણ સમુદ્રનાં પાણી પીતાં. તેને આશ્રયે જનારા સર્વનું તે રક્ષણ કરતો અને પોતાની પ્રજાનાં સુખ દુઃખ પોતાનાં જ ગણતો. મનુષ્ય જાતિના ત્રણ ઉદ્દેશો,-ધર્મ, અર્થ અને કામ-એ ત્રણે પ્રતિ તે સરખું ધ્યાન આપતો અને દરેકને માટે યથાસ્થિત કાલ તથા સ્થાન નિયમિત કરતો. તે વિદ્યાનું નિવાસસ્થાન, સત્પુરૂષોનો આશ્રય, કીર્તિનું વાસભવન, વિનીતતાનું મૂલ, ચાતુર્યમાં એકરત, તથા ધનુર્ધારી, વીરપુરૂષ તથા બ્રાહ્મણોના રક્ષણકર્તાઓમાં એકલોજ હતો. બ્રાહ્મણોને પોતાની જાતિની વૃદ્ધિ માટેનાં સાધનો તે આપતો, અને વર્ણસંકરતા થતી અટકાવતો. તેનાં પરાક્રમો રામ, કેશવ, અર્જુન અને ભીમસેનની બરોબરી કરતાં અને તેનું વીર્ય નભાગ, નહુશ, જનમેજય, સગર, યયાતિ, રામ અને અમ્બરીશના બરાબર હતું. તેનો વંશ ઘણો લાંબો અને તેમાં ઘણા રાજા થઈ ગયા હતા. અસંખ્ય લડાઇઓમાં તેણે તેના શત્રુઓનો પરાજય કર્યો હતો. ક્ષત્રિયોનો દર્પ તથા અભિમાન તેણે સમાવ્યો હતો તથા શક, યવન અને પલ્હવ લોકોનો નાશ કર્યો હતો, ખગારાતની જાતિનો સમૂલ ઉચ્છેદ કર્યો હતો,

---

૧. પુરાણોમાં અશ્મક તથા મોલીક એ દક્ષિણના દેશો છે એમ લખેલું છે.

૨. સુરાષ્ટ્ર એ દક્ષિણ કાઠિયાવાડ. કુકુર એ રજપુતસ્થાનનો એક ભાગઃ અને અપરાન્ત એ ઉત્તર કોંકણઃ અનૂપ એ પુરાણોમાં વિંધાદ્રિની પાસે આવેલો એક પ્રદેશ છે એમ લખેલું છે. રઘુવંશ પ્રમાણે તે દેશ નર્મદા નદીના પૂર્વે પ્રવાહ આગળનો દેશ હતો અને તેની રાજ્યધાની માહિકાતી હતી. અકરાવન્તી તે માળવાનો પૂર્વ તરફનો ભાગ હોવો જોઈએ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અને સાતવાહન વંશની કીર્તિને પુનઃ સ્થાપન કરી હતી. તે લેખની છેલ્લી લીંટીમાં તે ગુફામઠના નિભાવ અર્થે એક ગામ ઇનામ આપ્યું હતું એમ લખવામાં આવ્યું છે.[1]

**પુલુમાયીનું શાસન પત્ર.**

આની નીચે નાના અક્ષરોથી કોતરેલા તે પછીના સમયના એક લેખમાં નવનરનો રાજાધિરાજ વાસિષ્ઠીપુત્ર શ્રીપુલુમાયી ગોવર્ધનમાંના પોતાના સૈન્યના સરદાર સર્વાક્ષદલનને આજ્ઞા કરે છે. તેમાં તેને જણાવે છે કે [2]ધનકટના રાજાધિરાજે (ગોતમીપુત્રે) ઉપર લખ્યા પ્રમાણે બક્ષીસ આપેલું ગામ ભદ્રાયણીયોને પસંદ પડયું નહીં તેટલા માટે તેમને આ શાસનપત્રથી બીજું નક્કી કરી આપવામાં આવે છે.

તે ગુફાના ઓટલાને ડાબે હાથે આવેલી ભીંત ઉપર બીજો લેખ છે.

---

૧. લેખ નં. ૨૬. ઉપર મુજબનો.

૨. પંડિત ભગવાનલાલ તથા ડા. બ્યુલર જેઓએ કરેલા નાસીકના લેખોના ઉતારા તથા ભાષાંતરો હાલજ પ્રકટ થયા છે તેઓનામાં જે શબ્દોનો ઉપર મેં ભાવાર્થ બતાવ્યો છે તે શબ્દો “ **धनकटसमनेहि** ” છે અને તેનું સંસ્કૃત “ **धनकटश्रमणैः** ” છે, પરંતુ ધનકટ જે ઉત્તર કૃષ્ણા નદી ઉપર ઘણા સો કોસ દૂર આવેલું છે ત્યાંના શ્રમણો અથવા બુદ્ધ સાધુઓને, નાસીક પાસેનું ગામ ત્યાંના ભદ્રાયણીય સાધુઓને ઇનામમાં મળે તે સાથે શો સંબંધ છે તેનો ખ્યાલ કરવો એ અશક્ય છે. માટે સંસ્કૃત તે શબ્દો “ **धनकट स्वामिभिः** ” ને બદલે “ **धनकटस्मामिनेहि** ” હોવા જોઇએ, અથવા નં. ૨૫ ના લેખના પ્રથમ ભાગમાં આવેલા “ **महासामियेहि** ” જેનું સંસ્કૃત **महास्वामिकैः** છે તે શબ્દોને મળતા “ **धनकटसामियेहि** શબ્દો હોવા જોઇએ. “**आत्मभिः**” ને બદલે “ **अत्तनेहि** ” તથા “ **राजभिः** ” ને બદલે “**राजानेहि** ની માફક તેની સરખામણી ઉપરથી “ **सामिनेहि** ” એ રૂપ વાપરવા માંડયું હશે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**ગોતમીપુત્રનું શાસનપત્ર.**

તે એક આજ્ઞા હોય એમ છે, અને ગોવર્ધનની વિજયી સેનાની છાવણીમાંથી, ધનકટકના રાજાધિરાજ ગોતમીપુત્ર શાતકર્ણીએ ગોવર્ધનમાંના પોતાના સૈન્યના સરદારને કરેલી આજ્ઞા છે. તેમાં તેને એમ જણાવ્યું છે, કે એક ખેતર જે અત્યાર સુધી ઉશભદાતના કબજામાં હતું તે ખેતર ૨૦૦ નિવર્તનના માપનું સાધુઓના નિભાવ અર્થે ઇનામ આપવામાં આવ્યું છે. અત્રે કોતરેલું શાસનપત્ર અસલ ૧૮ મા વર્ષમાં, એટલે કે જે વર્ષમાં તે ગુફામઠ પુરો થયો અને અર્પણ કરવામાં આવ્યો તે વર્ષના પહેલાના વર્ષમાં, કાઢવામાં આવ્યું છે એમ તેમાં લખેલું છે.

**ગોતમીપુત્રની રાણીનું શાસનપત્ર.**

આની નીચે બીજું શાસનપત્ર કોતરેલું છે, તે ગોવર્ધનના સુબા શ્રામકને ગોતમીપુત્ર શાતકર્ણીની રાણી જેને વળી રાજમાતા કહેવામાં આવી છે તેણે આપેલી આજ્ઞાના રૂપમાં છે. તે લેખમાં અગાઉ આપેલા ખેતર ( એટલે ઘણું કરીને ઉપરના શાસનપત્રથી આપેલા ખેતર ) ની વાત લખે છે અને કહે છે કે તેનું માપ એકસો નિવર્તન છે, અને રાજ્યનું એક ખેતર જે તેના બાપની મીલકતનું હતું તેમાંથી બીજા એકસો નિવર્તન તે આ શાસનપત્રથી આપે છે. એમ દેખાય છે કે પ્રથમના શાસનપત્રથી બસો નિવર્તનોની બક્ષીસ કરવામાં આવી હતી, પણ ઘણું કરીને એમ બન્યું કે એ ખેતર માત્ર એકસો નિવર્તનના માપનું થયું; તેટલા માટે બીજા ખેતરમાંથી બીજા એકસો નિવર્તનો તે રાણી પુરા કરી આપે છે. આ બક્ષીસનો કાલ ૨૪ ના વર્ષમાં છે એટલે પ્રથમના પછી છ વર્ષે તે કરવામાં આવી છે.[1]

આ ઉપરાંત નાસીકમાં બે લેખો છે જેમાં ખાનગી પુરૂષોએ કરેલાં ધર્માદાયોની વાત લખેલી છે, અને તેની તારીખ શ્રી પુલી-

---

૧ ઉપરના લેખોમાં નો લેખ નં ૨૫.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**પુલુમાયીનું નામ જેમાં આવે છે તેવા બીજા ખાનગી લેખો.**

માયીના રાજ્યના વર્ષ ૨ અને [2] ૭ ની છે. આ શીવાય [3] કાર્લીની ગુફામાં બે બીજા લેખો છે અને તેની તારીખમાં તે રાજાના રાજ્યનાં વર્ષ ૭ અને ૨૪ લખેલાં છે.

**ગોતમીની ગુફામાંનો લેખોમાં વર્ણવેલાં રાજા તથા રાણીઓ વચ્ચેનો સબંધ**

ગોતમીને એક રાજાની માતા તથા એક રાજાની પિતામહી તરીકે લખવામાં આવી છે, અને તેના પુત્ર ગોતમીપુત્ર શાતકર્ણીની રાણી તે પણ રાજાની માતા તરીકે લખવામાં આવી છે, અને શાતકર્ણી શિવાય બીજા જે રાજાનું નામ તે લેખોમાં આવે છે તે પુલુમાયીનું છે, તે ઉપરથી એમ દેખાય છે કે આ પુલુમાયી ઉપર લખેલી રાણીઓમાંથી પેહેલી રાણીનો પૌત્ર અને બીજી રાણીનો પુત્ર હોવો જોઈએ. તેટલા માટે તે રાજા પુત્ર અને તેની માતા વાસિષ્ઠી તે ગોતમીપુત્ર શાતકર્ણીની રાણી હોવી જોઈએ. બીજા લેખમાંનું શાસનપત્ર શાતકર્ણીએ ૧૮ મા વર્ષમાં પ્રકટ કર્યું. જે વર્ષ પુલુમાયી રાજાના રાજ્યનું ૧૮ મું વર્ષ હોવું જોઇએ, કારણકે તેના રાજ્યનેજ લગતી તારીખો નાસીક અને કાર્લીમાં માલુમ પડે છે, પણ ગોતમીપુત્રના રાજ્યની નહી. ગોતમીપુત્રનાં મહાન્ પરાક્રમો જેમાં વર્ણવેલાં છે તે ઉપર લખેલા મોટા લેખની તારીખ પણ પુલુમાયીના રાજ્યની છે; અને તે લેખમાં તથા તે નીચેના લેખમાં બતાવેલા ગ્રામની બક્ષીસ ગોતમીપુત્રે કરી હોય એમ દેખાય છે, કારણ કે ધનકટકના મહારાજા તરીકે તેને તેમાં લખવામાં આવ્યો છે, જો કે તેમાં લખેલો અર્થ સ્પષ્ટ થાય એવા શબ્દોવાળો તે શિલાનો ભાગ કપાઈ ગયો છે. વળી તેમાં તે ગુફા ગોતમી અર્પણ કરે છે એમ વર્ત્તમાનકાળમાં લખેલું છે તે ઉપરથી

---

૨ ઉપરના લેખોમાંના લેખો નં. ૩ તથા ૨૭.

૩ નં ૧૪ તા. ૨૦ આ. સ. વે. ઈન્ડીયા નં ૧૦.

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

તે તે સમયે હયાત હશે એમ સમજવું જોઇએ. માટે એક જ સમયે પિતા તથા પુત્ર રાજ્ય કરતા હોવા જોઇએ એમ દેખાય છે, પુત્ર તે દેશની આ બાજુ તરફ, કારણકે લેખો તેના રાજ્યની તારીખના છે, અને પિતા ધનકટકમાં રાજ્ય કરતો હશે; જે ધનકટક મદ્રાસ ઇલાકામાં આવેલા ગંતુર જીલ્લાનું ધરણી-કોટ હોવું જોઇએ; અને મહાન્ રાજાની માતુશ્રી તથા મહાન્ રાજાની પિતામહી એમ ગોતમીને ઉપર લખ્યા પ્રમાણે વર્ણવવામાં આવી છે તે ઉપરથી આ વાત ખરી ઠરે છે. માટે ઉપર લખેલું તેનું વર્ણન એક જ વખતનું ન હોય, તો તે વર્ણન મુદ્દા [1] વગરનું થઈ પડે છે. ૧૮ મા વર્ષમાં થએલા શાસન-

---

૧. આ. સ. એ. વે. ઇન્ડીયા વા. ૪ પા. ૧૧૦ માં ડા. બ્યુલર એમ ધારણા કરે છે કે મેં જે આ અનુમાન કર્યું છે તેનો આધાર ફક્ત આજ છે, અને તે ભૂલ છે એમ તે કહે છે. પણ સને ૧૮૭૪ ની ઓરીએન્ટલ કોંગ્રેસના ટ્રાન્સેકશન્સમાંના મારા લેખને છેડે આપેલી ટીકામાં મેં બીજાં કારણો આપ્યાં છે તે તેને ત્યાં મળી આવશે અને આ કથનની પણ આધાર તરીકે ઘણી કીંમત છે; કારણકે તે લેખ લખનારનો હેતુ ગોતમીને ખાસ માન આપવાનો હોય, તો તે હેતુ આમ ધારવાથી વધારે પાર પડે કે તેનો પુત્ર તથા પૌત્ર એકજ વખતે મોટા રાજાઓ હતા. જો તેનો પુત્ર ગુજરી ગયેલો હોય, તો તે બાબતમાં એક વિધમાન મોટા રાજાની તે પિતામહી હતી તેનાથી જે અર્થ સરે તેના કરતાં વધારે સારો અર્થ તે એક ગુજરી ગયેલા રાજાની માતા હતી તેથી સરે નહીં. અને જ્યારે તે ગુફાનો મઠ અર્પણ કરવામાં આવ્યો તે સમયે તો ગોતમીપુત્ર ગુજરી ગયેલો હત અને પુલુમાયી એકલો જ રાજ્ય કરતો હત તે વાત સત્ય હોય, તો પુલુમાયીના પરાક્રમોનુ વર્ણન તેમાં હોય એમ આશા રાખીયે, પણ તેના વખાણ બાબત એક પણ શબ્દ તેમાં નથી. ગોતમીપુત્ર પછીજ જો પુલુમાયી રાજા થયો હોય, તો તે મઠના અર્પણ થયા પૂર્વે ૧૯ વર્ષ ઉપર ગોતમીપુત્ર ગુજરી ગયેલો હોવો જોઈએ. તો મઠના અર્પણ થતી વખતે એક ૧૯ વર્ષપર ગુજરી ગયેલા રાજાનાં આટલાં બધાં વખાણ લેખમાં થાય અને તે સમયે રાજ્યકર્ત્તાનાં બીલકુલ થાય નહી તે વાત હિંદુસ્થાનના લેખ લખનારાની રીતિ રીવાજથી માહીતગાર માણસ કદી પણ ખરી ધારી શકે નહીં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પત્રની પૂર્ત્ત તરીકે ૨૪ મા વર્ષનું શાસનપત્ર વાસિષ્ઠીએ કાઢેલું છે, અને પેહેલું તેના પતિએ કાઢેલું છે. તે ઉપરથી એમ સંભવિત લાગે છે કે તે વચ્ચેના સમયમાં ગોતમીપુત્ર ગુજરી ગયો હશે, અને રાજ્યધાનીમાં રાજપ્રતિનિધિ તરીકે વાસિષ્ઠી રાજ કરતી હશે, અને દક્ષણ અથવા મહારાષ્ટ્રમાં પુલુમાયીનું રાજ્ય ચાલુ હશે. શાસનપત્રમાં આપેલાં વર્ષ પુલુમાયીનાં હોવાં જોઇએ, કારણકે જે મોટો લેખ છે તેની તારીખ પણ તેના રાજ્યના ૧૯ મા વર્ષની લખવામાં આવી છે. આ રાજાઓ સાતવાહન વંશના હતા.

**મઠરીપુત્ર**

સ્પષ્ટ રીતે તેજ વંશના અન્ય બે રાજાઓનાં નામ અન્ય લેખોમાં માલુમ પડે છે. થાણા પાસે આવેલી કાન્હેરીની ગુફાઓમાંની એકમાં મઠરીપુત્ર[1] શકસેનના રાજ્યના આઠમા વર્ષમાં દાન અપાએલું છે એમ લખેલું છે. તેજ સ્થાનના બીજા બે લેખોમાં રાજ્યકર્ત્તા રાજાનું નામ

**યજ્ઞશ્રી**

"ગોતમીપુત[2] સીરીયન્ન શાતકર્ણી" (ગોતમીપુત્ર શ્રીયજ્ઞ શાતકર્ણી) એમ લખવામાં આવ્યું છે. આ મધ્યેના એકમાં આપેલું વર્ષ સ્પષ્ટ નથી. પરંતુ તેના રાજ્યનું ૧૮ મું હશે એમ લાગે

---

૧ જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૬ નો નં. ૧૯ મો લેખ, તથા વા. ૧૨ નું પૃ. ૪૦૯. પેહેલી પ્રતમાં નામ સ્પષ્ટ રીતે શકસેન છે, પરંતુ બીજો લેખ જે પંડિત ભગવાનલાલે લીધેલો છે તેમાં પ્રથમના બે વ્યંજનો ઉપર 'ઈ'સ્વરના ભુસાઇ ગયેલા નિશાન જેવું માલુમ પડે છે. આ ઉપરથી પંડિત તેને "સિરિસેનસ" એમ વાંચે છે ( અને તેનું સંસ્કૃત 'શ્રી સેનસ્ય' છે.) પરંતુ તેમની પ્રતમાં પણ क તો સ્પષ્ટ છે. 'સિકિ' નો કોઇપણ અર્થ થતો નથી. માટે એમ લાગે છે કે પેહેલી પ્રતમાં જે અસ્પષ્ટ નિશાનો દેખાતાં નથી તે તે પત્થરમાં કાંઇ ફાટને લીધે હશે. અને તે 'ઇ'નાં નિશાનો નહી હોય. ડો. ભાઉદાજી પણ તે નામ 'શકસેન' વાંચે છે. આજ ખરૂ છે તે પાછળથી જણાશે.

૨ નં. ૩ અને ૪ જ. બો. બ્રે. રો. એ. સો. વૉ. ૬.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છે. નાસીકમાં એક અન્ય લેખ છે તે તે રાજાના સાતમા[3] વર્ષનો લખેલો છે.

**કોલ્હાપુરમાંથી મળી આવેલા સીક્કાઓ ઉપર રાજાઓનાં નામો.**

કોલ્હાપુરમાં એક સ્થાન જે અગાઉ બુદ્ધસ્તુપ હશે એમ દેખાય છે તેમાંથી દાટેલા તાંબા તથા સીસાના ઘણા સીક્કાઓ થોડા વર્ષ ઉપર જડી આવ્યા છે. એજ સ્થાનની આજુબાજુ તેથી થોડા સમય પૂર્વે બીજો ખજાનો જડી આવ્યો હતો. ઉપર લખેલા ગુફાના લેખને ઘણી રીતે મળતા આવે છે તેવા અક્ષરોમાં આ સીક્કાઓ ઉપર લેખ લખેલા છે. તે નીચે પ્રમાણે છે.

[1] " **रण्णो वसिठीपुतस वीळीवायकुरस** "

" **रण्णो गोतमीपुतस वीळीवायकुरस.** "

" **रण्णो मठरीपुतस सेवळकुरस.** "

અહીયાં પણ ઉપર લખેલાં જ નામો છે પરંતુ '**वीलीवायकुरस**' તથા '**सेवलकुरस**' એ શબ્દોનો અર્થ હિંદુસ્તાનના પ્રાચીનવેત્તાઓ માંના કોઇએ હજુ સુધી કર્યો નથી. પૂર્વના એક પ્રસંગે મેં એવું અનુમાન જાહેર કર્યું હતું કે કોલ્હાપુરની[2] આજુ બાજુના પ્રદેશ ઉપર રાજ્ય ચલાવવાને રાજાઓએ મોકલેલા સુબાઓનાં તે નામ હશે, કારણકે આ બે રાજાઓ તથા તેજ વંશના બીજા થોડા રાજાઓના સીક્કાઓ જુની રાજધાની ધનકટકને સ્થાને આવેલા ગંતુર જીલ્લામાંના ધરણીકોટ પાસે જડયા છે. આ સીક્કઓમાં ઉપરના લેખમાં લખેલા શબ્દો નથી, તેમ કો-

---

૩ નં. ૪. જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૭ અને ટ્રા. ઓ. કો, ૧૮૭૪ પૃ, ૩૩૯.

૧ જર્નલ, બો. બ્રે. રો. એ. સો. વા. ૧૩ પૃ. ૩૦૫ તથા વા. ૧૪ પૃ. ૧૫૩-૫૪

૨ જર્નલ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૪ પૃ. ૧૫૪

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લ્હાપુરમાંથી જડેલા સીક્કાઓથી તે જુદી જાતના છે. આ ઉપરથી મને એમ લાગ્યું કે આ ધરણી કોટવાળાસીક્કાઓ આ તરફના દેશમાં પાડવા માં આવ્યા હશે અને તેથી જે સુબાની સત્તાથી તે પાડવામાં આવ્યા હશે તે સુબાઓનાં નામો તેમના ઉપર હશે. આ અનુમાનની સત્યતા હું આગળ ઉપર સાબીત કરીશ.

આ રીતે, આ લેખો અને સીક્કાઓ ઉપરથી નીચે લખેલા રાજાનાં નામો આપણને મળી આવે છે; અને તેમાં લખેલા અક્ષરો ઉપરથી જે સમયાનુક્રમ દર્શિત થાય છે તેજ અનુક્રમમાં તે લખવામાં આવ્યા છેઃ—

કૃષ્ણરાજ.
શાતકર્ણી.
ક્ષહરાટ નહપાન અને તેનો જમાઈ ઉશવદાત.
ગોતમીપુત્ર શાતકર્ણી.
વાસિષ્ઠીપુત્ર પુલુમાયી.
ગોતમીપુત્ર શ્રીયજ્ઞ શાતકર્ણી.
મઢરીપુત્ર શકસેન.

આ ઉપરાંત સીમુક સાતવાહનનું નામ આપણને મળે છે, અને આ રાજા ઉપરની યાદીમાંના બીજા રાજાથી પૂર્વે રાજ્ય કરતો હતો. યાદીમાં આ રાજાને યોગ્ય સ્થાન હવે પછીથી આપણે આપીશું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૫.

## લેખોમાં વર્ણવેલા દેશી તથા પરદેશી રાજાઓ.--આ રાજાઓ પુરાણોમાંના આંધ્રભૃત્ય છે.

**નહપાન રાજા શક હતો.**

ઉપર આપેલી યાદીમાં જોતાં જે પ્રથમ બાબત ઉપર કોઈનું પણ ધ્યાન આકૃષ્ટ થશે તે એ છે કે 'ક્ષહરાટ નહપાન' એ નામ હિંદુસ્તાનમાંનુ નથી પણ અન્યદેશીય છે. તેમજ તે રાજાના સંબંધમાં વાપરવામાં આવેલું "ક્ષત્રપ અથવા મહાક્ષત્રપ" નું માનપદ પણ હિંદુસ્તાનનું નથી. જો કે તે અન્ય દેશીય શબ્દ ઘણું કરીને ઈરાની ભાષાના "સૅટ્રપ" નું તે સંસ્કૃતમાં લખેલું રૂપ હશે. ગોતમીપુત્રના લેખમાં લખેલું છે કે તે રાજાએ શકલોકો, યવનલોકો, તથા પલ્હવ લોકોનો નાશ કર્યો તે ઉપરથી એમ દેખાય છે કે તે સમયે આ દેશ ઉપર આવા પરદેશી લોકોના હુમલા થતા હોવા જોઇએ. યવન લોકો બાકટ્રીઆના ગ્રીકલોકો હતા, પરંતુ ક્ષહરાટ નહપાન એ નામ ગ્રીક હોય એમ દેખાતું નથી. માટે તે રાજા શક અથવા પલ્હવ હોવો જોઇએ. વળી એમ કહેલું છે કે ખગારાટ અથવા ખખારાટ જે નામ કાર્લી તથા જુનારના લેખોમાં લખ્યા પ્રમાણે ક્ષહરાટ અથવા ખહરાટ જ છે એમ દેખાય છે તે જાતિનો તેણે સમૂળ નાશ કર્યો હતો. આ ઉપરથી એમ નીકળે છે કે ઉપરની યાદીમાં લખેલા બીજા રાજા અને ગોતમીપુત્ર શાતકર્ણીની વચ્ચેના સમયમાં શક અથવા પલ્હવ લોકો આ દેશના પતિ થયા હતા અને તેમને ગો-

**શક તથા પલ્હવ લોકોને ગોતમીપુત્રે હરાવ્યા.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નમીપુત્રે નસાડી કાઢયા હતા. આ રીતે ગોતમીપુત્રે પોતાના વંશના હાથમાંથી ગયેલા પ્રદેશો પાછા મેળવીને, પોતાના શાતવાહન વંશની કીર્તિ પુનઃ સ્થાપી. ઉપર કહેલા બીજા સર્વ રાજાઓ આજ વંશના હતા.

**પુરાણોમાંના વંશો.**

આ દેશમાં જે રાજાઓએ રાજ્ય કર્યું હતું તેની યાદ પુરાણોમાં છે. પ્રાચીન વંશ જેની સાથે હાલ આપણે સંબંધ છે તે વંશ ચંદ્રગુપ્ત રાજાએ ઇ. સ. પૂર્વે ૩૨૦ માં સ્થાપેલો મૌર્યવંશ છે; આ સમય મહાન્ એલેગ્ઝાન્ડરની પછી ગાદીએ આવનાર તેના સરદારોમાંના એક નામે સેલ્યુકસ સાથેના તેના સંબંધથી નક્કી થાય છે. પુરાણો પ્રમાણે આ વંશે ઉત્તર હિંદુસ્થાનમાં ૧૩૭ વર્ષ પર્યંત રાજ્ય કર્યું, અને તેના છેલ્લા રાજા બૃહદ્રથને તેના એક સરદાર પુષ્પમિત્ર અથવા પુષ્યમિત્રે મારી નાંખ્યો. અને પોતાનો સંગ વંશ સ્થાપ્યો. આ સંગ વંશ ૧૧૨ વર્ષ પર્યંત સત્તામાં રહ્યો અને તેની પછી કણ્વવંશ આવ્યો જેણે ૪૫ વર્ષ રાજ્ય કર્યું. કણ્વવંશના લોકોને સીપ્રક, સીંધુક અથવા શીસુક નામના પુરૂષે હરાવ્યા અને આ પુરૂષે પુરાણોમાં લખ્યા પ્રમાણે આંધ્રભૃત્ય વંશનું સ્થાપન કર્યું. આંધ્રભૃત્ય એટલે આંધ્રજાતિના લોકો જેઓ એક સમયે દાસ અથવા નોકરો હતા. તે સર્વ આધારો પ્રમાણે આ વંશનો બીજો રાજા કૃષ્ણ નામે થયો, અને ત્રીજો રાજા શાતકર્ણી અથવા વાયુપુરાણ અને વિષ્ણુપુરાણમાં લખ્યા પ્રમાણે શ્રીશાતકર્ણી થયો અને ભાગવતમાં તેને બદલે શાંતકર્ણ એમ લખેલું છે. મત્સ્યપુરાણ પ્રમાણે રાજા કૃષ્ણ અને શાતકર્ણી વચ્ચે ત્રણ બીજા રાજા આવે છે અને વિષ્ણુપુરાણમાંતો મત્સ્યપુરાણ પ્રમાણે બીજો શાતકર્ણી આવે છે. વાયુ પુરાણ પ્રમાણે ગોતમીપુત્ર ૧૩ મો રાજા, ભાગવત પ્રમાણે ૧૫ મો, વિષ્ણુપુરાણ પ્રમાણે ૧૭ મો અને મત્સ્યપુરાણ પ્રમાણે ૨૨ મો રાજા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતો. વિષ્ણુ, ભાગવત અને મત્સ્યપુરાણો પ્રમાણે આ રાજાની પછી પુલીમત્ અથવા પુરીમત્ અથવા પુલોમત્ ગાદીએ આવ્યો. ઉપરના લેખો અથવા સિક્કાઓમાં લખેલા પુલુમાયીનું તે ખોટું રૂપ હશે. વાયુપુરાણમાં તો આ નામ આવતું જ નથી. વિષ્ણુ અને મત્સ્ય પુરાણો પ્રમાણે આ રાજા પછી શ્રી શીવ આવ્યો, ભાગવત પ્રમાણે વેદશિરસ્ થયો અને વાયુ પુરાણમાં તો આ છેજ નહીં. વાયુ પુરાણ વિના સર્વ પુરાણોમાં શિવશ્રી પછી થએલા શિવસ્કંધની પછી યજ્ઞશ્રી આવે છે; અને વાયુપુરાણમાં તે ગોતમીપુત્ર પછી આવે છે.

**લેખોમાંના સાતવાહનો તેજ પુરાણોમાંના આંધ્રભૃત્યો.**

આ રીતે માલુમ પડશે કે શિલા લેખોમાં તથા સિક્કાઓમાં આવેલાં નામો તથા અનુક્રમ પુરાણોમાંના આંધ્રભૃત્ય વંશના રાજાઓ સાથે બરોબર મળતા આવે છે; અને એ એટલા બધા મળતા આવે છે કે તે બંનેમાં લખેલા રાજાઓ એકજ છે એમ અનુમાન થઈ શકે. મઢરીપુત્ર શકસેન એ નામ પુરાણોમાં આવતું નથી, અને આ રાજા તે વંશની એક શાખાનો હશે એમ લાગે છે. ઉપરની યાદીમાં તેનું સ્થાન આપણે હવે પછી નક્કી કરીશું. સીમુક, જેનું નામ નાનાઘાટના શિલાલેખમાં આવે છે, અને જે ઉપર બતાવ્યા પ્રમાણે પુરાણમાંની યાદીમાંના ત્રીજા રાજ્યકર્ત્તા રાજા શાતકર્ણીના કરતાં અગાઉ રાજ્ય ઉપર હતો, તેજ તે વંશનો સ્થાપનકર્ત્તા શીસુક હોવો જોઇએ. કારણ કે દેવનાગરી લીપીમાં ' મ ' અક્ષર એવો લખવામાં આવે છે કે ' સ ' વંચાય. આથી કરીને ખરૂ નામ શીમુક તે અપભ્રષ્ટ થઇને શીસુક, શીસુક અથવા શીશુક સમય જતાં થઈ ગયું, તેવીજ રીતે વાયુપુરાણમાંનુ સિંધુક અને વિષ્ણુપુરાણમાંનુ સીપ્રક આ પણ તેનાં વધારે અપભ્રષ્ટ નામોજ છે. આ સર્વ એકજ છે એ વાત આથી સંભવિત લાગે છે કે જે પુરૂષે તે ગુફા બનાવરાવી તથા પોતાનું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તથા નાના યુવરાજાઓનાં પુતળાં કોતરાવ્યાં, તેણેજ પોતાના વંશને પ્રતિષ્ઠા આપવાને માટે પોતાના વંશનો સ્થાપનાર કે જે તેનાથી ફકત એકજ પેઢી ઉપર હતો તેનું પણ વર્ણન તેમાં આપ્યું હોય તે વાત વધારે માની શકાય છે. આ પ્રમાણે પુરાણોમાંની આંધ્રભૃત્ય જાતિ તેજ શિલાલેખો-માંનો શાતવાહન વંશ છે.

---

## પ્રકરણ ૬.

---

### આંધ્રભૃત્યો અથવા શાતવાહનોનો સમયનિર્ણય.

---

**નહપાનનો વંશ તે ઉજ્જયિની તથા કાઠીયાવાડના સેટ્રૅપોનો વંશ નહીં.**

આ પછી બીજો પ્રશ્ન જે વિષે આપણે વિચાર કરવાનો છે તે આ રાજાઓના સમય વિષે છે. નાસીકની ગુફાના શિલાલેખો વિષેના મારા ભાષણમાં[1] ગોતમીપુત્ર રાજ્ય ઉપર આવવાની તારીખ ઇ. સ. ૩૧૯ ની મેં સ્વીકારી છે. પાટલીપુત્રમાં મૌર્યવંશની સ્થાપના થઇ તેનું વર્ષ ઇ. સ. પૂ. ૩૧૫ નું ગણી, તેની તથા ગોતમીપુત્રની વચ્ચે ૬૬૪ વર્ષ થઇ ગયાં તે ઉમેરતાં ઉપરની તારીખ આવે છે. કારણકે મૌર્યવંશનાં તથા તે પછીના વંશો ટકયા તેનાં વર્ષ તથા ગોતમીપુત્ર પૂર્વે જે આંધ્ર-ભૃત્યો થઈ ગયા તેનાં વર્ષો મત્સ્યપુરાણ પ્રમાણેનાં આપેલાં તે સર્વ ગણતાં ૬૬૪ વર્ષનો સરવાળો આવે છે. ખગારાટની જાતિ જેનો ઉપર કહ્યા પ્રમાણે ગોતમીપુત્રે નાશ કર્યો એમ નાસીકના એક શિલાલેખમાં લખવામાં આવ્યું છે તે વંશ તથા ક્ષત્રઓ જેના સિક્કાઓ કાઠીયાવાડમાં

---

૧ ટ્રાન્સે. એ. કો. સને ૧૮૭૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જડી આવે છે તે ક્ષત્રપોનો વંશ એકજ છે એમ હું ગણું છું, કારણકે ક્ષહરાટ અથવા ખગારાટ પણ એક ક્ષત્રપ હતો અને પૂર્વ લખનારાઓએ તેને તે વંશને મથાળે મુકયો છે. તે સમયે જણાએલા સિક્કાઓમાં છેલ્લામાં છેલ્લી તારીખ ૨૫૦ ની હતી, જે શક સંવત્સરની છે અને તેનું ઈ. સ. નું વર્ષ ૩૨૮ મું આવે છે. ગોતમીપુત્રની ઈ. સ. ૩૧૯ ની તારીખની એટલું બધુ નજીક આ આવે છે કે તે બંને એક બીજાને આધાર રૂપ થાય છે, પરંતુ આ અનુમાનની સામે પણ ઘણી હરકતો છે, કે જે મને ~~તે~~ સમયે માલુમ પડી હતી:—( ૧ ) ક્ષત્રપ વંશના શિલાલેખો અને સિક્કાઓમાં અગાઉમાં અગાઉ તે વંશ ચષ્ટન સુધી જાય છે અને તેની અગાઉ જતો નથી, અને આ ચષ્ટન અને નહપાન્ વચ્ચે કાંઇ પણ સંબંધ હતો એવું અદ્યાપિપર્યંત ઠર્યું નથી. ( ૨ ) કાઠીયાવાડની માફક મહારાષ્ટ્ર ઉપર પણ આ ક્ષત્રપ અથવા સેટ્રપ વંશની સત્તા આશરે ૩૦૦ વર્ષ પર્યંત રહી હોય, તો તે દેશમાં તે વંશના ઘણા ખરા રાજાઓના શિલાલેખો અથવા સિક્કાઓ મળવા જોઇએ તે વાતની આપણે વિચારપૂર્વક આશા રાખીએ, પરંતુ અર્વાચીન સમયના થેડાજ ફકત સિકકાઓ કરાઢની[૧] પાસેના એક ગામમાં નીકળ્યા છે પણ શિલાલેખ તો એક પણ નથી. (૩) રૂદ્ર દામન્ પોતાના જુનાગઢના એક શિલાલેખમાં શાતકર્ણીને "દક્ષિણાપથના મહારાજા" તરીકે લખે છે જો તે પોતે દક્ખણના એક ભાગનો પણ રાજ્યકર્ત્તા હોત તો તે આમ લખત નહીં. (૪) અને હાલ જડી આવેલા કેટલાક સેટ્રપના સિકકાઓમાં આપેલી તારીખો ૩૦૦ અને[૨] ૩૦૪ છે જે શક સંવત્સરો છે અને તેઓને મળતાં ઇ. સ. નાં વર્ષો ૩૭૮ અને ૩૮૨ આ-

---

૧. જર્નલ ઑ. બ્રૅ. રો. એ. સોવા ૭ પૃ. ૧૬

૨. ઇન્ડીઅન એન્ટી. વાં. ૬ પૃ. ૫૭ નોટ તથા જનરલ કર્નીંગહામનો આ રીપોર્ટ વાં. ૧૦ પૃ. ૧૨૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ને છે; એટલે એમ નીકળે છે કે પુરાણોમાં લખ્યા પ્રમાણે ગોતમીપુત્રના મરણની તારીખ જે ઇ. સ. ૩૪૦ની હતી તેના પછી પણ ઘણા વર્ષો સુધી સેટ્રપોનું રાજ્ય હતું. આ કારણોથી એમ દેખાય છે કે ખગારાટ અથવા નહપાનનો વંશ જેનો ગોતમીપુત્રે અંત આણ્યો અને જેનું રાજ્ય તેના પૂર્વે આ દેશમાં હતું તે વંશ સેટ્રપનો હોઈ શકે નહીં (૫) વળી, મારા પૂર્વના મત પ્રમાણે ગોતમીપુત્ર અને નહપાનના સમય વચ્ચેનો અંતર આશરે ૨૦૦ વર્ષનો છે. પરંતુ ઉશવદાતના અને ગોતમી પુત્રના લેખો-માંના અક્ષરોના આકારો વચ્ચેનો તફાવત એટલો બધો નથી કે આટલો લાંબો વખત ગયો હોય એમ લાગે. માટે તે બંને રાજાઓ એક બીજાની પાસે થઇ ગયા હોય એણ ગણાવું જોઇએ.

**ટૉલેમીમાં લખેલો "શીરોપોલેમીઓસ" તેજ શીરીપુલુમામી અને "બૈલીઓકુરોસ" તેજ "વીલીવાયકુર"**

ગ્રીક ભૂગોળકર્ત્તા ટૉલેમી ઉપરથી આપણને માલુમ પડે છે કે તેના સમયમાં પશ્ચિમ તરફના કીનારાની અંદરના દેશના બે ભાગ પાડવામાં આવ્યા હતા. આમાંથી ઉત્તરના ભાગમાં સીરોપોલેમીઓસનું રાજ હતું અને તેની રાજ્યધાની પૈઠણ હતી; અને દક્ષિણના ભાગ ઉપર બેલીઓકુરોસનું રાજ્ય હતું અને તે હીપોકુશમાં રહેતો હતો. શિલાલેખમાંના સીરીપુ-લુમાયી અથવા પુલુમાયી જે પુરાણોમાંના પુલોમત્ અથવા પુલિમત્‌ને મળતો આવે છે તેજ આ સીરો પોલેમીઓસ હોવો જોઇએ. પણ આ નામવાળા બે રાજાઓ હતા, એક તો શિલાલેખમાં વર્ણવેલો ગોતમીપુત્રનો પુત્ર અને બીજો આંધ્રભૃત્ય વંશનો એક અગાઉનો રાજા આ છેલ્લો એટલે આંધ્ર-ભૃત્ય વંશનો પુલુમાયી રાજા બહુ કીર્ત્તિવાન્ થઇ ગયો હોય એમ લાગતું નથી. આ ઉપરથી એ ઘણું સંભવિત છે કે ટૉલેમીએ જેને વિશે લખેલું તે ઉપર પહેલાં વર્ણવેલો પુલુમાયી હોવો જોઇએ. પણ દક્ષિણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તરફના પ્રદેશોનો સુબો બેલીઓકુરોસ લખ્યો છે તેથી આ પ્રશ્નનો ઘણોખરો નિર્ણય થઇ જાય છે. આપણે જોયું છે કે કોલ્હાપુરના સિક્કાઓ ઉપરના લેખમાં વીલીવાયકુર[1] એ નામ પુલુમાયી તથા ગોતમીપુત્ર સાથે લખવામાં આવ્યું છે વીળીવાયકુર તે તથા બેલીયોકુરોસ એકજ છે; અને શાતવાહનવંશના બે રાજાઓ સાથે તથા ફકત કોલાપુરના સિક્કાઓ ઉપરજ તેનું નામ શા કારણથી આવે છે, અને ઉત્તર-ગોદાવર્રીના પ્રદેશમાંથી જડી આવતા સીક્કાઓ ઉપર તે કેમ નથી માલુમ પડતું તેનુ કારણ મારા મત પ્રમાણે ઉપર કહ્યા મુજબ એ હોવું જોઇએ કે કોલ્હાપુરની આજુ બાજુના પ્રદેશમાં તે રાજાઓ તરફથી રાજ્ય કરનારો સુબો તે હશે. અને બૅલીયોકુરોસના રાજ્યવાળો દક્ષિણ તરફનો પ્રદેશ જેનું વર્ણન ગ્રીક ભૂગોળકર્તાએ કર્યું છે તેજ આ દેશ હોવો જોઇએ. તેટલામાટે ટૉલેમીનો " સીરોપોલેમીઓસ " તેજ શિલાલેખના સિક્કાઓમાંનો પુલુયાયી છે.

**ઇ. સ ૧૩૦ ના વર્ષમાં આશરે પુલુમાયીના રાજ્યનો આરંભ થયો.**

ટૉલેમી ઇ. સ. ૧૬૩ માં ગુજરી ગયો અને તેણે પોતાનું પુસ્તક ઈ. સ. ૧૫૧ પછી લખ્યું તેમ કહેવાય છે. માટે આ છેલ્લા વર્ષ પૂર્વે થોડા સમય અગાઉથી પુલુમાયી ગાદી ઉપર હોવો જોઇએ. આ તારીખને આપણે શિલાલેખોમાં આપેલી તારીખો સાથે બંધ બેસારવા હવે યત્ન કરીશું અને તે ઉપરથી પુલુમાયીનું ગાદી ઉપર આવવાનું વર્ષ પણ વધારે સૂક્ષ્મતાથી આપણે નિશ્ચિત કરી શકીશું. ઉશવદાતનાં કેટલાંક ધર્મદાનો ૪૦, ૪૧ તથા ૪૨ ના વર્ષોમાં સ્થાપન થયાં હતાં અને નહપાન સાથે સંબંધ ધરાવતી સર્વથી છેલ્લી તારીખ ૪૬ ના વર્ષની છે અને તેના મંત્રી અયમના જુન્નારના શિલાલેખમાંની છે. હું ધારૂં છું કે આ વર્ષો શક સંવત્સરનાં હોવાં જોઇએ. કારણકે આપણે જોયું છે કે ગોતમીપુત્રના સમય

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂર્વે તે દેશમાં શક તથા બીજી પરદેશી જાતિઓના હુમલા થતા હતા તથા સીધીયન લોકો અને શક લોકો એકજ હતા; તેઓએ ગ્રીક ભૂગોળ–કર્ત્તાઓના લખવા પ્રમાણે સીંધ તથા રજપુતસ્થાનમાં પણ રાજ્ય સ્થાપ્યું હતું. શક એ નામથી જાણીતો થએલો સંવત્સર તથા અગાઉના સર્વ તામ્રલેખના દાનપત્રોમાં શક રાજાઓના સંવત્સર તરીકે વર્ણવેલો સંવત્સર, શક હુમલો કરનારાઓમાંથી સર્વથી બળવાન રાજા જેણે દેશમાં સર્વથી પ્રથમ જાથુનો પગ કર્યો તેણેજ સ્થાપ્યો[1] હોવો જોઇએ, અને

---

૧ પ્રો. ઓલ્ડબર્ગ એમ ધારે છે કે આ સંવત્સરનો સ્થાપનાર કનિષ્ક હતો પણ આ તેનો મત ટકી શકે તેવો નથી. કેમકે (૧) માત્ર ત્રણ રાજાઓના વંશથીજ એક સંવત્સર હમેશનો થઇ શકે નહી. ગુપ્તનો વંશ જેમાં માહાનરાજાઓ થયા હતા તેની સત્તા ૧૫૦ થી વધારે વર્ષ પર્યંત રહી હતી. પરંતુ તેઓના સંવત્સરનો થોડા જ શતકોમાં સ્વાભાવિક અંત આવ્યો. (૨) કનિષ્કના શિલાલેખોમાંના અક્ષરો અને મુખ્યત્વે કરીને તેના પેહેલાં આવતા વ્યંજનની સાથે જોડાક્ષર રીતે આવતો य અક્ષર પ્રથમના શતકમાં જે માલુમ પડે છે તેના કરતાં પછીના સમયના છે. (૩) કનિષ્કનું રાજ્ય ગુજરાત તથા મહારાષ્ટ્રમાં હતું એમ માનવાનું કાંઇપણ કારણ નથી. પણ શક સંવત્સર ઘણાજ પૂર્વ સમયથી મુખ્યત્વે કરીને મહારાષ્ટ્રમાં પ્રચલીત થવાનો આરંભ થયો હતો. (૪) ગુપ્ત રાજાઓ જેઓના સોનાના સિક્કાઓ ઇન્ડોસીધીયન વંશના સિક્કાના તીવ્ર અનુકરણથી કરવામાં આવ્યા છે તે ગુપ્ત વંશનું ઇ. સ. ૩૧૯ માં રાજ્ય થયું. અને કનિષ્ક, હુંષ્ક અને વાસુદેવ એ ત્રણ રાજાઓમાંથી જો પહેલાંનું રાજ્ય ઇ. સ. ૭૮ માં શરૂ થયું એમ આપણે ગણીએ તો, તે વંશનું રાજ્ય ૧૦૦ વર્ષ ચાલ્યું એમ ગણતાં તેમાંના છેલ્લા રાજાનું રાજ્ય ઇ. સ. ૧૭૮ માં પુરૂં થયું હશે. વાસુદેવની છેલ્લામાં છેલ્લી તારીખ ૮૯ છે. જો આમ હોય તો ઇંડોસીધીયન રાજાઓના છેલ્લા રાજા અને ગુપ્ત વંશના પેહેલા રાજા વચ્ચે ૧૪૦ વર્ષનું અંતર ગયું હોવું જોઇએ. પરંતુ સિક્કાઓ ઘણા જ મળતા આવે છે તે ઉપરથી એમ અનુમાન કરવું જરૂરનું છે કે તે અંતર તેથી ઘણું થોડું હોવું જોઇએ. એલ્બીરૂનીએ કહ્યું છે કે ગુપ્ત સંવત્સરના આરંભની તારીખ ૨૪૧ શક

નહપાન્ અને ચષ્ટન[2] તથા તેનો પિતા તે પશ્ચિમ હિંદુસ્થાન અને માળવામાં રાજ્ય કરવાને તેણે નીમેલા સેટ્રપો હોવા જોઇએ. આ ધારણા ઉપરથી નહપાનની સર્વથી અર્વાચીન તારીખ ઇ. સ. ૧૨૪ સાથે મળતી આવવી જોઇએ. માટે તે વર્ષ પછીજ આ દેશનો કબજો ગોતમીપુત્ર અથવા પુલુમાયીએ મેળવ્યો હશે. પુલુમાયીની સર્વથી પ્રથમ તારીખ જે તેના શિલાલેખોમાં માલુમ પડે છે તે તેના રાજ્યનું બીજું વર્ષ છે; અને તે સમયે નહપાન્ અથવા તેના પછીનો રાજા ગાદી ઉપર હોય તો તે શિલાલેખ ઉપર તે તારીખ હોય નહીં, માટે એ સ્પષ્ટ છે કે તે રાજાઓના પરાજય પછીજ પુલુમાયીએ રાજ્ય કરવું શરૂ કર્યું. વળી ટૉલેમીના પુસ્તક ઉપરથી આપણને માલુમ પડે છે કે જે સમયે તેણે પોતાનું પુસ્તક લખ્યું તે સમયે ઓઝેનમાં ટીએસ્ટીનીસ રાજ્ય કરતો હતો, માટે આ રાજા પુલુમાયીના જ વખતમાં થયો હશે. હું ધારૂં છું કે આ ટીઆસ્ટીનોઝ તેજ ચષ્ટન એ વાત નક્કી થઇ છે. પરંતુ ઉપર લખેલા જુનાગઢના શિલાલેખ

---

એટલે ઇ. સ. ૩૧૯ હતી તે વાત કેટલાક પ્રાચીનવેત્તાઓએ નાકબુલ કરી છે આ બાબત માટે તથા સૅટ્રપની તારીખો માટે પરિશિષ્ટ અ જોવું.

(૨) પ્રો. ઓલ્ડનબર્ગ એમ ધારે છે કે ચષ્ટન એ ગોતમીપુત્રે નીમેલો એક સેટ્રપ હશે, પણ આ ધારણા ટકી શકે એવી નથી, કારણકે ગોતમીપુત્ર જેવો રાજા જેની ધારણા પરદેશીઓને નસાડવા તથા નાશ કરવાની હતી, તે ચષ્ટન જે તેના નામ ઉપરથી પરદેશી દેખાય છે તેને સુબા તરીકે નીમે નહિ, તેમ તેને પરદેશનો હોદ્દો પણ વાપરવા દે નહી. કારણકે તે રાજા અથવા તેના પુત્રનો સુબો ઑનીયોકુરોસ હતો તે પણ તે હોદ્દો લખતો નથી. ચષ્ટનના પૌત્ર રૂદ્રદામને જુનાગઢના શિલાલેખમાં લખ્યા પ્રમાણે, સુવિશાખ નામના એક પલ્હવને સુરાષ્ટ્ર તથા આનર્ત દેશો ઉપર રાજ્યચલાવવા સુબો નીમ્યો હતો. આ સુવિશાખ કુલૈપનો પુત્ર હતો. માટે આ હકીકત ઉપરથી જે હકીકત બીજા સ્થાનેથી આપણને ગળી છે, તેજ હકીકત ખરી છે એમ નિશ્ચય થાય છે, અને તે એકે આ વંશ પરદેશી મુલમાંથી ઉત્પન્ન થએલા રાજાઓનો હતો અને તેમણે હીંદુ રીવાજ તથા નામો ધારણ કર્યાં હતાં અને દેશમાં વસ્યા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મુજબ ચષ્ટનનો પૌત્ર રૂદ્રદામન્ ૭૨ મા વર્ષમાં રાજકર્ત્તા રાજા હતો, જે વર્ષ શક સંવત્સરનુ ગણુતાં ઇ. સ. ૧૫૦ આવે છે. માટે ઈ. સ. ૧૫૦ માં ચષ્ટન તથા પુલુમાયી એકજ સમયના હોવા જોઇએ નહીં. માટે ટૉલેમીએ, આપેલો વૃત્તાંત તેથી વધારે અગાઉના સમયનો હોવો જોઇએ, એટલે કે ઇ. સ. ૧૩૨ ને લગતો હોવો જોઇયે, કારણ કે જ્યારે ચષ્ટન ગાદી ઉપર હતો તે બાબતની તેની હકીકતના સમયની વચ્ચે અને તેના પછી તેનો પુત્ર જયદામન્ ગાદીએ આવી ગયા પછી ઈ. સ. ૧૫૦ માં તેનો પૌત્ર ગાદીએ હતો તે સમય વચ્ચે આશરે ૧૮ અથવા ૨૦ વર્ષનો અંતર થઈ ગયો હોવો જોઇએ. વળી જુનાગઢના શિલાલેખમાં લખ્યા મુજબ, જે દેશો રૂદ્રદામને જીતીને તે ઉપર રાજ્ય ચલાવ્યું તે દેશોના ઘણાખરા દેશો, નાસીકના મોટા શિલાલેખ પ્રમાણે પુલુમાયીના ૧૯ મા વર્ષમાં ગોતમીપુત્રના કબજામાં હતા. તે શિલાલેખમાં લખેલી ૭૨ મા વર્ષની તારીખ તે લેખને શીલા ઉપર કોતર્યો તેની નથી, પણ તેની અંદર લખેલા સરોવરની એક બાજુએ આવેલી પાળ વાવાઝોડા અને ઘણા વર્ષાદથી તણાઈ તૂટી ગઈ તે બાબતને લગતી છે. માટે રૂદ્રદામને આ પ્રદેશો ૭૨ મા વર્ષ પૂર્વે જીત્યા કે ૭૨ મા વર્ષ પછી અને લેખ કોતરાયા પૂર્વે, તે વાત શંકાયુક્ત છે. ૭૨ મા વર્ષ પૂર્વે એ જીત્યા એમ ધારીએ તો પુલુમાયીનું ૧૯ મું વર્ષ ઈ. સ. ૧૫૦ પૂર્વે ના ઓછામાં ઓછા બીજા યા ત્રીજા વર્ષને મળતુ આવવું જોઇએ, એટલે કે પુલુમાયીએ મોડામાં મોડુ ઇ. સ. ૧૩૦ ના વર્ષમાં રાજ્ય કરવા માંડયું હોવું જોઇએ. આથી વધારે પછીના સમયમાં તે ગાદી ઉપર આવ્યો તેમ થઈ શકે નહીં, કારણકે ચષ્ટન જે પુલુમાયીનો સમકાલીન હતો તેની અને તેનો પૌત્ર રૂદ્રદામન્ જે ઇ. સ. ૧૫૦ માં રાજ્ય કરતો હતો તેની વચ્ચેનું સમયાંતર ઘણું જ ટુકુ થઇ જાય, માટે નહપાન્ અથવા તેના પછી ગાદી ઉપર આવેલા રાજાનો પરાજય ગોતમીપુત્રે અથવા પુલુમાયીએ તેની મો-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ડામાં મોડી નોંધાએલી તારીખ એટલે ઇ. સ. ૧૨૪ પછી વધારેમાં વધારે આશરે પાંચ કે છ વર્ષ પછી કરેલો હોવો જોઇએ.

આ સર્વ રાજાઓના સંબંધનો ઇતિહાસ નીચે પ્રમાણે હોય એમ લાગે છે. નહપાન્ એ મહારાષ્ટ્ર ઉપર રાજ્ય કરનારો સેટ્રપ હતો. તેની રાજ્યધાનીનું શહેર જુન્નાર હતું કારણકે તે નગરના શિલાલેખો ઉપરથી દેખાય છે કે તે સમયે તે નગર ઉત્કૃષ્ટ સ્થિતિમાં હતું તથા તેના પ્રધાને કરેલા દાનની નોંધ પણ ત્યાં છે. તે શક ૪૬ એટલે ઈ. સ. ૧૨૪ પછી તુરતજ મરી ગયો હશે. ગોતમીપુત્ર અને પુલુમાયી પોતાના કુટુંબમાંથી ગએલા

**નહુપાન્, ચષ્ટન તથા રૂદ્રદામન્ સાથેગોતમીપુત્ર અને પુલુમાયીનો સંબંધ.**

પ્રદેશો પાછા મેળવવા માટે અગ્નિકોણની દિશામાંથી આવ્યા, તેમણે નહપાનની પછી ગાદીએ આવેલા રાજાને હરાવ્યો, ( પછી તેનું નામ ગમે તે હોય ), તેના સર્વ વારસોને મારી નાંખ્યા અને તે દેશની આ બાજુએ પોતાની સત્તા પુનઃ સ્થાપી. નાસીકના શિલાલેખમાં એમ લખવામાં આવ્યું છે કે ખગારાટની જાતિને ગોતમીપુત્રે નિર્મૂલ કરી નાંખી અને પોતાના કુટુંબની કીર્ત્તિ પુનઃ મેળવી, એનોજ અર્થ ઉપર કહ્યું તેજ. ઉજ્જયિનીમાં રાજ્ય કરનાર સેટ્રપોના અન્ય વંશને ચષ્ટને સ્થાપ્યો અથવા તે વંશનો તે હતો. જુનાગઢના શિલાલેખમાં લખ્યા પ્રમાણે સર્વ વર્ણના લોકો રૂદ્રદામન્ પાસે ગયા અને પોતાના રક્ષણ સારૂ તેને પોતાના મહારાજા તરીકે પસંદ[1] કર્યો. અને તેના વિષે એમ લખ્યું છે કે ખોએલુ[2]

---

૧. सर्वे वर्णैर भिगम्य रक्षणार्थं पतित्वे वृतेन એ શબ્દો લખેલા છે. ઇન્ડીયન એંટીકવરીઝ વા. ૮ પૃ. ૨૬૦ લી. ઇ.

૨ ઇન્ડી. એન્ટી. નાવા. ૭ માં પંડિત ભગવાનલાલે આપેલા ઉતારામાં " भ्रष्ट राज प्रतिष्ठापकेन " એવો પાઠ છે. પણ નીચેની ફુટનોટમાં ડા. બ્યુલર એમ કહે છે કે આમાં "राज" ને બદલે "राज्य" હોવું જોઇએ. એ લેખની

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજ્ય તેણે પુનઃ સ્થાપ્યું, મહાન્ ક્ષત્રપનું પદ પોતેજ ધારણ કર્યું, અકરાવન્તી, અનુપ, સુરાષ્ટ્ર, અપરાન્ત વીગેરે કેટલાક દેશો જે ગોતમીપુત્રના હતા તે અને કેટલાક વધારે તેણે જીતી લીધાં, અને દક્ષિણાપથનાં મહારાજા શાતકર્ણીને બેવાર તાબે કર્યો, પરંતુ દૂરના સંબંધને લીધે તેનો નાશ કર્યો નહીં. આ બધાનો અર્થ એવો દેખાય છે કેઃ—ગોતમીપુત્ર

---

ડો. ભાઉદાજીની પ્રતમાં "ज्य" સ્પષ્ટ છે; જ બો બ્રે. રો. એ. સો. નું વા. ૭ પૃ ૧૧૮. ડો. ભાઉદાજી તથા પંડિત ભગવાનલાલજી આનો તરજુમો એમ કરે છે કેઃ—ભ્રષ્ટ થએલા રાજાઓને પુનઃ રાજ ઉપર સ્થાપીને ઘણા પરાક્રમોની કીર્તી મેળવી (જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૭ પૃ. ૨૦) તથા ભ્રષ્ટ થએલા રાજાઓને જેણે ગાદી પાછી આપી તે." (ઇ. એ. વા ૭. પૃ. ૨૬૦ એ) જો 'राज' એ પાઠ હોય તો આ અર્થ ખરો છે, પણ 'राज्य' હોય તો અર્થ ઘણો બંધ બેસાડયા જેવો છે. જે ગએલુ રાજ્ય રૂદ્રદામને પુનઃ સ્થાપ્યું તે પોતાના શીવાય બીજાનું હતું તેવું બતાવવા અત્રે કાંઈ નથી, માટે તેણે પોતાનુંજ ગએલું રાજ્ય પુનઃ સ્થાપ્યું એવો અર્થ કરવો એ વધારે સ્વાભાવિક છે.

૧. "संबंधावदूरया" આવો પાઠ છે. આમાં "त" ઉમેરી શકાય એમ છે, અને પાઠ "संबंधावदूरतया" થાય છે, પણ "अवदूर"નો અર્થજ બીલકુલ ન થતો હોય, તે સિવાય, તેને બદલે "अविदूर" છે એમ લેવું અને તેનો અર્થ તે લેખના ભાષાંતર કર્ત્તાઓના કર્યા પ્રમાણે તદ્દન ઉલટો કરવો અને આવા શંકા ભરેલા ભાષાંતર ઉપર પ્રો. ઓલ્ડન બર્ગે કર્યું છે તેમ ઇતિહાસનુ અનુમાન સ્થાપવું એમ કરવા આપણને કાંઇ સત્તા નથી. આ લીટીમાં આવે છે તેમ "विजित्य" (એટલે જીતીને) ને બદલે "अवजित्य"ની માફક "वि"ને સ્થાને "अव" ઉપસર્ગ આ લેખમાં લખનારાએ વાપર્યો હોય એમ દેખાય છે. એટલે अवदूर એટલે विदूर એટલે "દૂર" આ રીતે અર્થ પણ સારો થાય છે. કારણકે શાતકર્ણીના રાજ્યના દેશો પોતાનાથી દૂર હતા તેથી તે રાજા રહ્યો કે તેનો નાશ થયો એ બાબતની દરકાર તેણે રાખી નહોતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શાતકર્ણીએ નહપાન અથવા તેની પછી ગાદીએ આવનાર રાજાનો નાશ કર્યા પછી ઉજ્જયિનિમાં રાજ્યકરતા અન્ય પરદેશીઓના વંશ તરફ પોતાની સેના મોકલી. અથવા ઉજ્જયિનીના ક્ષત્રપ રાજા ચષ્ટને, અથવા તેના પુત્ર જયદામને, ગોમતીપુત્ર અથવા પુલુમાયી જેણે રાજકર્ત્તાઓના પોતાના સંબંધના વંશનો અંત આણ્યો હતો તેમની વધતી જતી સત્તા જોઈને, તે અટકાવવાની ઇચ્છાથી, ત્હેમના ઉપર હુમલો કર્યો હશે. ઉજ્જયિનીના એક રાજાએ પૈઠણના શાલિવાહન ઉપર ચઢાઇ કરી અને તેમાં તે હાર્યો આવી જન વાર્ત્તાઓ ચાલે છે તેનું મૂળ ઉપર બતાવેલી વાત હોવી જોઈએ. સાત વાહનનો ઉચ્ચાર અન્ય રીતિએ કરીયે તો સાલિ[1]-વાહન થાય. અને પુલુમાયી અથવા ગોતમીપુલ શાલિવાહન વંશનો એક રાજા હતો. ઉજ્જયિનીનો રાજકર્તા હાર્યો અને વિજયી ગોતમીપુત્ર તેના પોતાના રાજ્ય સુધી તેની પાછળ પડયો, જ્યાં જઇ ગોતમીપુત્રે અવન્તી, અનુપ, અને સુરાષ્ટ્ર તાબે કર્યાં અને જયદામનને ગાદી ઉપરથી ઉઠાડી મુકયો. થોડાક સમય સુધી ચષ્ટનના પ્રદેશો ઉપર તેણે સત્તા રાખી, પરંતુ પછીથી રૂદ્રદામને પોતાના અનુયાયીઓ એકઠા કર્યાં, તે એજ કે જેમના વિષે લેખમાં એમ લખવામાં આવ્યું છે કે તેમણે તેને પોતાનો અધિરાજ પસંદ કર્યો, અને ગોતમીપુત્ર શાતકર્ણીને નસાડી મુકયો. પોતાનું રાજ્ય પાછું મેળવીને તથા પોતે મહા ક્ષત્રપ તરીકે રાજ્યપદ ધારણ કરીને પછી તે જીતો કરવા નીકળ્યો, અને ગોતમીપુલ પાસેથી તેના રાજ્યના કેટલાક પ્રદેશો લીધા. આ રીતે દક્ષિણાપથના મહારાજા જેને તેણે જીત્યો તે ગોતમીપુત્ર શાતકર્ણી હતો. પરંતુ તે રાજાના રાજ્યના પ્રદેશોની મધ્યે તેની પાછળ જવાને તે શક્તિમાન્ થયો નહી તેનું કારણ લેખમાં લખ્યા પ્રમાણે તે દૂર હતા તેથી, અથવા પોતે તેટલો બળવાન નહી તેથી. પુલુમાયીના રાજ્યના ૧૯ મા વર્ષ પછી એટલે ઇ. સ. ૧૪૯

---

૧. હેમચંદ્રનું પ્રાકૃત વ્યાકરણ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પછી રૂદ્રદામનની ચઢતી અને જીતો થઇ. ગ્રીક પુસ્તકકોશોમાંથી મેળવેલાં જુજ વૃત્તાંત તથા શિલાલેખો, સિક્કાઓ અને જનવાર્ત્તાઓમાંથી એક્ઠો કરેલો વૃત્તાંત, તેમજ તારીખો અરસપરસ બંધબેસતી કરી શકાય એ આજ રીતે કરી શકાય છે.

પરંતુ ગોતમીપુત્રની આ રીતે મેળવેલી તારીખ મત્સ્યપુરાણ ઉપરથી નીકળતી તારીખની સાથે મળતી આવતી નથી.

**પુરાણોમાં આપેલા વૃત્તાંતો ઉપરથી નક્કી થતી આંધ્રભૃત્યની તારીખો.**

માટે આપણે હવે પ્રયત્ન કરવાનો છે તે એ છે, કે ઉપર નિશ્ચિત કરેલા અનુમાનં સાથે કોઇ પણ પુરાણો મળતાં આવતાં નથી કે કેમ તે નક્કી કરવું, અને જો કોઇપણ પુરાણ તેને મળતું આવે તો તે પુરાણ તથા મત્સ્ય અને બીજાં પુરાણો વચ્ચે જે ફેર પડે છે તેનું કારણ શોધી કાઢવું. મેં ઉપર પૂર્વે બતાવ્યું છે તેમ પુરાણોમાં આંધ્રભૃત્ય વંશના સંબંધમાં મળતાપણું ઘણું થોડું છે. આપણા પુરાણના સાહિત્યનું મૂળ આ પ્રમાણે છે. યજ્ઞની સભામાં એકઠા થએલા ઋષિઓને કોઇ દંતકથાકારે અમુક બાબતનું વૃત્તાંત પદ્યમાં આપેલું હશે. તે વંશપરંપરા મુખદ્વારા ચાલી આવેલું, અને થોડા સમય પછી આ વૃત્તાંત લખવામાં આવેલું. પછીનાં સમયનાં પુરાણો જે અમુક એક દેવતાનેજ ઉચ્ચ પદ આપવા માટે તથા અમુક મતો પ્રચલિત કરવા માટેજ રચવામાં આવ્યાં હતાં, તે પુરાણોમાંનાં વૃત્તાંતો પ્રાચીન સમયમાં લખાએલાં પુરાણોમાંથી લીધેલાં અને દંતકથા ઉપરથી નહીં. આ વર્ગના પુસ્તકો જેનો હાલ આ હેતુથી હું મુકાબલો કરૂં છું તેમાં સર્વથી પ્રાચીન વાયુપુરાણ દેખાય છે અને તે પછી મત્સ્યપુરાણ. વિષ્ણુપુરાણ તેથી પછીના સમયનું અને ભાગવત પુરાણ તો સર્વથી છેલ્લા સમયનું છે. પ્રાચીન પુરાણોના પાઠ ધીમે ધીમે અપભ્રૃષ્ટ થતા ગયા અને તેથી ત્યાર પછીના સમયનાં પુરાણોના કર્ત્તાઓએ તે ભૂલભરેલા પાઠોથી દોરવાઇ જઇ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અસલ વૃત્તાંતથી તદ્દન જૂદી પડતી હકીકત લખવાની ભૂલો કેટલાક દષ્ટાં તોમાં કરી. હવે ઉપર કહેલાં ચાર પુરાણોમાં ઉપર કહેલી ઘણીખરી હકીકત તે વંશો બાબતમાં સામાન્ય રીતે આપે છે; એટલે કે દરેક વંશમાં થએલા રાજાઓની સંખ્યા તથા તે કેટલા વર્ષ ટક્યો તેનાં વર્ષ આપે છે, તથા તે રાજાઓનાં વધારે વિગતવાર નામો પણ આપે છે, અને વાયુ તથા મત્સ્ય પુરાણો તો દરેક રાજાએ કેટલાં વર્ષો રાજ્ય કર્યું તે પણ આપે છે. સામાન્ય હકીકત તથા વિગતવાર હકીકત એ બંને વચ્ચે ઘણી વાર ફેર પડે છે. મહાન્ અલેગ્ઝાન્ડરના પછી ગાદીએ આવનાર રાજાઓની સાથે ચંદ્રગુપ્તે જે સંબંધો રાખ્યા હતા તે ઉપરથી ઉપજાવી કાઢેલી ચંદ્રગુપ્તની તારીખ જે પ્રૉ. મેક્ષમ્યુલરના કહેવા પ્રમાણે હિંદુસ્તાનના ઇતિહાસનું આધારબિંદુ છે તે ચંદ્રગુપ્તે સ્થાપેલો મૌર્યવંશ સર્વ પુરાણો પ્રમાણે ૧૩૬ વર્ષ ચાલ્યો. વાયુપુરાણમાં આપ્યા પ્રમાણે આ વંશમાં રાજ્યકર્ત્તા રાજાઓ નવ થઇ ગયા અને બાકીનાં પુરાણો પ્રમાણે દશ. પરંતુ માત્ર વિષ્ણુ પુરાણમાં ગણાયેલાં નામો દશ છે, અને વાયુ પુરાણ તથા ભાગવત પુરાણમાં નવ અને મત્સ્ય પુરાણમાં માત્ર ચારજ નામો છે. વાયુપુરાણમાં દરેક રાજાનાં વર્ષોનો સરવાળો કરતાં કુલ ૧૩૩ વર્ષ થાય છે, માટે ચાર વર્ષનું એક નાનું રાજ્ય તે પુરાણના પાઠમાંથી રહી ગયું હશે એ સંભવિત છે. આ રીતે દસ રાજાઓ તથા ૧૩૭ વર્ષ વિષેની સામાન્ય હકીકત ખરી છે એમ દેખાય છે, અને મત્સ્યપુરાણનો પાઠ આ બાબતમાં ઘણો દૂષિત થએલો છે તે સ્પષ્ટ છે એમ લાગે છે. આ રીતે ડૉ. કર્નની સાથે એકમત થઇ મૌર્ય વંશની

**સુંગ વંશના રાજાઓનો કાલ.** સ્થાપનાનુ વર્ષ ઇ. સ. પૂ. ૩૨૨ નું લઇએ, તો તેનો અંત તથા તે પછીના સુંગવંશનો આરંભ ઈ. સ. પૂ. ૧૮૫ મા વર્ષમાં થએલો હોવો જોઇએ. સર્વ પુરાણોમાં સામાન્ય રીતે સુંગવંશમાં દશ રાજાઓ થઇ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગયા અને તેઓએ ૧૧૨ વર્ષ પર્યંત રાજ્ય કર્યું, જો કે ભાગવત પુરાણમાં આમ સ્પષ્ટ લખ્યું નથી, પણ સો વર્ષથી વધારે રાજ્ય કર્યું એમ લખેલું છે. રાજાઓની ગણનામાં મત્સ્યપુરાણમાં બે અને ભાગવતમાં એક રાજા મુકી દીધો છે, અને વાયુપુરાણમાં લખ્યા પ્રમાણે તે સર્વ રાજાઓનાં વર્ષનો સરવાળો ૧૧૨ વર્ષથી વધારે થાય છે. માટે આમાં કહીંક ભૂલ છે એમ સ્પષ્ટ દેખાય છે. પરંતુ તે સામાન્ય હકીકતનેજ પરંપરાથી ચાલી આવેલી ખરી તરીકે માનીએ, તો તે વંશ ઈ. સ. પૂ. ૭૩ માં નાશ પામ્યો. તે પછી આવતો વંશ કણ્વ અથવા કાણ્વાયનોનો છે. આ વંશમાં ચાર રાજા હતા અને તેઓએ ૪૫ વર્ષ રાજ્ય કર્યું, જો કે ભાગવતમાં તો ભૂલ જે હવે પછી કહેવામાં આવશે, તેને લીધે ૩૪૫ વર્ષ લખાએલાં છે.

**કણ્વ વંશના રાજાઓ.**

આની પછી આંધ્રભૃત્ય વંશ આવ્યો. પરંતુ આં બાબતમાં વાયુ તથા મત્સ્યપુરાણોમાં એક હકીકત લખેલી છે જેના જેવી હકીકત બીજા વંશના ઇતિહાસમાં જોવામાં આવતી નથી. આંધ્રભૃત્ય વંશનો સ્થાપનાર વાયુપુરાણ પ્રમાણે સીમુક અને મત્સ્ય પુરાણ પ્રમાણે સીસુકના વિષે એમ કહેવામાં આવ્યું છે, કે તેણે કણ્વ વંશનું ઉન્મૂલન કર્યું એટલુંજ નહીં પણ સંગ[1] વંશની જે શેષ સત્તા રહી હતી તે પણ નાશ કરી. અને કણ્વ લોકોને ખાસ કરી તે સંગભૃત્યો અથવા સંગના નોકરો તરીકે કહેવામાં આવ્યા છે. માટે એમ સંભવિત દેખાય છે કે સંગ વંશના રાજા જ્યારે નબળા

---

१ काण्वायनस्त ( नंत ) तो भृत्यः सुशर्माणं प्रसह्यतम् ॥ शुङ्गानां चैव यच्छेषं क्षपयित्वा बलं तदा ॥ सिंधुको ह्यन्ध्रजातीयः प्राप्स्यतीमां वसुंधराम् ॥ વાયુ પુરાણ—" આંધ્ર જાતિના એક નોકરે કણ્વ વંશના સુશર્મનને બળથી નષ્ટ કરીને, તથા સંગ વંશની જે સત્તા અવશેષ રહી હતી તેને પણ નષ્ટ કરી, પૃથ્વીનો કબજો મેળવશે. " મત્સ્યપુરાણમાંની હકીકત પણ આવીજ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પડયા, ત્યારે કણ્વ વંશે સર્વ સત્તા લઈ લીધી અને અર્વાચીન સમયમાં પેશ્વાની પેઠે રાજ્ય ચલાવ્યું, એટલે પોતાના ધણીની સત્તા સમૂલ ઉચ્છેદ કરી નહીં પરંતુ નામના રાજાઓની સ્થિતિમાં તેમને મુકયા; અને પેશ્વાઓની પેઠે તેઓ પણ બ્રાહ્મણ હતા અને ક્ષત્રિયો નહોતા તે ઉપરથી આ અનુમાનને ટેકો મળે છે. આ રીતે આ વંશોનું રાજ્ય એક વખતે ચાલતું, માટે દંતકથા પ્રમાણેનાં સંગ વંશનાં રાજ્યનાં ૧૨ વર્ષમાં કણ્વ વંશના ૪૫ વર્ષ આવી ગયાં. માટે સંગ વંશના રાજાઓનું ઉન્મૂલન કર્યું અને આંધ્રભૃત્યનો વંશ ઈ.સ. પૂ. ૭૩ માં સત્તામાં આવ્યો.

**આંધ્રભૃત્ય વંશના રાજાઓનો કાલ.** સામાન્ય રીતે આ વંશના રાજાઓની સંખ્યા વાયુ વિષ્ણુ અને ભાગવત પુરાણોમાં ૩૦ ની અને મત્સ્ય પુરાણમાં ૨૯ની આપી છે; અને વાયુપુરાણમાં આ સર્વ રાજાઓનાં વર્ષ ૪૧૧, વિષ્ણુ અને ભાગવત પુરાણમાં ૪૫૬ વર્ષ, અને મત્સ્ય પુરાણમાં ૪૬૦ વર્ષ આપવામાં આવ્યાં છે; આ બધા વચ્ચેનો આ તફાવત મોટો નથી માટે ૩૦ રાજાઓ તથા ૪૫૬ વર્ષની દંતકથા ખરી છે એમ સ્વીકારી શકાય. પરંતુ આ સામાન્ય હકીકત તથા વિશેષ વીગતવાર હકીકત જે પાછળ આવે છે તે વચ્ચેનો ફરક, તથા પાછળની વીગતવાર હકીકતની બાબતમાં ઘણાખરા પુરાણોમાં પડતો તફાવત બહુ મોટો છે. તે આ નીચે આપેલા કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે:—

---

૨ चत्वारः शुंग भृत्यास्ते नृपाः काण्वायना द्विजाः ॥
વાયુપુરાણ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| વાયુપુરાણ | | મત્સ્યપુરાણ | | શિવપુરાણ | ભાગવતપુરાણ |
|---|---|---|---|---|---|
| નામ | કેટલાં વર્ષ રાજ્ય કર્યું | નામ | કેટલાં વર્ષ રાજ્ય કર્યું | નામ | નામ |
| સિંધુક | ૨૩ | સીસુક | ૨૩ | શિપ્રક | નામ નથી પણ વૃશલ અથવા શૂદ્ર છે એમ વર્ણવ્યું છે. |
| કૃષ્ણ | ૧૦ | કૃષ્ણ | ૧૮ | કૃષ્ણ | કૃષ્ણ |
| | | મલ્લકર્ણી | ૧૦કે૧૮ | શ્રી શાતકર્ણી | શાંતકર્ણ |
| | | પૂર્ણોત્સંગ | ૧૮ | પૂર્ણોત્સંગ | પૌર્ણમાસ |
| | | સ્કંધસ્તંભી | ૧૮ | | |
| શાતકર્ણી | ૫૬ | શાતકર્ણી | ૫૬ | શાતકર્ણી | |
| | | લંબોદર | ૧૮ | લંબોદર | લંબોદર |
| અપિલવ | ૧૨ | અપીટક | ૧૨ | ઇવીલક | હીવીલક |
| | | મેઘસ્વાતી | ૧૮ | મેઘસ્વાતી | મેઘસ્વાતી |
| | | સ્વાતી | ૧૮ | | |
| | | સુંદસ્વાતી | ૭ | | |
| | | મૃગેન્દ્રસ્વાતી કર્ણ | ૩ | | |
| | | કુંતલસ્વાતી | ૮ | | |
| | | સ્વાતિકર્ણ | ૧ | | |
| પતિમાવી | ૨૪ | પુલોમાવી | ૩૬ | પતુમત્ | અતમાન |
| નેમિકૃષ્ણ | ૨૫ | ગૌરિકૃષ્ણ અથવા નૌરિકૃષ્ણ | ૨૫ | અરિષ્ટકર્મન્ | અનિષ્ટકર્મ ન્ |
| હાલ | ૧ | હાલ | ૫ | હાલ | |
| સપ્તક અથવા મંડલક | ૫ | મંડુલક | ૫ | પદ્દલક | તલક |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| વાયુપુરાણ | | મત્સ્યપુરાણ | | વિષ્ણુપુરાણ | ભાગવતપુરાણ |
|---|---|---|---|---|---|
| નામ | કેટલાં વર્ષ રાજ્ય કર્યું | નામ | કેટલાં વર્ષ રાજ્ય કર્યું | નામ | નામ |
| પુરીકશણ | ૨૧ | પુરીંદ્રસેન | ૫ | પ્રવિલ્લસેન | પુરીશભીરૂ |
| શાતકર્ણી | ૧ | સુંદરસ્વાતીકર્ણ | ૧ | સુંદર | સુનંદન |
| ચકોર શાતકર્ણી | ०॥ | ચકોર સ્વાતીકર્ણ | ०॥ | ચકોર | ચકોર |
| શિવસ્વાતી | ૨૮ | શિવસ્વાતી | ૨૮ | શિવસ્વાતી | શિવસ્વાતી |
| ગૌતમીપુત્ર | ૨૧ | ગૌતમીપુત્ર | ૨૧ | ગોતમીપુત્ર | ગોતમીપુત્ર |
| | | પુલોમત્ | ૨૮ | પુલીમત્ | પુરીમાન્(મન્) |
| | | શિવશ્રી | ૭ | શિવશ્રી | મેદશિરસ્ |
| | | શિવસ્કંદ | ૭ | શિવસ્કંદ | શિવસ્કંદ |
| યજ્ઞ શ્રી શાતકર્ણી | ૨૯ | યજ્ઞ શ્રી શાતકર્ણી | ૨૯, ૯ અથવા ૨૦ | યજ્ઞશ્રી | યજ્ઞ શ્રી |
| વિજય | ૬ | વિજય | ૬ | વિજય | વિજય |
| દંડ શ્રી શાતકર્ણી | ૩ | ચંડ શ્રી શાતકર્ણી | ૧૦ | ચંડશ્રી | ચંદ્રવિજ્ઞ |
| પુલોમાવી | ૭ | પુલોમવિન્ | ૭ | પુલોમાર્ચિસ્ | સુલોમધિ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ રીતે વાયુપુરાણમાં ૧૭ રાજાઓ અને ૨૭૨।। વર્ષ આવે છે; અને મત્સ્ય પુરાણ ૩૦ રાજા અને ૪૪૮।। વર્ષ, વિષ્ણુપુરાણ ૨૪ નામ અને ભાગવતપુરાણ ૨૨ નામો આપે છે. છેલ્લા એટલે ભાગવતપુરાણમાં ઘણાંખરાં નામો દૂષિત થએલાં છે, અને વિષ્ણુપુરાણમાંના અરિષ્ટ કર્મન્ ની સાથે 'હાલ'ને ભૂલથી ભેળવી દઇ, તેને બદલે " અનિષ્ટ કર્મન્ હાલેય " એમ લખેલું છે, વળી વિષ્ણુપુરાણમાંના પાંચમા રાજાનું નામ તેમાં મુકી દેવામાં આવ્યું છે. મત્સ્યપુરાણમાં આપેલી વીગતો સામાન્ય દંતકથાને ઘણી મળતી આવે છે અને તેથી તે સત્ય ઠરે છે. ત્યારે હવે આ વિગતો તથા વાયુપુરાણમાં લખેલું છે તે વચ્ચે જે ઘણો મોટો તફાવત છે તેનું કારણ વાયુપુરાણનો પાઠ ઘણો દૂષિત થયો છે એમ માનવું ?

**આંધ્રભૃત્ય વંશ કેટલાં વર્ષો સુધી ચાલુ રહ્યો તે બાબતની બે દંતકથાઓ—૪૫૬ તથા ૩૦૦ વર્ષો.**

બે કે ત્રણ નામો આ રીતે રહી જાય, પરંતુ તેર નામ ઓછાં હોય તથા આખાં સઘળાં વર્ષોમાંથી ૧૭૬ વર્ષો ઓછાં લખાય એ ભૂલથી કે દૂષિત થવાથી બની શકે નહીં પણ તેનું કારણ બીજું હોવું જોઇએ. ૪૫૬ વર્ષોની દંતકથા ઉપરાંત વાયુપુરાણમાં એક નીચે લખેલા શ્લોકમાં એમ હકીકત છે કે " આંધ્રજાતિની પાસે આ પૃથ્વીનો કબજો ૩૦૦ વર્ષ[1] રહેશે; " આથી કંઇક બીજી વાત સમજાય છે. આવી એક દંતકથા ચાલુ હતી એ વાત એ ઉપરથી જણાય છે કે ભાગવતમાં કણ્વજાતિના લોકોનાં ૩૪૫ વર્ષ ભૂલથી આપેલાં છે.

આ પુરાણના કર્ત્તાએ જે અસલ હકીકત જોએલી તેમાં કણ્વવંશનાં ૪૫ વર્ષ લખેલાં અને ૩૦૦ વર્ષ તે પછીના એટલે આંધ્રભૃત્ય વંશનાં લખેલાં હશે એ સંભવિત છે. પણ આંધ્રભૃત્ય વંશનાં બીજાં વર્ષો પણ

---

૧ अंध्रा भोक्ष्यन्ति वसुधां शते द्वे च शतं चवै ॥ વાયુપુરાણ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એટલે ૪૫૬ વર્ષો આપવામાં આવેલાં, તેથી તે પુરાણકર્ત્તાએ તે ત્રણસો વર્ષ આગળનાં ૪૫ વર્ષ સાથે એકત્ર કર્યાં અને કણ્વવંશને ૩૪૫ વર્ષ આપ્યાં. ત્યારે હવે જે રીતે આ બંને દંતકથા એક બીજા સાથે બંધ બેસતી આવે તે એમ અનુમાન કરવાથી કે, આંધ્રભૃત્ય વંશની જુદી જુદી શાખાઓના સર્વ રાજાઓનાં રાજ્યોનાં વર્ષ એકત્ર કરવાથી ઉપર લખેલો લાંબો કાલ આવે છે. જ્યારે આપણે શિલાલેખોને ટૉલેમીએ આપેલી હકીકત સાથે સરખાવીએ છીએ ત્યારે એ સ્પષ્ટ દેખાય છે કે નાની શાખાના રાજાઓ ઘણીવાર પૈઠણમાં રાજ્ય કરતા અને મોટી શાખાના ધનકટકમાં રાજ્ય કરતા હતા. મુખ્ય રાજધાનીની ગાદી ખાલી થઇ, ત્યારે પૈઠણના રાજાઓ તે ગાદીએ આવ્યા. પરંતુ કેટલાક રાજાઓ પોતાના મોટી શાખાના રાજાઓ કરતાં વેહેલા ગુજરી ગયા અને ધનકટકના રાજા કદી થયા નહીં. ડૉ. બર્ગેસને બનવાસીમાંથી હાથ આવેલા એક શિલાલેખ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે, કે તે વંશની બીજી શાખા કનારામાં રાજ્ય કરતી હતી. વાયુપુરાણમાં આપેલા

**ટુંકો સમય— તે વંશની મુખ્ય શાખાને લગતો છે.**

૧૭ રાજાઓનાં નામોની યાદી તથા ૩૦૦ વર્ષનો કાલ ઘણું કરીને મુખ્ય શાખાના સંબંધમાં લખેલાં હોવાં જોઇએ. મત્સ્યપુરાણમાં સર્વ શાખાઓના રાજાઓને એકત્ર કર્યા હોય એમ દેખાય છે અને આ રીતે તેમની સંખ્યા ૩૦ કરી છે. વાયુપુરાણમાં સર્વ રાજ્યોનાં વર્ષોનો સરવાળો ૨૭૨$\frac{1}{2}$ થાય છે, અને તેનો પાઠ દૂષિત થઇ ગયાને લીધે આશરે ૨૮ વર્ષનું એક અથવા બે રાજ્યો ભૂલથી રહી ગયાં હોય, તો આખો સરવાળો ૩૦૦$\frac{1}{2}$ વર્ષોનો થાય. આ રીતે ત્યારે વાયુ તથા મત્સ્યપુરાણ દરેક ખરો વૃત્તાંત આપે છે. પરંતુ જૂદી જૂદી બાબતોનો. વિષ્ણુપુરાણ જેમાં ૨૪ રાજાઓ આવે છે તે વાયુપુરાણ જેટલું વિશ્વાસને પાત્ર નથી. તે તે સમય પછીનું પુસ્તક છે અને તે પુરાણકર્ત્તાનો હેતુ ખાસ તે મત સંબંધી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હોવાથી, હકીકતની ખાસ વિગતોની સૂક્ષ્મતા ઉપર તેણે ધ્યાન આપેલું નહીં, અને તેથી દરેક રાજ્યનાં વર્ષો પણ આપ્યાં નથી. ઉપર બતાવ્યા પ્રમાણે ભાગવતમાં તો તેથી પણ વધારે ખામી ભરેલું છે.

**ગોતમીપુત્રના રાજ્યના આરંભની તથા તેની મરણ તારીખો.**

ત્યારે હવે વાયુ પુરાણમાંનો વૃત્તાંત તે વંશની મુખ્ય શાખાને લગતો છે અને તેથી તે સામાન્ય રીતે ખરો છે એમ સ્વીકારીએ, તો સાતવાહનો અથવા આંધ્રભૃત્યોના ઉત્કર્ષના સમય અને શિવસ્વાતીના રાજ્યના અંત વચ્ચેના સમયમાં ૨૦૬ [1]વર્ષો થયાં. ઉપર કહ્યા પ્રમાણે તે વંશ ઇ. સ. પૂ. ૭૩ માં સ્થાપન થએલો હોવો જોઈએ, માટે શિવસ્વાતીના રાજ્યનો અંત અને ગોતમીપુત્રનું રાજ્યારોહણ ઇ. સ. ૧૩૩ માં થએલું હોવું જોઈએ. આપણે જોયું છે કે પુલુમાયી જેની રાજ્યધાની ટોલેમીના કહેવા મુજબ પૈઠણમાં હતી અને જે દેશના આ બાજુના ભાગનો રાજા હતો તથા તેના પિતાની સાથે પણ જે રાજ્ય ગાદી ઉપર હતો એમ શિલાલેખો ઉપરથી દેખાય છે તે પુલુમાયીએ પૈઠણમાં ઈ. સ. ૧૩૦ આશરે રાજ્ય કરવા માંડયું હોવું જોઈએ. તે પિતાપુત્રે દખણમાંથી પરદેશીઓને હાકી કાઢયા, અને પાછા જીતી લીધેલા પ્રદેશો ઉપર રાજા તરિકે પુત્રને સ્થાપ્યો અને ગોતમીપુત્ર તો તે વંશની અસલ રાજ્યધાનીમાં ગાદીએ આવવાની આશા રાખી બેઠો. પુરાણોમાં લખ્યા પ્રમાણે ગોતમીપુત્રે ૨૧ વર્ષ રાજ્ય કર્યું માટે ઇ. સ. ૧૫૪ માં તેનો કાલ થએલો હોવો જોઇએ. ઉપર કહ્યા મુજબ પુલુમાયીના અઢારમા વર્ષમાં એટલે ઇ, સ. ૧૪૮ માં તથા ગુફા મંદીરને અર્પણ કર્યું તે વર્ષમાં એટલે ૧૯ મા વર્ષમાં પણ તે હયાત હતો અને ઉપર કહેલા બે શિલા લેખો પ્રમાણે તે ૨૪ મા વર્ષમાં એટલે

૧ ઉપરના કોષ્ટકમાં આપેલા આંકડાનો સરવાળો કરવાથી આ સંખ્યા આવશે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઈ. સ. ૧૫૪ માં હયાત હતો નહી. પુલુમાયી વીશે ટોલેમીએ જે લખાણ કર્યું છે તે ૧૩૨ ના વર્ષને લગતું છે એમ મેં પૂર્વે કહેલું છે. માટે

**શિલા લેખોમાં વર્ણવેલા બીજા રાજાઓની તારીખો.**

આ ઉપરથી તેમજ નાસીકવાળા ગોતમીપુત્રના તથા પુલુમાયીના શિલા લેખોમાંથી તથા જુનાગઢવાળા રૂદ્રદામનના શિલા લેખમાં લખેલું વર્ષ શક સંવત્સરનું છે એમ માની તે ઉપરથી નીકળતી તારીખ તથા પુરાણોમાંથી નીકળી આવતી તારીખો એક બીજાને મળતી છે એમ દેખાડી શકાય. માટે તે શિલા લેખોમાં જે સર્વ રાજાઓનાં નામો વર્ણવ્યાં છે તે રાજાઓની તારીખો નીચે પ્રમાણે ગોઠવી શકાય:—

સીમુકે ઇ. સ. પૂ. ૭૩ માં રાજ્ય કરવું શરૂ કર્યું અને ઇ. સ. પૂ. ૫૯ માં તેનું રાજ્ય પુરૂ થયું.

કૃષ્ણે ઇ. સ. પૂ. ૫૦ માં શરૂ કરી ઇ. સ. પૂ. ૪૦ માં પુરૂં કર્યું.
શાતકર્ણીએ ( વાયુપુરાણમાંનો ત્રીજો ) ઇ. સ. પૂ. ૪૦ માં શરૂ કરી ઈ. સ. પૂ. ૧૬ માં પુરૂ કર્યું.

નહપાન ક્ષહરાટ.

ગોતમીના રાજ્યનો આરંભ ઈ. સ. ૧૩૩ માં અને અંત ઇ. સ. ૧૫૪ માં થયો.

મત્સ્ય પુરાણમાં લખેલાં પુલુમાયીના રાજ્યનાં ૨૮ વર્ષ ગોતમીપુત્રના મરણથી ગણીયે, તો તેણે ધન કટકમાં ઇ. સ. ૧૫૪ માં રાજ્ય કરવું શરૂ કરેલું હોવું જોઈએ, અને ઇ. સ. ૧૮૨ માં તે બંધ થએલું હોવું

**પુલુમાયીની તારીખ.**

જોઇએ. તેણે પૈઠણમાં ઈ. સ. ૧૩૦ થી ૧૫૪ સુધી રાજ્ય કર્યું એટલે આશરે ૨૪ વર્ષ, અને નાસીક તથા કાર્લીના શિલા લેખોમાં લખેલું તેના રાજ્યનું છેલ્લામાં છેલ્લું વર્ષ ૨૪ મું છે. માટે સઘળું મળી તેનું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજ્ય ૫૨ વર્ષ ચાલ્યું. પણ પૈઠણમાં તેણે ૨૪ વર્ષ રાજ્ય કર્યું તે સમય ઉપર કહેલાં ૨૮ વર્ષમાં આવી જાય તો ઇ. સ. ૧૫૮ માં તેનો કાલ થએલો હોવો જોઈએ. આ અનુમાન ઘણું સંભવિત લાગે છે. તેની પછી શિવશ્રી ગાદીએ આવ્યો હતો, જેના સિક્કાઓ તૈલંગણના પ્રદેશમાંથી જડી આવેલા છે અને તેનું વર્ણન મી. ટામસે ઇન્ડીયન્ એન્ટીકવરી વા. ૯ પૃ ૬૪ એ કરેલું છે. તે પુલુમાયીનો ભાઈ હતો એમ લાગે છે, કારણ કે તેને પણ સિક્કામાં 'વાસિઠીપુત' એટલે વાસિષ્ઠીપુત્ર અથવા વાસિષ્ઠીનો દીકરો લખેલો છે, તેનું રાજ્ય સાત વર્ષનું હતું અને તે ઇ. સ. ૧૬૫ માં ગુજરી ગયો હશે. તે પછી રાજા શિવસ્કંધ થયો જેનું રાજ્ય પણ સાત વર્ષ ચાલ્યું.

**પુલુમાયીની પછીના રાજાઓની તારીખો.**

**યજ્ઞશ્રી.** દેશના આ બાજુના ભાગમાં આ બંને રાજાઓનું નામ નિશાન જડતું નથી પણ તે પછીના રાજા યજ્ઞશ્રીનું નામ શિલાલેખો તથા સિક્કાઓમાં જોયા મુજબ વારંવાર આવે છે. માટે પૈઠણમાં પુલુમાયી પછી તુરતજ ગાદીએ તે આવ્યો હશે એમ દેખાય છે. તેનું પુરૂ નામ "ગોતમીપુત્ર યજ્ઞશ્રી શાતકર્ણી" હતું. કોલ્હાપુરમાંથી જડી આવેલા સિક્કાઓમાં ઘણા એવા છે કે જેમાં ગોતમીપુત્રનું નામ છે, તે આ રાજા હોવો જોઇએ અને મોટો ગોતમીપુત્ર નહીં, કારણ કે પૈઠણમાં તેનું રાજ્ય નહોતું, મત્સ્યપુરાણની કેટલીએક પ્રતોમાં તેના રાજ્યનાં ૨૯ વર્ષ આપેલાં છે, બીજી કેટલીએકમાં નવ અને કેટલીએકમાં ૨૦ અને વાયુ પુરાણમાં ૨૯ અને બ્રહ્માંડ પુરાણમાં તો ૧૯ વર્ષ આપેલાં છે. માટે ઘણું કરીને એ સંભવિત છે કે મહારાષ્ટ્રમાં તેણે ૧૮ કે ૧૯ વર્ષ રાજ્ય કર્યું હશે કારણ કે તેની છેલ્લામાં છેલ્લી નોંધાએલી તારીખ તેના રાજ્યનું ૧૮ મું વર્ષ છે; અને ધનકટકમાં તેણે ૨૯ વર્ષ રાજ્ય કર્યું હશે, કારણ કે આપણા ધાર્યા મુજબ વાયુપુરાણમાં ધન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કટકની શાખાનું વૃત્તાંત આવે છે અને તેના સિક્કાઓ તૈલંગણમાં માલુમ પડે છે. આ બાબત આપણે જે ઉપર કહ્યું છે તેથી સત્ય ઠરે છે. પુલુમાયીએ ધનકટકમાં ચાર વર્ષ અને તેની પછીના બે રાજાઓએ ૧૪ વર્ષ રાજ્ય કર્યું. આ સઘળાં વર્ષો સુધી એટલે ૧૮ વર્ષ સુધી તે મહારાષ્ટ્રનો રાજા હતો. માટે આ પ્રમાણે છેલ્લા દેશમાં તેણે આશરે ઇ. સ. ૧૭૨ માં રાજ્ય કરવું બંધ કર્યું હશે અને આશરે ઈ. સ. ૨૦૨ માં ગુજરી ગયો હશે, વાયુ પુરાણમાં લખ્યા પ્રમાણે તે પછીનાં ત્રણ રાજ્યો ૧૬ વર્ષ ચાલ્યાં. આમાંના એકેનું નામ નિશાન દેશની આ બાજુના ભાગમાં માલુમ પડયું નથી; પણ મૂળ રાજ્યધાની પાસે ચંદ્રશ્રીના સિક્કાઓ માલુમ પડે છે; અને મી. ટોમસે ઉપર લખેલા પોતાના નિબંધમાં આમાંના બે સિક્કાઓનું વર્ણન આપ્યું છે. આ રીતે આંધ્રભૃત્યની છેલ્લામાં છેલ્લી તારીખ ઇ. સ. ૨૧૮ છે. કાનેરીના

**મઢરીપુત શકસેન.** શિલાલેખમાંનો મઢરીપુત શકસેન, તેજ કોલ્હાપુરના સિક્કાઓમાંનો મઢરીપુત. તે પુલુમાયીની પછી ગાદીએ આવનાર શિવશ્રીજ છે એમ પંડિત ભગવાનલાલે કહ્યું છે અને હું પણ એક સમયે તે મતને મળતો હતો. પણ હું ધારૂં છું કે આ વાત ટકી શકે એવી નથી. કારણ કે મેં ઉપર કહ્યું છે તે મુજબ શકસેનને બદલે પંડીત ભગવાનલાલે શ્રીસેન વાંચ્યુ હતું તેમ વાંચી વાંચી શકાય એમ નથી. ધરણીકોટની પાસે આવેલા અમરાવતીમાંથી મળેલા અગીઆર સિક્કાઓનું વર્ણન મી. ટૉમસે આપ્યું છે જેના ઉપર "શકસકસ" એમ લખેલું છે કે એમ તે કહે છે; પણ ઘણું કરીને આ શબ્દ "શકસનસ" એટલે "શકસેનનો" એમ હોવો જોઇએ. વળી આપણે જોઈએ છીએ કે વાસિઠીપુત તથા ગોતમીપુતના કોલ્હાપુર વાળા સિક્કાઓ ઉપર જે બીજું નામ આવે છે તે એક જ છે એટલે કે "નીલીવાયકુરસ" એ નામ છે; પરંતુ મઢરીપુતના સિક્કાઓમાં "સેવલકુરસ"

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એમ છે. જો મઢરીપુત તે પુલુમાયી પછી તુરત જ ગાદીએ આવેલો હોત, તો આમ બનત નહીં. બંને રાજાના સિક્કાઓમાં એકજ સુબાનું નામ આવે છે તે ઉપરથી એમ દેખાય છે કે તે બંનેમાંનો એક, બીજાની તુરતજ પાછળ ગાદીએ આવેલો હોવો જોઈએ, અને મઢરીપુત જેનો સુબો બીજો જ માણસ હતો તે બંનેની વચ્ચે ગાદીએ હોય નહીં. પંડિત ભગવાનલાલ ઈંદ્રજીએ વાંચેલા એક સિક્કા ઉપર ગોતમીપુત તથા મઢરીપુત્ર એ બંને નામો છે, એ ઉપરથી એમ જણાય છે કે તેના ઉપર અસલ એક નામ છાપેલું હશે અને તેના ઉપર ફરીથી બીજું નામ છાપવામાં આવ્યું હશે. મી. ટૉમસ એમ ધારે છે આ સિક્કો અસલ મઢરીપુત્રનો હશે, હું ધારૂં છું કે તે ગોતમીપુત્રનો હશે, કારણ કે બીજા સિક્કાઓ આપણે જોઇએ છીએ ત્યારે માલુમ પડે છે કે તેમાં એવી રીતે છાપ મારવામાં આવી છે કે લેખ તથા કોર વચ્ચે જગા મુકવામાં આવી છે. આ સિક્કામાં આ ખાલી જગાનો ઉપયોગ કરવામાં આવ્યો છે, અને કોરની છેક પાસેજ મઢરીપુત્રનું નામ છાપવામાં આવ્યું છે, આ ઉપરથી જણાય છે કે આ પાછળથી કરવામાં આવ્યું છે. માટે ગોતમીપુત્ર યજ્ઞશ્રી શાતકર્ણીની પછી મઢરીપુત્ર શકસેન ગાદીએ આવ્યો હોવો જોઇએ. પણ પુરાણમાં લખેલા તેની પછી ગાદીએ આવનારા ત્રણ રાજાનું તે ઉપનામ નથી અને 'શકસેન' આ નામના જેવું નામ આંધ્રભૃત્ય વંશની આખી યાદીમાં કદી આવતુ નથી, તો પણ મી. ટૉમસના "શકસક" એ શબ્દો " શકસેન " જ છે એ મારૂ અનુમાન ખરૂ હોય તો, આ રાજાએ ધન કટકમાં રાજ્ય કર્યું હશેજ. મત્સ્યપુરાણમાં એમ કહેલું છે કે " અસલના આંધ્રભૃત્ય વંશના નોકરોમાંથી ઉત્પન્ન થએલા સાત રાજાઓ તે વંશ નિર્મૂલ થયા પછી સત્તા[1] ભોગવશે. " વાયુપુરાણમાં પણ આવુંજ લખાણ છે પણ તેનો પાઠ દૂષિત થએલો છે,

---

१ आन्ध्राणां संस्थिता (ते) राज्ये तेषां भृत्यान्वये नृपाः ॥ सप्तैवान्ध्रा भविष्यंति.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ એમ દેખાય છે કે આંધ્રભૃત્ય વંશમાંથી ઉત્પન્ન થએલા એવા આજ વંશ વિશે તે લખાણ છે અને કદાચિત્ તે વંશ આંધ્રભૃત્યની અનૌરસ શાખા હશે. માટે ઘણું કરીને આપણે મઢરીપુત્ર શકસેન આ શાખાનો હશે. પુરાણમાં લખેલા યજ્ઞશ્રીની પછી ગાદીએ આવેલા રાજાઓનુ નામ નિશાન દેશની આ બાજુના ભાગમાં નથી, તેથી મઢરીપુત્ર તેની પછી તુરતજ ગાદીએ આ ભાગમાં આવ્યો હશે એ સંભવિત છે. તેણે કેટલા વર્ષ રાજ્ય કર્યું તે આપણે જાણતા નથી, પણ આપણે જોયુ છે કે કન્હેરીના એક શિલા લેખમાં તેના રાજ્યના આઠમા વર્ષની તારીખ છે અને તે તારીખ ઘણુ કરીને ઇ. સ. ૧૮૦ ને મળતી આવે છે. માટે પછીથી આવેલા સાતવાહન વંશના રાજાઓની તારીખ નીચે પ્રમાણે છે:—

## મહારાષ્ટ્રમાં.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પુલુમાયી | ... | ... | ... | ઇ. સ. ૧૩૦ | ઇ. સ. ૧૫૪ |
| યજ્ઞશ્રી | ... | ... | ... | „ ૧૫૪ | „ ૧૭૨ |
| મઢરીપુત્ર | ... | ... | ... | „ ૧૭૧ ૧૮૦ માં ગાદીએ હતો. | |

## તૈલંગણમાં.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પુલુમાયી | ... | ... | ... | ઇ. સ. ૧૫૪ | ઇ. સ. ૧૫૮ |
| શિવશ્રી | ... | ... | ... | „ ૧૫૮ | „ ૧૬૫ |
| શિવસ્કંદ | ... | ... | ... | „ ૧૬૫ | „ ૧૭૨ |
| યજ્ઞશ્રી | ... | ... | ... | „ ૧૭૨ | „ ૨૦૨ |
| વિજય | ... | ... | ... | „ ૨૦૨ | „ ૨૦૮ |
| ચંદ્રશ્રી | ... | ... | ... | „ ૨૯૮ | „ ૨૧૧ |
| પુલોમાવી | ... | ... | ... | „ ૨૧૧ | „ ૨૧૮ |

આ રીતે આંધ્રભૃત્ય અથવા સાતવાહન વંશના રાજાઓએ દખણ ઉપર ઇ. સ. પૂ. ૭૩ થી આશરે ઈ. સ. ૨૧૮ સુધી એટલે આશરે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ત્રણ શતકો સુધી રાજ્ય કર્યું. થોડા સમય સુધી સક જાતિના પરદેશી-ઓએ તેઓનું રાજ્ય લઇ લીધું હતું. આ લોકો કેટલા સમય સુધી સત્તામાં રહ્યા તે નિશ્ચિત કરવું મુશ્કેલીનું કામ છે. પરદેશી રાજાએ દેશ ઉપર જીત મેળવીને શક સંવત્સર સ્થાપેલો હોય, અને તેના સં૮૫ નહપાનને અથવા તેના પછીનાને નહાપાનની છેલ્લામાં છેલ્લી તારીખ એટલે ૪૬ પછી છ અગર સાત વર્ષ પછી ગોતમીપુત્ર અથવા પુલુમાયીએ હરાવ્યો હોય, તો માત્ર ૫૩ વર્ષ પર્યંતજ તે પરદેશીઓના કબજામાં આ દેશ રહ્યો હોવો જોઇયે.

## પ્રકરણ ૭.

### સાતવાહન અથવા શાલિવાહન વંશના રાજાઓની રાજ્ય સંબંધી અથવા સાહિત્ય સંબંધી દંતકથાઓ.

જે સમયમાં સાતવાહન અથવા આંધ્રભૃત્ય વંશના રાજાઓએ મહા-રાષ્ટ્ર ઉપર રાજ્ય કર્યું તે સમય તે દેશના ઈતિહાસમાં ઉત્કૃષ્ટ હોવો જોઈએ. માટે આ વંશના કેટલાએક રાજાઓના સંબંધમાં ઘણી દંત-કથાઓ સચવાઈ રહી છે. પરંતુ શાલીવાહન અથવા સાતવાહન એ વંશનું નામ હતું તે વિસ્મૃત થએલું છે, અને તેજ વંશના જૂદા જૂદા રાજાઓ વિશે ઘોટાળો ઉત્પન્ન થયો છે અને કેટલાક રાજાઓનું નામ તે હતું એમ પણ કહેવામાં આવ્યું છે. આ ઉપરથી હેમચંદ્ર પોતાના દેશી-કોશમાં એકજ માણસનાં નામો તરીકે શાલીવાહન, શાલન, હાલ, અને કુંતળ આપે છે, પરંતુ ઉપર આપેલી યાદી ઉપરથી આપણને માલુમ પડે છે કે છેલ્લાં બે નામો તો જૂદાં જૂદાં રાજાઓનાં હતાં, અને તે બંને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શાલિવાહન વંશના હતા. પોતાના વ્યાકરણમાં તે સાતવાહનનો પ્રાકૃત અપભ્રંશ શાલિવાહન આપે છે. અર્વાચીન સમયમાં શકસંવત્સરને શાલિવાહને સ્થાપેલો એટલે શાલિવાહન સંવત્સર કહેવામાં આવે છે. આ સંવત્સર બરોબર તે રાજાનોજ ક્યારથી કહેવાવા લાગ્યો તે નિશ્ચય કરવું અઘરૂ છે. અગીયારમા શતક સુધીના સર્વ તામ્ર લેખોમાં આ સંવત્સરને " શકનૃપકાલ " એટલે શકરાજાનો સંવત્સર અથવા " શકકાલ " એટલે શકનોકાલ કહેવામાં આવ્યો છે; અને બાદામીના એક શિલાલેખમાં તેને " શકરાજાના રાજ્યારોહણથી " શરૂ થતો સંવત્સર કહેવામાં આવ્યો છે. પાછળથી " શાકે " એટલે શાકના વર્ષમાં એ સાદુ નામ વપરાયું અને તે પછી " શકે " એટલે ' શકમાં ' એ વપરાયું. આ રીતે શક શબ્દનો મૂળ અર્થ વિસ્મૃત થયો અને " શક " એ શબ્દ સામાન્ય રીતે સંવત્સરના અર્થમાં વપરાયો. એને કોઇ મહારાજાના નામ સાથે એ સંવત્સર જોડવો જોઇએ, માટે શાલિવાહન રાજા જેને દંતકથામાં એક મહાન્‌રાજા તરીકે કહેવામાં આવ્યો હતો તેના નામની સાથે એ સવત્સર જોડાયો. આ પ્રમાણે શાલિવાહન શક એ નામ આપણે હાલ વાપરીએ છીએ, જેનો વ્યુત્પત્યર્થ કાંઈ નથી પણ તે તો ફક્ત બે રાજાઓનાં નામ જ છે. ચાલુ દંતકથા એવી છે કે શાલિવાહન એક બ્રાહ્મણની પુત્રીનો પુત્ર હતો. આ બ્રાહ્મણની પુત્રી પૈઠણમાં રહેવા આવી હતી અને પોતાના બે ભાઇઓ સાથે એક કુંભારના ઘરમાં રહેતી હતી. એક સમયે તે ગોદાવરી નદી ઉપર નહાવાને ગઇ, તે વખતે સર્પનો રાજા શેષ તેનાથી મોહિત થઈ ગયો, અને પુરૂષનું રૂપ ધારણ કરી તેને આલિંગન કર્યું. યોગ્ય સમય જતાં શાલિવાહનને તેણે જન્મ આપ્યો અને તેને એક[1] કુંભારના ઘરમાં ઉછેર-

**શાલિવાહનની દંતકથા.**

---

૧ આ બાળકી અને તેના સર્પ આશકની વાર્તા કથા સરિત્સાગરમાં છે અને તે બાળકીના દીકરા ગુણાઢયના સંબંધમાં કહેલી છે. સાતવાહનની ઉત્પતિ જુદી રીતે આપવામાં આવેલી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વામાં આવ્યો. થોડા સમય પછી ઉજ્જયિનીના રાજા વિક્રમાદિત્ય જેને કોઇ દેવતાએ એમ કહ્યું હતું કે બે વર્ષની બાળકીના પુત્રને હાથે તારૂં મૃત્યુ થવાનું નિર્માણ થએલું છે તેણે પોતાના વેતાળને આવો છોકરો કહીં પણ હોય તો તેને શોધી કાઢવા મોકલ્યો. વેતાલે શાલિવાહનને પોતાની બાળકી માતા સાથે રમતાં જોયો અને તે વાતની વિક્રમાદિત્યને ખબર આપી. એ ઉપરથી એ રાજાએ પૈઠણ ઉપર એક મોટી સેના સાથે ચઢાઈ કરી, પરંતુ શાલિવાહને હાથી, ઘોડા તથા માણસોનાં માટીનાં બનાવેલાં પુતળાં-માં પોતાના પિતા સર્પ રાજાએ આપેલા મંત્રવડે જીવ મુકયો, અને તે વડે વિક્રમાદિત્યના સામે થયો અને તેને હરાવ્યો. ઉજ્જયિનીના રાજાની પૈઠણ ઉપરની આ ચઢાઇ વિશે મેં પૂર્વે સૂચન કરેલુ છે અને તેનો ખુ-લાસો પણ કરવાનો યત્ન કર્યો છે; આ દંતકથામાં કહેલો શાલિવાહન પુલુમાયી હોવો જોઇએ, જેણે પોતાના પિતા સાથે મળીને આ દેશને શક લોકોથી છુટો કર્યો, અને ચષ્ટન અથવા જયદામન્ તથા રૂદ્રદામન્ જેની રાજ્યધાની ઉજ્જયિની હતી તેમ લાગે છે તેમની સાથે લડાઇ કરી. શ-કવંશના રાજાઓ તથા તેમના સેટ્રપો સાથેના પુલુમાયી શાલિવાહનના સંબંધોની કેટલીએક ઝાંખી સ્મૃતિ રહેલી તેનું પરિણામ એ થયું કે તે રાજાનું નામ તેના શત્રુઓએ જે સંવત્સર અસલ વાપરેલો તે સંવત્સર સાથે જોડી દેવામાં આવ્યું.

**બૃહત્કથાના સંબંધમાં સાતવાહનનું નામ.**

સાતવાહન અથવા શાલિવાહનના નામ સાથે જોડાએલી એવી કે-ટલીએક સાહિત્ય સંબંધી દંતકથાઓ પણ છે. પ્રાકૃતનું એક રૂપ જેને પૈશાચી અથવા પિશાચની ભાષા કહે છે તે ભાષામાં લખાએલું બૃહત્કથા નામનું એક પુસ્તક છે એવું દંડીએ પોતાના પુસ્તક કાવ્યાદર્શમાં[1] વર્ણવેલું છે. કથાસરિત્સાગરના કર્ત્તા સોમદેવે તથા બીજી બૃહત્કથાના કર્તા ક્ષેમેન્દ્રે પોતાની વાર્ત્તાઓ આ પૈશાચી બૃહત્કથા-માંથી લીધી છે એમ, તેઓ કહે છે. આમાં લખેલી વાર્ત્તાઓ ગુણાઢય જે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાતવાહનનો કેટલાએક સમય સુધી પ્રધાન હતો તેને કાણભૂતિ નામના પિશાચે કહેલી છે. આ વાર્તા લોહીથી લખાએલી હતી અને તેનાં સાત પુસ્તકો હતાં. તે ગુણાઢ્યે રાજા સાતવાહનને આપી પરંતુ[1] લોહીથી લખાએલું આવું ભયંકર પુસ્તક જે પૈશાચી ભાષામાં લખેલું હતું તે લેવાની તે રાજાએ ના પાડી, જે ઉપરથી ગુણાઢ્યે તેમાંનાં છ પુસ્તકો બાળી નાંખ્યાં. થોડાએક કાલ પછી આ વાર્તાઓ ઘણી મનોહર હતી એમ રાજા સાતવાહનને માલુમ પડવાથી તે ગુણાઢ્ય પાસે ગયો અને તે માગી. પરંતુ છેલ્લુ એટલે સાતમું પુસ્તક ફક્ત રહેલું હતું અને આ પુસ્તક રાજાએ તેના શિષ્યો પાસેથી તેની રજાથી[2] મેળવ્યું.

**હાલની સપ્તશતી.**

પ્રાચીન મહારાષ્ટ્રી ભાષામાં લખાએલું સપ્તશતી નામનું એક પુસ્તક છે, જેમાં આર્યાછંદમાં ગાથાઓ અથવા શ્લોકો ઘણું કરીને પ્રેમની બાબતના એક સંગ્રહ તરીકે છે. આનો કર્તા તેના ત્રીજા શ્લોકમાં લખ્યા પ્રમાણે હાલ હતો અને તેને સામાન્ય રીતે શાલિવાહન તરીકે કહેલો છે. બાણ પોતાના હર્ષચરિતની પ્રસ્તાવનામાં એક શ્લોકમાં તેને વિશે " શાલિવાહને રચેલી સારી ઉક્તિઓનો ઉત્કૃષ્ટ અને અક્ષય્ય ભંડાર છે " એમ કહે છે. તેમાંના શ્લોકો દશરૂપક ઉપરની ધનિકની ટીકામાં સરસ્વતીકંઠાભરણ અને કાવ્યપ્રકાશમાં આપેલા છે. એમ માલુમ પડશે કે આંધ્રભૃત્ય વંશની યાદીમાં હાલ નામનો એક રાજા છે; આ રાજા તે પુસ્તકનો કર્તા હશે અથવા રાજ્યકવિએ તે રાજાને તે પુસ્તક અર્પણ કરેલુ હશે એમ સંભવિત છે. આ દંતકથાઓ ઉપરથી હું ધારૂછું કે આપણે સેહેલાઇથી એક અનુમાન કરી શકીએ કે આંધ્રભૃત્ય વંશના રાજાઓના રાજ્યમાં સાહિત્યનો ઉત્કર્ષ થયો હતો, અને પ્રાકૃત અથવા બોલવામાં આ-

---

१ भूतभाषामयीं प्राहुरद्भुतार्थां बृहत्कथाम् ।

૨ કથાસારિત્સાગર ભા. ૨ પ્ર. ૮.

વતી ભાષાઓ અને મુખ્યત્વે કરીને મહારાષ્ટ્રી ભાષા સાહિત્યના કામો સારૂ પ્રથમજ તે સમયે વપરાઇ એ સંભવિત છે. વાત્સ્યાયનકૃત કામસૂત્રમાં એમ કહેલું છે કે કુંતલ શાતકર્ણી સાતવાહને

**કુંતલ સાતકર્ણી.** મલયાવતી જેને મહાદેવી કહેલી છે, તેથી જે તેની મુખ્ય રાણી હોવી જોઇએ, તેને પ્રણયક્રીડામાં કાતરોથી[૧] મારી નાંખી. મત્સ્ય પુરાણમાં આપેલી યાદીમાં કુંતલનું નામ આવે છે.

## પ્રકરણ ૮.

### આંધ્રભૃત્ય અથવા શાતવાહન વંશના રાજાઓના સમયમાં મહારાષ્ટ્રની ધાર્મિક, સામાજિક તથા આર્થિક સ્થિતિ.

આ સમયે બૌદ્ધ ધર્મ ઉત્કૃષ્ટ સ્થિતિમાં હતો. રાજાઓ અને સરદારો પોતાને મહાભોજ અથવા મહારથી કહેતા, વ્યાપારીઓ ( નૈગમો ), સોનીઓ ( સુવર્ણકારો ), સુતારો ( વર્ધકો ), દાણાના વેપારીઓ ( ધાન્યકશ્રેણીઓ ), ગાંધીઓ ( ગાંધીકો ) અને સામાન્ય ગૃહસ્થો પોતાને

**ધર્મ કાર્યોના સ્થાપનારાઓ.**

ખરચે પર્વતમાંથી મંદીરો તથા મઠો કોતરાવતા અને તે ધર્મના અનુયાયીના ઉપયોગમાં આપતા. એમ કહેવામાં આવેલું છે કે આ સમયના પ્રથમ ભાગમાં તે દેશ ઉપર પરદેશી જેવા કે યવનો એટલે બાક્ટ્રીયન ગ્રીક લોકો, સકલોકો અને પલ્હવ લોકોના હુમલાઓ થતા હતા. આ લોકો

૧ **कर्तर्या कुन्तलः शातकर्णिः शातवाहनो महादेवीं मलयवतीं ( जघान )** પ્રો. ઓફ્રેટના ઉતારામાં ( ઓ. કે. પૃ. ૨૧૭ લી) માં મલયવતી એ નામ નથી; અને આગળના વાકયમાંથી ગણિકા એ શબ્દ એ ત્યાં મુકેછે. પણ ગણિકાને મહાદેવી કહેવાય નહીં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પાછળથી આ દેશમાં વસ્યા અને બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો. કારણ કે જે દાન કરનાઓ તથા ધર્મ કાર્ય કરનારાઓનાં નામો ગુફાઓના શિલા લેખોમાં વર્ણવેલાં છે તેમાં ઘણા શક તથા યવનોનાં નામો આવે છે. જે ચૈત્યોમાં બૌદ્ધની કોઇ સ્મૃતિની વસ્તુ દાટવામાં આવતી હતી તેના અનુકરણ પ્રમાણે આ મંદીરો પણ ચૈત્યો હતાં અને આની પુજા થતી હતી. બૌદ્ધ ભિક્ષુઓ અથવા ફરતાફરતા બૌદ્ધ સાધુઓ માટે રહેવાનાં શ્થાન તરીકે નિયમિત કરેલી ઘણી કોટડીઓ તે મઠમાં હતી. આ ભિક્ષુઓ આખું વર્ષ દેશમાં ફરતા ફરતા અને ચોમાસાના ચાર મહીના આવા મઠોમાંના

**ફરતા બૌદ્ધ ભિક્ષુઓ.**

એકાદમાં રહેતા. શ્રાવણ માસમાં આ સાધુઓ પોષાક બદલવાની ક્રિયા કરતા, જે સમયે જૂનાં વસ્ત્રો કાઢી નાંખી નવાં પેહેરતા. આવાં નવાં વસ્ત્રો આ સાધુઓને પૂરાં પાડવાના હેતુથી ધાર્મિક પુરૂષો આપણે જોયું છે તેમ, કેટલીએક સમાજોને ત્યાં પૈસાની રકમો થાપણ તરીકે મુકતા, એવા નિયમથી કે તેના વ્યાજમાંથી નવાં વસ્ત્રો ખરીદવાં અને સાધુઓને આપવાં. આ ધાર્મિક સંસ્થાઓના નિભાવ માટે રાજાઓ અને તેમના કારભારીઓ ગામો આપતા. આ ભિક્ષુઓ ઘણીવાર સમુદ્ર માર્ગે પર્યટન કરતા, અને આથીકરીને કોંકણની ઘણીખરી ખાડીઓને માથે તે લોકોને માટે યોજાએલી ધર્મશાળાઓ તરીકે વાપરવાના ગુફામઠો આપણે જોઇએ છીએ. આવી ગુફાઓ ડાભોલની ખાડી ઉપર આવેલા ચિપલુનમાં, બાણકોટની ખાડી ઉપર આવેલા મહાડમાં તથા રાજપુરી ખાડી ઉપર આવેલા કુડેમમાં માલુમ પડે છે. જે સાધુઓ મુંબાઇના બંદરને માથે એટલે ઘોડબંદરે ઉતરતા તેમને માટે કાન્હેરીની ગુફાઓ હતી.

બૌદ્ધ ધર્મની સાથે સાથે બ્રાહ્મણ ધર્મ પણ ઉત્કૃષ્ટ સ્થિતિમાંહતો. નાસિકની ગુફાનો શિલાલેખ જેમાં ચારે તરફના ફ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**બ્રાહ્મણ ધર્મ તેમજ બૌદ્ધધર્મ બંને સરખો રીતે ઉત્કૃષ્ટ સ્થિતિમાં હતા.**

રતા સાધુઓના ઉપયોગ માટે પોતાના ખરચે કોતરાવેલી ગુફા ઉશવદાત અર્પણ કરે છે તે લેખમાં આપણે જોયું છે કે તે બ્રાહ્મણો તરફનાં પોતાનાં ઘણાં ધર્મદાનો વિશે બોલે છે. તે બાબતોમાં આ સમયમાં જે વિચારો ચાલે છે તેજ તે સમયે ચાલતા. આશરે વિશએક વર્ષ ઉપર સીંધીયા મહારાજે બ્રાહ્મણો જમાડયા હતા, તેવી જ રીતે ઉશવદાતે એક લાખ બ્રાહ્મણો જમાડયા હતા. આ સમયની પેઠે તે સમયે પણ પોતાના ખરચે બ્રાહ્મણોને પરણાવી આપવા તે મોટા પુણ્યનું કામ ગણાતું હતું. બૌદ્ધીઓને માટે કરેલું ધર્મકાર્ય જેમાં નોંધવામાં આવ્યું છે તેજ શિલાલેખમાં ગોતમીપુત્ર વિશે એમ કહેવામાં આવ્યું છે, કે બ્રાહ્મણોનો એકલો એક રક્ષણ કર્ત્તા તે હતો અને ઉશવદાતની પેઠે તેમને પરણાવી પણ આપતો. આ રીતે નાના અને મોટા રાજાઓ બંને ધર્મના અનુયાયીઓને ઉત્તેજન આપતા અને તે બંને ધર્મ વચ્ચે ખુલ્લી દુષ્મનાવટ હતી એવુ કાંઈ પણ ચિન્હ કોઈ પણ શિલાલેખમાંથી માલુમ પડતું નથી.

**વ્યાપાર તથા રોજગાર.**

આ પ્રાચીન સમયમાં વ્યાપાર તથા રોજગાર પણ ઉત્કૃષ્ટ સ્થિતિમાં હોવો જોઇએ. પૅરીપ્લસના કર્ત્તાના કહેવા પ્રમાણે પશ્ચિમના દેશો તરફથી વહાણો બરૂગાઝા અથવા ભરૂકચ્છ જે આ સમયનુ ભરૂચ છે ત્યાં આવતાં અને તેમાં આવેલો માલ ત્યાં થઇને અંદરના દેશોમાં લઇ જવામાં આવતો

**શહેરો તથા મોટાં નગરોનાં સ્થાન.**

પૈઠણમાંથી ઘણાં રત્નો તથા સાધારણ સુતરનો માલ, મલમલ, રંગેલો સુતરાઉ માલ અને ટગારામાં ઉત્પન્ન થતો તથા બનતો સ્થાનિક માલ સઘળુ ગાડાંમાં બરૂગાઝામાં લઈ જવામાં આવતું અને ત્યાંથી પશ્ચિમ તરફના દેશમાં તે મોકલવામાં આવતું. બરૂગાઝાથી દક્ષિણમાં વીસ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દીવસની મુસાફરીને છેટે પૈઠણ હતું એમ પૅરીપ્લસનો કર્ત્તા કહે છે; અને દક્ખિણ બદેસ અથવા દક્ષિણાપથમાં મોટામાં મોટું શેહેર તે હતું અને ટગારા શેહેર [1] પૈઠણથી પૂર્વમાં દસ દીવસની મુસાફરીને છેટે હતું. આ છેલ્લું શેહેર કીયું તે હજી નિશ્ચિત થયું નથી. એનું નામ કોઇ પણ ગુફાના શિલાલેખોમાં આવતું નથી, પણ સાતમા શતકના પૂર્વાર્ધના તામ્ર લેખના બક્ષિસપત્રમાં તે માલુમ પડે છે. અને શિલાહાર નામના વંશના રાજાઓ પોતાને પોતાના સર્વ દાનપત્રોમાં "ઉત્તમમાં ઉત્તમ શેહેર ટગારા" ના મહારાજાઓ કહેતા. કેટલાએક કહે છે કે તે દેવગિરિ છે અને બીજાઓ જુનાર કહે છે, પરંતુ આ બંને વાતમાં ગ્રીક ભૂગોલકર્ત્તાઓએ આપેલાં અંતરો ધ્યાનમાં લેવામાં આવ્યાં નથી. આ બાબત મેં અન્ય સ્થાને વાદવિવાદ લખ્યો છે, અને એમ કહ્યું છે કે નીઝામ સરકારના રાજ્યમાં આવેલું ધારૂર તે પ્રાચીન શેહેરનું સ્થાન છે. પૅરીપ્લસમાં વર્ણવેલાં અન્ય બંદરોમાં સુપારા, તે હાલનું સુપારેમ અથવા સુપારા જે વસાઈ પાસે આવ્યું છે તે અને શિલા લેખો તથા પુરાણોમાંનુ સોર્પારક જ્યાં આગળ ઘણી અગત્યની બૌદ્ધ ધર્મની જૂની વસ્તુઓ મી. કૅમ્પબેલ તથા પંડિત ભગવાનલાલે ખોદી કાઢી છે તે; કાલીએન એટલે હાલનું [2] કલ્યાણ જે ઘણાજ વ્યાપારના સ્થાન તરીકે બહુ જ અગત્યનું શેહેર હોવું જોઇએ, કારણ કે કાન્હેરીની ગુફાઓમાં કોતરેલા ઘણાએક દાન આપનારાઓ તથા જુનારની ગુફાઓમાં વર્ણવેલા કેટલાંએક નામો વાળા દાન આપનારાઓ કલ્યાણમાં વસતા વ્યાપારીઓ હતા તે; સેમુલ્લ જેને કેટલાએક હાલનું ચૅમ્બુર અને કેટલાએકો ચૌલ કહે છે તે; મંડગોર એટલે ઘણુંકરીને હાલનુ માંડાદ તે અસલનું મંડગદ જે ગુફાઓ પાસે

---

૧ ઇન્ડીયન્ ઍન્ટીકવરી વા. ૮. પૃ. ૧૪૩–૧૪૪.

૨ જર્નલ બો. બે. રો. એ. સો વ. ૬ તથા આ. સ. વે. ઇ. નં. ૧૦ માં ના શિલાલેખમાં જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવેલા કુંડેમ પાસેની રાજાપુરી ખાડી ઉપર આવ્યું છે તે; પલાઇપટમાઇ જે મહાડ પાસે આવેલું પાલ ઘણુંકરીને હશે તે; મેલીજીગર, જેનો છેલ્લો શબ્દ જયગઢ છે એમ તુરતજ ઓળખાઇ આવે છે અને તે માટે તે તેજ શેહેર હોવું જોઇએ, પછી તેનો પ્રથમનો શબ્દ મેલીનો અર્થ ગમે તે હોય; બઝેનશન અને બીજાં શેહેરો. બઝેનશન તે શિલા લેખોમાંનું [1] વૈજયન્તી ઘણુંકરીને હોવું જોઇએ, પરંતુ તે હાલનું કીયું શેહેર તે નિશ્ચિત કરવું ઘણું અઘરૂં કામ છે. મી. [2] તેલંગે ભાષાંતર કરેલા કદમ્બના તામ્ર લેખોમાં વૈજયન્તી આવે છે, અને ઘણુંકરીને ઉત્તર કાનડામાંનુ તે સ્થાન હતું. વિજયનગરના રાજ્યવંશના એક દાનપત્રમાં એમ લખેલું છે કે રાજા હરિહરના મહાન્ મંત્રી નામે માધવને જયંતીપુરના સુબા તરીકે નીમ્યો હતો. તેણે પછી ગોવા જીતી લીધું અને ત્યાં પોતાની રાજ્યધાની [3] કરી. જયંતીપુર તે બનવાસીનું બીજું નામ છે એમ કહેવાય છે. મહાભારતના સભાપર્વમાં બનવાસી એક દેશનું નામ હોય એમ લખેલું છે, અને તેના પછી તુરતજ જયંતી એક [4]શેહેર હતુ એમ લખેલું છે. ત્યારે હવે જયન્તી તથા વૈજયન્તી એ બંને એકજ નામનાં રૂપ હોય, તો વૈજયન્તી હાલનું બનવાસી હોવું જોઇએ, અથવા વિજયદુર્ગ હોવું જોઇએ, કારણકે કાર્લી આગળના એક લેખમાં તેનું નામ આવે છે અને વળી ગ્રીક ભૂગોળકર્ત્તાઓ ફીનારા ઉપરનાં પ્રસિદ્ધ સ્થાનો ગણાવતાં

---

૧ કાર્લી નં. ૧ આ. સ. વે. ઇ. નં. ૧૦.

૨ જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૨ પૃ. ૩૧૮ તા. ૩૨૧.

૩ જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૪ પૃ, ૧૧૫.

૪ અધ્યાય ૩૧, શ્લો. ૬૯-૭૦ મુંબાઇની આવૃત્તિ. શ્લો. ૬૯ ને અંતે લખેલા "વનવાસી" તે બનવાસી દેશ અથવા શેહેરને લાગુ પડે છે અને ખરી રીતે 'વનવાસીકાન્" હોવું હવે જોઇએ. પુરાણોમાં પણ વનવાસીક એ લોકોનું નામ આપેલું છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જયગઢથી એકદમ ઉત્તરકાનડાની દક્ષિણ હદ સુધી પહોચી જાય નહીં. પરંતુ આ હરકતો ઘણા મહત્વની નથી.

**કીનારાની અંદરનાં શેહેરો.**

જે સમય વિષે આપણે વાત કરીએ છીએ તે સમયે સમુદ્રના કીનારાની અંદરનાં દેશમાં આવેલાં જે સર્વ શેહેરો ઉત્કૃષ્ટ સ્થિતિમાં હતાં તે નિશ્ચિત કરવાં શક્ય નથી. પૈઠણ અને ટગારા સિવાય, નાસીક હતું, જેનું નામ ત્યાં આગળ આવેલી એક ગુફાના લેખમાં તેમ બેડસામાં પણ માલુમ પડે છે. એ શેહેરની આજુબાજુના પ્રદેશનું નામ ગોવર્ધન હતું. જુનાર એક બીજું ઉત્કૃષ્ટ શેહેર હતું કારણ કે ત્યાં આગળના ગુફામંદીરની સંખ્યા ઘણી છે તેથી તે સાબીત થાય છે. જુન્નાર જુન્નર, જૂર્ણનગર, અથવા જીર્ણનગર એટલે જુનું શેહેર, આ સર્વ નામો તેની અગત્યતા ગયા પછી તેને આપવામાં આવ્યાં હશે. તે નહપાનની રાજ્યધાની હતુ એવી મારી માન્યતા મેં પૂર્વે દર્શાવી છે. નહપાનના વંશનું ઉન્મૂલન કરનાર પુલુમાયીને એક નાસીકના શિલાલેખમાં " નવનર "ના મહારાજાનું પદ આપવામાં આવ્યું છે. આ નવનર એટલે નવનગર અથવા નવું શેહેર. તે રાજા પૈઠણમાં રાજ્ય કરતો હતો તે વાત આપણને ટૅાલેમીમાંથી માલુમ પડે છે તેમજ શાલિવાહન વિશેની ઘણી દંતકથાઓમાં તે નામના રાજાઓ તે શેહેરના હતા એ ઉપરથી પણ તેજ માલુમ પડે છે. માટે જ્યારે પુલુમાયીએ પોતાના વંશનું પુનઃ સ્થાપન કર્યું ત્યારે શિલાલેખમાં લખેલું નવનર નામ તે શેહેરને તેણે આપ્યું હશે, અને તેના મુકાબલામાં નહપાનની રાજ્યધાનીનું શેહેર " જુનુનગર " એમ કેહેવાતું હશે. અથવા પૈઠણના જુના શેહેરને પુલુમાયીએ વિસ્તારીને મોહોટું કર્યું હશે અને નવા ભાગને નવનર કહ્યું હશે. કાર્લી આગળની ગુફાઓ તથા તેની આજુબાજુના સ્થાનો પાસે કીયાં શેહેરો આવેલાં હતાં તે આપણે જાણતા નથી. પરંતુ તે ગુફા મઠના સંબંધમાં લખવામાં આવેલા સ્થા-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નનું નામ એક શિલાલેખમાં વાલુરક[1] હતું એમ નીકળે છે, અને જે પ્રદેશમાં તે આવ્યુ હતું તે પ્રદેશનું નામ મામલાહાર[2] એટલે મામલ અથવા હાલનો માવળનો પ્રદેશ હતું. તેથી વધારે દક્ષિણમાં કર્હાટક એટલે હાલનું કરાડ નામનુ શેહેર હતું જેનું નામ કુડે[3]મના એક શિલાલેખમાં અને મહાભાર[4]તમાં પણ આવે છે. તે સમયમાં કોલ્હાપુર પણ એક ઉત્કૃષ્ટ સ્થિતિનું શેહેર હોવું જોઇએ, કારણ કે આગળ ઉપર આપણે લખી ગયા છીએ તેવા સિક્કાઓ વાળો બૌદ્ધ સ્તૂપ અને બીજી ઘણી જૂની વસ્તુઓ ત્યાં આગળથી મળી આવી છે. તે શેહેરનું પ્રાચીન નામ જાણવામાં નથી. કર્હાડ અથવા કોલ્હાપુર ટૉલેમીનું હીપોકુરા હોવું જોઇએ, કારણ કે કોલ્હાપુરના સિક્કાઓનો વીલીવાયકુર જે ટૉલેમીનો બેલીયોકુરે-સજ હતો એમ આપણે નિશ્ચિત કર્યું છે તેનું આ સ્થાન હતું એમ તે કહે છે.

**વ્યાપારની સમાજો.** વ્યાપાર તથા રોજગારમાં રોકાએલા માણસોએ ઘણું દ્રવ્ય મેળવ્યુંહતું એમ દેખાય છે. કાર્લીના મોટા ચૈત્યની ગુફા વૈજયન્તીના એક શેઠે બનાવરાવી હતી, અને અન્ય સ્થાનોમાં પણ, અને મુખ્યત્વે કરીને કાન્હેરીમાં, તેઓની બક્ષીસો ઘણી કીંમતની હતી. તે સમયે વ્યાપારીઓની સમાજો હતી જેવી કે, વણકરો-ની, ગાંધીઓની, દાણા વેચનારાઓની, તેલીઓની ઈત્યાદિ. તેઓની ઘટના પૂર્ણ અને પાકી હતી, કારણ કે પૂર્વે આપણે જોયું છે તેમ પૈસાની જાથુની અનામત રકમો તેઓ રાખતા અને તે ઉપર વ્યાજ વંશપરંપરા આપે જતા. આવી સમાજો તથા ગ્રામ્ય સંસ્થાઓ દ્વારા સ્વરાજ્ય હતું

---

૧ નં. ૧૪ કાર્લી. આ. સ. વે. ઇંડીયા નં. ૧૦.

૨ ઉપરનામાંનો નં. ૧૯.

૩ કુડાની ગુફાઓનો નં ૧૦. આ. સ. વે. ઇ. નં. ૧૦

૪ ઉપર લખેલે સ્થાને જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અને દેશની રાજ્ય વ્યવસ્થાના આ એક મહત્વનો ભાગ હમેશ હતો. ઉશવદાતના એક નાસીકના શિલાલેખમાં એક નિગમસભા એટલે શેહેરના લોકોની સભાનુ પણ નામ આવે છે, તે ઉપરથી જણાય છે કે તે પ્રાચીન સમયમાં હાલની સુધરાઈ ખાતા જેવી સંસ્થાઓ વિદ્યમાન હતી. એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે ઉશવદાતે થાપણ મુકેલા ૨૦૦૦ કાર્શાપણનું વાર્ષિક વ્યાજ ૧૦૦ કાર્શાપણ હતું અને બીજા ૧૦૦૦ નું વ્યાજ ૭૫ હતું, એ ઉપરથી એમ માલુમ પડે છે કે હાલના સમયના જેટલા વ્યાજનો દર વધારે નહોતો, પણ દર વર્ષે દર શતકે પાંચથી સાડાસાત ટકાની વચ્ચે હતો. જો વ્યાજના દરનો આધાર સલામતી ઉપર રહેતો હોય, અને તેનું પ્રમાણ રાજ્યની સુવ્યવસ્થિતિથી ઉલટે દરજ્જે હોય, તો આ ઉપરથી એમ દેખાય છે, કે જો કે દેશમાં રાજ્ય સંબંધી ફેરફારો થતા હતા તોપણ દેશનો રાજ્ય કારભાર સારી રીતે ચાલતો હતો. સુવ્યવસ્થિત લૌકિક સંસ્થાઓ જેનાવિષે આપણે ઉપર બોલી ગયાછીએ અનેજેના ઉપર કોઇ વંશના બદલાવાથી કાંઇ પણ અસર થતી નહોતી, તેનાથી કરીને ઉપર કહેલો સારો રાજ્યકારભાર ઘણે અંશે ચાલ્યો હોવો જોઇએ.

**વ્યાજનો દર.**

જૂદા જૂદા જીલ્લાઓ સાથે એક બીજાનો સંબંધ પણ તે સમયે મુશ્કેલ હતો એમ દેખાતું નથી. વૈજયંતી અથવા બનવાસીમાં અને સુર્પારક અથવા સોપારામાં રહેનારા લોકોનાં દાનોની નોંધ કાર્લીની ગુફામાં લખવામાં આવી છે; નાસીકના વ્યાપારીના દાનની નોંધ બેડસામાં છે; ભરૂકચ્છ અને કલ્યાણના કેટલાક રહેવાસીઓનાં દાનોની નોંધ જુન્નારમાં છે; ઉત્તર હિંદુસ્થાનના તથા મેં અન્ય સ્થળે દર્શાવ્યા મુજબ દક્ષિણ સિંધમાં આવેલા દાત્તામીત્રી સ્થાનના રહેવાસીઓનાં દાનોની નોંધ નાસીકમાં છે, અને કર્હાટક અથવા કર્હાડના

**દેશના જૂદા જૂદા ભાગો વચ્ચેનો સંબંધ.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એક લુહારના દાનની નોંધ કુડેમમાં છે. તેથી ઉલટું નાસીક અને કર્હાડના રહેવાસીઓના દાનોની નોંધ બારહુટજે જબલપુર અને અલા[1]હાબાદની મધ્ય સ્થાને આવેલું છે ત્યાં આગળના સ્તૂપમાં છે. આ સર્વ સ્થળો વચ્ચે વારં. વારનો સંબંધ ન હોત, તો એક સ્થાનના રહેવાસીઓ અન્ય સ્થાનમાં ધાર્મિક દાનો કરે એ શકય નથી.

---

## પ્રકરણ ૯.

### આંધ્રભૃત્ય વંશના નાશ અને ચાલુકય વંશના ઉત્કર્ષ વચ્ચેના સમયનો સંભવિત ઈતિહાસ.

---

આંધ્રભૃત્ય વંશના રાજાઓના સમૂલ નાશ પછીના આશરે ત્રણ શતકોમાં જે જે વંશોએ તે દેશ ઉપર રાજ્ય ચલાવ્યું તે બાબતની ખરી વીગતવાર હકીકત આપણને મળી નથી. મત્સ્ય અને વાયુ પુરાણોમાં પૂર્વે કહ્યા પ્રમાણે તે વંશ પછી તેની એક શાખાના સાત રાજાઓ આવે છે અને શિલાલેખ તથા સિક્કાઓમાં અગાઉ આવી ગએલો મઢરીપુત્ર તે વંશનો એક રાજા હતો તેમ માનવાનાં મારાં કારણો મેં આપ્યાં છે. આ દેશનો તમામ વિસ્તાર જેના ઉપર તે પેહેલાંના વંશના રાજાઓનું રાજ્ય હતું તે સઘળાં આ શાખાના કબજામાં હતાં. કર્હાડની પાસેના એક ગામમાં તે પછીના સમયના ક્ષત્રપ રાજાઓના કેટલાએક સિક્કાઓ જડી આવ્યા છે તે અગાઉ કહી ગએલી વાતને આ દેશ ઉપર તે સમયે તેમનું રાજ્ય હતું એ બાબતના પુરાવા તરીકે માનીએ અને માત્ર વ્યાપાર સંબંધી સંસર્ગને લીધે તેમ બન્યું હોય તેમ ના માનીએ, તો આપણે એમ માનવું જોઇએ કે શાતવાહન વંશ

---

૧ બારહૂટનો કનીંગહામનો સ્તૂપ. પૃ. ૧૩૧-૫-૬-૮-૯.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પછી ઓછામાં ઓછો દખ્ખણના થોડાએક ભાગનો કબજો ક્ષત્રપ વંશનો થએલો હોવો જોઇએ. આ રાજાઓમાં પ્રથમ વિજયશાહ[1] ( સેન ) છે જેની તારીખ ૧૪૪[2] છે, જે વર્ષને શકસંવત્સરનું ગણતાં ઇ. સ. ૨૨૨ ને મળતું આવે છે, અને શાતવાહન વંશના રાજાઓની છેલ્લામાં છેલ્લી નિશ્ચિત થએલી તારીખ ઈ. સ. ૨૧૮ ની છે. છેલ્લો રાજા જેના સિક્કાઓ કર્હાડ પાસે માલુમ પડયા છે તે વિશ્વસાહ (સેન ) છે, જેના એક સિક્કા ઉપર ૨૧૪ અને બીજા ઉપર ૨૧૮ ની તારીખ છે. આ વર્ષો ઈ. સ. ૨૯૨ તથા ૩૦૨ ને મળતાં આવે છે. આ સમયની

**આભીરો.** લગભગમાં આભીર ( એટલે ભરવાડ ) વંશના રાજાઓ સત્તામાં આવેલા હોવા જોઇએ. પુરાણોમાં તેમના દશ રાજાઓ ગણાવ્યા છે. નાસીકની ગુફામાં દમરી અને શિવદત્ત[4] આભીરના પુત્ર વીરસેન આભીરના નવમા વર્ષની તારીખનો એક શિલાલેખ છે. તેના અક્ષરો જો કે પછીના સમયના આંધ્રભૃત્ય વંશના રાજાઓના લેખોથી વધારે જૂદા પડતા નથી, તોપણ તે વધારે અર્વાચીન સમયનો છે એમ ગણવું જોઇએ. તેની ભાષા સંસ્કૃત છે, જે ઉપરથી હું એમ ગણું છું કે તે તે પછીનો સમય દર્શાવે છે. જ્યારે લોકોમાં બોલાતી ભાષા પાલીથી જૂદી થઈ, અથવા પાલી ભાષા ઓછી પવિત્ર થઈ, ત્યારે ધર્મદાનોની નોંધ કરવા જેવાં કામો માટે લોકો મૂલની સંસ્કૃત ભાષા ફરીથી વાપરવા લાગ્યા. અને આ રીતે તે પછીના સમયના સર્વ દાનપત્રોમાં સંસ્કૃત ભાષા વપરાએલી આપણને માલુમ પડે છે, અને અશોક રાજાના સમયથી તે આંધ્રભૃત્ય વંશના રાજાઓના

---

૧ જ. ઑ. બ્રે. રો. એ. શો. વા. ૭. પૃ. ૧૭.

૨ સદરહુનું પૃ. ૨૮ ( નં. ૧૦ )

૩ સદરહુનુ નં. ૧૫

૪ જ. ઑ. બ્રે, રો. એ. સો. વા. ૫. પૃ. ૧૬ કાનેરીના લેખની પ્રતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નાશના સમય સુધી જે ભાષા વાપરવામાં આવેલી હતી તે પાલી હતી, અથવા વધારે સૂક્ષ્મતાથી કહીએ તો તે સમયની એક અથવા વધારે પ્રાકૃત હતી. વયુપુરાણ પ્રમાણે આભીર રાજાઓ ૬૭ વર્ષ સત્તામાં રહ્યા. આ દેશ ઉપર બીજા ઘણા વંશના રાજાઓએ રાજ્ય કર્યું એમ કહેલું છે, પરંતુ તે પૂર્વના વંશોની હકીકત આપેલી છે તેના કરતાં આ બાબતની તેમાં આપેલી હકીકત વધારે ગુંચવાડા ભરેલી છે. એમ દેખાય છે કે હિંદુસ્થાનના જૂદા જૂદા ભાગો ઉપર એકજ સમયે જે જે વંશો રાજ્ય કરતા હતા તેમને એકત્ર કરી દેવામાં આવ્યા છે, અને જે તેમની પછી રાજ્યમાં આવ્યા તેમની સાથે તેમને ભેળી દેવામાં આવ્યા છે; આથી કરીને તેઓના સમય સંબંધી નિર્ણય કરવો એ બાહ્ય મદદ વિના શકય નથી.

**સ્ત્રકૂટો અથવા રાષ્ટ્રકૂટો.**

કાન્હેરીની ગુફાઓની એક ગુફામાંના ચૈત્યમાંથી મળેલા તામ્રલેખો ઉપરના એક લેખમાં અમુક એક વંશના ૨૪૫ મા વર્ષની તારીખ છે. જો અક્ષરો બરાબર છપાયા હોય એમ માનીએ તો આ વંશનુ નામ સ્ત્રકૂટ છે. પરંતુ તે લેખની પ્રકટ થએલી પ્રત ડૉ. બર્ડના સમયમાં થએલી છે, અને અસલ તામ્રલેખો હાલ ફરી તપાસ માટે મળી શકતા નથી. પણ ગુફાઓના શિલાલેખો ઉપરથી આપણે જોયું છે કે પોતાને ભોજ, રાઠી, રાષ્ટ્રીક કહેવરાતી ક્ષત્રિયોની જાતિઓ આ દેશ ઉપર સર્વ સત્તાવાન્ હતી. દખણના ઉત્તર તરફના ભાગમાં એટલે મહારાષ્ટ્રમાં આ લોકો પોતાને "મહારાઠી એટલે મોટારાઠી" અથવા પ્રાચીન મરાઠાઓ કહેતા; પરંતુ અન્ય ભાગોમાં વપરાતુ નામ રાઠી અથવા રાઠ હતું, કારણ કે દક્ષિણ મરાઠા દેશમાંના ઘણા અર્વાચીન રાજાઓ જેઓ પોતાને તે નામથી કહેવરાવતા તે આપણે જાણીએ છીએ. રઠ જાતિઓની કેટલી એક જાતિઓનો એક સમૂહ (કૂટ) બનેલો હોવો જોઇએ, અને તેનું નામ તેઓએ "રઠ્ઠકુડ" અથવા તે પછીના સમયમાં "રાઠોડ" જેનું મૂલ સંસ્કૃત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નામ રાષ્ટ્રકૂટ છે તે પાડયું હોવું જોઇએ. આંધ્રભૃત્ય વંશના રાજાઓની સત્તા ચાલતી હશે તે સમયે જે આવા દેશી રાજાઓ આ દેશ ઉપર રાજ્ય કરતા હશે તેમને આંધ્રભૃત્યોએ વશ રાખ્યા હશે અને તે પછીના ક્ષત્રપોએ પણ તેમ કર્યું હશે. પણ તે વંશો તદ્દન નિર્મૂલ થયા પછી આ લોકો પાછા સ્વતંત્ર થયા હશે. આહીરોની સત્તા થોડાએક સમય પર્યંત અને દેશના માત્ર કેટલાએક ભાગ ઉપર હતી, કારણ કે ગવળી અથવા ભરવાડ રાજાઓની દંત કથા જે આ રાજાઓ વિશેની હોવી જોઇએ તે માત્ર નાસિક અને ખાનદેશ જીલ્લાઓમાં માલૂમ પડે છે. માટે રાષ્ટ્રકૂટોની સત્તા પણ ઘણું કરીને આભીરોની સત્તાની સાથેજ થઇ હશે. કાન્હેરીની ગુફાનો " ત્રકૂટ " શબ્દ ઘણું કરીને " રાષ્ટ્રકૂટ " નો અપભ્રંશ હશે અને જો એ ખરૂં હોય તો, જે સમયે તે શિલાલેખ કોતરવામાં આવ્યો તે સમયે તે વંશના રાજાઓ ૨૪૫ વર્ષ સુધી સત્તામાં રહેલા હોવા જોઇએ. અક્ષરોના રૂપ ઉપરથી એમ દેખાય છે કે તે લેખો પાંચમા શતકના ઉત્તર ભાગમાં અથવા છઠ્ઠા શતકના પ્રથમ ભાગમાં કોતરવામાં આવ્યા હતા, જે ઉપરથી એમ નીકળે છે તે વંશની સ્થાપના ત્રીજા શતકના અંતમાં થઇ હશે. અને મીરજના લેખો જે મી. વૅથેને પ્રથમ પ્રકાશમાં આણ્યા, અને યેવુરનો લેખ જે સર વૅાલ્ટર[1] ઇલીયટે પ્રથમ પ્રકાશમાં આણ્યો તે બન્ને લેખોમાં એમ લખેલું છે કે દખણમાં ચાલુક્ય વંશનો સ્થાપનાર જયસિંહ હતો તેણે રાષ્ટ્રકૂટ વંશના રાજા કૃષ્ણના પુત્ર ઇંદ્રને હરાવીને પોતાનું રાજ્ય સ્થાપ્યું. હવે પછી કહેવામાં આવશે તે મુજબ, ચાલુક્ય વંશની સ્થાપના ઇસવીસનના છઠ્ઠા શતકના આરંભમાં થઇ. માટે એમ નીકળે છે કે આશરે ત્રીજા શતકના અંતથી તે છઠ્ઠા શતકના આરંભ સુધી દખણ ઉપર રાષ્ટ્રકૂટ વંશના રાજાઓનું રાજ્ય હતું, આટલું આપણે મેળવી શક્યા છીએ. એ સમયને લગતી આથી વધારે વિગતવાર હકીકત મળી શકતી નથી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૧૦

## પ્રથમના ચાલુક્ય વંશના રાજાઓ.

**જનકથા પ્રમાણેની ઉત્પત્તિ.**

હવે આપણે ચાલીક્ય, ચલુક્ય અથવા ચાલુક્ય વંશના રાજાઓનું વૃત્તાંત હાથમાં લઇશું. તામ્રપટ્ટો અને શિલાપટ્ટ ઉપરના ઘણા લેખોથી આ વંશનો ઇતિહાસ બહુ પ્રકાશિત થએલો છે. વિક્રમાંકદેવચરિત નામનું પુસ્તક જેમાં પાછળના અથવા પુનઃસ્થપાએલા ચાલુક્ય વંશના એક રાજા વિક્રમાદિત્યનું જીવન વૃત્તાંત આપવામાં આવેલું છે તે પુસ્તકના કર્તા **બિલ્હણે** આ વંશની સામાન્ય જનકથાથી ચાલી આવેલી ઉત્પત્તિ આ પ્રમાણે આપી છે. એક પ્રસંગે જ્યારે બ્રહ્મદેવ પોતાના પ્રાતઃ નિત્ય કર્મમાં વ્યાપૃત્ત થએલા હતા, ત્યારે ઈંદ્ર તેમની પાસે ગયા અને પૃથ્વી ઉપર બહુ પાપકર્મો થયાની ફરીયાદ કરી કહ્યું કે કોઇ પણ મનુષ્ય યજ્ઞ-યાગાદિક કરતું નથી, તેમ દેવતાઓને બળિઓ આપતું નથી. બ્રહ્મદેવે પોતાનું નિત્યકર્મ કરતાં કરતાં હાથમાં આચમન વિગેરે માટે ધરેલી હથેલી એટલે પોતાના ચુલુક તરફ નજર કરી, અને તેમાંથી એક મહાન્ યોધ્ધો ઉત્પન્ન થયો, જે પુરૂષ ચાલુક્ય વંશનો ઉત્પાદક થયો. થોડા સમય પછી તે વંશમાં હારીત અને માનવ્ય નામના બે મોટા વીરો ઉત્પન્ન થયા, અને તેમણે તે વંશ બહુ પ્રખ્યાતિમાં આણ્યો. તે વંશનું મૂળ સ્થાન અયોધ્યા હતું અને સમય જતાં તેની એક શાખા દક્ષિણમાં સ્થાપન થઈ.

સર્વ તામ્રપટ્ટના દાનના લેખોના આરંભની લીટીઓમાં કહ્યા પ્રમાણે ચાલુક્ય વંશના રાજાઓનુ ગોત્ર માનવ્ય હતું, અને તેઓ હારીતી-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ની પ્રજા હતા. તેમની કુલદેવતા સાત માતાઓ હતી અને કાર્તિકેય દેવે તેમને ઉત્કૃષ્ટ સ્થિતિમાં આણ્યા હતા. તેઓને નારાયણ પાસેથી વ- રાહના ચિત્રવાળો એક ધ્વજ મળ્યો, અને તે ધ્વજ ( વાવટા ) ની નીચે લઢતાં તેઓ સર્વ રાજાઓનો પરાજય કરવાને શક્તિમાન થયા. ઉ- પર કહેલા યેવુરના શિલાલેખ તથા મીરજના લેખો, તે વંશનુ મૂલ સ્થાન અયોધ્યા હતું તે બાબતમાં બિલ્હણના વર્ણનને મળતા આવે છે. પરંતુ આ લેખો ઘણાખરા તે કવિના સમકાલિન હતા, તેથી આ ત્ર- ણેમાં અગીયારમા શતકમાં જે વૃત્તાંત પ્રચલિત હતો તેજ કહે છે. આ વંશનો પ્રથમ રાજા જેણે દક્ષિણમાં આ વંશની કીર્તિ પ્રસારી તે જયસિંહ હતો. તે સમયે રાજ્ય કરતા રાજાઓ સાથે તેણે ઘણાં યુદ્ધો કર્યા, અને યેવુરના લેખ ઉપર વિશ્વાસ રાખીએ તો તેમાં રાષ્ટ્રકૂટ વંશના રાજાઓ પણ હતા અને આ રીતે તેણે આ દેશનું રાજ્ય મેળવ્યું. તેના પછી

**પહેલો રાજા જયસિંહ.**

રણરાગ નામે રાજા થયો. આ રાજા બહુ શૂરવીર હતો અને તેનું શરીર ભવ્ય અને બહુ મોહોટુ હતું. તેની પછી તેનો પુત્ર

**પુલકેશી પહેલો.** પુલકેશી આવ્યો જેણે મોટો અશ્વમેધ યજ્ઞ કર્યો, અને તે આ દુનીયા તથા બીજી દુનીયા બંનેની બાબતો ઉપર સરખું લક્ષ આપતો. તેણે વાતાપિપુર નામના નગરને પોતાની રાજ્યધાની કરી. આ નગર તે કલાદગી જીલ્લામાં આવેલું હાલનું બાદામી એમ નિ- શ્ચિત થાય છે. તે વંશનો તે પહેલો મહાન્ રાજા થયો એમ દેખાય છે, કારણકે તેના પછીનાં સર્વ દાનપત્રોમાં વંશાવળીનો તેનાથી આરંભ થાય છે. તેનું પુરેપુરૂં નામ " સત્યાશ્રય શ્રી પુલકેશી વલ્લભ મહારાજ " હતું, આ " વલ્લભ " એ શબ્દ આ વંશના સર્વ રાજાઓનું પદ હતું. કેટલાંએક સ્થાને " વલ્લભ " શબ્દની પૂર્વે " પૃથ્વી " શબ્દ પણ આવતો અને તે શબ્દોનો અર્થ " આખી પૃથ્વીનો ધણી " એમ છે. "સત્યશ્રય"

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એટલે સત્યનેજ આશ્રય આપનાર. એ પદ તેના પછીના સમયના કેટલા-એક રાજાઓએ પણ વારસામાં મેળવ્યું છે. પુલકેશીની

**કીર્ત્તિવર્મા.** પછી તેનો પુત્ર કીર્ત્તિવર્મા ગાદીએ આવ્યો. તેણે નલ નામના વંશના રાજાઓને તાબે કર્યા, પણ આ વંશના રાજાઓનું રાજ્ય ક્યા પ્રદેશ ઉપર હતું તે જણાવ્યું નથી. તેણે મૌર્ય વંશના રાજાઓને પણ તાબે કર્યા. ઐહલિનો[1] શિલાલેખ જેના ઉપરથી આ સર્વ વૃત્તાંત લખવામાં આવ્યો છે તે લેખના વર્ણન ઉપરથી એમ દેખાય છે કે તે ઉત્તર કોંકણના રાજા હતા. તે રાજાએ વળી ઉત્તર કાનડા-માંના બનવાસીના કદમ્બ વંશના રાજાઓને પણ હરાવ્યા.

કીર્ત્તિવર્માને ઓછામાં ઓછા ત્રણ પુત્રો હતા જે સર્વ તેના મરણ સમયે નાહાના હતા. માટે તેના પછી તેનો ભાઈ મં-

**મંગલીશ.** ગલીશ ગાદીએ આવ્યો. ચેદી નામના દેશ ઉપર રાજ્ય કરનાર કલચુરી નામે વંશના રાજાઓ જેની રાજ્ય-ધાની ત્રિપુર એટલે જબલપુર પાસે આવેલું તેવુર હતું તેમને મંગલીશે હરાવ્યા. તે પોતાની સેનાઓ પૂર્વ તેમ પશ્ચિમ એ બંને સમુદ્રો સુધી લઈ ગયો હતો એમ કહેવાય છે. પશ્ચિમ સમુદ્રને કીનારે આવેલો “રેવતી દ્વિપ ” એટલે રેવતીનો બેટ તેણે જીત્યો. આ દ્વિપના એક સુબાનું તામ્ર પટ્ટનું દાનપત્ર ગોવા[2] પાસે જડી આવ્યું હતું, જે ઉપરથી એમ દેખાય છે કે વેન્ગુર્લાની દક્ષિણે થોડાએક ગાઉ ઉપર આવેલા રેડીનું[3] એ રેવતી પણ કરીને જાુનું નામ હતું. બાદામીની ગુફાના મંદીરના એક શિલાલે-ખમાં એમ કહેવામાં આવ્યું છે કે એ મંદીર[4] મંગલીશે કોતરાવ્યું હતું. તેણે તેમાં વિષ્ણુની મૂર્ત્તિ પધરાવી, અને તેની પ્રતિષ્ઠા સમયે એક ગામ

---

૧. ઇ. એ. વા. ૮. પૃ. ૨૪૧.

૨. જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૦. પૃ. ૩૬૫-૬.

૩. રેવતીનું સામાન્ય નિયમો પ્રમાણે અપભ્રંશ, રેવડી અથવા રેઅડી અને તેનું રેડી થયું. ૪. ઇ. એ. વા. ૮ પૃ. ૩૭૫.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઈનામમાં આપ્યું જેની ઉપજમાંથી નારાયણબલિની ક્રિયા કરવાની હતી અને સોળ બ્રાહ્મણો દરરોજ જમાડવાના હતા અને તે કરતાં જે વધે તે રકમ સાધુઓના પોષણ અર્થે વાપરવાની હતી. જ્યારે શક સંવત્સરનાં ૫૦૦ વર્ષો થઈ ગયાં હતાં તે સમયે જે કોઈ રાજ્ય હતું તે રાજ્યના બારમા વર્ષની આ શિલાલેખ ઉપર તારીખ છે. જે રાજ્યના બારમા વર્ષમાં આ ગુફાના મંદીરની પ્રતિષ્ઠા થઇ તે મંગલીશનુ હતું એમ સ્વીકારીએ. આ અનુમાન પ્રમાણે મંગલીશે શકસંવત્સર ૪૮૯ માં રાજ્ય કરવું શરૂ કર્યું. પણ મંગલીશ એટલા બધા વેહેલા સમયે ગાદીએ આવી શક્યો નહીં હોય તે બતાવવાને ઘણી મજબૂત દલીલો મારા માનવા પ્રમાણે મેં અન્ય[1] સ્થળે આણી છે; અને આ મારી ટીકા ઉપર જે એક ટીકા[2] મેં જોઇ છે તે મને ઘણી અસંતોષકર્તા લાગે છે. અને તેથી તો ઉલટું મારી ટીકાઓ સત્ય ઠરે છે. માટે જે રાજ્ય વિશે ઉપર લખેલું છે તે રાજ્ય કીર્તિવર્માનું છે, અને જો તેનું બારમું વર્ષ શક. ૫૦૦ માં આવ્યું તો કીર્તિવર્મા શક ૪૮૯ એટલે ઇ. સ. ૫૬૭ માં ગાદીએ આવ્યો હશે. એ લેખમાં લખ્યા પ્રમાણે મંગલીશ પોતાના ધર્મકૃત્યોનું સર્વ પુણ્ય આદિત્ય તથા અગ્નિદેવોની સમક્ષ તથા એકઠા થએલા સર્વ લોકોના સમૂહની સમક્ષ પોતાના ભાઇને આપે છે, અને પોતાના ભાઈની નિમકહલાલીથી ચાકરી કરવાથી ઉત્પન્ન થતું ફલ માત્ર પોતાનું છે એમ કહે છે. ઉપર લખેલા રેવતીના તામ્રપટના દાનપત્રમાં શક ૫૩૨ નું વર્ષ લખેલું છે અને આ વર્ષ એક રાજાના રાજ્યનું વીસમું વર્ષ છે. એમ પણ લખેલું છે. તે સ્થાને આપેલાં તે રાજાનાં માનપદો ઉપરથી તથા એ સમયે ઘણું કરીને મંગલીશ તે દ્વિપ જીત્યો હતો તે વાત ઉપરથી તે રાજા ચાલુક્ય વંશનો હોવો જોઇએ. તે રાજા કીર્તિવર્મા તો નજ હોઈ શકે,

૧. જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૪ પૃ. ૩૩૨ ૨૫.

૨. ઇ. એ. લા. ૧૦ પૃ. ૫૭. ૫૮.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કારણ કે તેના સમયમાં તે દ્વિપ જીતાએલો નહોતો; તેમ વળી તે મંગલીશના પછીનો રાજા પણ હોઈ શકે નહીં, કારણ કે મંગલીશને તો શક ૫૩૨ માં ગાદી મળી. માટે તે રાજા મંગલીશ પોતેજ હોવો જોઇએ, અને જો શક ૫૩૨ નું વર્ષ તેના રાજ્યનું વીસમું વર્ષ હતું, તો તેણે શક[1] ૫૧૩ માં રાજ્ય કરવું શરૂ કર્યું હોવું જોઇએ. આ રીતે કીર્ત્તિવર્માનું રાજ્ય શક. ૪૮૯ એટલે ઇ. સ. ૫૬૭ થી શક ૫૧૩ એટલે ઇ. સ. ૫૯૧ સુધી એટલે ૨૪ વર્ષ સુધી ચાલ્યું.

**મંગલીશનો મરણ કાલ.** મંગલીશ પોતાના રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં પોતાના પછી પોતાના ભાઈનો પુત્ર ગાદીએ ન આવે અને પોતાનાજ પુત્રને ગાદી મળે એ બાબતનાં કાવત્રાં કરવામાં વ્યાપૃત્ત હતો તેમ લાગે છે, પણ પુલકેશી જે મોટી ઉમરમાં ઘણીજ ઉત્કૃષ્ટ બુદ્ધિવાળો થયો હતો તેણે તેનાં સર્વ કાવત્રાં નિષ્ફળ કર્યાં, અને જે સઘળા લાભ મંગલીશે રાજ્ય પોતાને કબજે લીધાથી મેળવ્યા હતા, તે સઘળા લાભ પોતાની શક્તિ તથા સંવાદથી વ્યર્થ કર્યા; અને મંગલીશે પોતાના પુત્રને રાજ્ય આપવાના પ્રયત્નમાં પોતાનો જીવ તથા રાજ્ય બંને ખોયાં.

કીર્ત્તિવર્માનો પુત્ર પુલકેશી તેની પછી ગાદીએ આવ્યો. તેનું પુરૂનામ "સત્યાશ્રય શ્રી પૃથ્વીવલ્લભ મહારાજ" હતું,

**પુલકેશી બીજો:** શક સંવત્સર ૫૩૫ માં અને તેના રાજ્યના ત્રીજા વર્ષમાં લખાએલા તામ્રલેખ[2] ઉપરથી એમ માલમ પડે છે કે તે શક ૫૩૩ એટલે ઈ. સ. ૬૧૧ માં ગાદીએ આવ્યો હશે. જે શત્રુઓ મંગલીશના પરાક્રમથી તેને તાબે રહ્યા હતા તેઓ તેના મરણ પછી ચારે બાજુથી બળવો કરી ઉઠયા, અપ્પાયીક નામનો એક

---

૧. ઉપર લખેલા મારા નિબંધમાં વાપરેલી મારી દલીલો જોવી.
૨ ઇ. એ. વ. ૬. પૃ. ૭૩.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજા તથા ગોવિંદ નામનો બીજો રાજા જેના કુટુંબની વંશાવલીમાં રાષ્ટ્રકૂટ નામ ઘણીવાર આવે છે તે ઉપરથી જે ઘણું કરીને તે વંશનો હશે, તે બંને રાજાઓએ તે નવા ચાલુક્ય રાજા ઉપર ચઢાઈ કરી. પુલકેશીની બળવાન સેના સામી થઇ તેથી ભય પામીને અપ્પાયિક રાજા જેની પાસે સેનામાં ઉત્તર સમુદ્રમાંથી આણેલા ઘોડાઓ હતા, તે નાસી ગયો, અને ગોવિંદ રાજા તેને શરણે ગયો, અને તેનો મિત્ર થયો, તેથી તે રાજાએ તેના ઉપર પ્રસન્ન થઇ તેને ઈનામ[1] આપ્યાં. પછી તેણે પોતાની સેના કદમ્બ લોકો ઉપર મોકલી તેઓની રાજ્યધાની બનવાસીને પોતાના બળથી લીધી અને તાબે કરી. હાલના મૈસુર પ્રદેશની આજુબાજુનો દેશ જે તે સમયે ચેરાદેશ[2] કહેવાતો હતો તેના ઉપર રાજ્ય કરનાર ગાંગ વંશનો રાજા, અને અલુપ[3] જાતિનો રાજા જેના કબજામાં મલબાર દેશ ઘણું કરીને હતો તે બંને રાજાઓ તેના મિત્ર થયા. પછી તેણે પોતાની સેના કોંકણના મૌર્ય લોકો તરફ મોકલી અને તેઓને વગર મુશ્કેલીએ હરાવ્યા. પુરી[4] નામની નગરી જે પશ્ચિમ સમુદ્રની રાણી હતી તેના ઉપર હજારો વહાણોનો એક કાફલો કરી તેણે ચઢાઈ કરી અને તેને તાબે કરી. લાટ, માલવ, અને ગુર્જરના રાજાઓનો તેણે પરાજય કર્યો અને પોતાને તાબે કર્યા. આ સમયે ઉત્તર હિંદુસ્થાનમાં એક બળ-

---

૧. ઇ. એ. ધા. ૮. પૃ. ૨૪૨ લેખની લી. ૮. **च एकेन** તા. **अपरेण** આ શબ્દો ઉપરથી સ્પષ્ટ છે કે બે સખસો હોવા જોઈએ, પણ મી. ફલીટ પોતાના ભાષાંતરમાં બે ને બદલે એક લખે છે. માટે તે ભાષાંતરનો અર્થ બરોબર સમજી શકાતો નથી.

૨. ઇ. એ, વા. ૧ પૃ. ૩૬૩ અને વા. ૭ પૃ ૧૬૮

૩. મલબાર કીનારા ઉપર આવેલા "અલુપાઈ" નામના હાલ આવેલા શહેર અને રાજાના વંશનું નામ જળવાઇ રહ્યું છે.

૪. આ નગરને પશ્ચિમ સમુદ્રની લક્ષ્મી કહેવામાં આવે છે. ઘણું કરીને તે કોંકણના મૌર્ય રાજાની અને પછીની સીબીહાર રાજાની રાજ્યધાની હતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વાન રાજા હતો જેનું નામ હર્ષવર્ધન હતું. તે કનોજનો રાજા હતો, પણ સમય જતાં ઉત્તરમાં તે સર્વનો ઉપરી રાજા થયો. પછી તે રાજા-એ પોતાની સત્તા નર્મદાની દક્ષિણે પ્રસારવાનો પ્રયત્ન કર્યો. પણ પુલ-કેશી તેની સામો થયો, તેના ઘણા હાથી મારી નાંખ્યા અને તેની સે-નાનો પરાજય કર્યો. તે સમય પછી પુલકેશીએ પરમેશ્વર અથવા સાર્વ-ભૌમ રાજાનું પદ ધારણ કર્યું, અથવા તેને મળ્યું. તે વંશના તે પછીના રાજાઓએ પુલકેશીના આ પરાક્રમને સર્વથી મહાન્ ગણ્યું અને તેઓના તામ્રલેખોમાં બીજા પુલકેશી રાજાના વર્ણનમાં આ એકલા પરાક્રમનેજ લખવામાં આવ્યું છે, પોતાની હદના પ્રદેશનું રક્ષણ કરવા સારૂ નર્મદા ના કીનારા ઉપર એક બળવાન સેના પુલકેશીએ રાખી હતી એમ દેખાય છે. આ રીતે પોતાની રાજ્યનીતિ તથા પરાક્રમથી તે ત્રણે દેશનો સાર્વ-ભૌમ મહારાજા થયો. આ ત્રણ દેશનુ નામ મહારાષ્ટ્રક હતું અને તેમાં નવ્વાણું હજાર ગામો હતાં. કોસલ અને કલિંગના[1] રાજાઓ તેના આવ-વાથી ધ્રુજતા હતા અને તેને તાબે થયા. થોડા સમય પછી કાંચીપુર અમે કાંજીવરમના રાજાની સામે તે એક મહાન્ સેના લઇને ગયો અને તે શહેરને ઘેરો ઘાલ્યો. પછી તેણે કાવેરી નદી ઓળંગી ચોલ, પાંડય અને કેરલ દેશો ઉપર ચડાઈ કરી, પણ આ રાજાઓ તેના મિત્ર થયા હોય એમ દેખાય છે. આ રીતે આખા દક્ષિણમાં પોતાની સાર્વભૌમ સત્તા સ્થાપીને પોતાની રાજ્યધાનીમાં તે આવ્યો અને શાંતિથી રાજ્ય કર્યું. જે લેખમાંથી આ હકીકતનો મોટો ભાગ લેવામાં આવ્યો છે તેની તારીખ શક ૫૫૬ એટલે ઈ. સ. ૬૩૪ છે, તેથી પુલકેશીના વિજયોનો સમય ઇ. સ. ૬૩૪ પૂર્વે બંધ થયો હતો,

હેવેનસંગ નાંમનો ચીનાઇ યાત્રાળુ હિંદુસ્થાનમાં આવ્યો હતો તે આજ રાજ્યમાં આવ્યો હતો. આ દેશમાં તેના પ્ર-

---

૧. આ દેશોના સ્થાન માટે પૃ. ૬ જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**હ્વોનસંગ** વાસ દરમ્યાન્ તે મહારાષ્ટમાં આવ્યો હતો, જે દેશને તે "મો–હો–લ–ચ" કહે છે. તેણે પુલકેશીને જોયો હતો અને તેનું વર્ણન આ પ્રમાણે તે કહે છે:—"તે ત્સ–ટ–લી (ક્ષત્રિય) જાતિનો છે; તેનું નામ પુ–લો–કી–શે. છે. તેના વિચારો મહાન્ અને ગંભીર છે અને પોતાની કૃપા તથા ધર્મદાનો તે બહુ વિસ્તારે છે. તેની પ્રજા પૂર્ણ ભક્તિ-થી તેને સેવે[1] છે." હર્ષવર્ધનના બળની સામે પુલકેશી ટકી રહ્યો હતો, જે વાત પૂર્વે આપણે શિલાલેખો ઉપરથી કહી છે તે વિશે હ્વો-નસંગ આ પ્રમાણે લખે છે:—આ સમયમાં રાજા શિલાદિત્ય (હર્ષવર્ધન) પોતાની વિજયી સેનાને પૂર્વથી પશ્ચિમમાં લઇ જાય છે, તે દૂરના લોકો ને પોતાને તાબે કરે છે, અને પાસેના લોકોને પોતાનો ભય દેખાડે છે. પરંતુ આ રાજ્યના લોકો એકલા તેને તાબે થયા નથી. પાંચે હિંદ–પ્ર-દેશોની સર્વ એકત્ર સેનાના સેનાની તરીકે તે વારંવાર જતો, જો કે તેણે સર્વ રાજ્યોમાંથી સર્વથી શૂરવીર સરદારોને બોલાવ્યા છે, અને જો કે તેઓને શિક્ષા કરવાને તે પોતે ગએલો છે, તો પણ તેના સામેની સેનાને તે અદ્યાપિપર્યંત હરાવવાને શક્તિમાન થયો નથી. આ ઉપરથી આપણે તેઓની રણધીર પ્રકૃતિ[2] તથા આચારનો ખ્યાલ કરી શકીશું." પૂર્વોક્ત ચીનાઈ યાત્રાળુ આશરે ઈ. સ. ૬૩૯ માં એટલે ઉપરનો લેખ કોતરાયા પછી પાંચ વર્ષે મહારાષ્ટ્રમાં આવ્યો હતો. તેના લખવા પ્રમાણે તે રાજ્ય ઘેરાવામાં ૬૦૦૦ લી એટલે ૧૨૦૦ માઇલ હતું, અને તેની રાજ્યધાની ઘેરાવામાં ૩૦ લી હતી, અને તે પ-શ્ચિમ તરફ મોટી નદીની સમીપમાં આવેલી હતી. મહારાષ્ટ્રની જમીન તથા હવા પાણી તથા ત્યાંના લોકોની વર્ત્તણૂક અને સામાન્ય સ્થિતિનું વર્ણન તેણે આ પ્રમાણે કર્યું છે:—" તે ભૂમિ સત્ત્વવાન્ ( કસવાળી )

---

૧. ઇ. એ. વા. ૭ પૃ. ૨૯૦.

૨. ઇ. એ વા. ૭ પૃ. ૨૯૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અને ફળદ્રુપ છે અને બહુજ ધાન્ય ઉત્પન્ન કરે છે. હવા ગરમ છે. રીત ભાત સાદી અને પ્રમાણિક છે. તે દેશના લોકો ઉંચા, અને વર્ત્તણુકમાં ગર્વિષ્ટ અને અતિ ઉદ્ધત છે. જે કોઈ તેઓનું કામ કરે તેમના ઉપર તેઓ ઉપકાર કરે છે, પરંતુ જે તેઓને અસંતુષ્ટ કરે તેઓ તો તેમના દ્વેષમાંથી બચી જવાના નહીં. જો કોઈ તેઓનું અપમાન કરે, તો તે અપમાન દૂર કરવા સારૂ પોતાના જીવને પણ જોખમમાં નાખવાના. જો કોઇ પોતાની આપત્તિના સમયે તેમની મદદ માગે, તો તેની મદદે જવાને પોતાની જાતની પણ સંભાળ લેવાનું તેઓ ભૂલી જવાના. જો કોઇપણ અપરાધનું વેર લેવાનું તેઓને હોય, તો તેઓ તે બાબતની પોતાના શત્રુઓને અગમચેતી આપ્યા વિના રહેવાના નહીં, જે પછીજ દરેક પોતાનું બખ્તર પહેરે અને હાથમાં પોતાનો ભાલો લે. યુદ્ધમાં નાસી જનારની પછવાડે તેઓ જાય છે પરંતુ જેઓ શરણે આવે તેને તેઓ મારી નાંખતા નથી. જ્યારે સેનાનો કોઇ સરદાર યુદ્ધમાં હાર્યો હોય, તો તેને દેહની શિક્ષા કરવાને સ્થાને, સ્ત્રીનાં કપડાં પેહેરાવે છે, અને આથી તેની પોતાની જીંદગીનો ભોગ આપવાની તેને ફરજ પાડે છે. અસ્ખલિત ધૈર્યવાળા ઘણા હજારો યોદ્ધાઓનો સમૂહ રાજા રાખે છે. યુદ્ધ માટે તે તૈયાર થાય છે તે દરેક સમયે કેફ આવવા સારૂ તેઓ મદિરા પીએ છે, અને આ રીતે એક યોદ્ધો હાથમાં માત્ર ભાલો લઇને દશ હજાર શત્રુઓની સામો આવી શકે છે. રસ્તામાં મળેલા કોઇ પણ માણસને તે મારી નાંખે, તો કાયદાથી તેમને શિક્ષા થઈ શકતી નથી. જ્યારે જ્યારે સેના યુદ્ધનો આરંભ કરે છે, ત્યારે આ વીરપુરૂષો સેનાની પાછળના ભાગમાં ઢોલના અવાજને અનુસરીને ચાલે છે. વળી તેઓ સ્વભાવે ઘણાજ વિક્રાળ એવા હજારો હાથીઓને પણ કેફ ચડાવે છે. ખરેખરી લઢાઇ શરૂ થતાના સમયમાં તેઓ બહુ કેફી મદિરા પીએ છે. દરેક વસ્તુને પોતાના પગ નીચે ચગદીને એક સમૂહ રૂપે તેઓ દોડે છે. તેઓની સામે કોઇ પણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શત્રુ ટકી શકે નહીં. આવા શૂરવીર માણસો તથા હાથીઓ પોતાની પાસે હોવાથી મત્ત થએલો રાજા પોતાની પડોશમાંના રાજ્યોને ધીક્કારે તથા તુચ્છકાર કરે છે. ”

રાજા પુલકેશી બીજો આ વંશનો મોટામાં મોટો રાજા નિ:શક પણે હતો એમ દેખાય છે; અને તેની કીર્તિ અન્ય દેશોમાં પણ પ્રસરી હતી. અરબ્બી પુસ્તકોમાં તેના વિશે એમ લખેલું છે કે ઈરાનનો રાજા ખુશરૂ બીજો જેણે ઇ. સ. ૫૯૧ થી ઇ. સ. ૬૨૮ સુધી રાજ્ય કર્યું હતું તેને ત્યાં તેના રાજ્યના ૩૬ મા વર્ષમાં પોતાના દૂતો મોકલ્યા હતા, અને તે સમય[1] પૂર્વે અથવા પછી તેને ત્યાંથી દૂતો પોતાના રાજ્યમાં આવવા દીધા હોવા જોઇએ. તેના રાજ્યથી ચાલુક્ય વંશની સત્તા દેશના ઘણા વિસ્તારવાળા ભાગમાં પ્રસરી. તેનો નાહાનો ભાઇ વિષ્ણુવર્ધન જેનું બીજું નામ વિષમસિદ્ધ હતું તેને થોડા એક સમય સુધી સતારા અને પંઢરપુર જીલ્લાઓ ઉપર રાજ્ય ચલાવવાને નિમવામાં આવ્યો હતો એમ લાગે છે, કારણ કે સતારામાં તેનો એક તામ્રલેખ માલુમ પડયો છે તેમાં ભીમા[2] નદીના દક્ષિણ કિનારા ઉપર આવેલું એક ગામ દાનમાં આપ્યાનું લખેલું છે. ઉત્તર કૃષ્ણા અને ગોદાવરી નદીઓની વચ્ચે આવેલો વેંગી નામનો પ્રદેશ પાછળથી વિષ્ણુવર્ધને જીતી લીધો, જ્યાં આગળ ચાલુક્યવંશની બીજી શાખા તેણે સ્થાપી.

**વિષ્ણુવર્ધન.**

નાસીકની આજુબાજુના પ્રદેશમાં પુલકેશીનો બીજો ભાઈ જયસિંહ તેના ભાઇ તરફથી સુબો હોવો જોઈએ. કારણ કે તે જીલ્લાના ઈગતપુરી તાલુકામાંથી મળી આવેલા તામ્ર લેખનાં દાન પત્રમાં જયસિંહનો પુત્ર

**જયસિંહ.**

---

૧. આ. સ. વે. ઇન્ડીઆ નં. ૯, પૃ. ૯૦-૯૨

૨. જ. બો. બ્રે. રો. એ. સો વા. ૨. પૃ. ૧૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નાગવર્ધન બાલેગ્રામ નામનું ગામ કાપાલિકેશ્વર[1] નામના દેવની પુજાને માટે અર્પણ કરે છે. આ ગામ ઇગતપુરીથી ઇશાનમાં આશરે બાર માઈલ દૂર આવેલું હાલનું બેલગામતર્હાળા છે એમ નિશ્ચિત કરવામાં આવ્યું છે. જે પ્રદેશમાં તે ગામ આવેલું હતું તેનું નામ તે લેખમાં ગોપરાષ્ટ્ર લખવામાં આવ્યું છે. એવીજ રીતે પુલકેશીનો મોટો પુત્ર ચંદ્રાદિત્ય સાવંતવાડી જીલ્લો છે તે પ્રદેશ ઉપર રાજ્ય કરતો હતો. એક શિલા લેખમાં ચંદ્રાદિત્ય જેને પૃથ્વીવલ્લભ તથા મહારાજ એ પદવીઓ લગાડવામાં આવી છે, તેની રાણી નામે વિજયભટ્ટારિકાએ, વેન્ગુર્લીમની ઉત્તરે આશરે સાત માઇલ દૂર કિનારા ઉપર કોચરેમ નામના ગામની ખજ્જન ( એટલે ખાજન એટલે પાણીનાં ખાબોચીયાંવાળી ) જમીન તેની પાસે આવેલા એક ખેતર સાથે અમુક બ્રાહ્મણોને દાનમાં આપી છે, એમ લખેલું છે. નેરૂર આગળ મળી આવેલા બીજા દાનપત્રમાં પોતના સ્વરાજ્યના પાંચમા વર્ષમાં બીજું એક ખેતર તે રાણી દાનમાં આપે છે. આ દાન પત્રોમાં લખેલાં દાનો જેવાં દાનો, રાજ્યની નોકરી અથવા હકોની પેઠે, રાજ્ય કરનાર રાજાજ એકલો આપી શકે એ આવશ્યક નથી. આવાં દાનોથી ઉત્પન્ન થતાં પુણ્યની ઇચ્છા પુરૂષો તેમ સ્ત્રી પણ રાખે છે. માટે વિજયભટ્ટારિકા જેવી રાણી પોતાના પતિની હયાતીમાં ખેતરનું દાન કરે. તેણે આ પ્રમાણે દાન કર્યું તે વાત ઉપરથી ઘણા ધારે છે તેમ એમ નથી ઠરતું કે આ દાનો તેણીએ આપ્યાં તે સમયે તે રાજ્ય ઉપર હોવી જોઇએ. તે સમયે રાજ્ય કરતા રાજાની તે પટ્ટરાણી હતી એટલુંજ ધારી શકાય છે. કૃષ્ણા અને તુંગભદ્રાના સંગમ પાસેના પ્રદેશ ઉપર પુલકેશીનો અન્ય પુત્ર નામે આદિત્યવર્મા રાજય કરતો હતો.

**ચંદ્રાદિત્ય.**

---

૧. જ. બો. બ્રે. રો. એ સો. વા. ૨. પૃ. ૪. આનો તરજુમો પ્રથમ બાલ શાસ્ત્રીએ કર્યો છે અને પછી મેં કર્યો છે ( જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૪) અને છેવટે મી. ફ્લીટે કર્યો છે. ( ઇ. એ. વા. ૯. પૃ. ૧૨૩ )

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પુલકેશીની પછી તેનો બીજો પુત્ર વિક્રમાદિત્ય ગાદીએ આવ્યો. તેના દાનપત્રોમાં તેને પુલકેશીનો પ્રિયતનય એટલે વહાલો પુત્ર એમ લખ્યો છે. તે ઉપરથી એમ લાગે છે કે રાજ્યની રાજ્યધાનીમાં તેની પછી વિક્રમાદિત્ય ગાદીએ આવે એવો તેણે બંદોબસ્ત કર્યો હશે, અને સરહદ ઉપરનો એક પ્રદેશ તેના મોટા પુત્ર ચંદ્રાદિત્યને આપ્યો હશે. બીજા રાજ્યોની પેઠે આ રાજ્યના આરંભમાં હુલ્લડ થયું હતું પણ તે હુલ્લડ ઉત્તરના રાજાઓ અથવા સરદારો જેઓ આ સમયે જાયુના તાબે થઇ ગયા હતા એમ લાગે છે તેઓ તરફનું નહોતું પણ ઘણાજ દક્ષિણમાંથી થયું હતું. કાંચી અથવા કાંજીવરમના પલ્લવરાજા, તથા ચોલ, પાંડય અને કેરલ દેશોના રાજાઓ જેઓને પુલકેશીએ માત્ર થોડા ઘણા તાબે કર્યા હતા તેઓએ હુલ્લડ કર્યું. વિક્રમાદિત્ય જે અક્કલવાળો તથા હિમ્મતવાન સાહસિક પુરૂષ હતો તેણે ચોલ, પાંડય તથા કેરલના રાજાઓની સત્તા ભાગી. પલ્લવ રાજાનો તેણે પરાજય કર્યો તેની રાજ્યધાની કાંચી પકડી, અને તે રાજા જેણે પૂર્વે કોઇના આગળ મસ્તક નમાવ્યું નહોતું તેને પોતાની આગળ તેમ કરવાની ફરજ પાડી. ચિત્રકંઠ નામના પોતાના ઘોડા ઉપર સ્વાર થઇને હાથમાં એક તરવાર લઇને જે સર્વ શત્રુઓ તેની સામે થતા તેને તે હરાવતો એમ કહેવાય છે. આ રીતે જે સર્વ પ્રદેશો ઉપર તેના પિતાનું રાજ્ય હતું તે સર્વ તેણે પુનઃ મેળવ્યા અને ત્રણ[૧] સમુદ્રની વચ્ચેના સર્વ દેશનો તે સાર્વભૌમ રાજા થયો.

**આદિત્યવર્મા–વિક્રમાદિત્ય પહેલાં.**

વિક્રમાદિત્ય પહેલાના રાજ્યમાં ચાલુક્યવંશની એક શાખા દક્ષિણ ગુજરાત અથવા પ્રાચીન સમયમાં જેને લાટ દેશ કહેતા

---

૧. ઇ. એ. વા. ૧૦ પૃ. ૨૪૪

૧. ઇ. એ, વ, ૬, પૃ. ૮૬, ૮૯, ૯૨, જ, બો, બ્રે. રો, એ. સો, વા. ૩, ૨૦૩ તથા ઇ. એ. વા, ૮ પૃ. ૧૨૭–૧૩૦–૧૩૧,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**ચાલુક્યવંશની એક શાખા દક્ષિણ ગુજરાતમાં સ્થપાઈ.**

ત્યાં સ્થપાઈ. વિક્રમાદિત્યે એ પ્રદેશ પોતાના એક નાનાભાઇ જયસિંહ વર્મા જે આ રીતે પુલકેશી[2] બીજાનો બીજો પુત્ર હોવો જોઇએ તેને આપ્યો. જયસિંહના પુત્ર વિનયાદિત્ય યુદ્ધમલ્લે શકે ૬૫૩[3] માં જમીન ઈનામમાં આપી. અને તેજ રાજાના બીજા પુત્ર શ્રયાશ્રય શિલાદિત્યે ૪૪૧[4] માં તે નવસારીમાં રહેતો હતો તે સમયે એક ગામ ઇનામમાં આપ્યું. આ વર્ષ કીયા સંવત્સરનું હશે તે તે દાનપત્રમાં લખેલું નથી. પણ તે સમયે ગુજરાતમાં ગુપ્ત સંવત્સર પ્રચલિત હતો તેનું એ વર્ષ છે એમ ગણવાથીજ એ બંને ભાઇઓને સાથે લાવી શકાય છે; કારણકે ગુપ્ત વર્ષ ૪૨૧ તે શકે ૬૬૨[1] ને મળતું આવે છે. શ્રયાશ્રયને યુવરાજ કહેતા જે ઉપરથી એમ દેખાય છે કે તે દેશના રાજ્યમાં તેના ભાઇ સાથે તે પણ રાજ્યમાં સામેલ હતો. ખેડામાં મળી આવેલું ગુજરાતના ચાલુકયોનું તામ્ર લેખનું દાનપત્ર જેનું ભાષાંતર પ્રો. ડાઉસને કર્યું છે તેમાં ત્રણ રાજાઓનાં નામ આવે છે, એટલે જયસિંહરાજ, બુદ્ધવર્મરાજ અને વિજયરાજ.[2] વિદ્વાનો તથા પ્રાચિનવેત્તાઓ એમ સમજે છે કે આમાંનો પહેલો રાજા તે તથા દક્ષિણમાંના ચાલુકય

---

૨. જ. બો, બ્રે. રો, એ, સો, વા. ૧૬ પૃ. ૨,
૩, તેજ પુસ્તકનું પૃ. ૫,
૪. તેજ પુસ્તકનાં પૃ. ૨—૩.
૧. પરિશિષ્ટ અ. જોવું.
૨. જ. રો. એ. સો. વા. ૧. પૃ. ૨૬૮.
૩. મારાં કારણો આ પ્રમાણે છે:—(૧) તેની પધ્ધતિ ચાલુકયોના દાનપત્રને મળતી નથી. (૨) વારાહાવતારની સ્તુતિ બીજા સર્વમાં હોય છે તે આમાં નથી. (૩) તેમાં ફકત ત્રણ નામોજ જે સંધીઓમાં આવે છે તેજ આપેલાં છે. (૪) ત્રણે રાજાઓનાં નામોને છેડે એક સરખોશબ્દ રાજ આવે છે, જે ખરા ચાલુકય દાનપત્રોમાં નથી. (૫) જેમ સર્વ ચાલુકય વંશના રાજાને પદવીઓ હતી તેમ આમાં કાંઇ પદવીઓ નથી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વંશનો સ્થાપન કરનાર જયસિંહ એ એકજ છે. પણ હું ધારૂં છું કે જે રાજા વિશે તે લખવામાં આવ્યું છે તે વિક્રમાદિત્ય પહેલાનો ભાઇ અને તે વંશની ગુજરાતની શાખાનો સ્થાપનાર જયસિંહવર્મા છે. કારણ કે પૂર્વ સમયના ચાલુકય વંશના રાજાઓને ગુજરાત સાથે કાંઈ પણ સંબંધ હતો એ દર્શાવનારૂં કાંઈ પણ હાથ લાગ્યું નથી. મને તો આ દાનપત્ર ખોટું ઉભું કરેલું દેખાય છે. તેમાં લખેલો બુદ્ધવર્મા, જો ખરે-ખરો થઇ ગયો હોય તો, તે ઉપર લખેલા જયસિંહવર્માના બે પુત્રો શીવાય અન્ય પુત્ર હોવો જોઇએ, અને તે અને તેના પુત્ર વિજયરાજે ગુજરાતના બીજા ભાગ ઉપર રાજ્ય કર્યું હોવું જોઇએ. જો આ દાન-પત્ર ખરૂં છે એમ ગણીએ તો ૩૯૪ નું વર્ષ શ્રયાશ્રયના દાનપત્રની પેઠે ગુપ્ત સંવત્સરનું છે, એમ ગણવું જોઈએ.

**વિનયાદિત્ય.** વિક્રમાદિત્ય પહેલા પછી ગાદીએ તેનો પુત્ર વિનયાદિત્ય આવ્યો. તેના એક દાનપત્રની તારીખ સકે ૬૧૧ છે જે તેના રાજયનું[1] દશમું વર્ષ છે, બીજા દાનપત્રની તારીખ શકે ૬૧૩ જે અગીયારમું અને ત્રીજાની તારીખ શકે ૬૧૬ એટલે તેના રાજ્યના ચૌદમા[2] વર્ષની છે. તેનો એક લેખ એક શિલા ઉપર છે, જેમાંની તારીખ શકે ૬૦૮ અને તેના રાજ્યના સાતમા[3] વર્ષ ની છે. આ ઉપરથી એમ દેખાય છે કે વિનયાદિત્ય શકે ૬૦૨ એટલે ઈ. સ. ૬૮૦ માં ગાદીએ આવ્યો, અને એજ વર્ષમાં તેના પિતા વિક્ર-માદિત્યના રાજ્યનો અંત આવેલો હોવો જોઇએ. તેની છેલ્લામાં છેલ્લી તારીખ ઇ. સ. ૬૯૪ ની છે, પણ તેનું રાજય ઇ. સ. ૬૯૬ માં પુરૂ થયું, કારણકે નીચે લખેલાં તેના પુત્રનાં દાનપત્રો

---

૧. ઇ. એ. વા. ૬. પૃ. ૮૬.

૨. એજ પુસ્તકનાં પૃ. ૮૯—૯૨

૩. ઇ. એ. વા. ૭. પૃ. ૧૧૨

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉપરથી એમ જણાય છે. વિનયાદિત્ય પોતાની હયાતીમાં દક્ષિણના રાજાઓ સાથેનાં યુદ્ધોમાં મદદ કરતો અને પલવ રાજાની તથા બીજા ત્રણ રાજાઓની સેનાઓનો નાશ કરીને દેશને શાંત કર્યો તેથી તેના ઉપર તેના પિતાની પ્રીતિ વધી. પોતાના રાજ્યના અગીયારમા તથા ચૌદમા વર્ષોની વચ્ચેના ( એટલે ઇ. સ. ૬૯૨—૬૯૫ ) સમયમાં પલ્હવ, કાલંભ્ર, કેરલ, હૈહેય, વીલ, માલવ, ચોલ, પાંડય અને અન્ય જાતિના લોકોને ચાલુકય મહારાજ્યના દઢ મિત્રો બનાવ્યા, જેવી રીતે ચેરાગના ગાંગ વંશની તથા ઉલુપ જાતિના લોકોની મૈત્રી પ્રથમ પુલકેશી[૧] બીજાએ મેળવી હતી તેમ. કાવેર અથવા કેટલાંએક દાનપત્રોમાં લખ્યા પ્રમાણે કેરલના રાજા, તથા પારસીકો જેઓ ઘણું કરીને મલબારના કીનારા ઉપર વસેલા સીરીયન લોકો હતા તેમના રાજા, તથા સિંહલના રાજાને ખંડણી આપતા કર્યા. પોતાના પિતામહની પેઠે આ પણ ઉત્તર હિંદુસ્તાનનો એક રાજા સાર્વભૌમ રાજા જેનું નામ આપવામાં આવ્યું નથી તેની સાથે લઢયો, અને તેને હરાવ્યો અને સાર્વભૌમ રાજ્યનાં સર્વ ચિહ્નો જેવાં કે પાલીધ્વજ નામનો ધ્વજ, ઢક્કા નામનું ઢોલ, ઇત્યાદિ તેણે પ્રાપ્ત કર્યાં હતાં એમ દેખાય છે. આ સર્વે વૃત્તાંત શકે ૬૧૬ પછી થએલા હોવો જોઇએ, કારણ કે તે વર્ષના તેના દાનપત્રમાં આ વાત નથી પરંતુ તેના પછીના રાજાઓના[૧] દાનપત્રમાં છે.

**વિજયાદિત્ય.**

તેની પછી તેનો પુત્ર વિજયાદિત્ય ગાદીએ આવ્યો. તેણે પોતાના પિતામહને તેના દક્ષિણના રાજાઓ સાથેના યુદ્ધમાં તથા પોતાના પિતાને તેની ઉત્તર તરફની ચઢાઇઓમાં સહાય કરી હતી તેમ દેખાય છે. એક સમયે તેને તેના

---

૧. આ હકીકત તેના રાજયના ૧૧ મા વરસના દાનપત્રમાં લખેલી નથી ( ઇ. એ. વા. ૬, પૃ. ૮૮) પણ ચૌદમા વરષનામાં આવે છે ( પૃ–૮૨ ) તેમજ તેના પછીના રાજાઓમાં પણ આવે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શત્રુઓએ પકડી લીધો હોય એમ દેખાય છે, જો કે તેઓ હાર્યા હતા અને નાસતા હતા. તે તેમના કબજામાં હતો, તો પણ પોતાના દેશમાં અંધાધુંધી અને ઉપ્પલવને અટકાવી શકયો, અને જ્યારે તે છુટયો ત્યારે સર્વત્ર પોતાની સત્તા સ્થાપી અને સર્વોપરી સત્તાનાં સર્વ ચિહ્નો ધારણ કર્યાં. બાદામીમાં એક લેખ છે જેમાં એમ લખેલું છે કે તેના રાજ્યમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની મૂર્ત્તિઓની વાતાપીપુરમાં શકે ૬૨૧ માં એટલે તેના રાજ્યના ત્રીજા વર્ષમાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. તેનું એક દાનપત્ર શકે ૬૨૨ એટલે તેના રાજ્યના ચોથા વર્ષમાં, અને બીજું શકે ૬૨૭ એટલે દશમા વર્ષમાં થએલાં છે, જે ઉપરથી એમ નીકળે છે કે તેનું રાજ્ય શકે ૬૧૯ એટલે ઇ. સ. ૬૯૭ માં શરૂ થયું. આ બન્ને દાનપત્રો અને તારીખ વીનાનું એક ત્રીજું દાનપત્ર આ ત્રણે સાવંતવાડી[૨] રાજ્યમાં આવેલા નેરૂર આગળથી જડી આવ્યાં છે. વિજયાદિત્યનું લાંબુ રાજ્ય ૩૬ વર્ષ સુધી ચાલ્યું.

**વિક્રમાદિત્ય**

વિજયાદિત્ય પછી તેનો પુત્ર વિક્રમાદિત્ય બીજો ગાદીએ આવ્યો. શિલા ઉપર કોતરેલા તેના એક દાનપત્રની તારીખ શકે ૬૫૬ એટલે તેના રાજ્યના[૧] બીજા વર્ષની છે; માટે તે શકે ૬૫૫ એટલે ઇ. સ. ૭૩૩ માં ગાદીએ આવ્યા પછી તુરતજ તેને તેના વંશપરંપરાના શત્રુ પલ્લવ રાજા સામે સેના મોકલવી પડી. તે સમયે પલ્લવ રાજ્યધાનીમાં જે રાજા રાજ્ય કરતો હતો તેનું નામ નંદીપોતવર્મા હતું. વિક્રમાદિત્ય ઉતાવળથી તેની સામે ગયો અને તુડાક દેશમાં તેની સામે થયો. નંદીપોતવર્માનો પરાજય થયો

---

૧, ઈ, એ. વા. ૯ પૃ. ૧૨૭ અને ૧૩૧

૨. એજ પુસ્તકનાં તેજ પૃષ્ઠો તથા જ. બો. બ્રે. પ્રે. રો. એ. સો, વા. ૮ પૃ. ૨૦૩ તથા તે પછીનાં પૃષ્ઠો.

૧. ઇ, એ, વા. ૭ પૃ. ૧૦૭

અને રણમાંથી તેને નાસી જવું પડયું. ઘણાં માણેકો, હાથીઓ, અને રણનાં વાદિત્રોરૂપી ઘણી લુંટ ચાલુકય રાજાને મળી, પછી તે કાંચી નગરીમાં પેઠો પણ તેનો નાશ કર્યો નહીં. તે નગરીમાં તેણે ઘણું દ્રવ્ય બ્રાહ્મણોને તથા ગરીબોને અને અનાથોને આપ્યું, અને રાજસિંહેશ્વર તથા બીજા દેવ મંદીરોમાંથી પૂર્વના રાજાઓએ જે સુવર્ણ ઇત્યાદિ લીધું હતું તે તેણે ત્યાં પાછું આપ્યું. પછી તેણે ચોલ, પાંડય, કેરલ, તથા કાળંભ્ર લોકો સાથે યુદ્ધ કર્યા અને તેમનો[૨] પરાજય કરી તાબે કર્યા. કાંચીનગરીના રાજા ઉપરની જીતના સ્મરણમાં એક મંદીર તેની રાણીએ કુલાદગી[૧] જીલ્લામાં આવેલા થતદકલમાં બંધાવ્યું હતું. આ રાજાએ ચૌદ વર્ષ રાજ્ય કર્યું.

**કીર્ત્તિવર્મા બીજો.**

તેના પુત્ર કીર્ત્તિવર્મા બીજાએ શકે ૬૬૯ એટલે ઈ. સ. ૭૪૭ માં રાજ્ય કરવું શરૂ કર્યું, કારણકે તેના રાજ્યના અગીઆરમા વર્ષમાં કરેલા દાન પત્રની તારીખ શકે ૬૭૯[૨] ની છે. પલ્લવ લોકો સાથેનાં યુદ્ધોમાં તેના પિતાને તેણે સહાય કરી હતી. એક સમયે તો તેના પિતાની અનુમતિથી પલ્લવ રાજા સામે તે ગયો હતો, તે સમયે કાંચીનો રાજા જે તેના સામે રણમાં લડવાને ઘણો નિર્બલ હતો તેણે કીલ્લામાં આશ્રય લીધો. આ રાજાની સત્તાનો એ ચાલુકય રાજાએ નાશ કર્યો અને મોટી લુંટ મેળવીને પોતાને દેશ તે પાછો આવ્યો. આ રાજાના રાજ્યમાં મહારાષ્ટ્રની

**ચાલુકય વંશનો પરાભવ.**

સત્તા ચાલુકય વંશમાંથી ગઈ અને તેનુ રાજ્ય તે વંશના હાથમાંથી રાષ્ટ્રકૂટ વંશના રાજાઓના હાથમાં ગયું. તે વંશની મુખ્ય શાખા નાશ પામી; પણ તેની નાની શાખાઓ બહુ હતી અને આમાંની એક શાખાનો

---

૨, ઇ, એ. વા. ૮, પૃ. ૨૬,
૧ ઇ. એ. વા. ૧૦ પૃ ૧૬૫
૨. ઈ. એ. વા. ૮ પૃ ૨૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજા તૈલપ સમય જતાં સર્વોપરિ સત્તા પાછી મેળવવાને ભાગ્યશાળી થયો. માટે આ સમય પછી ચાલુક્ય વંશના રાજાઓએ કરેલાં દાનોનાં તામ્રલેખો માલુમ પડતા નથી. પરંતુ આ અંતરના સમયમાં થએલા રાષ્ટ્રકૂટ રાજાઓના લેખો ઉત્તર ગુજરાતમાં આવેલા રાધણપુરથી કોલ્હાપુર પાસે આવેલા સામનગઢ સુધી મળે છે. કીર્ત્તિવર્મા બીજાના જે દાનપત્ર ઉપરથી ઉપરની હકીકત લેવામાં આવેલી છે તેમાં તેના પરાજયની વાત લખી નથી, પરંતુ તે દાનપત્રની તારીખ એટલે શકે ૬૭૯ ના પહેલાં મહારાષ્ટ્ર તેના કબજામાંથી ગયું હશે. ચાલુક્ય વંશનો રાષ્ટ્રકૂટ વંશના જે પ્રથમ રાજાએ પરાજય કર્યો તેનું નામ દંતિદુર્ગ હતું અને તેણે આરંભેલું કાર્ય તેના પુત્ર કૃષ્ણે પૂર્ણ કર્યું. દંતીદુર્ગ રાજાના દાનના સામનગઢ આગળ મળી આવેલા તામ્રલેખમાં એમ લખેલું છે કે [1]વલ્લભનો પરાજય કરીને તે સાર્વભૌમ રાજા થયો. આ દાનપત્રની તારીખ શકે ૬૭૫ છે. માટે એ સમય પહેલાં ચાલુક્ય વંશની સતા મહારાષ્ટ્ર ઉપરથી ગઇ હશે. યેવુરના શિલા લેખમાં તથા મીરના તામ્રલેખોમાં એમ લખેલું છે, કે કીર્ત્તિવર્મા બીજા રાજાના રાજ્યમાં ચાલુક્ય વંશે સર્વોપરી સત્તા ગુમાવી. માટે હવે પ્રથમના સમયના ચાલુક્ય વંશનાં રાજાઓનાં વૃત્તાંત આપણે અહીયાંથી બંધ કરીશું

**ચાલુકય વંશના રાજયમાં જૈન ધર્મ.**

પ્રથમના સમયમાં આ ચાલુક્ય વંશના રાજાઓના રાજ્યના સમયમાં પ્રાચીન વૈદિક ધર્મ તેમજ પુરાણના સમયના બ્રાહ્મણ ધર્મના વિકાસિત રૂપ સાથે જૈન ધર્મ પણ વિખ્યાતિમાં આવ્યો હતો. ઐહોલના શિલાલેખનો કર્તા જૈન પુરૂષ નામે રવિકૃતિ જે પોતાને કવિ તરીકે ઓળખાવે છે, તેને પુલકશી બીજાએ આશ્રય આપેલો હતો; વિક્રમાદિત્ય બીજાએ એક જૈન મંદીરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તથા વિજય પંડિત નામના વિદ્વાન જૈનને તેના સબંધમાં દાન આપ્યું હતું. આ

---

૧ જ. બૉ. બ્રે. રો. એ. સ્વે. વા. ૭ પૃ ૩૭૫

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પંડિત વિશે તેમાં એમ લખવામાં આવ્યું છે કે વાદવિવાદમાં તેના સામાવાળાઓનો તેણે પરાજય કર્યો હતો અને તે એકલોજ વિવાદમાં [1]જય મેળવતો હતો.

**પુરાણોના દેવો.** પરંતુ હાલના સમયની પેઠે તે સમયે પણ દખણ તરફના મરાઠા દેશમાંજ માત્ર જૈન ધર્મ ઘણું કરીને ઉત્કૃષ્ટ સ્થિતિમાં હતો. પુરાણમાંની ત્રિમૂર્ત્તિ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ દેવોનાં મંદિરો જૂદા જૂદા નામોથી ઘણા સ્થાનોએ બંધાવવામાં આવતાં હતાં. ભયંકર સ્વરૂપવાળા શિવની પૂજા પણ તે સમયે પ્રચલિત હતી એમ દેખાય છે. કારણકે કાપાલિકેશ્વર એટલે કાપાલ અથવા મસ્તકનો હાર પેહેરનાર મહાદેવજીની પૂજાને માટે અમુક એક ગામ નાગવર્ધન નામના રાજાએ દાનમાં આપ્યા બાબતના નાસીકના દાનપત્ર ઉપરથી એમ જણાય છે, તેમ વેદ તથા શાસ્ત્રો ભણેલા બ્રાહ્મણોને આપવામાં આવતાં દાનો પણ ઘણાં સામાન્ય હતાં. બાદામી આગળનું ગુફામંદીર મંગલીશ રાજાએ વિષ્ણુની પુજા માટે અર્પણ કરેલું છે એ ઉપરથી એમ દેખાય છે, કે તે વંશના પ્રથ-

**ગુફાઓની કોતરણી.** મના રાજાઓના સમયમાં પુરાણમાંના ધર્મને માટે ગુફાઓ વાપરવામાં આવતી હતી. ચાલુક્ય વંશના રાજાઓને બૌદ્ધ ધર્મના લોકો સાથે કાંઇપણ સબંધ હતો તે બતાવનારો કોઇપણ લેખ હજુસુધી મળી આવ્યો નથી. પરંતુ તે સમયે બૌદ્ધ ધર્મ પ્રચલિત હતો અને બૌદ્ધ ધર્મનાં મંદિરો અને મઠો ઘણા હતા. તે વાત હ્વેનસંગે આપેલા વૃત્તાંત ઉપરથી માલુમ પડે છે.

**બુદ્ધધર્મ.** પરંતુ તે ધર્મ પડતીની અવસ્થામાં હતો તે બાબત થોડી જ શંકા રહે છે. ચાલુક્ય વંશના રાજાઓ, પૂર્વ સમયના તેમજ આગળ થઈ ગએલા રાજાઓની પેઠે સર્વ ધર્મ પ્રતિ સહનશીલતાવાળા હતા.

---

૧ ઈ. એ. વા. ૭. પૃ. ૧૦૭

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પ્રથમ ચાલુક્ય વંશની વંશાવલિ.

(૧) જયસિંહ.

(૨) રણરાગ.

(૩) પુલકેશી. ૧-સત્યાશ્રય શ્રી પુલકેશી વલ્લભ.

(૪) કીર્ત્તિવર્મા ૧.
શકે ૪૮૯-૫૧૩
ઇ. સ. ૫૬૭-૫૯૧

(૫) મંગલીશ.
શકે ૫૧૩-૫૩૨
ઇ. સ. ૫૯૧-૬૧૦

(૬) પુલકેશી. ૨=સત્યાશ્રય પૃથ્વી વલ્લભ
રાજ્યારંભ શકે ૫૩૨ એટલે ઇ. સ.
૬૧૦ માં; શકે ૫૫૬ એટલે ઇ. સ.
૬૩૪ માં રાજ્ય ઉપર હતો, તથા ઇ.
સ. ૬૩૯ માં હવૅાનસંગે જોયો હતો.

વિષ્ણુવર્ધ્ધન=
પૂર્વ તરફનો ચા-
લુક્ય વંશસ્થાપ-
નાર.

જયસિંહ.

ચંદ્રાદિત્ય

(૭) વિક્રમાદિત્ય. ૧.
શકે ૬૦૨ એટલે
ઈ. સ. ૬૮૦ માં
રાજ્ય પુરૂ થયું.

આદિત્યવર્મા.

જયસિંહવર્મા.

(૮) વિનયાદિત્ય શકે
૬૦૨-૬૧૯.
ઈ. સ. ૬૮૦-૬૯૭

Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

(૯) વિજયાદિત્ય શકે ૬૧૯-૬૫૫.
ઇ. સ. ૬૯૭-૭૪૩.

(૧૦) વિક્રમાદિત્ય ૨. શકે ૬૫૫-૬૬૯.
ઇ. સ. ૭૩૩-૭૪૭.

(૧૧) કીર્તિવર્મા. ૨. શકે ૬૬૯ એટલે
ઇ. સ. ૭૪૭.
શકે ૬૭૫ એટલે ઇ. સ. ૭૫૩
પૂર્વે દન્તિદુર્ગે તેની સર્વોપરિ સત્તાનો
નાશ કર્યો.

---

## પ્રકરણ ૧૧.

### રાષ્ટ્રકૂટ વંશ.

અદ્યાપિ પર્યંત જડેલાં દાનપત્રોમાં વર્ણવેલો આ વંશનો પ્રથમમાં પ્રથમ રાજા ગોવિંદ ૧. છે. પણ એલુરામાંના દશાવતારની ગુફાના મંદિરમાંના એક લેખમાં તેની પૂર્વના બે રાજા દન્તિવર્મા તથા ઈંદ્રરાજનાં નામો આવે[1] છે. ઇંદ્રરાજ તે ગોવિંદ રાજાનો પિતા

**ગોવિંદ ૧.** તથા દન્તિવર્મા તેનો પિતા હતો. ઐહોલના રવિકૃતિએ લખેલા શિલાલેખમાં લખ્યા પ્રમાણે જે રાજાએ ચાલુક્ય રાજા પુલકેશી ૨. ના ઉપર ચઢાઇ કરી અને પછીથી તેનો મિત્ર થયો હતો તેજ ગોવિંદ નામનો રાજા આ ઘણું કરીને હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગોવિંદની પછી તેનો પુત્ર કર્ક ગાદીએ આવ્યો
**કર્ક ૧.** જેના રાજ્યમાં બ્રાહ્મણોએ ઘણા યજ્ઞો કર્યા અને
જેણે પ્રાચીન વૈદિક ધર્મને ઘણું ઉત્તેજન આપ્યું
**ઇંદ્ર ૨.** હતું એમ દેખાય છે. તેના પછી તેનો પુત્ર ઇંદ્ર-
રાજ ગાદી ઉપર આવ્યો. ઇંદ્રરાજ ચાલુક્ય વંશની
એક કન્યા સાથે પરણ્યો હતો. આ કન્યા તેનીમાની બાજુથી ચંદ્રવંશ એટલે ઘણું કરીને રાષ્ટ્રકૂટ વંશની સાથે સંબંધ ધરાવતી હતી.

આ દંપતિમાંથી દન્તિદુર્ગ થયો જે તેના પિતા
**દન્તીદુર્ગ.** પછીથી રાજા થયો. કર્ણાટકની જે સેનાએ
અદ્યાપિ પર્યંત કાંચી, કેરલ, ચોલ તથા પાંડય રાજા-
ઓનાં સૈન્યોને તથા ઉત્તર હિંદુસ્થાન તથા [૧]ગુજરાતના સાર્વભૌમ રાજાના સૈન્યનો પરાજય કરી ઘણીજ કીર્ત્તિ પ્રાપ્ત કરી હતી, તે કર્ણાટકની સેનાને દંતિદુર્ગે થોડાએક યોધ્ધાઓ લઇને હરાવી દીધી. અને આ રીતે વલ્લભ એટલે ચાલુક્ય વંશના છેલ્લા રાજા કીર્તિવર્માંરને સેહેલાઇથી જીત્યો. આ પ્રમાણે તેણે [૨]દક્ષિણમાં સાર્વભૌમ રાજ્ય પ્રાપ્ત કર્યું. વળી તેણે કાંચી, કલિંગ, કોસલ, [૩]શ્રીશૈલ, માલવ, લાટ અને તક દેશોના રાજાઓને પણ તાબે કર્યા. ઉજ્જયિનીમાં તેણે સુવર્ણ તથા જવાહિરનું ઘણા મોટા જથ્થામાં [૪]દાન કર્યું. કોલ્હાપુર જીલ્લામાંના સામનગઢ આગળથી મળી આવેલા દંતિદુર્ગ રાજાના એક દાનપત્રમાં શક સંવત્સર

---

૧. આ. સર્વે. વેસ્ટર્ન. ઇન્ડીયા. નં. ૧૦ પૃ. ૯૨-૯૬.

૧ આ રીતે કર્ણાટકનું લશ્કર તેજ ચાલુક્યનું હતું.

૨ સામનગઢનું દાનપત્ર પૃ. ૩૭૫. જ. બો. બ્રે. રો. એ. સો. વા ૨.

૩ આ શ્રીશૈલની આજુબાજુનો દેશ હોવો જોઇએ, જ્યાં મલ્લિકાર્જુનનું વિખ્યાત શિવાલય છે અને જે મદ્રાસ ઈલાકાના કારનુલ જીલ્લામાં ઉત્તર કૃષ્ણા ઉપર આવેલું છે.

૪ આ. સ. વે. ઈ. નં. ૧૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૬૭૫ એટલે ઇ. સ. ૫૭૫૩ ની સાલ છે.

કૃષ્ણરાજ.

[6]કુર્ડા આગળથી મળી આવેલા એક દાનપત્ર ઉપરથી એમ દેખાય છે કે દંતિદુર્ગ નિશ્પુત્ર મરી ગયો; અને તેથી તેનો કાકો કૃષ્ણરાજ ગાદી ઉપર તેની પછી આવ્યો, [7]વડોદરામાંથી મળી આવેલા બીજા દાનપત્રમાં દંતિદુર્ગનું નામ નથી. કારણકે આ લેખ લખનારનો હેતુ રાજ્યકર્ત્તા રાજાનીજ વંશાવલિ આપવાનો છે, જેના સંબંધમાં દંતિદુર્ગ રાજા તો પિત્રાઈ થાય. પૂર્વના સર્વ રાજાઓનાં નામો આપવાનો તેનો હેતુ નથી. તે દાનપત્રમાં એમ લખવામાં આવેલું છે કે પોતાના જ વંશનો એક રાજા જે દુષ્ટાચરણમાં પડયો હતો તેનું તેણે ઉન્મૂલન કર્યું અને પોતાના વંશના હિતને અર્થેજ તેણે રાજ્ય કરવાનું કાર્ય પોતે જ હાથમાં લીધું. રાજાને આ રીતે દન્તિદુર્ગે પદભ્રૂષ્ટ કર્યો અથવા નષ્ટ કર્યો તે રાજા કેટલાએક જેમ માને છે તેમ, દંતિદુર્ગ નહીં, કારણ કે તે રાજા તો બહુ સત્તાવાન હતો અને તેણેજ પોતાના વંશમાં સર્વથી પ્રથમ સર્વોપરિ સત્તા પ્રાપ્ત કરી હતી. કાર્લા આગળથી મળી આવેલા એક દાનપત્રમાં કૃષ્ણ વિશે એમ લખવામાં આવ્યું છે કે દંતિદુર્ગના [1]મરણ પછી તે ગાદીએ આવ્યો; માટે જે રાજાને તેણે પદભ્રૂષ્ટ કર્યો હતો તે રાજા દંતિદુર્ગનો પુત્ર હોવો જોઈએ, અથવા પોતાના કરતાં રાજ્યગાદી ઉપર વધારે સારા હકવાળો બીજો કોઇ રાજા હોવો જોઇએ. દંતિદુર્ગ નિશ્પુત્ર મરી ગયો એવું વૃત્તાંત કુર્ડાના લેખમાં છે તે તે રાજાના મરણ પછી ૨૦૦

---

૫ ઉપર લખ્યામાં આવી છે તેજ.

૬ જ, રો. એ. સો. વા. ૮

૭ ઓ. એ. સાં. જ. વા. ૮ પૃષ્ટો ૨૯૨. ૩૦૩ માં પ્રકટ થયેલું.

૧. શ્લોક ૧૧ માં જુઓ; આમાંનો પેહેલો અર્ધ ભાગ જ ( તસ્મિન્ દિવં ગતે ) રહેલો છે. ( પૃ. ૧૪૬. ઈ. એ. વા. ૫. )

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વર્ષે લખાએલું છે માટે તેના ઉપર વિશ્વાસ રાખવા જેવું નથી.

કૃષ્ણરાજ જેનું બીજું નામ શુભતુંગ હતું, તેણે દંતિદુર્ગનું કાર્ય ચાલુ રાખ્યું અને ચાલુક્યોને પૂર્ણ રીતે તાબે કર્યા. બે [1]દાનપત્રોમાં તેના વિશે એમ લખેલું છે કે ચાલુક્ય વંશ રૂપી સમુદ્ર જેમાં પોતાની સત્તા રૂપી[2] પાંખો કપાવવાના ભયથી રાજારૂપી પર્વતોએ આશ્રય લીધો હતો, તે સમુદ્ર જે અન્યથી અલંધ્ય હતો તેનું પોતાના મંત્રીઓ અથવા અનુ-ચાયીઓ રૂપે દેવોની સહાયથી મંથન કર્યું, અને તેમાંથી સર્વોપરિ સત્તા-રૂપી લક્ષ્મી[3] કાઢી. રાહીય નામે રાજા જે પોતાની સત્તા તથા વીર્યનો મ-ગરૂર હતો તેનો તેણે પરાજય કર્યો અને પછીથી સર્વોપરિ[4] સત્તાનાં ચિહ્નો તેણે ધારણ કર્યા એમ કહેવાય છે. આ રાજા કોણ હતો તેનો નિશ્ચય કરવાને આપણી પાસે સાધનો નથી. વડોદરા વાળા દાનપત્રમાં એમ લખેલું છે કે "એલાપુર પર્વત ઉપર આશ્ચર્યકારક રૂપનું એક મંદીર કૃષ્ણરાજે બંધાવ્યું." પોતાના વિમાનોમાં બેસીને ફરતાં દેવોએ જ્યારે એ મંદીર જોયું, ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા, અને અંદર અંદર પોતાને

---

૧. વાણી ડીંદોરી. જ. એ. સો. વા ૫. તથા રાધનપુર. ઇ. એ. વા. ૬, પૃ. ૬૫.

૨. કથા એવી છે કે પ્રાચીન સમયમાં પર્વતોને પાંખો હતી અને તે વાપરીને ઘણુંજ નુકસાન તેઓ કરતા માટે ઇંદ્રે તે પાંખો કાપવા માંડી. આ ઉપરથી પર્વતોએ સમુદ્રમાં આશ્રય લીધો. આ કથા "પર્વત" શબ્દનો વેદમાં બેવડો અર્થ થાય છે તે ઉપરથી નીકળી છે. તેનો એક અર્થ "પાહાડ-ગિરિ"-અને બીજો "વાદળુ"-એવા થાય છે. વાદળાંને એકથી બીજે સ્થાને ઉડતાં અટકાવનાર અને તેમને મનુષ્ય જાતિના હિત સારૂ પૃથ્વી ઉપર પોતાનો ભાર-જલ-ખાલી કર-વાને ફરજ પાડી તે દેવ ઇંદ્ર હતો.

૩. વિષ્ણુએ દેવોની સહાયથી સમુદ્રનું મંથન કર્યું અને તેમાંથી લક્ષ્મીને કાઢી અને તેને તે પરણ્યા.

૪. ઇ. એ. વા. ૧૨ પૃ. ૧૮૨. લી. ૧૩.

Ac. Gunratnasuri MS                Jin Gun Aradhak Trust

કહેવા લાગ્યા કે " શિવનું આ મંદીર સ્વયંભૂ છે કારણકે આવું સૌંદર્ય વિદ્યાકળાના કાર્યમાં હોય નહીં. " તે મંદીરનો શિલ્પી પણ આશ્ચર્યથી ચકિત થયો હતો અને બીજું એવું મંદીર તેનાથી બાંધી શકાય નહી એમ લાગવાથી તે બોલ્યો " અહો આશ્ચર્ય ! હું જાણતો નથી કે શી રીતે આ મંદીર હું બાંધી શકયો.'' તે મંદીરમાં સ્થાપન કરેલા શંભુ (શિવ) ને કૃષ્ણ રાજાએ પોતાના હાથથી સુવર્ણ, માણેકો અને અન્ય રત્નોથી આભૂષિત કર્યાં, જો કે શિવ તો પોતે ગંગાના પ્રવાહ, ચંદ્ર અને કાલકૂટ નામના વિષ દર્શાવનારાં કૃત્રિમ આશ્ચર્યકારક અલંકારોથી વિભૂષિત હતાજ. નગરોને અંતે " પુર " એવો જે શબ્દ આવે છે તે અપભ્રૃષ્ટ થાય છે ત્યારે " ઉર " થાય છે, જેમકે સિંહપુરને સ્થાને 'સીહુર', ઈંદ્રપુરને સ્થાને ઈંદુર, શિરઃપુર અથવા શ્રીપુરને સ્થાને શીરૂર ઈત્યાદિ. એજ રીતે તે લેખનું ઈલાપુર તેજ એલુર, અને તે દાનપત્રમાં આ શબ્દોમાં જે મંદીરનું વર્ણન કરવામાં આવ્યું છે તે સ્થાને આગળના પર્વતમાંથી કોતરી કાઢેલામાંનું એક મંદીર હશે અને ઘણું કરીને કૈલાસનું [1] મંદીર હોવું

---

૧. ઈ. એ. વા. ૬ ના પોતાના નિબંધમાં ડો. બ્યુલર એમજ કહે છે કે " તે દાનપત્ર ( વડોદરાવાળુ ) તેને ( કૃષ્ણરાજને ) ઈલાપુરની ટેકરી સાથે સંબંધ છે તેમ બતાવી આપે છે. ત્યાં આગળ તેણે એક કીલ્લો અને શિવનું એક ભપકાદાર મંદીર બંધાવ્યું હતું. " ઇલાપુર તે હાલનુ કયું સ્થાન તે તેણે નિશ્ચિત કર્યું નથી અને આ તથા પછીના બે શ્લોકનો અગત્યનો ભાવાર્થ સમજ્યો નહોતો, તોપણ તે એમ કહે છે કે તેમાંનો એક શ્લોક ખરાબ રીતે વાંચવામાં આવ્યો હતો. આ તથા તેની નીચેના શ્લોકોનો ખરાબ રીતે તરજુમો કરવામાં આવ્યો છે તેમાં તો શંકા નથી. પરંતુ બેંગાલ એ. સો. ના જર્નલમાંનો તરજુમો તેથી પણ વધારે ખરાબ છે. અને તેથી ડો. બ્યુલર ખોટે રસ્તે દોરવાઇ ગયા હતા. મી. ફ્લીટે આંનો સુધારેલો તરજુમો હાલ પ્રકટ કર્યો છે ( ઇ. એ. વા. ૧૨. પૃ. ૧૬૨. ) પણ આનો તેમાંનો તરજુમો પેહેલાનાં કરતાં સારો નથી. તે પણ એક વખતે એક પર્વતના ગઢની વાત કરતા હતા ( ઇ. એ. વા. ૧૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જોઈએ. આ પ્રમાણે એમ દેખાય છે કે જે રાજાએ તે કૈલાસનું મંદિર બંધાવ્યું તે રાજા કૃષ્ણરાજ હોવો જોઇએ, અને ડૉકટર્સ ફર્ગ્યુસન તથાં બર્ગેસે ફક્ત શિલ્પકામ ઉપરથી તેની જે તારીખ નિશ્ચિત કરી છે તે ખરી પડે છે. માટે શક સંવત્સરના સાતમા શતકના છેલ્લા ચતુર્થ પાદમાં એટલે ઇ. સ. ૭૫૩ અને ૭૭૫ વચ્ચેના સમયમાં કૃષ્ણરાજે રાજ્ય કર્યું હોવું જોઇએ.

**ગોવિંદ ૨**

કૃષ્ણરાજની પછી તેનો પુત્ર [૧]ગોવિંદ. ૨ ગાદીએ આવ્યો. દાનપત્રોમાં એના વિષે કોઇપણ ખાસ બાબત લખેલું નથી, પરંતુ દરેક રાજા પછી તે ગમે તેટલો નિર્બળ અથવા વિના કીર્ત્તિનો હોય તો તેનું પણ સામાન્ય વખાણ આવે છે તેવું જ આનું પણ આવે છે. વાણીડીંડોરી તથા રાધણપુરના દાનપત્રો ઉપરથી એમ માલુમ પડે છે કે તેનો નાનો ભાઇ ધ્રુવ તેને સ્થાને તેને ઉઠાડી મુકીને ગાદીએ આવ્યો હતો. અને આ રીતે ગાદી જોરજુલમથી લઇ લીધી તે બાબતના તેના દોષને દાનપત્રોમાં

પૃ. ૧૨૪. ) અને તેઓ હવે એમ ધારે છે કે તે શ્લોકમાં લખેલું ઇલાપુર તે કૃષ્ણરાજની છાવણી હશે. ઊત્તર કાનડા જીલ્લામાં આવેલું પેલાપુર તેજ તે એલાપુર તેમ તે નિશ્ચિત કરે છે. પરંતુ મારા ભાષાંતર મુજબ જે રીતે તે મંદીરનું વર્ણન કરવામાં આવ્યું છે તેથી એલાપુરમાં એલુપરની વ્યુત્પત્તિ તા. એલાપુરકમાંથી એલુરાની વ્યુત્પત્તિ થઇછે. આ ઉપરથી શંકા રહેતી નથી કે એલુરાના પર્વતમાંથી કોતરેલા મંદીરનીજ વાત તે છે. અને તે મધેના એક મંદીરમાં રાષ્ટ્રકૂટનો લેખ ખરેખર ત્યાં છે તેથી પણ મારૂં અનુમાન ખરૂ ઠરે છે. ઇ. એ. વા. પર પૃ. ૨૨૮ માં પ્રકટ થએલા નિબંધમાં મેં બતાવ્યું છે કે મારો તરજુમો ખરો છે ત્યાં આગળ આ બાબત ઉપર પૂર્ણ વિવેચન વાંચકને મળશે.

૧ વાણી દીંડોરીતા. રાધણપુરના દાનપત્રોમાં આ રાજાનું નામ આવતું નથી. દંતિદુર્ગનું નામ વડોદરાના લેખમાં જે કારણથી મુકી દેવામાં આવ્યું છે, તેજ કારણથી આ બન્યું હશે, પણ ધ્રુવ અથવા નિરૂપણે તેના મોટા ભાઇને ગાદીએથી ખસેડયો એ વાત જયારે આવે છે, ત્યારે તેનું સુચન થાય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શાંત કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. તોપણ ધ્રુવ જાતે યોદ્ધા અને બળવાન રાજા હતો. તેનાં બીજાં નામો " નિરૂપમ " એટલે જેના જેવો બીજો નહી એવો, " કલિવલ્લભ " અને " ધારાવર્ષ " હતાં. તેણે કાંચીના પલ્લવ રાજાને હરાવ્યો, અને તેની પાસેથી હાથીની ખંડણી લીધી. ચેરા દેશ ઉપર રાજ્ય કરનાર ગાંગ વંશના રાજાને તેણે કેદમાં રાખ્યો. ઉત્તરમાં આવેલા વત્સ લોકોનો રાજા જેનું રાજ્યધાનીનું શહેર કૌસામ્બી જે અલ્લાહાબાદ આગળ આવેલું હાલનું કોશામ છે તેની સામે પોતાની સેના લડવાને તે લઈ ગયો. આ રાજા ગૌડ દેશના રાજા ઉપર જય મેળવવાથી ઘણો મત્ત થઇ ગયો હતો. આ રાજાને તેણે હરાવીને મારવાડના અલધ્ય રણમાં હાંકી કાઢયો અને [1]ગૌડ રાજા પાસેથી જે બે રાજ્યછત્રો તેણે જીતી લીધાં હતાં તે તે લઇ ગયો. પટ્ટાટકલનો એક શિલા લેખ નિરૂપમના રાજ્યમાં કોતરવામાં આવ્યો હતો. તે લેખમાં તેને ધારાવર્ષ અને [1]કલિવલ્લભ એ નામથી લખવામાં આવ્યો છે.

**ગોવિંદ ૩. અથવા જગત્તુંગ ૧**

ધ્રુવ નિરૂપમની પછી તેનો પુત્ર ગોવિંદ ૩ ગાદીએ આવ્યો. વાણીડીંડોરી તથા રાધણપુરનાં દાનપત્રો શકે ૭૩૦ એટલે ઇ. સ. [2]૮૦૨ માં જયારે તે મયુરખંડીમાં હતો ત્યારે તેણે લખાવ્યાં હતાં. નાસીક જીલ્લામાં આવેલો મોરખંડ નામનો પર્વત ઉપરનો એક કિલ્લો છે તેજ આ સ્થાન એમ નિશ્ચિત કરવામાં આવ્યું છે. આ રાજાના સમયમાં આ વંશની રાજ્યધાની મયુરખંડી

---

૧ વાણીડીંડોરી તા. રાંધણપુરના લેખો.

૧ ઇ. એ. વા, ૧૧ પૃ. ૧૨૫

૨ પહેલા લેખમાં સંવત્સરનું નામ સર્વજીત આપ્યું છે જેને મળતું આવતું ચાલતું શક વર્ષ ૭૩૦ છે. અને બીજામાં "વ્યય" છે તે શકે ૭૨૯ને મળતું આવે છે. આ તારીખોની ખરેખરી શી અગત્યતા છે તે માટે પરિશિષ્ટ બી. જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતું કે કેમ તે સંતોષકારક રીતે નક્કી થઈ શકતું નથી. ગોવિંદ ૩ રાષ્ટ્રકૂટ વંશના રાજાઓમાં સર્વથી મહાન્ રાજાઓમાંનો એક હતો. અને તેના દાનપત્રમાં એમ લખવામાં આવ્યું છે કે શ્રીકૃષ્ણના વખતમાં જેમ પુરાણના ઇતિહાસવાળા યાદવો અજીત થયા હતા તેવીજ રીતે તેના સમયમાં રાષ્ટ્રકૂટો અજીત થયા; એ વાત માનવા લાયક દેખાય છે. તે મોટો થયો ત્યારે એક બહાદૂર રાજા થવા પામ્યો છે એવું જોઈને તેના પિતાએ ગાદી છોડી તેને આપવાનું કહ્યું. પણ તેણે ના કહ્યું અને એમ કહ્યું કે [3]યુવરાજની પદવીથી હું પૂર્ણ સંતુષ્ટ છું. તેના પિતાના મરણ પછી જ્યારે તે ગાદીએ આવ્યો, ત્યારે રાષ્ટ્રકૂટ વંશની સત્તાસામે અસરકારક ધા કરવાના ઈરાદાની ઇચ્છાથી બાર રાજાઓએ પોતાનાં સૈન્યો એકત્ર-કર્યાં અને તેની સામે થયા. પણ તેણે પોતે એકલાએ કોઇ-ની પણ સહાય વિના જ પોતાના જાતિબળથી તેઓને સખ્ત હાર ખવ-રાવી અને તેઓના સહકારિ મંડળને તોડયું. પોતાના પિતાએ જે ગાંગવંશના ચેરાના રાજાને બંદીવાન તરીકે રાખ્યો હતો તેને તેણે છોડા વ્યો; પરંતુ તે પોતાના સ્વદેશમાં ગયો કે તરતજ સામે થવા લાગ્યો, પણ ગોવિંદ ૩ એ તુરતજ તેનો પરાજય કર્યો અને પુનઃ બંદીવાન કર્યો. પછીથી તે ગુર્જર રાજા સામે ગયો પણ તે તેને જોઇને જ નાસી ગયો. ત્યાંથી તે માળવા ગયો, જયાંનો રાજા તેની સત્તા સામે થવાને પોતાને નિર્બળ દેખીને તેને તાબે થયો. તેની પ્રણતિ સ્વીકારીને તે વિં-ધ્યાદ્રિ તરફ ગયો. તેની પાસેના દેશનો રાજા મારાશર્વ જે તેવી

૩ કાવીના દાનપત્રમાં એમ લખેલું છે કે તેના પિતાએ તેને પૂર્ણ સત્તા આપી રાજ્ય આપ્યું કે જે રાજ્ય તેના શત્રુ તેની પાસેથી લઇ લેવાનો પ્રયત્ન કરતા હતા, એટલે કે જ્યારે પોતાના શત્રુઓને ઘણા જ બળવાન થએલા તેણે જોયા, ત્યારે તેણે પોતાના પુત્રને ગાદીએ બેસાડયો અને તે શત્રુઓને તાબે કરવાનું કામ તેને સોંપ્યું. ઇ. એ. વાય પૃ. ૧૪૭ શ્લોક ૨૭ પણ તે પાઠ જરાક દૂષિત છે. બીજા દાનપત્રોમાં જે બાર રાજાઓને હરાવ્યાનું લખે છે તેજ આ શત્રુ હોવા જોઇએ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હીલચાલની તપાસ રાખતો હતો તેને પોતાના ગુપ્ત દૂતો તરફથી એમ ખબર મળી કે તે પર્વતના ઢોળાવવાળા પ્રદેશમાં ગોવિંદની સેના છાવણી કરીને પડી છે, ત્યારે તે રાજા તેની પાસે ગયો અને તેને પગે પડીને પોતાની બહુ મૂલ્યવાન્ વારસામાં મળેલી વસ્તુઓ જે બીજા કોઇ રાજાને પૂર્વે મળેલી નહી તે બક્ષિસ કરી. આ પ્રસંગે ગોવિંદે ચોમાસાની ઋતુ શ્રીભવન નામને સ્થાને ગાળી. આ સ્થાન કીયું તે હજુ નક્કી થયું નથી. વર્ષા ઋતુ પછી તે પોતાની સેના સાથે તુંગભદ્રા ગયો, ત્યાં થોડો સમય રહ્યો અને કાંચીના પલ્લવ રાજાને અગાઉના કરતાં વધારે તાબે કર્યો. ત્યાંથી તેણે વેંગીદેશ એટલે ઉતરકૃષ્ણા અને ગોદાવરી નદીઓની વચ્ચેના દેશના રાજાને સંદેશો કહાવ્યો. આ રાજા ઘણું કરીને પૂર્વ તરફનો ચાલુક્ય વંશની શાખાનો હતો. આ રાજા આવ્યો અને જાણે કે નોકર હોય તેમ તેની આજ્ઞામાં રહ્યો.[1] ઉત્તર તથા દક્ષિણનાં આ મહાન્ વિજયી પરાક્રમો શકે ૭૨૬ એટલે ઇ. સ, ૮૦૪ પહેલાં થએલાં હોવાં જોઇએ. કારણકે કાનડા દેશમાંથી લઇ આવેલા તે વર્ષના તામ્રલેખમાં એમ લખે લખેલું છે કે " કાંચી ઉપર રાજ્ય કરનાર દંતિગને જીતીને રાજા ગોવિંદ ૩ ખંડણી લેવાને જ્યારે આવ્યો હતો અને જ્યારે તેની સેનાની છાવણી તુંગભદ્રાના તટ ઉપર હતી, " ત્યારે રામેશ્વર[2] નામના પવિત્ર સ્થાનમાં શિવધારી નામના એક મનુષ્યને તેણે કેટલીએક ભૂમિ આપી હતી.

આ રીતે ગોવિંદ ૩ એ દેશનો મોટો વિસ્તાર પ્રાપ્ત કર્યો અને ઘણા રાજાઓ ઉપર પોતાની સત્તા સ્થાપન કરી. ઉત્તરમાં માળવાથી તે દક્ષિણમાં કાંચીપુર સુધીના સમસ્ત દેશનો સાર્વભૌમ રાજા તે થયો હતો,

---

૧ વાણીંદીંડોરી તા. રાધનપુરના લેખો.

૨ ઇ. એ. વા. ૧ પૃ. ૧૧૬. ૭.

૨ ઇ. એ. વા. ૧૧ પૃ. ૧૨૬. ૭.

Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

અને નર્મદા તથા તુંગભદ્રા નદીઓ વચ્ચેનો પ્રદેશ તેની પ્રત્યક્ષ સત્તા નીચે હતો એમ દેખાય છે. વાણીડીંડોરીના લેખથી નાસિક જીલ્લામાં આવેલું એક ગામ દાનમાં આપવામાં આવ્યું હતું અને કાનડા દેશમાંના લેખોથી તુંગભદ્રા નદીની પાસેની જમીન દાનમાં આપવામાં આવી છે. મહી નદી અને ઉત્તર તાપી નદી વચ્ચેનો પ્રદેશ જેને લાટ દેશ કહેવામાં આવતો હતો તે દેશ તેણે પોતાના ભાઈ ઈંદ્રને[1] આપ્યો હતો, જેણે તે વંશની બીજી શાખા સ્થાપી. વડોદરાના દાનપત્રમાં કહ્યું છે તે પ્રમાણે રાજા ગોવિંદ ૩ રાજાઓને ગાદીઓએ સ્થાપતો તેમ ઉત્થાપતો પણ હતો. તેનાં પોતાનાં દાનપત્રોમાં તેનાં બીજાં નામો નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છેઃ—"પ્રભૂતવર્ષ" એટલે બહુ વર્ષનાર "પૃથ્વીવલ્લભ" એટલે પૃથ્વીનો ધણી, તથા "શ્રીવલ્લભ." અન્ય નામો નીચે આવશે. લાટ દેશના રાજા ગોવિંદના ભાઈ ઈંદ્રના પુત્ર કર્કે વડોદરાનું દાનપત્ર શકે ૭૩૪ એટલે ઇ. સ. ૮૧૨ માં લખાવ્યું હતું, અને કાવીનું દાનપત્ર કર્કના નાના ભાઈ ગોવિંદે શકે ૭૪૯ માં એટલે ઇ. સ. ૮૨૭ માં લખાવ્યું હતું. આ રાજાઓ વિશે હવે વધારે ચર્ચા કરવાની જરૂર નથી કારણ કે તેઓ દખણના કરતાં ગુજરાતના ઈતિહાસને વધારે લગતા છે. આ વંશના તે પછીના સમયના રાજાઓના ઇતિહાસનો આધાર સાંગલી, કર્ડા તથા [1]ખારેપાટણમાંથી મળી આવેલા ત્રણ તામ્ર લેખનાં દાનપત્રો છે. આમાં પણ ઐતિહાસિક વીગતો તરીકે વિશ્વાસ શકાય એવી ઘણી વીગતો નથી આવતી; અને ઉપર ઉપરથી જોતાં તેમાં લખેલી વંશાવલિમાં કાંઈક તફાવત માલુમ

---

૧. કાવીનો લેખ, ઇ. એ. વા. ૫. પૃ. ૧૪૭. શ્લો. ૨૯. વડોદરાનો લેખ, જ. બે, એ, સો. વા. ૮. પૃ. ૨૯૬. શ્લો ૨૧ જેમાં **तदा** ને બદલે **तदत्त** હોવું જોઇએ કાવીના લેખ પ્રમાણે.

૧ જ. બૉ. બ્રે. રો. એ, સો. વા. ૪, પૃ. ૧૧૧ માં; જ. રો. એ. સો. વા. ૩ પૃ. ૯૪ તથા જ. બૉ. બ્રે. રો. એ.સો.વા. ૧ પૃ. ૨૧૭ આ છેલ્લા લેખોના અસલ લેખો મારી પાસે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પડે છે. ઘણા વિદ્વાનોએ આ લેખો પોતાના મત પ્રમાણે એક બીજાને મળતા કરવાનો પ્રયત્ન કર્યો છે. અથવા અમુક અનુમાનો કરીને તેનો ખુલાસો સમજાવવાનો યત્ન કર્યો છે, પણ એક બીજાને બરાબર મળતી આવે એવી વંશાવલિ તેમાંથી ઉપજાવી કાઢવી એ કામ અઘરૂં દેખાતું નથી. એક અથવા બે રાજાઓનાં નામોવાળા કેટલાએક શિલા લેખો મળી આવેલા છે, તથા સુરતમાંથી એક તામ્રલેખનું દાનપત્ર મળી આવેલું છે જેમાં ગોવિંદ ૩ ના પછીના રાજા સુધીનાં નામો આપવામાં આવેલાં છે, તથા કેટલાએક જૈન પુસ્તકોમાં કેટલાએક રાજાઓની થોડી થોડી હકીકત મળી આવે છે.

ઉપર કહેલાં બે દાનપત્રોમાં નિરૂપમનો પુત્ર જે તેની પાછળ રાજા થયો તેનું નામ જગત્તુંગ હતું એમ કહેવામાં આવ્યું છે, અને કર્ડાના દાનપત્રમાં તેનું નામ જગદ્રુદ્ર હતું એમ લખેલું છે. રાજા ગોવિંદ ૩ પોતાના વંશમાં સર્વથી મોટા રાજાઓમાંનો એક હતો, માટે આ દાન-પત્રોના લખનારાઓએ તેનું નામ મુકી દીધું હોય એ અશકય છે. માટે નિરૂપમનો પુત્ર જગત્તુંગ અથવા જગદ્રુદ્ર તેજ ગોવિંદ હોવો જોઇએ અને બીજો કોઇ નહી; તેના મરણ પછી તેનો પુત્ર અ-

**શર્વ અથવા અમોઘવર્ષ ૧.**

મોઘવર્ષ જેનું ખરૂં નામ [1]શર્વ હતું તે ગાદીએ આવ્યો. વેંગીના ચાલુકયોની સામે તે સેના લઇને ગયો હતો અને તેમાંના ઘણા રાજાઓને તેણે મારી [2]નાંખ્યા હતા એમ દેખાય છે. તેના સમયમાં માન્યખેટ નામનું નગર ઘણી ઉત્કૃષ્ટ સ્થિતિમાં હતું એમ કર્ડાના દાનપત્રમાં લખેલું છે. આ નગર તેની રાજ્યધાની હતું તે વાત નિર્વિવાદ છે, પરંતુ તેને સ્થાપનાર તથા તે દેશની રાજ્યધાનીનું નગર કરનાર તેજ રાજા હતો કે કેમ તે વાત સ્પષ્ટ

૧ ઇ. એ. વા. ૧૨ પ્ર. ૧૮૩ લી. ૨૫

૨ સાંગલીના લેખ. પણ તેનો પાઠ કેટલોક બગડેલો છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રીતે નિશ્ચિત થઈ શકતી નથી, કારણ કે મી. વાથેને આપેલો તેનો પાઠ અપભ્રષ્ટ છે, પરંતુ એ નગર તેજ રાજાના સમયમાં રાજ્યધાનીનું નગર થયું હશે એ વાત ઘણી સંભવિત છે. નીઝામના રાજ્યમાં આવેલું માલખેડ ગામ એજ માન્યખેટ એ બરાબર છે. કાન્હેરીની ગુફાઓમાં ત્રણ શિલાલેખો છે જેમાં લખવા પ્રમાણે તે સમયે રાજ્યકર્તા સાર્વભૌમ રાજા અમોઘવર્ષ હતો. આ શિલાલેખોમાંના એકમાં શિલાહાર વંશનો પુલ્લશક્તિ, તથા બીજા બે લેખોમાં તેનો પુત્ર કપર્દી એઓ કોંકણ ઉપર રાજ્ય કરનાર તેના તાબાના રાજા હતા એમ લખવામાં આવ્યું છે. આ કોંકણનો પ્રદેશ અમોઘવર્ષે તેમને રાજ્ય કરવા સોંપ્યો હતો. છેલ્લા બે લેખોમાં આવતી તારીખો શકે ૭૭૫ તથા [1]૭૯૯ ની છે. ઉત્તરપુરાણ નામનું એક જૈન પુસ્તક જે ગુણભદ્રે રચેલા મહા પુરાણનો ઉત્તર ભાગ છે તેના અંતે આપેલા ઐતીહાસિક પરિશિષ્ટમાં એમ લખવામાં આવ્યું છે કે જીનસેન નામનો એક પવિત્ર જૈન

---

૧ આખા પુરાણની એક નકલ તથા છેલ્લા ત્રણ પર્વની નકલ આ વર્ષે મેં સરકાર માટે ખરીદી છે. જે શ્લોકમાં અમોઘવર્ષ વિશે લખાણ છે તે નીચે પ્રમાણે છેઃ—

यस्यप्रांशुनखांशुजालीवसरद्धारान्तराविर्भवत्
पादांभोजरजःपिशंगमुकुटप्रत्यग्ररत्नद्युतिः ॥
संस्मर्ता स्वममोघवर्षनृपतिः पूतोऽहमद्येत्यलं
स श्रीमान् जिनसेनपूज्यभगवत्पादो जगन्मंगलम् ॥१॥

અર્થ—"જેના ચળકતા નખના કિરણોના સમૂહમાંથી નીકળતી ધારામાં ઉત્પન્ન થતાં પગરૂપી કમળોની રજથી રાતા થએલા મુકુટને લીધે જેના રત્નોનો ચળકાટ વધ્યો હતો એવા અમોઘવર્ષ રાજાએ તે દીવસે પોતાને પવિત્ર થએલો માન્યો હતો—બસ—( વધારે કહેવુ શું )—તે શ્રીમાન્ પુજ્યપાદ ભગવાન જીનસેન જગત્‌ના મંગલ રૂપે છે."

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાધુ જે ગુણભદ્રનો ગુરૂ હતો અને તેજ પુસ્તકનો[૧] પૂર્વ અથવા આદિ ભાગ તેણે રચ્યો હતો તેનો ભક્તિયુક્ત અનુયાયી અમોઘવર્ષ હતો.

અમોઘવર્ષનો પુત્ર જે તેની પછી ગાદીએ આવ્યો તે અકાલવર્ષ હતો. ચેદીનો રાજા કોક્કલ જે હૈહેય વંશનો હતો તેની પુત્રી સાથે તેણે લગ્ન કર્યું અને તેનાથી તેને એક પુત્ર થયો તેનું નામ જગત્તુંગ અથવા જગ- દ્રુદ્ર હતું. કર્ડાના લેખો ઉપરથી જણાય છે કે કે અકાલવર્ષનું ખરૂં નામ કૃષ્ણ હતું. કૃષ્ણરાજ જેના રાજ્યમાં પૃથ્વી- રામ નામના ખંડણીયા રાજાએ શકે ૭૯૭ માં [૧]સૌનદત્તીમાં એક જૈન મંદીર બંધાવ્યું હતું તેને ભૂમિનું દાન આપ્યું તે કૃષ્ણરાજ આ હતો. ધારવાડ જીલ્લામાં આવેલા મુળગુન્ડમાં શકે ૮૨૪ માં તેનાજ રાજ્યમાં ચિકાર્ય નામના એક વૈશ્ય અથવા વાણીયાએ બીજું એક જૈન મંદીર બંધાવ્યું હતું, અને આ બાબતના લેખમાં આ રાજાનું નામ [૨]કૃષ્ણ- વલ્લભ લખવામાં આવ્યું છે.

**કૃષ્ણ ૨ અથવા અકાલવર્ષ.**

આ રાજાના રાજ્યમાં ઉપર લખેલું જૈન પુરાણ ગુણભદ્રે પૂર્ણ કર્યું અને શકે ૮૨૦ [૧]પિંગલ નામના સંવતમાં તેની પ્રતિષ્ઠા કરી.

---

૧ જ. બૉ. બ્રે. રો. એ. સો, વા. ૧૦, પૃ. ૨૦૦. સંવત્સરનું નામ મન્મ- થ લખેલું છે. જે શકે ૭૯૭ પછી આવે છે,

૨ સદરહુ પુસ્તકનું પૃ. ૧૯૨. સંવત્સરનું નામ દુંદુભિ છે જે ૮૨૫ પછી આવ્યું છે.

૧. अकालवर्षभूपाले पालयत्यखिला मिलाम् ॥
तस्मिन्विधस्तनिःशेषद्विषि वीध्रयशो भुवि ॥
शकनृपकालाभ्यन्तरविंशत्यधिकाष्टशतीमिताब्दान्ते ।
मंगलमहार्थकारिणि पिंगलनामनि समस्तजनसुखदे ॥
... ... ... ... ...निष्ठितं भव्यवर्यैः
प्राप्तेज्यं शास्त्रसारं जगति विजयते पुण्यमेतत्पुराणम् ॥

જ્યારે અકાલવર્ષ નામનો રાજા સમસ્ત પૃથ્વીનું પાલન કરતો હતો અને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઐતિહાસિક પરિશિષ્ટમાં એમ લખવામાં આવ્યું છે કે અકાલવર્ષના ઉંચા હાથીઓ પોતાના કપોલમાંથી નીકળતાં મદ સાથે મિશ્રિત થવાથી સુગંધિ થએલું ગંગા નદીનું પાણી પીતા ( બહુ દક્ષિણમાં આવેલા ) કૌમાર વનમાં ગયા, જે વનમાં ચંદનવૃક્ષો સમુદ્રનાં મોજાં ઉપર થઇને આવતી પવનની લેહેરોથી ધીરેધીરે આન્દોલિત થયાં હતાં, અને જે વૃક્ષોની છાયામાં સૂર્યનાં કિરણો પ્રવેશ કરતાં હતાં [2]નહી." શકે ૮૩૩ ની તારીખ પણ અકાલવર્ષને આપવામાં આવી છે.[3]

**જગત્તુંગ, ૨**

પોતાના પિતા પછી જગત્તુંગ રાજા થયો. સાંગલીના દાનપત્રમાં રણવિગ્રહ જેનું નામ લખેલું છે તથા કર્ડાના લેખોમાં શંકરગણ લખેલું છે તે કોક્કલનો પુત્ર જેનો મામો થતો હતો તેની પુત્રી લક્ષ્મી સાથે તેણે લગ્ન કર્યું. આ લગ્નથી ઈંદ્ર જન્મ્યો જે તેના પછી રાજા થયો.

**ઈંદ્ર ૩**

ખારેપાટણના દાનપત્રમાં જગત્તુંગનું નામ નથી. પરંતુ અકાલવર્ષના પૌત્ર રૂપે ઇંદ્રનું નામ છે, અને ખરેખર તે તેનો પૌત્ર હતો તોપણ બીજા સબંધમાં તે રાજાનું નામ નીચેના

---

જેના સર્વ શત્રુઓ નાશ પામ્યા હતા અને જેની કિર્તી ઉંજ્વલ હતી, તેના રાજ્યમાં મહામંગલ કરનાર તથા સર્વ જનને સુખ આપનાર પિંગલ નામના શકે ૮૨૦ ના વર્ષના અંતમાં સારા મોટા ભવ્ય લોકોની નિષ્ઠાવાળું આ પુણ્ય પુરાણ જે સર્વ શાસ્ત્રોના સાર રૂપે છે તે આ જગતમાં વિજય પામે છે."

૨. यस्योत्तुंगमतंगजा निजमदस्रोतस्विनीसंगमाद्
गांगं वारि कलंकितं कटु मुहुः पीत्वाप्यगच्छतृषः ।
कौमारं घनचंदनं वनमपांपत्युस्तरंगानिलैः
मंदान्दोलितमस्तभास्करकरच्छायंसमाशिश्रियन् ॥ १ ॥

૩ ઈ. એ. વા, ૧૧ પૃ. ૧૦૯

ભાગમાં આવે છે. પછીના રાજાના સંબંધમાં કર્ડાના લેખોમાં કાંઈક અસ્પષ્ટતા છે, જે થોડે અંશે તે લેખના દૂષિત પાઠ તથા તેના ભાષાંતરને લીધે થએલી છે. પણ સાંગલીનું દાનપત્ર સ્પષ્ટ છે. ચેદી દેશના હૈહેય વંશમાંથી એક સ્ત્રીની સાથે ઇંદ્રે લગ્ન કર્યું. તેનું નામ વિજામ્બા હતું અને ઉપર કહેલા કોક્કલના જ્યેષ્ટ પુત્ર અર્જુનના પુત્ર અંગણદેવની તે પુત્રી થતી હતી, તેનાથી ઇંદ્રને ગોવિંદ નામનો પુત્ર થયો; આ રાજાએ સાંગલીનું દાનપત્ર પ્રગટ કર્યું હતું અને તેમાં લખેલો છેલ્લો રાજા તે હતો. પણ ખારેપાટણના દાનપત્રમાં લખ્યા પ્રમાણે [1]અમોઘવર્ષ નામના રાજાનો નાનો ભાઇ ગોવિંદ હતો. માટે ઇંદ્ર પછી તુરત ગાદીએ આવનાર આમોઘવર્ષ હતો, અને તેની પછી તેનો નાનો ભાઇ ગોવિંદ ગાદીએ આવ્યો. આ વાત કર્ડાના લેખોથી ખરી ઠરે છે. તે લેખોમાં અમોઘવર્ષ તથા ગોવિંદ અમ્બાના બે પુત્રો હતા એમ લખવામાં આવેલું છે. આ અમ્બા સાંગલીના દાનપત્રોમાંની જ વિજામ્બા હતી. પરંતુ તે લેખોના ભાષાંતર કર્ત્તાએ ગોવિંદ તથા અમ્બા એ બંનેનો સમાસ કર્યો અને તે રાણીનું નામ ગોવિંદામ્બા કર્યું. આ નામ ઘણું વિચિત્ર છે અને અસંભવિત લાગે છે. આ રીતે તેણે રાજા ગોવિંદનું નામ તદ્દન મુકી દીધું અને તેજ પ્રમાણે તેના પછીના સર્વ લેખકોએ કર્યું.[1]

**અમોઘવર્ષ ૨.**
**ગોવિંદ ૪.**

---

૧ ઇ.એ. નો વા. ૧૧ ના પૃ. ૧૦૦ માં મેં આપેલી છે વંશાવલીમાં મી. ફ્લીટ ગોવિંદના ભાઇનું નામ આપતો નથી. પણ તેનું નામ ખારેપાટણના દાનપત્રમાં અમોઘવર્ષ આપેલું છે. અને કરડાના લેખો જો બરોબર સમજવામાં આવે તો તેમાં પણ તેજ છે.

૧ શ્લોક ૧૪ ની બીજી લીંટી જેનો અર્થ ઉપર લખ્યા પ્રમાણે મેં કર્યો છે તે નિચે પ્રમાણે છે.:-**चैद्यां मातुलशंकरगणात्मजायामभूज्जगद्रुद्रात् । श्रीमानमोघवर्षो गोविंदाम्बाभिधानायाम् ॥** આમાંની પહેલી લીંટી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માટે આ રાજા ગોવિંદ ( જેને આપણે ગોવિંદ ૪ કહીશું તે) ના સાંગલીના લેખમાં તેના મોટા ભાઇ અમોઘવર્ષનું નામ આવતું નથી; અને તેનું કારણ સ્પષ્ટ છે. અમોઘવર્ષને ગોવિંદે રાજ્યગાદી ઉપરથી ઉઠાડી મુકીને પોતે ગાદી લઇ લીધી. આ બાબત તેના દાનપત્રમાં સૂચિત કરેલી છે; અને તેમાં લખવામાં આવ્યું છે, કે " જો કે ગોવિંદ સત્તાવાન્ હતો, તોપણ પોતાના મોટાભાઇ પ્રત્યે ક્રૂરતાથી વર્ત્યો નહીં, અને વ્યભિચારથી પોતાની કીર્ત્તિને કલંકિત કરી નહી, તેમ

---

જેવી માલુમ પડે છે તેવી આ સ્થાને હોય નહિ માટે એ ભૂલો ભરેલી છે. કારણ કે ( ૧ ) શ્લોક ૧૨ ના પૂર્વાર્ધમાં જે વાત આવી ગઇ છે તેની આમાં પુનરૂકિત છે, અને ( ૨ ) અત્રે જેમ તે લખેલી છે તેમજ વાંચીયે, તો લક્ષ્મીની સાથે જગત્તુદ્રની સ્ત્રી અમ્બા હતી એમ આપણે ગણવું જોઇએ. શ્લોક ૧૨ માં તેની સ્ત્રીનું નામ લક્ષ્મી છે માટે તેને લક્ષ્મીની બેહેન ગણીએ અને બંનેનો પિતા શંકર ગણીએ પણ સાંગલીના દાનપત્રમાં એમ લખવામાં આવ્યું છે કે લક્ષ્મીના પિતા રણવિગ્રહના ભાઇ અરજુનના પુત્ર અંગણદેવની તે અમ્બા અથવા વિજામ્બા પુત્રી થતી હતી એટલે તે લક્ષ્મીના પહેલા પીત્રાઇ ભાઈની પુત્રી હતી. વળી એમ પણ સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે તે ઇંદ્રની રાણી અને ગોવિંદ ૪ ની માતા હતી. પણ જો આ પ્રથમ લીંટી અત્રે વાંચીએ નહિ, તો બીજી લીંટી તુરતજ ઉપર જે રાજાનું નામ આપે છે તેને લગતી ગણાય એટલે કે ઇંદ્રને, અને તેમ ગણીયે, તો સાંગલીના દાનપત્રમાંથી મળી આવતી હકીકત સાથે તેમ મળતી આવે છે. માટે બીજી લીંટીમાં જે સુધારો હું કરવા માગું છું તે " न्द्रा " સ્થાને " न्दो " છે, આથી ગોવિંદ તથા અમ્બા શબ્દો છુટા થશે અને સઘળુ બંધબેસતુ અને સમજી શકાય એવું થઈ શકશે. બીજાઓની માફક મી. વાથેન પ્રમાણે મી. ફ્લીટ પણ તે રાણીનું નામ ગોવિંદામ્બા કહે છે અને તેને જગત્તુદ્રની રાણી કહે છે. કરડાના લેખનો પાઠ દુષિત છે તેમાં તો શંકા નથીજ પણ ખરાબ રીતે પાઠ વાંચવામાં આવ્યો તેને લીધે અથવા લખનાર અથવા કોતરનારની ભુલને લીધે આ દોષ કે કેમ તે વાતનો નિર્ણય અસલ દાનપત્ર ફરીથી તપાસી જોવાય નહી ત્યાંસુધી થઇ સકે નહી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પવિત્રતા અથવા અપવિત્રતાના વિચારો મુકી દઇને રાક્ષસનો સ્વભાવ ધારણ કર્યો નહી, પરંતુ પોતાના અપ્રતિમ સાહસ તથા ઉદારતાથી સાહસાંક થયો. ” એ વાત સંભવિત છે કે ગોવિંદના સંબંધમાં જે પાપો નહોતાં એમ લખવામાં આવ્યું છે તે પાપો તેના ભાઇએ કર્યાં હશે, અને તેને તેના ભાઈ ગોવિંદે પદભૃષ્ટ કર્યો તેમ કરવામાં તે વ્યાજબી હતો તે સુચવવા માટે તેના વિશે આવું લખવામાં આવ્યું હશે, અને તે લેખ લખનારના મત પ્રમાણે તેના ભાઇ પ્રત્યે જે કઠોરતા વાપરવી યોગ્ય હતી તે તેણે વાપરી નહીં તે માટે તે રાજાને માન ઘટે છે. આ વાકયો ઉપરથી વળી એમ દેખાય છે કે તે રાજાનું નામ સાહસાંક પણ કહેવાતું હતું, તેમ વળી નીચે તેનું બીજું નામ પણ આપવામાં આવ્યું છે, જેવું કે, સુવર્ણવર્ષ એટલે સોનાનો વર્ષાદ વર્ષાવનાર; ગોવિંદને વિશે એમ વર્ણન કરવામાં આવ્યું છે કે તે ઘણો ઉદાર રાજા હતો અને તેણે ઘણાં શિવાલયો બંધાવ્યાં. જ્યારે તે પોતાની રાજ્યધાની માન્યખેટમાં હતો, ત્યારે વિજય[1] નામના સંવત્વર્ષ શકે ૮૫૫ માં એટલે ઇ. સ. ૯૩૩માં તેનું દાન પત્ર પ્રગટ કરવામાં આવ્યું હતું.

**બડ્ડીગ અથવા અમોઘ-વર્ષ ૪.**

ખારેપાટણના લેખોમાંથી એમ દેખાય છે કે ગોવિંદ ૪ ની પછી તેનો કાકો બડ્ડીગ ગાદીએ આવ્યો આ રાજા જગત્તુંગનો બીજો પુત્ર હતો. આ રાજા ઘણો ગુણવાન હતો એમ લખવામાં આવ્યુ છે. તેની પછી તેનો પુત્ર કૃષ્ણરાજ થયો, અને તેના મરણ પછી તેનો નાનો ભાઇ ખોટીક રાજા થયો. કર્ડાના દાનપત્રમાં આ બાબતમાં કાંઇક અસ્પષ્ટતા છે, પણ બરોબરી તે સમજી

**કૃષ્ણ ૩ અને**

એ તો ખારેપાટણના દાનપત્ર જોડે આ પૂર્ણ રીતે મળતું આવે છે. એમાં એમ લખેલું છે કે “ જ્યારે

૧. ચાલતું શક વર્ષ ૮૫૬ નું હતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**ખોટીક.** મોટો ભાઈ કૃષ્ણરાજદેવ સ્વર્ગે ગયો, ત્યારે ખોટવીગ દેવ જે અમોઘવર્ષનો યુવરાજની પુત્રી કંદકદેવીથી ઉત્પન્ન થએલો પુત્ર હતો, તે રાજા[2] થયો. આમાંનો "મોટોભાઇ" એ શબ્દ ખોટવીગ દેવને લાગુ પડે છે એમ સમજવું જોઇએ અને તેની પહેલાંના[3] રાજાને નહીં, પછી તે ગમે તે હોય. માટે ખર્ડાના દાનપત્રમાં લખ્યા પ્રમાણે પણ કૃષ્ણરાજનો નાનો ભાઇ ખોટીક હતો. પણ એમ લખવામાં આવ્યું છે કે તે અમોઘવર્ષનો પુત્ર હતો, અને ખારેપાટણના દાનપત્રોમાં એમ લખવામાં આવ્યું છે કે કૃષ્ણરાજ બડ્ડીગનો પુત્ર હતો. સાલોટગીના એક શિલાલેખમાં એમ લખવામાં આવ્યું છે કે અમોઘવર્ષનો પુત્ર કૃષ્ણરાજ શકે ૮૬૭[1] માં માન્યખેટમાં રાજ્ય કરતો હતો એટલે કે ગોવિંદ ૪ નો સાંગલીવાળો દાનપત્રનો લખ પ્રગટ કરવામાં આવ્યો ત્યાર પછી બાર વર્ષે. જે દાનપત્રો આપણે તપાસીએ છીએ તેમાં લખેલો રાજા તેજ હોવો જોઇએ. કારણકે આમાં લખેલો કૃષ્ણ તે ગોવિંદ ૪ ની પછી બીજો રાજા થયો. તેનો પિતા બડ્ડીગ જે ગોવિંદનો કાકો થાય તે જ્યારે ગાદીએ આવ્યો ત્યારે વૃદ્ધ હોવો જોઇએ અને તેથી તેનું રાજ્ય ઘણા થોડા સમય સુધી ચાલેલું હશે. માટે ગો-

---

૨. एन्द्रपदजिगीषयेव स्वर्गमाधिरूढे च ज्येष्ठे भ्रातरि श्रीमत्कृष्णराजदेवे ॥

युवराजदेवदुहितरि कंदकदेव्याममोघवर्षनृपांज्जातः
खोट्टिगदेवो नृपतिरभूद् भुवनविख्यातः ॥

૩. કારણ કે તે શબ્દોવાળા વાકયનો મુખ્ય વાકય ઉપર આધાર છે. આ મુખ્ય વાકય બીજા એટલે ૧૬ મા શ્લોકમાં આવે છે અને જેનો નાયક ખોટવીગ દેવ છે. ઉપરની નોટમાંનાં વાકય જોવાં.

૧. ઈ. એ. વા. ૧ પા. ૨૦૫ અને તે પછીના પૃષ્ઠો, સંવત્સરના વર્ષનું નામ પ્લવંગ છે જે શકે ૮૬૯ પછી આવ્યું અને તેને મળતું વર્ષ ૮૭૦ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિંદના દાનપત્ર પછી બાર વર્ષની અંદર તેનો પુત્ર કૃષ્ણ રાજા થયો. અને શકે ૭૬૭ માં ગાદી ઉપર હોવાનો સંભવ હોય એવા કોઈ પણ બીજા કૃષ્ણ રાજાનું નામ દાનપત્રોમાં નથી. વળી બીજી સાલ એટલે શકે ૮૭૮ પણ તેની છે એમ ઠરાવવામાં આવ્યું[૨] છે, ત્યારે જો દાનપત્રો માં લખેલો કૃષ્ણ તે સાલોટગીના શિલા લેખમાં લખેલો કૃષ્ણજ હોય, તો અહીયાં આપણને પુરાવો મળે છે કે તેના પિતાનું નામ અમોઘવર્ષ હતું; તેથી કરીને એમ નીકળે છે કે ખારેપાટણના લેખોમાંનો બડ્ડીગ તેજ કર્ડાના લેખોનો આમોઘવર્ષ હતો; આ રીતે કૃષ્ણરાજ અને ખોટીક ભાઈઓ હતા, અને કર્ડાના લેખોમાં જે શબ્દો લખવામાં આવ્યા છે તે ઉપરથી એમ દેખાય છે કે તે એકજ પિતાના પણ જુદી જુદી માતાના[૧] પુત્રો હતા.

---

૨. ઇ. એ. વા. ૧૧, પૃ. ૧૦૯.

૧. મી. ફ્લીટ મી. વાથેનના ભાષાંતર પ્રમાણે ચાલે છે અને કૃષ્ણ જેને તે કૃષ્ણ ૩ કહે છે તેને અમોઘવર્ષનો મોટો ભાઇ એટલે જગત્તુંગ ૨ નો પુત્ર કહે છે. પરંતુ ખારેપાટણના દાન પત્રમાં તે બડ્ડીગનો પુત્ર છે એવું સ્પષ્ટ લખવામાં આવ્યું છે, અને બડ્ડીગ જગત્તુંગનો પુત્ર હતો અને આ પ્રમાણે તે કૃષ્ણરાજ જગત્તુંગનો પૌત્ર હતો, અને વળી તે ખોટીકનો મોટો ભાઇ હતો તેમ પણ લખવામાં આવ્યું છે. મેં તે પાઠમાં બતાવી આપ્યું છે કે કરડાના દાનપત્રમાં " મોટો ભાઇ " એ શબ્દ પાઠ સમજવાના નિયમો પ્રમાણે ખોટ્ટીગને લાગુ પડવા જોઈએ, આ રીતે આ દાનપગનો લેખ ખારેપાટણના લેખ સાથે પૂર્ણરીતે મળતો આવે છે. જગત્તુંગનો પુત્ર જે અમોઘવર્ષ રાજા હતો, તેનુંજ વર્ણન કર્ડાના લેખના ૧૬ મા શ્લોકમાં આવે છે અને ૧૪ મા શ્લોકમાં કહેલા રાજાથી તે જૂદો હતો. આ ૧૪ મા શ્લોકવાળો રાજા ઇંદ્રનો પુત્ર અને તે અમોઘવર્ષનો ભત્રીજો હતો એ વાત મેં ઉપર બતાવી છે. મી. ફ્લીટ એક બીજાજ કૃષ્ણને અંદર લાવે છે અને તેને ખોટીકનો નાનો ભાઇ બનાવે છે અને તે તથા નિરૂપમ એકજ છે એમ કહે છે ( નીચે લખેલા પાઠ જુઓ. ) આ પ્રમાણે કરવાનો તેનો આધાર શો છે તે મને માલુમ નથી. પણ ખારેપાટણના દાનપત્ર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ખારેપાટણના દાનપત્રમાં લખ્યા પ્રમાણે ખોટીકની પછી તેના ભાઇનો પુત્ર કક્કલ ગાદીએ આવ્યો. કર્ડાના દાનપત્રમાં લખ્યા પ્રમાણે એના ભાઈનું નામ નિરૂપમ હતું.

**કક્કલ અથવા કં઼ક્ક. ૨.**

કક્કલ એક શૂરવીર યોધ્ધો હતો એમ કહેવાય છે. પણ ચાલુકય વંશના તૈલપે તેને યુદ્ધમાં જીત્યો અને આ રીતે દખણનું રાજ્ય એકવાર ફરીથી રાષ્ટ્રકૂટ વંશના

**રાષ્ટ્રકૂટ વંશની પડતી.**

હાથમાંથી ચાલુકયવંશના હાથમાં ગયું. કર્ડાનું દાન પત્ર જે કક્કલના રાજ્યમાં કરવામાં આવ્યું હતું તેની

---

માં તો એકજ કૃષ્ણનું નામ આવે છે જે ખોટીકનો મોટો ભાઇ અને બોડીગનો પુત્ર હતો. તેમજ વળી કર્ડાના દાનપત્રમાં પણ એકજ આવે છે, અને બીજા રાજાઓ સાથેના તેના સંબંધ વિશે મેં એમ બતાવ્યું છે કે તે દાનપત્રનું લખાણ ખારેપાટણના લેખો સાથે મળતું આવે છે. સાલોટગીના શિલાલેખમાંનો કૃષ્ણ તેજ ખોટીકનો મોટો ભાઇ હતો અને દાનપત્રોમાં નહી લખેલો એવો બીજો કોઇ રાજા હતો તેમ નહીં, ખોટીકનો નાનો ભાઈ નિરૂપમ હતો તેનું કૃષ્ણ નામ હતું નહી અને તે તે નામ વાળોજ હોઇ શકેજ નહી. કારણ કે તેના મોટા ભાઈનું તેમ ખોટીકના મોટાભાઇનું નામ પણ કૃષ્ણ હતું, નિરૂપમ રાજ્યકર્ત્તા રાજા હતો તેમ દેખાતું નથી કારણ કે કર્ડાંના લેખોમાં તેને કકકાના પિતા તરીકે વચમાં જ વર્ણવવામાં આવ્યો છે અને આ કકકા રાજ્યકર્ત્તા રાજા હતો. અને ખારેપાટણના દાનપત્રમાં તેનું નામ બીલકુલ આવતુંજ નથી, પણ કકકલ તે ખોટીગના ભાઇનો પુત્ર હતો એમ કહેવામાં આવ્યું છે. સાલોટગીના લેખમાં લખ્યા પ્રમાણે શકે ૮૬૭ મા કૃષ્ણ ગાદી ઉપર હતો અને દાન પત્રોમાં લખ્યા પ્રમાણે તે રાજ્ય કરતો રાજા હતો. આ રીતે એમ નીકળે છે કે. કૃષ્ણ મોટો ભાઇ હતો, તેથી નાનો ખોટીક, અને સૌથી નાનો નિરૂપમ. તેઓ અમોઘવર્ષના પુત્રો હતા, અને એ અમોઘવર્ષ તેજ ખારેપાટણના દાનપત્રોમાંનો બોડીગ. આ સર્વ તપાસ કરતાં, મને એમ માલુમ પડયું છે કે જે દેખીતો તફાવત પડે છે તે કર્ડાના લેખોને લીધે છે માટે જો તે લેખો મળી શકે તો મેળવીને તેને ફરીથી તપાસીને ફરીથી તરજુમો કરવો જોઇએ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તારીખ શકે ૮૯૪ એટલે ઇ. સ. ૯૭૨ ની છે અને તે પછીના વર્ષમાં એટલે શકે ૮૯૫ માં તૈલપ [૨] સાર્વભૌમ રાજા થયો. માટે આશરે ઈ. સ. ૭૪૮ થી ઇ. સ. ૯૭૩ સુધી એટલે આશરે સવા બસેં વર્ષ સુધી રાષ્ટ્રકૂટવંશની સત્તા આ દેશ ઉપર રહી.

**રાષ્ટ્રકૂટ વંશના રાજાઓના સમયમાં ધર્મની સ્થિતિ.**

આ વંશના રાજાઓ ઘણા જ સત્તાવાન્ હતા એ બાબતમાં શંકા નથી. એલુરાના પર્વતમાંથી કોતરી કાઢેલી ગુફાઓ તેઓની સત્તા અને વૈભવની હજુ પણ શાક્ષી પુરે છે. તેમના રાજ્યમાં પુરાણના દેવતાઓની ભક્તિ અગાઉ કરતાં બહુજ વધારે અગત્યતામાં આવી. જે સમયમાં ગૌતમબુદ્ધના અનુયાયીઓના ઉપયોગાર્થે નક્કુર પર્વતોમાંથી મંદીરો અને મઠો નાના તથા મોટા રાજાઓ કોતરાવતા હતા, તે સમય હવે ગયો હતો, અને તે પાછો ફરીથી આવવાનો જ ન હતો. તેને બદલે આ સમયમાં શિવ તથા વિષ્ણુની પૂજાને માટે વધારે મોટાં ભભકાદાર મંદીરો કોતરાવી અથવા બંધાવીને અર્પણ કરવામાં આવતાં. રાષ્ટ્રકૂટવંશના રાજાઓનાં ઘણાં દાનપત્રોમાં તેમની ઉદારતાનાં બહુ વખાણ આવે છે અને તેઓએ મંદીરો બંધાવ્યાની વાત આવે છે. તોપણ અમોઘવર્ષ [૧] ના રાજ્યના કાન્હેરીના શિલાલેખો ઉપરથી જણાય છે કે જો કે આ સમયમાં બૌદ્ધ ધર્મ બહુ નિર્બળ સ્થિતિમાં ડૂબી ગયો હતો, તોપણ તેના પણ ભકતો તથા પરોપકારી પુરૂષો હતા. તેથી ઉલટુ જૈન ધર્મે જે પ્રાધાન્ય ચાલુકય વંશના સમયમાં મેળવ્યું

---

૨ આ બે લેખ સાથે જે વર્ષ લખવામાં આવ્યું છે તેનું નામ અંગિરસ અને શ્રીમુખ છે અને તેને મળતાં ચાલુ વર્ષો ૮૯૫ સને ૮૯૬ નાં છે.

**૧ अगस्त्यस्य मुनि ज्योत्स्ना पवित्रे दाक्षिणापथे ।**
**कृष्णराज इति ख्यातो राजा साम्राज्यदीक्षितः ॥**

**અર્થ—અગસ્ત્ય મુનિના પ્રકાશથી પવિત્ર થએલા દક્ષિણાપથ દેશમાં કૃષ્ણરાજ નામનો રાજા છે જે સાર્વભૌમ રાજા હતો.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતું તે હજુ તે ધર્મે જાળવી રાખ્યું હતું, અથવા તેથી પણ વધારે ઉત્કૃષ્ટ સ્થિતિમાં તે ધર્મ હતો. આપણે ઉપર જોયું છે તેમ અમોઘવર્ષની લાગણી તે ધર્મ તરફ સારી હતી અને થોડાએક નાના સરદારો અને નીચી જાતિની નાતો તેમાં ઘણું કરીને વ્યાપારીઓ તેના ખરા અનુયાયીઓ હતા. જે ધર્મનું રૂપ તે સમયે તે દેશમાં પ્રચલિત હતું તે દિગંબર શાખાનું હતું.

**કવિરહસ્યનો નાયક રાષ્ટ્રકૂટ વંશનો કૃષ્ણ.**

આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે પ્રથમના ચાલુક્યવંશના રાજાઓથી ઉલટું રાષ્ટ્રકૂટવંશના રાજાઓનાં દાન-પત્રોમાં દાન કરનાર રાજાના પૂર્વજોનાં વૃત્તાંત શ્લોકો (પદ્ય)માં છે, અને સંસ્કૃત સાહિત્યમાં જે સામાન્ય કૃત્રિમ પત્રો આપણને માલુમ પડે છે તેવીજ જાતના આ શ્લોકો છે અને તેવાજ ગુણદોષ તેમાં દૃષ્ટિએ પડે છે. માટે રાષ્ટ્રકૂટવંશના રાજાઓ વિદ્યાને ઉત્તેજન આપનારા હોવા જોઇએ અને તેમની નોકરીમાં કવિઓ હતા તે સંભવિત છે. આ વંશના કૃષ્ણમાંના ત્રણ રાજાઓમાંથી એક "કવિરહસ્ય" નામના હલાયુધે રચેલા કૃત્રિમ કાવ્યનો નાયક છે. આ કાવ્યનો હેતુ બાહારથી એકજ રૂપવાળા ધાતુઓ વચ્ચે અર્થ તથા રૂપના ફેરફારો થાય છે તે સમજાવવાનો છે. તે રાજા દક્ષિણાપથનો સાર્વભૌમ રાજા હતો, એમ કહેવામાં આવ્યું છે. તોપણ પ્રો. વેસ્ટરગાર્ડ એમ ધારે છે કે વિજયનગરના રાજ્યવંશનો કૃષ્ણરાય નામનો રાજા જે સોળમા શતકના પ્રથમ ચરણ (ચતુર્થ) માં રાજ્ય કરતો હતો તેજ તે હતો પણ "કવિરહસ્ય" માં એક સ્થાને તેને વિશે એમ કહેવામાં આવ્યું છે કે તે [1] રાષ્ટ્રકૂટવંશમાં ઉ-

---

१ तोलयत्यतुलां शक्त्या भो भारं भुवनेश्वरः ।
कस्तं तुलयति स्थाम्ना राष्ट्रकूटकुलोद्भवम् ॥

અર્થ—રાષ્ટ્રકૂટ કુળમાં ઉત્પન્ન થએલો જે રાજા પોતાના બળથી અસંખ્ય ભાર વહન કરે છે તેની બરાબરી બળમાં કોણ કરી શકે?

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ત્પન્ન થએલો હતો, અને બીજે સ્થાને એમ કહેવામાં આવ્યું છે કે "ચંદ્ર[૨] વંશનુ તે આભૂષણ" હતો. આ વર્ણન વિજયનગરના રાજાને લાગુ પડતું નથી.

**બલ્હારાઓ તેજ રાષ્ટ્રકૂટો હતા.**

દશમા શતકના આરબી મુસાફરો એમ કહી ગયા છે કે એક બળવાન વંશના રાજા નામે બલ્હારાઓ હતા જેઓ માનકીર નામના સ્થાનમાં રાજ્ય કરતા હતા. આ નગરના નામ ઉપરથી એમ જણાશે કે તે વર્ણન રાષ્ટ્રકૂટ વંશના રાજાઓ જેઓની રાજ્યધાની માન્યખેટ અથવા માનખેડ હતી તેઓ વિશે તેઓએ લખેલું હશે, પણ જે કોઇ નામ રાષ્ટ્રકૂટ વંશના રાજાઓને આપવામાં આવ્યાં હોય તેમાંના એકે સાથે તેઓએ આપેલું વંશનું નામ બલ્હારા મળતું આવતું નથી. પણ આ એકજ છે તે વાત મને બહુ અધરી લાગતી નથી. વલ્લભની પદ્દિ જે રાષ્ટ્રકૂટની પૂર્વેના ચાલુક્ય રાજાઓ વાપરતા હતા તેજ પદ્દિ રાષ્ટ્રકૂટના રાજાઓએ સ્પષ્ટ રીતે ધારણ કરેલી દેખાય છે. લક્ષ્મેશ્વર આગળના એક શિલાલેખમાં ગોવિંદ ૩ ને "શ્રીવલ્લભ"[૧] કહેવામાં આવ્યો છે અને રાધનપુરના લેખોમાં તેને "વલ્લભનરેન્દ્ર" કહેવામાં આવ્યો છે. સાંગલી તથા કર્ડાના દાનપત્રોમાં પણ રાજ્યકર્ત્તા રાજાને વલ્લભનરેન્દ્ર કહેવામાં આવ્યા છે, અને બીજા શિલાલેખોમાં ફકત "પૃથ્વીવલ્લભ" એજ પદ વાપરવામાં આવેલું આપણને માલુમ પડે છે. હવે "વલ્લભ-નરેન્દ્ર"નો અર્થ "રાજા વલ્લભ" એટલે વલ્લભ રાજ એનો અર્થ થાય છે. બંનેમાં "નરેન્દ્ર" અને 'રાજન્' એ શબ્દોનો અર્થ રાજા થાય છે. પ્રાકૃત અથવા દેશી ઉચ્ચારના નિયમો પ્રમાણે 'વલ્લભરાજ' નું 'વલ્લભ-

---

**૨ सोमं सुनोति यज्ञेषु सोमवंश विभूषणः**

**અર્થ—સોમવંશના ભૂષણ રૂપી તે રાજા યજ્ઞોમાં સોમરસને કાઢે છે.**

**૧ ઈ. એ. વા. ૧૧ પૃ. ૧૫૬.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાય ' અથવા બલ્લભરાય અથવા 'બલ્હરાય' થયું. માટે આ છેલ્લું અપભ્રષ્ટ રૂપ આરબોએ વાપરેલા બલ્હરાને મળતું આવે છે.

રાષ્ટ્રકૂટ વંશના રાજાઓની વંશાવલિ નીચે લખેલા કોષ્ટકમાં જણાવવામાં આવી છે:—

## રાષ્ટ્રકૂટવંશના રાજાઓની વંશાવલિ.

- ( ૧ ) દંતિવર્મા
  - ( ૨ ) ઈંદ્ર ૧
    - ( ૩ ) ગોવિંદ ૧
      - ( ૪ ) કર્ક ૧
        - ( ૫ ) ઈંદ્ર
          - ( ૬ ) દંતિદુર્ગ [શકે ૬૭૫]
        - ( ૭ ) કૃષ્ણ ૧ અથવા શુભતુંગ.
          - ( ૮ ) ગોવિંદ. ૨
          - [૯] ધ્રુવ નિરૂપમ અથવા ધારાવર્ષ
            - જગદ્રુદ્ર અથવા [ ૧૦ ] ગોવિંદ ૩. જગત્તુંગ ૧ અથવા પ્રભૂતવર્ષ (શાકે ૭૨૬ અને ૭૩૦)
              - [ ૧૧ ] શર્વ અથવા અમોઘવર્ષ ૧
            - ઈંદ્ર
              - કર્ક (શકે ૭૩૪)
              - ગોવિંદ [શકે ૭૪૯]

(કર્ક અને ગોવિંદ:) ગુજરાતની શાખા.

[ ૧૨ ] કૃષ્ણ ૨. અથવા અકાલવર્ષ
[ શકે ૮૨૦, ૮૨૪ અને ૮૩૩ ]

( ૧૩ ) જગત્તુંગ ૨.

(૧) ઈંદ્ર ૩,

(૧૭) બદ્દીગ અથવા અમોઘવર્ષ ૩.

(૧૫) અમોઘવર્ષ. ૨. (૧૬) ગોવિંદ. ૪

(૧૮) કૃષ્ણ ૩ અથવા અકાલ વર્ષ શકે ૮૬૭ (અને ૮૭૮)

(૧૯) ખોટીગ

નિરૂપમ બીલકુલ ગાદીએ આવ્યો નહોતો,
(૨૦) કક્કલ, કર્ક ૨ અથવા અમોઘ વર્ષ ૪ (શકે ૮૯૪)

# પ્રકરણ ૧૨.

## પાછળના સમયના ચાલુકયવંશના રાજાઓ.

કીર્ત્તિવર્મા ૨ થી ચાલુક્યવંશના રાજાઓનો ઇતિહાસ આપણે અધુરો મુકયો છે. રાષ્ટ્રકૂટવંશના છેલ્લા રાજા કક્કલ પાસેથી દખણની

---

નોટઃ—(અ) ઉપરની વંશાવળિમાં જેનામાં નીચે લીંટી દોરી છે તેઓ સાર્વભૌમ રાજા હતા.

(બ) જેઓ નીચે લીંટી દોરી નથી તેઓ સાર્વભૌમ રાજ્ય પ્રાપ્ત થયું તે પૂર્વે સામાન્ય રાજા હતા.

(ક) સંખ્યાના આંકડા બતાવ્યા તે અનુક્રમે રાજા થયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાર્વભૌમ સત્તા જે તૈલપે લઇ લીધી તે તૈલપ અને કીર્ત્તિવર્માની વચ્ચે મીરજના તામ્રલેખ અને યેવુરના લેખમાં લખ્યા પ્રમાણે ૭ રાજાઓ આવે છે. કીર્ત્તિવર્મા શકે ૬૬૯ માં ગાદીએ આવ્યો અને ૬૭૯ માં તે રાજ્ય કરતો હતો, અને આ છેલ્લા વર્ષ પહેલાં તેની સ્થિતિ એક નાના રાજા જેવી થઇ ગઈ હતી; અને તૈલપે સાર્વભૌમ સત્તા શકે [1]૮૯૫ માં પ્રાપ્ત કરી. શકે ૬૬૯ અને ૮૯૫ વચ્ચે એટલે ૨૨૬ વર્ષના અંતરમાં માત્ર સાત રાજાઓ થયા છે. આ મુજબ દરેક રાજાનું રાજ્ય સરાસરી ૩૨ વર્ષનું થયું. આ મુદત ઘણી વધારે છે. ચાલુક્યવંશના રાજ્યમાં આ સમય ઘણો અપ્રસિદ્ધ હતો અને એ સંભવિત છે કે રાજાના અનુક્રમનો ખરેખરો ઇતિહાસ રાખવામાં આવ્યો નથી. સામાન્ય રીતિનો તે સમયનો સમકાલિન પુરાવો એટલે શિલાલેખો ઇત્યાદિની ગેરહાજરીને લીધે આ બાબતો સંતોષકારક રીતે નિશ્ચિત થઇ શકતી નથી કે એ વંશના રાજાઓ ક્યાં આગળ રાજ્ય કરતા હતા અને તેમની સત્તાનો વિસ્તાર કેટલો હતો. ચાલુક્યવંશની ઘણી શાખાઓ હોવી જોઇએ, અને તૈલપ મુખ્ય શાખાનો હતો કે કેમ આ વાત શંકનીય છે.

**ચાલુકય વંશના પાછળના સમયના રાજાઓ આગળના રાજાઓથી ઉતરી આવેલા નહીં.**

મારૂં વલણ એમ માનવા તરફ છે કે તે તેની એક ભિન્ન અને અપ્રસિદ્ધ શાખામાંથી ઉત્પન્ન થયેલો હતો અને મુળ શાખા તો નષ્ટ થઈ હતી. કારણ કે તેના પ્રથમના વંશના રાજાઓ પોતાની ઉત્પત્તિ હારીતીથી કાઢતા અને પોતે માનવ્ય જાતિના છે એમ કહેતા. અને આ પાછળના રાજાઓ પોતાની ઉત્પત્તિ સત્યાશ્રયથી જ કાઢતા. આ બે નામો મીરજના દાનપત્રમાં અને તેની પ્રતો વિના તેઓના અન્ય લેખોમાં જોવામાં આવતાં નથી, અને મીરજના દાનપત્રમાં તો તેમની ઉત્પત્તિ અસલના શરૂ રાજાથી કાઢ

---

૧ જ. રો. એ. સો. વા. ૪ પૃ. ૪

Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

વાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે પણ એતો ખુલ્લું છે કે એ દાનપત્રના લખનારની પાસે જોઈતાં સાધનો નહોતાં, કારણ કે ઉપર લખ્યા પ્રમાણે કીર્તિવર્મા ૨ અને તૈલપની વચ્ચે તે ૭ રાજાઓ મુકે છે. એ રાજાઓ વચ્ચે એકજ દંતકથા સતત ચાલી આવેલી નથી એ બાબત તો નિઃશંક જેવી જ છે. જગદેકમલ્લ, ત્રિભુવનમલ્લ ઈત્યાદિ પદ્વિઓ પાછળના ચાલુક્ય વંશના રાજાઓએ ધારણ કરી તેઉપરથી સાફ રીતે તેઓ આગળના તેજ વંશના રાજાઓથી ઓળખાઇ આવે છે, કારણ કે તે રાજાઓને આવી કોઇ પદ્વિઓ હતી નહીં. મૈસુરમાં મળી આવેલા શકે ૭૩૫ ની તારીખના એક તામ્રલેખના દાનપત્રમાં યશોવર્માના પુત્ર અને બલવર્માના પૌત્ર વિમલાદિત્ય નામના એક ચાલુક્ય વંશના રાજાનું નામ આવે છે. વિમલાદિત્ય ઉપરથી શનિની પાપદૃષ્ટિના ફળનું નિવારણ કરવા માટે તેના મામા[1] ગાંગ વંશના ચાકીરાજની વિનંતિથી રાષ્ટ્રકૂટ વંશના રાજા ગોવિંદ ૩ એ એક જૈન મંદીરના તરફથી એક જૈન સાધુને એક ગામ દાનમાં આપ્યું હતું. તે વંશની સામાન્ય વંશાવલિમાં આ ત્રણ ચાલુક્યવંશમાંનાં નામો જોવામાં આવતાં નથી. માટે આ શાખા એક ભિન્ન શાખા હશે એમ દેખાય છે.

પ્રથમ ચરણમાં લખેલો દેવેશ્વર તેજ શ્રીમચ્છંકરાચાર્યનો શિષ્ય સુરેશ્વર હતો.

" સંક્ષેપશારીરક " નામના ગ્રંથને અંતે તેનો કર્ત્તા સર્વજ્ઞાત્મા જે મહાત્મા શ્રીમત્ શંકરાચાર્યના શિષ્ય સુરેશ્વરનો

---

૧. ઇ. એ. વા. ૧૨—પૃ ૧૬.

૨. श्री देवेश्वरपादपंकजरजःसंपर्कपूताशयः
सर्वज्ञात्मगिरांकितो मुनिवरः संक्षेपशारीरकम् ।
चक्रे सज्जनबुद्धिवर्धनमिदं राजन्यवंश्ये नृपे
श्रीमत्यक्षतशासने मनुकुलादित्ये भुवं शासति ॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**વેદાંતિક ગ્રંથમાં એક ચાલુક્ય રાજાનું નામ આવે છે.**

એક શિષ્ય હતો તે એમ લખે છે કે, " જ્યારે[2] ક્ષત્રિય જાતિનો એક શ્રીમાન્ રાજા, મનુના કુળનો સૂર્ય, જેની આજ્ઞાનું કદિ પણ ઉલ્લંઘન થતું નહી એવો રાજા રાજ્ય કરતો હતો," ત્યારે તેણે આ ગ્રંથ રચ્યો.

આ વર્ણન આગળના ચાલુક્યવંશના વિક્રમાદિત્ય ૧, વિનયાદિત્ય, વિજયાદિત્ય અથવા વિક્રમાદિત્ય ૨ એમાંથી કોઇપણ એક રાજાને સરખી રીતે યથાર્થ લાગુ પડી શકે, કારણ કે આ સર્વ રાજાઓ બહુ બળવાન હતા અને " મનુના કુલના સૂર્યો ', હતા. કારણ કે માનવ્ય વંશ જેમાં તેઓ હતા તે વંશ " મનુનો વંશ " કહેવાય. પરંતુ શ્રી શંકરાચાર્ય શકે ૭૧૦ અને ૭૪૨ વચ્ચે થઇ ગયા એમ કહેવાય છે. માટે એમનો પ્રશિષ્ય શકે ૮૦૦ માં થઇ ગયો હોવો જોઈએ, અને ઉપરના રાજાઓમાંના સર્વથી છેલ્લા રાજા વિક્રમાદિત્ય ૨ નું રાજ્ય શકે ૬૬૯ માં પૂરૂં થયું હતું. ત્યારે હવે શ્રી શંકરાચાર્યની તારીખ ખરી છે એમ માનીએ, તો સર્વાજ્ઞાત્માએ જે રાજા વિષે લખ્યું હતું તે રાજા મીરજના દાનપત્રમાં લખ્યા પ્રમાણેના કીર્તિવર્મા ૨ અને તૈલપની વચ્ચેના રાજાઓમાંનો એક હોવો જોઇએ. કીર્તિવર્મા ૨ ની પછી ત્રીજો રાજા વિક્રમાદિત્ય હતો તે પણ તે હોય. પરંતુ આપેલું વર્ણન એક નાના રાજાને લાગુ પડતું નથી એમ ગણીએ તો શ્રી શંકરાચાર્યની તારીખ હજુ પણ પાછળ મુકવી જોઇએ તે એવી રીતે કે ઉપર કહેલા પ્રથમના સમયના ચાલુક્ય વંશના ચાર રાજાઓમાંના એક રાજાના રાજ્યમાં તેમના પ્રશિષ્યની તારીખ આવે.

ચોલ[1] દેશમાં પોતાની સેના તૈલપે મોકલી હતી અને ચેદીના[2] રા-

---

૧. આ પ્રકરણના છેડે આપેલી વંશાવળી જુઓ.

૧. ઇ. એ. વા. ૫ પ ૧૭.

૨. ઇ. એ. વા. ૮ પ. ૧૫

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**તૈલપની ચઢાઇઓ.** જાનો તેણે પરાજય કર્યો હતો. અણહિલપાટણના ચાલુક્યવંશના સ્થાપનાર મૂલરાજની સામે બાર્પ-નામના પોતાના સેનાપતિના હાથ નીચે તેણે એક સેના ગુજરાતમાં મોકલી હતી. મૂલરાજ થોડા સમય સુધી તો તેનાથી બહુ વિકટ સ્થિતિમાં આવી પડયો, પણ ગુજરાતના ઇતિહાસ પ્રમાણે તે સેનાપતિનો છેવટ પરાજય થયો અને તેના બહુ યોદ્ધાઓ [1]મરાયા. કીર્ત્તિ-કૌમુદીનો કર્ત્તા સોમેશ્વર એમ કહે છે કે લાટ દેશના રાજાનો સેનાપતિ બાર્પ હતો, જે ઉપરથી એમ દેખાય છે કે તૈલપના કબજામાં તે [2]દેશ હતો. તૈલપે માળવા ઉપર પણ ચઢાઇ કરી, જેના ઉપર તે સમયે પ્રખ્યાત રાજા ભોજનો કાકો મુંજ રાજ્ય કરતો હતો. પોતાનો બચાવ કરવાને બદલે મુંજે સામી ચઢાઇ કરી, અને પોતાના વૃદ્ધ મંત્રી રૂદ્રાદિત્યની સલાહ નહી માનતાં મોટી સેના લઇને ગોદાવરી નદી ઓળંગી. તેની સામે તૈલપ થયો જેનો તેણે પૂર્ણ રીતે પરાજય કર્યો અને તેને બંદીવાન કર્યો. પ્રથમ તો મુંજની સાથે તેને પકડનાર રાજા માનથી વર્ત્તતો, પરંતુ બંદીખાનામાંથી નાસી જવાનો તેણે કરેલો પ્રયત્ન પકડાઈ આવવાથી, તેનું ઘણું અપમાન કરવામાં આવ્યું, ઘેર ઘેર તેને માગવા મોકલવામાં આવ્યો અને અંતે તેને ગરદન [3] મારવામાં આવ્યો. આ વૃત્તાંત તૈલ-પના એક [4]શિલાલેખમાં લખેલો છે. તૈલપે ૨૪ વર્ષ રાજ્ય [5] કર્યું. તેના એક ખંડણીયા રાજાએ શકે ૯૦૨ એટલે ઇ. સ. ૯૮૦ ની સાલમાં

---

૧. રાસમાલા પ્ર. ૪ પૃ. ૩૮ નવી આવૃતિ.

૨. કીર્તિ કૌમુદી ૨. ૩.

૩ મેરૂતુંગકૃત ભોજપ્રબંધ અને રાજવલ્લભકૃત ભોજચરિત્ર.

૪ જ. રો. એ. સો. વા. ૪. પૃ. ૧૨.

૫ એજ પુસ્તકનું પૃ. ૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બેલગામ જીલ્લામાં આવેલા [1] સૌંનદત્તીમાં એક જૈન મંદીર બંધાવી તેને એક જમીનનો કડકો બક્ષીસ આપ્યો.

છેલ્લા રાષ્ટ્રકૂટ રાજાની પુત્રી નામે જાકુબ્બા સાથે તૈલપે લગ્ન કર્યું હતું અને તેનાથી તેને બે પુત્ર થયા હતા, જેનાં નામ સત્યાશ્રય અને દશવર્મા [2] હતાં. આમાંનો પહેલો એટલે સત્યાશ્રય શકે ૯૧૯ એટલે ઇ. સ. ૯૯૭ માં તેની પાછળ ગાદીએ આવ્યો. કોઇપણ લેખમાં આના વિશે કાંઈ પણ ખાસ લખવામાં આવ્યું નથી. [3] ખારેપાટણનું દાનપત્ર જેને વિષે આપણે ઘણીવાર ઉપર બોલી ગયા છીએ તે એના રાજ્યમાં શકે ૯૩૦ના વર્ષમાં દક્ષિણ કોંકણ ઉપર રાજ્ય કરનાર શીલાહાર વંશના તેના તાબાના એક રાજાએ કોતરાવ્યું હતું.

**સત્યાશ્રય.**

સત્યાશ્રય કાંઈપણ સંતતિ વિના ગુજરી ગયો, અને તેના પછી તેના નાનાભાઇ દશવર્માનો તેની સ્ત્રી ભગવતીથી થએલો પુત્ર નામે વિક્રમાદિત્ય ૧ [4] ગાદીએ આવ્યો. તેના વેહેલામાં વેહેલા લેખની તારીખ શકે ૯૩૦ની છે, અને આજ તારીખ તેના અગાઉના રાજાની છેલ્લામાં છેલ્લી છે. માટે તેજ વર્ષમાં તે ગાદીએ આવ્યો એટલે ઇ. સ. ૧૦૦૮ માં, અને ઘણાજ થોડા [5]

**વિક્રમાદિત્ય ૧.**

---

૧ જ. બો. બ્રા. રો. એ. સો. વા. ૧૦ પૃ. ૨૧૦

૨ મીરજના લેખો. જ. રો. એ. સો. વા. ૩ પૃ. ૨૬૨ શ્લો. ૩૦-૩૫-ઈ એ.

૩ જ. બો. બ્રા. રો. એ. સો. વા. ૧ પૃ. ૨૦૯.

૪ હું આ રાજાને વિક્રમાદિત્ય ૧ કહું છું અને વિક્રમાદિત્ય તેને બીજાની પેઠે કહેતો નથી, કારણકે એ બે વંશો જુદા રાખવાની મારી ધારણા છે. આવાં કારણો મેં ઉપર આપેલાં છે. વિક્રમાદિત્ય ત્રિભુવનમલ્લને વિક્રમાદિત્ય. ૨ હું કહીશ અને એ મુજબ ચલાવીશ.

૫ જ. રો. એ. સો, વા ૪ પૃ, ૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સમય સુધી તેણે રાજ્ય કર્યું એમ દેખાય છે. તેની પછી તેનો ભાઇ જયસિંહ અથવા જગદેકમલ્લ ગાદીએ આવ્યો. આને વિશે શકે ૯૪૧ એટલે ઇ. સ. ૧૦૧૯ ના એક શિલા-લેખમાં એમ કહેવામાં આવ્યું છે, કે માલવાના સંયુક્ત રાજાઓને તેણે નસાડયા અથવા તેમનું મૈત્રીચક્ર તોડયું, અને તેથી તેનું નામ "રાજા ભોજરૂપી કમળનો ચંદ્ર" એવું પડયું, એટલે તેણે તેને હરાવ્યો. [1]વળી તેણે ચોલ લોકો અને ચેરા લોકોને પણ હરાવ્યા હતા તેમ પણ કહેવામાં આવ્યું છે. મીરજનું દાનપત્ર તેણે પાંચ વર્ષ પછી એટલે શકે ૯૪૬ માં કોતરાવ્યું, જ્યારે "દ્રમિલ [2] દેશના રાજા બળવાન્ ચોલને તાબે કરીને તથા સાત કોંકણના રાજાનું સર્વસ્વ હરી લઇને પોતાની જયવાન્ સેના સાથે ઉત્તર તરફના દેશોમાં ત્યાંના રાજાઓને જીતવા માટે જતાં જતાં માર્ગમાં કોલ્હાપુર આગળ છાવણી નાંખીને તે રહ્યો હતો."

**જયસિંહ.**

શકે ૯૬૨ એટલે ઇ. સ. ૧૦૪૦ માં જયસિંહનું રાજ્ય બંધ થયું, અને તેની પાછળ તેનો પુત્ર સોમેશ્વર ૧ ગાદીએ આવ્યો જેણે આહવમલ્લ તથા ત્રૈલોક્યમલ્લ એ પદો ધારણ કર્યાં. ચાલુક્ય વંશના રાજાઓની પેઠે, જે રાજા સામે તેને પેહેલું થવું પડયું તે ચોલ [3] દેશનો રાજા હતો.

**સોમેશ્વર અથવા આહવમલ્લ.**

---

૧ ઈ. એ. વા. ૫. પૃ. ૧૭

૨ દ્રમિલ એ દ્રવિડનું બીજું નામ છે. મૂલમાં અત્રે કાંઇ ભૂલ છે. અસલ શબ્દો "**यंचंद्रमिलाधिपतिं**" આવા છે. આમાંથી "યં" એક શબ્દ અને "**चंद्रमिलाधिपतिं**" એ બીજો શબ્દ એમ મી. ફ્લીટ સમજે છે પણ "યં" નો અર્થ થતો નથી અને "ચંદ્રમિલ" નો અર્થ જાણવામાં નથી. માટે પેહેલો શબ્દ **यंचं** હોવાં જોઇએ અને "**न्यंचं**" "નીચ" ને બદલે ભૂલથી લખાએલો હશે અને બીજો શબ્દ "દ્રમિલાધિપતિમ્" હશે.

૩ બિલ્હણકૃત વિક્રમાંકચરિત--૯૦. જ. રો. એ. સો. વા. ૪ પૃ. ૧૩૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બિલ્હણે તેને વિશે એમ કહ્યું કે પછી ભોજરાજાની રાજ્યધાની ધારાનગરી તરફ તે લશ્કર લઇને ગયો અને તેને પકડ્યું. પોતાનું નગર છોડી જવાની ભોજને ફરજ પડી. તૈલપ રાજા જેણે મુંજને મારી નંખાવ્યો હતો તેની પાસેથી, આ રાજાને તથા તેના પૂર્વના રાજાને માળવાના રાજા સાથેનું વૈર વારસામાં મળ્યું હતું એમ લાગેછે. આ વૃત્તાંત થયો ત્યારે રાજા ભોજ માત્ર એક છોકરો હતો. ભોજચરિત્રમાં એમ લખેલું છે કે તે ઉમરનો થયો અને પોતાના રાજ્યનું કામ હાથમાં લીધું, ત્યારે એક પ્રસંગે મુંજ રાજાના વૃત્તાંતનું નાટક તેના આગળ ભજવી બતાવવામાં આવતું હતું, ત્યારે તે ઉપરથી તેણે પોતાના કાકાના મૃત્યુનું વૈર લેવાનો નિશ્ચય કર્યો. એથી તેણે મોટી સેના સાથે દક્ખણ ઉપર ચઢાઇ કરી, તૈલપને પકડયો, અને મુંજની સાથે જેવી અપમાન ભરેલી વર્ત્તણુક ચલાવવામાં આવી હતી તેવીજ રીતે તેની સાથે ચલાવવામાં આવી અને અંતે તેને મારી [1] નાંખ્યો. ભોજ જેણે માળવામાં ૫૩ વર્ષ સુધી રાજ્ય કર્યું તે, જ્યારે મુંજ મરી ગયો ત્યારે, માત્ર બાળક હતો. મુંજ ઇ. સ. ૯૯૪ [2] માં ગાદીએ હતો, અને તૈલપ ઇ. સ. ૯૯૭ માં મરી ગયો અથવા રાજ્ય કરતો બંધ પડયો. માટે ઈ. સ. ૯૯૪ અને ૯૯૭ ની વચ્ચેના વર્ષોમાં તેને ભોજે મારી નાંખ્યો હશે. પણ ભોજ મોટી ઉમ્મરનો થાય અને તેની સાથે લડી શકે એટલા બધા લાંબા સમય સુધી મુંજના મરણ પછી તૈલપ જીવ્યો નહોતો. માટે તૈલપ ઉપર ભોજે વૈર લીધું નહીં હોવું જોઇએ. પણ તેની સાથે જયસિંહ અને સોમેશ્વર ની લડાઈઓથી એમ દેખાય છે કે ભોજચરિત્રમાં લખેલી દંતકથાઓ એટલે અંશે સત્ય હોય, કે પોતાના કાકાના મરણનું વેર લેવાને માળવાના રાજાએ પાસેના બીજા

---

૧ ભોજચરિત્ર. ૧, શ્લોક ૫૦-૫૬.
૨ સને ૧૮૮૨-૮૩ માં જૂનાં હસ્તલિખિત પુસ્તકોની શોધ બાબતના મારા રીપોર્ટનું પૃ. ૪૫ મું જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજાઓ સાથે સંધિચક્ર કર્યું અને ચાલુકયોના રાજ્ય ઉપર ચઢાઇ કરી કદાપિ વિક્રમાદિત્ય ૧ જેને વિશે આપણે ઘણું થોડું જાણીયે છીયે તે રાજાને તેણે પકડયો હોય અને તેને મારી નાંખ્યો હોય. માટે શકે ૯૪૧ ના શિલાલેખમાં લખ્યા પ્રમાણે તેની સામે જયસિંહે સેના મોકલી અને તે સંધિચક્ર તોડી નાંખ્યું તેનું કારણ આ હોવું જોઇએ એમ સંભવિત લાગે છે.

**દાહલ અને દક્ષિણ તરફના દેશો ઉપર હુમલો.**

થોડા સમય પછી સોમેશ્વરે ચેદી અથવા દાહલ દેશ જેની રાજયધાની તેવુર અથવા ત્રિપુર હતુ તેના ઉપર ચઢાઇ કરી અને રાજા કર્ણને [1] રાજભ્રષ્ટ કર્યો અથવા મારી નાંખ્યો. આ બનાવ બન્યા પૂર્વે રાજા ભોજ મરી ગયેલો હોવો જોઇએ; કારણકે તેના મરણ સમયના વખતમાં જ કર્ણે ગુજરાતના ભીમદેવ ૧ સાથે બંને બાજુએથી માળવા ઉપર હુમલો લઇ જવાના હેતુથી સંધિચક્ર કર્યું હતું, અને તેના મરણ પછી ધારાનગરી [2] લુંટી. બિલ્હણ તે પછી એમ લખે છે કે ચાલુકય રાજા સમુદ્ર કિનારાના દેશો એટલે ઘણું કરીને પશ્ચિમ તરફના દેશો સામે લશ્કર લઇને ગયો હતો. આ દેશો તેણે જીતી લીધા, અને ત્યાં જયસ્તંભ બંધાવી તે દ્વિપકલ્પના છેડા તરફ કિનારે ગયો. દેશના તે ભાગમાં તે કુચ કરતો હતો, તે સમયે દ્રવિડ અથવા ચોલ દેશના રાજાએ તેના ઉપર હુમલો કર્યો પણ તે હાર્યો. આથી સોમેશ્વર તેની રાજયધાની કાંચીમાં ગયો જે તેણે પકડી, અને ચોલ દેશના રાજાને પોતાના પ્રાણનું રક્ષણ કરવા નાસી [3] જવું પડયું. રાજા ભોજ તથા ચોલ દેશના રાજા સામેનાં આહવમલ્લનાં કાર્યોની નોંધ એક શિલાલેખમાં છે;

---

૧ બિલ્હણ કૃત વિક્રમાંકદેવચરિત શ્લોક ૧૦૨-૧૦૩.

૨ મેરૂતુંગકૃત ભોજપ્રબંધ, રાસમાલા ૬. પૃ. ૬૯ નવી આવૃત્તિ.

૩. વિક્રમાંકદેવચરિત. ૧. શ્લો. ૧૦૨ ૧૦૩.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વળી કાન્યકુબ્જ અથવા કનોજના રાજા સાથે તે લડયો હતો અને તેને હરાવીને આશ્રય [1]માટે પર્વતની ગુફાઓમાં નાસી જવાની ફરજ પડી હતી એમ પણ તેમાં લખેલું છે.

**આહવમલ્લના પુત્રો.**

આહવમલ્લ ઉર્ફે સોમેશ્વરે કલ્યાણ નગર સ્થાપ્યું, અને તેને પોતાની રાજ્યધાની કરી. બિલ્હણ આ [2]વાત કહે છે, અને શકે ૯૭૫ માં જ્યારે સોમેશ્વર રાજા રાજ્ય [3]કરતો હતો તે પૂર્વેના કોઇ પણ શિલાલેખમાં આ નગરનું નામ આવતું નથી. સમય જતાં આહવમલ્લને ત્રણ પુત્રો થયા હતા; તેમાંના જ્યેષ્ટ પુત્રનુ નામ સોમેશ્વર, બીજાનું નામ વિક્રમાદિત્ય અને ત્રીજાનું નામ જયસિંહ [4]હતું. આ સર્વમાંથી શક્તિમાન્ વિક્રમાદિત્ય હતો; અને જ્યેષ્ટ પુત્રને મુકીને આને યુવરાજની પદ્વિ આપવાનો આહવમલ્લનો વિચાર [5] હતો. માટે સોમેશ્વરને યુવરાજ તરીકે સ્થાપ્યો, પરંતુ ખરૂં કામ તો વિક્રમાદિત્યજ કરતો હતો અને સઘળાં યુધ્ધોમાં તેને જ લડવા મોકલવામાં આવતો હતો. પ્રથમ

---

૧. ઇ. એ. વા. ૮. પૃ. ૧૯.

૨. બિલ્હણકૃત વિક્રમાંકદેવચરિત અ. ૨, ૧. સ્વાભાવિક રીતિ પ્રમાણે 'वरार्घ्यं' એટલે 'બહુજ ઉત્તમ' ને ગુણ રૂપ વિશેષણ લેવું જોઇએ, પણ ક્રિયારૂપ નહીં, અને चकार ને ક્રિયાપદ લેવું જોઇએ. એ પ્રમાણે અર્થ આવો થશે=" કલ્યાણ નામનું બહુજ ઉત્તમ નગર તેણે કર્યું (સ્થાપ્યું.)"

૩. આ બાબત ઉપર મી. ફ્લીટની ટીકા જોવી, ઇ. એ. વા. ૮. પૃ. ૧૦૫. સાલોટગીના લેખમાં (ઇ. એ. વા. ૧ પૃ. ૨૧૦) આવતા "કલ્યાણ" શબ્દનો અર્થ કીર્તિવર્માના દાનપત્ર મુજબ, " સારૂ અથવા ફાયદાકારક " એવો કરવો જોઇએ અને ડો. બ્યુલરે તથા મી૦ પંડિતે કર્યું છે તે મુજબ તે શેહેરનું નામ નથી.

૪. બિલ્હણકૃત વિક્રમાંકદેવચરિત્ર, અ. ૨. શ્લો. ૫૭—૫૮ અને ૮૫ અ. ૩૧. લો. ૧ અને ૨૫.

૫. એજ પુસ્તકનો અ. ૩, શ્લો. ૨૬—૩૨, ૩૬—૪૧ અને ૪૮—૫૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**વિક્રમાદિત્યનાં યુદ્ધો.** કાર્ય તેણે કર્યું તે એ હતું કે હમેશની માફક ચોલ દેશના રાજા સામે તે સેના લઈને ગયો, તેને હરાવી તેનું રાજ્ય લઇ લીધું. માળવાનો રાજા જેને પોતાના દેશમાંથી કોઇ અન્યરાજા જેનું નામ માલુમ નથી તેણે કાઢી મુકયો હતો તેણે વિક્રમાદિત્યની સહાય માગી. તે રાજાએ તેના શત્રુઓને હરાવ્યા અને તેને ગાદીએ[1] બેસાડયો. વિક્રમાદિત્યે વળી ગૌડ દેશ એટલે બંગાળા અને કામરૂપ એટલે અસામ[2] ઉપર પણ ચઢાઈઓ કરી હતી તેમ કહેવામાં આવ્યું છે. તેનાં જય કાર્યોનું વધારે વિગતવાર વર્ણન આપતાં બિલ્હણ કવિ એમ લખે છે કે પ્રથમ તે કેરલ દેશ સામે ગયો તે તેણે[3] જીતી લીધો; સિંહલનો[4] રાજા તેને આવતો જોઈને તેને તાબે થયો. પછી તેણે ગાંગકુંડ નામનું નગર સર કર્યું અને ચોલ દેશ તરફ ગયો. પછી વિક્રમાદિત્ય કાંચી નગરમાં પેઠો અને તેને લૂટયું, અને ત્યાંથી તે સેના લઇને વેન્ગી તરફ ગયો, અને ત્યાંથી ચક્રકોટ ગયો.[5]

**આહવમલ્લનું મૃત્યુ.** વિક્રમાદિત્ય ઉપર લખેલાં કાર્યોમાં વ્યાપૃત થએલો હતો, તેવામાં આહવમલ્લને સખ્ત તાવ આવ્યો. જ્યારે પોતાનો અંત પાસે આવતો તેણે જોયો, ત્યારે તુંગભદ્રા નદીને તટે પોતાને લઇ જવાને હુકમ કર્યો, ત્યાં જઇ તે નદીના જલમાં તેણે સ્નાન કર્યું અને દાનમાં ઘણું સુવર્ણ આપ્યું; પછી ફરીથી નદીમાં પેસીને પાણી તેના ગળા સુધી આવ્યું ત્યાં સુધી અંદર ચાલ્યો ગયો અને તેનાં મોજાંના તથા વાદિત્રોના થતા કોલા

---

૧. તેજ પુસ્તકનો અ. ૩, શ્લો. ૫૫—૬૯.

૨. તેજ પુસ્તકનો અ. ૩, શ્લો. ૭૪.

૩. બિલ્હણકૃત વિક્રમાંકદેવ ચરિત અ. ૪ શ્લો. ૨, ૧૮.

૪. એજ પુસ્તકનો અ. ૪ શ્લો. ૨૦.

૫. એજ અ ૪ શ્લો. ૨૧—૩૦ વેંગીના સ્થાન માટે ઉપર પૃ. ૪૧ જુઓ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હુલ વચ્ચે[1] ડુબી મુઓ. આ વૃત્તાંત શકે ૯૯૧ એટલે ઈ. સ. [2]૧૦૬૯ માં થએલો હોવો જોઇએ. બિલ્હણના લખવા પ્રમાણે આહવમલ્લે ઘણા યજ્ઞો કર્યા હતા અને વિદ્વાન્ લોકો તરફ ઘણો ઉદાર[3] હતો. તેના સદ્ગુણોને લીધે કવિઓએ પોતે રચેલી વાર્તાઓ, કાવ્યો અને નાટકોમાં તેને નાયક બનાવ્યો હતો.[4]

**સોમેશ્વર રાજા તરીકે જાહેર થયો.**

આહવમલ્લનો જયેષ્ટ પુત્ર સોમેશ્વર યુવરાજ હતો તેથી સ્વાભાવિક રીતે ગાદીએ આવ્યો અને ભુવનૈકમલ્લનું નામ ધારણ કર્યું. વિક્રમાદિત્ય જ્યારે વેન્ગીમાંથી પાછો આવતો હતો ત્યારે તેને પોતાના પિતાના મરણના સમાચાર મળ્યા. તે એકદમ રાજ્યધાનીમાં આવ્યો, અને તેના ભાઇએ તેનો આદરસત્કાર કર્યો. પોતાની જયયાત્રામાં જે જે લૂંટ તેણે મેળવી હતી તે સર્વ તેણે તેને આપી દીધી અને થોડા સમય સુધી તો બંને ભાઇઓ વચ્ચે મેળ રહ્યો. પણ સોમેશ્વર નિર્બળ અને જૂલમી રાજા હતો તેણે પોતાની પ્રજા ઉપર જુલમ ગુજાર્યો, તેથી પ્રજાની પ્રીતિ ગઇ. ડાહ્યા અને સારા મનુષ્યોની સલાહ પ્રમાણે તે વર્તતો નહોતો. અને કુંતલના રાજ્યની પ્રસિદ્ધતા અને

**ભાઇઓ વચ્ચે ટંટો.**

સત્તા ઘણી જતી રહી. વિક્રમાદિત્ય પોતાના ભાઈનાં કૃત્યો અટકાવવાને અશક્ત હતો અને પોતાના તરફ તેના વિચારો બાબતમાં પોતાને શંકા આવી તેથી, તેણે પોતાના ભાઈ જયસિંહને તથા એક મોટી સેનાનો લઈ રાજ્યધાની.[5] છોડી સોમેશ્વર ૨ એ તેના સામે પોતાની સેના મોકલી પણ તેને

---

૧. એજ. અ. ૪ શ્લો. ૪૬—૪૮.

૨. જ. રો. એ. સો. વા. ૪. પૃ. ૪.

૩. એજ. અ. ૧ શ્લો. ૯૭—૯૯ ત. ૫૨.

૪. એજ. અ. ૧ શ્લો. ૮૮.

૫ બિલ્હણકૃત વિક્રમાંકદેવચરિત, અ. ૪ શ્લો, ૮૮-૧૦૯ અ. ૫ શ્લો. ૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિક્રમાદિત્યે ઘણી કતલ કરી હરાવી[૧] દીધી. પછી તે તુંગભદ્રા નદીને કીનારે ગયો અને થોડા સમય પછી ચોલ દેશ તરફ જવા નીકળ્યો. રસ્તામાં બનવાસી આગળ તે અટક્યો, ત્યાં આગળ થોડો સમય મોજશોખમાં ગાળી પછી મલય દેશ તરફ જવા નીકળ્યો. એમ લખેલું છે કે જયકેશી વિક્રમાદિત્યને તાબે થયો અને તેની ઈચ્છા કરતાં પણ વધારે દ્રવ્ય તેને આપ્યું અને આ રીતે કોંકણ[૨] ની સ્ત્રીઓનાં મુખ ઉપરનું સ્મિત હમેશને માટે ચાલુ રાખ્યું. આ ઉપરથી એમ દેખાય છે કે જયકેશી કોંકણનો રાજા હશે અને તે નામનો પહેલો રાજા હોવો જોઇએ, જેના વિશે, મી. ફ્લીટે પ્રગટ કરેલા ગોઆ-કદમ્બના તામ્રલેખોમાં એમ કહેવામાં આવ્યું છે, કે તેણે ચાલુક્ય અને ચોલ વંશોના રાજાઓ સાથે મૈત્રીચક્ર બાંધ્યું હતું અને ગોકપટ્ટણ એટલે ગોઆને પોતાની રાજ્યધાની કરી હતી. વિક્રમાદિત્ય ઉર્ફે ત્રિભુવનમલ્લે પોતાની ઉત્તરાવસ્થામાં પોતાની પુત્રી મલ્લાલમહાદેવીને આ રાજાના પૌત્ર સાથે પરણાવી હતી જેનું નામ પણ જયકેશી હતું. આ વાત ત્રણે દાનપત્રોમાં લખવામાં આવી છે. કારણકે દખ્ખણના સર્વભૌમ રાજા સાથેના સંબંધથી તેના કુલની [૩]પ્રતિષ્ઠા વધી હતી. [૪]અલુપ દેશના રાજાએ પણ ચાલુક્ય રાજાને નમન કર્યું અને તેથી તેને તે રાજાએ પોતાની પ્રીતિ દેખાડી. પછી તેણે કેરલ એટલે મલબારના લોકોને વશ કર્યા, અને દ્રવિડ અથવા ચોલ દેશ તરફ ગયો. આની ખબર મળવાથી ચોલ દેશના રાજાએ સુલેહનું કહેણ લઇને એક પ્રતિ-

**ગોઆના જયકેશીનું વિક્રમાદિત્યને તાબે થવું.**

---

૧ એજ. અ. ૫ શ્લો. ૫—૮.

૨. બિલ્હણનું વિક્રમાંકદેવચરિત અ. ૫. શ્લો ૧૦, ૧૮, ૨૪.

૩. જ. બો. બ્રે. રો. એ. સો. વો. ૯, પૃ. ૨૪૨, ૧૯૮, ૨૮૯.

૪ ઉપર પૃ. ૩૯, ક. ૨૭ જુઓ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નિધિ મોકલ્યો અને પોતાની પુત્રી વિક્રમાદિત્યને લગ્નમાં આપવાની માગણી કહાવી, આ માગણીઓ વિક્રમાદિત્યે સ્વીકારી અને તે ચોલ રાજાની વિનંતિ ઉપરથી તુંગભદ્રાને કિનારે તે પાછો આવ્યો; જ્યાં આગળ તે રાજા પોતાની પુત્રીને લઇને આવ્યો અને મૈત્રી[1] કરી.

**ચોલ દેશના રાજા સાથે મૈત્રી.**

થોડા સમય પછી ચોલનો રાજા મરી ગયો અને તેના રાજ્યમાં બળવો થયો. જ્યારે ચાલુક્ય રાજાએ આ સાંભળ્યું, ત્યારે તે તુરત કાન્ચીમાં ગયો અને પોતાના સાળાને ગાદી ઉપર બેસાડીને તેના શત્રુઓને દાબી તેની સ્થિતિ નિર્ભય કરવા સારૂ એક માસ પર્યંત ત્યાં રહ્યો; તોપણ તુંગભદ્રા નદી ઉપર તે આવ્યો ત્યાર પછી થોડાજ સમયમાં વેન્ગીના રાજા રાજીગે જોયું, કે ચોલ રાજાના સરદારો નાખુશ થએલા છે તેથી તેણે આ પ્રસંગનો લાભ લઇ તેને રાજ્યભ્રષ્ટ કરી તે દેશનું રાજ્ય પોતે તરત લઇ લીધું. વિક્રમાદિત્યને ગભરાવવાને માટે અને કાંચી ઉપર ચઢી આવતો અટકાવવાને માટે તેના ભાઇ સોમેશ્વરને પાછળથી તેના ઉપર હુમલો કરવાને ઉશ્કેર્યો, પણ વિક્રમાદિત્ય ચાલ્યો આવ્યો અને દ્રવિડ સેના દૃષ્ટિએ આવી તેટલામાં સોમેશ્વરે તેને પુઠેથી પકડયો. તેની પાસે સારી હથીયારબંધ ઘણી મોટી સેના હતી. બિલ્હણ જે પોતાના આશ્રયદાતા રાજાની આ ભાઇઓ વચ્ચેની લડાઈમાં નિર્દોષતા બતાવવાને આતુર છે તે તેના વિશે એમ લખે છે કે જ્યારે તેણે પોતાના ભાઇને શત્રુ સાથે મળી ગએલો જોયો ત્યારે તેણે જે માર્ગ લીધો હતો તેમાંથી તેને સમજાવી પાછો વાળવા પ્રયત્ન કર્યો. પોતાના ભાઇની વિનંતીઓ માનતો હોય તેવો ડોળ સોમેશ્વરે કર્યો, પણ તે સ-

**ચોલ રાજ્યમાં બળવો.**

**વિક્રમાદિત્ય સામે રાજીગ અનેસોમેશ્વર વચ્ચે મૈત્રી**

---

૧ બિલ્હણકૃત વિક્રમાંકદેવચરિત અં. ૬ શ્લોક ૨૫

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મય જતાં ખરેખર મોટી હાર તેને ખવડાવવાને માટે સારી તક[1] શોધવા લાગ્યો. પરંતુ તે બંનેની સેના સામે લઢવાનો વિક્રમાદિત્યે છેવટ નિશ્ચય કર્યો. પછી એક મોટી ખુનખાર લઢાઇ થઇ તેમાં

**રાજીગ તથા પોતાના ભાઇ સાથે વિક્રમાદિત્યની લડાઈ.**

વિક્રમાદિત્ય જય પામ્યો, દ્રવિડ દેશનો નવો રાજા નાસી ગયો, અને સોમેશ્વર કેદ પકડાયો. પછી ચાલુક્ય રાજા તુંગભદ્રા ઉપર પાછો આવ્યો અને અલ્પ સમય પછી સોમેશ્વરને પદભ્રષ્ટ કર્યો અને પોતે રાજા તરીકે રાજ્યાભિષેક કરાવ્યો. પોતાના નાના ભાઇ જયસિંહને તેણે બનવાસીનો પ્રદેશ આપ્યો.[2]

**વિક્રમાદિત્યનો રાજ્યાભિષેક.**

આ વૃત્તાંત નલ નામ સંવત્સરમાં શકે ૯૯૮ ના વર્ષમાં એટલે ઇ. સ. ૧૦૭૬ માં થયો.

પછી વિક્રમાદિત્ય ૨ એ કલ્યાણમાં પ્રવેશ કર્યો અને પચાસ વર્ષનું એક લાંબુ અને સઘળી વાત ધ્યાનમાં લેતાં

**વિક્રમાદિત્ય ૨ નું**

શાંતિ ભરેલું રાજ્ય ભોગવ્યું.[3] તેણે ત્રિભુવનમલ્લ

---

૧ બિલ્હણકૃત વિક્રમાંકદેવચરિત, અ ૬ શ્લો. ૫૬–૬૧.

૨ એજ સ. ૬ શ્લો. ૯૦–૯૩ અને ૯૮–૯૯.

૩ જ. રો. એ સો. વા. ૪, પૃ. ૪. ઇ. એ. વ ૮. પૃ. ૧૯. તે સમયે ચાલુ શક વર્ષ ૯૯૯ હતું. મી. ફ્લીટ એમ ધારે છે કે વડગેરીના લેખમાં લખેલા નલ સંવત્સરના ફાલ્ગુન શુદી પંચમીને દીવસે કરેલા દાનો જેના સંબંધમાં કરવામાં આવ્યાં હતાં તે પટ્ટબંધ અથવા રાજ્યાભિષેકનો ઉત્સવ વાર્ષિક હતો. પણ આ ધારણા ફકત અનુમાન છે, જો તેમ હોય તો "વાર્ષિકોત્સવ" એ શબ્દો ત્યાં હોય, માટે ત્યાં જે ઉત્સવના સંબંધમાં લખવામાં આવ્યું છે તે તો તે રાજ્યાભિષેકના ઉત્સવનું લખેલું હોવું જોઇએ. આ દાનપત્રમાં જે તારીખ લખી છે તે તે દાનની છે અને રાજ્યાભિષેક થયાની તારીખ નથી એમ મારો મત છે. આ લેખ તથા અરલેશ્વરના લેખ ઉપરથી જે આપણે સમજીએ છીએ તે એજ કે નલસંવત્સર તે તેના રાજયનું પેહેલું વર્ષ હતું.

૧ જ. રો. એ. સો. વા. ૪ પૃ. ૧૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**રાજ્ય.** એ પદ ધારણ કર્યું અને કલિવિક્રમ તથા પર્માદિરાયના નામામાંથી પણ તે પ્રસિદ્ધ છે. તેણે શક સંવત્સર કાઢી નાંખ્યો અને પોતાનો સંવત્સર સ્થાપ્યો, પણ તે તેના મરણ પછી થોડા સમયમાં બંધ પડયો. ગાદીએ આવ્યા પછી કેટલાએક સમય પછી તે કર્ણાટક અથવા કર્ણાડમાં ગયો અને ત્યાં રાજ્ય કરતા શિલિહાર રાજાની પુત્રીને પરણ્યો. તેનું નામ ચંદ્રલેખા હતું અને તેનું સૌંદર્ય અલૌકિક હતું. બિલ્હણ કવિ તેના વિશે એમ લખે છે કે તેણે સ્વયંવર કર્યો હતો ત્યાં ઘણા રાજાઓ એકત્ર થયા હતા. તેમાંથી તેણીએ ચાલુકય રાજાને પસંદ કર્યો અને તેને વરમાળા પેહેરાવી. આ સ્યંવરની વાત સત્ય હતી કિંવા કવિએ પોતાની કાવ્યશક્તિ તથા વર્ણનશક્તિ દર્શાવવાનો પ્રસંગ લેવા માટે ફક્ત કાલ્પનિક કરી હતી એ નિશ્ચિત કરવું શકય નથી. તે વર્ણનમાં ચંદ્રલેખાને ચાંડાલદેવી કહેવામાં આવી છે. અને તેના વિના ત્રિભુવનમલ્લની બીજી બહુ રાણીઓનાં વર્ણન આવે છે. તેઓના ખાનગી ખર્ચને માટે અમુક ગામોની ઉપજોની તેમને નીમનોક કરી આપવામાં આવી[1] હતી.

**વિક્રમના ભાઈ જયસિંહનો બળવો.** થોડાં વર્ષ પછી વિક્રમનો ભાઇ જયસિંહ જેને બનવાસીમાં રાજ્ય–પ્રતિનિધિ તરીકે નીમવામાં આવ્યો હતો તેણે રાજા સામે દ્રોહ કરવાનો વિચાર કરવા માંડયો. તેણે પોતાની પ્રજા પાસેથી બહુ દ્રવ્ય જોરજૂલમથી કઢાવ્યું, દ્રવિડના રાજા અને અન્ય રાજાઓ સાથે મૈત્રીચક્ર બાંધ્યું, અને વિક્રમાદિત્યની સેનામાં રાજ્યદ્રોહ અને કપટ ઉત્પન્ન કરવાનો યત્ન કરવા લાગ્યો. જ્યારે રાજાએ આ વાત સાંભળી ત્યારે આ દુષ્ટ માર્ગમાંથી તેને સમજાવીને પાછો વાળવાના ઘણા યત્ન કર્યા, પરંતુ તે સર્વ નિષ્ફળ ગયા; અને થોડા સમયમાં જયસિંહ

---

૧ એજ. પૃ. ૧૫ તા. બિલ્હણકત વિક્રમાંકદેવચરિત, સ ૮-૧૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પોતાના અસંખ્ય સહાયક રાજાઓને તથા એક મોટું લશ્કર લઇને આવ્યો અને કૃષ્ણા નદીને કિનારે મુકામ નાંખ્યો. આજુબાજુનાં ગામો તેણે લૂટયાં અને બાળ્યાં અને ઘણા બંધીવાનો પકડી લીધા અને પોતાના જયને એટલો બધો નિશ્ચિત ગણવા લાગ્યો કે વિક્રમને અપમાન ભરેલા સંદેશા[1] તેણે મોકલ્યા. ત્યારે રાજા પોતાની સેના લઇને તેની સામે ગયો. તે નદીની પાસે આવ્યો ત્યારે શત્રુના અગાઉ આવેલા લશ્કરી સિપાઇઓએ તેને હેરાન કર્યો, પણ તેમને કાઢી મુકીને તે તે નદીને કિનારે છાવણી નાંખીને[2] પડયો. તેણે પોતાના ભાઇની સેના તરફ દૃષ્ટિ નાંખી તો તે સેના ઘણી મોટી તથા બળવાન માલુમ પડી. પછી યુદ્ધ થયું. શરૂઆતમાં શત્રુના હાથીઓએ ધસી આવીને વિક્રમની સેનામાં ઘણો ગભરાટ મચાવ્યો. તેથી તેના સર્વ હાથીઓ, ઘોડા અને માણસો પાછા ફર્યા; પરંતુ વખાણવા લાયક શૂરવીરતા બતાવીને તે રાજા પોતાના ગાંડા થએલા હાથી ઉપર બેસીને જમણી તથા ડાબી બંને બાજુ તરફ ઘણા સખત ઘા કરતો આગળ ધસી આવ્યો. આથી શત્રુના હાથીઓ પાછા હઠાવી કાઢયા અને રાજાએ તેના ઘણા દળનો સંહાર કર્યો, તે સૈન્ય હાર્યું અને જયસિંહ તથા તેના અનુયાયીઓ નાસી ગયા. વિક્રમ શત્રુની પાછળ પડયો નહીં પણ રણસંગ્રામના સ્થાન ઉપર રહેલા હાથી, ઘોડા, સ્ત્રીઓ અને સામાન લઇને પોતાની રાજ્યધાનીમાં પાછો આવ્યો. થોડા સમય પછી જયસિંહને એક વનમાં ભટકતો પકડવામાં આવ્યો. અને વિક્રમાદિત્ય આગળ લાવતાં તેણે તેને ક્ષમા આપી એમ[3] લખેલું છે.

**વિક્રમાદિત્યના રાજ્ય**

વિક્રમના રાજ્યના ઉત્તર ભાગમાં, દ્વારસમુદ્ર એટલે મૈસુરમાં આવેલા આ સમયના હાલેબાડમાં રાજ્ય કરતા યાદવ વંશની હયશલ નામની એક શાખાના રાજાએ

---

૧ બિલ્હણકૃત વિક્રમાંકદેવચરિત. સ. ૧૪ શ્લો. ૧–૧૩. ૧૮, ૪૯–૫૬.
૨ એજ સ. ૧૪ શ્લો. ૫૭ ૭૦ ૭૧.
૩ એજ સ. ૧૫ શ્લો. ૨૩, ૪૧–૪૨, ૫૫–૭૧, ૮૫–૮૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**ઉપર વિષ્ણુવર્ધનની ચઢાઈ.** તેના રાજ્ય ઉપર ચઢાઇ કરી; અને તેની સાથે પાંડયદેશ, ગોવા અને કોંકણના રાજાઓ આવ્યા હતા. આ હયશલ રાજા વિષ્ણુવર્ધન હોવો જોઇએ, જે બલ્લાલનો નાનોભાઇ અને તે વંશને પ્રથમ પ્રસિદ્ધતામાં લાવનાર વિનયાદિત્યનો પૌત્ર થતો હતો. કારણકે ગડકમાંથી મળી આવેલા, વિષ્ણુવર્ધનના પૌત્ર બલ્લાલના એક શિલાલેખમાં વિષ્ણુવર્ધન વિશે એમ લખવામાં આવ્યું છે, કે તેણે પોતાની રાજ્યધાની અને બેલવોલા વચ્ચેનો સઘળો મુલ્લક તાબે કર્યો હતો અને કૃષ્ણાવેણા નદીમાં પોતાના અશ્વોને નવરાવ્યા હતા. એમ પણ લખવામાં આવ્યું છે કે રાજા પરમાર્દીદેવે ( વિક્રમાદિત્યે ) " સર્વ રાજાઓમાં હયસલ એકલોજ અજય્ય[1] છે " એમ કહીને તેને જે માન આપ્યું હતું તે વાત તેના નોકરોએ તેને પુનઃ પુનઃ યાદ દેવડાવી. વિક્રમાદિત્યે આ શત્રુઓ સામે દક્ષિણ તરફના પ્રદેશના આચ અથવા આચગી નામના એક ખંડણીયા રાજાને મોકલ્યો. આચ જે યુદ્ધમાં સિંહ હતો અને પ્રચંડ સૂર્ય જેવો જાજવલ્યમાન હતો તે પોતાનો યુદ્ધનાદ કરીને હોયસલ સામે થયો અને જીત્યો, ગોવા લીધું, યુદ્ધમાં લક્ષ્મણને નસાડયો, પાંડયની પાછળ શૌર્યથી પડયો, માલપ લોકોને સર્વ વીખેરી નાંખ્યા, અને કોંકણ લીધું.[2] આ આચે પોતાના ઉપરી રાજા તરફથી ઘણાં યુધ્ધો કર્યાં હોવાં જોઇએ; કારણકે એમ લખવામાં આવ્યું છે કે તેણે " કલિંગ, બંગ, મરૂ, ગુર્જર, માલવ, ચેર અને ચોલ એ સર્વ દેશોના[3] રાજાઓને પોતાના ઉપરી રાજાને તાબે કર્યા

---

૧ ઈ એ. વા. ૨ પૃ. ૩૦૦. આ શ્લોકનું મી. ફ્લીટે કરેલું ભાષાંતર ખોટું છે. તેમાંના શબ્દો આ પ્રમાણે ગોઠવવાના છેઃ–**नृपेषु असाध्यतया होय्सळमवधारय इति परमादिदेवनृपतेः प्रत्युपचारं यः नियुक्तैः मुहुः स्मर्यते. ॥**

૨ જ. બો, બ્રે. રો. એ. સો. વો. ૧૧ પૃ. ૨૪૪ પોયસલ અને હોયશળ એકજ શબ્દ છે.

૩ એજ પૃ. ૨૯૯.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતા. ચોલરાજા જે તેની આજ્ઞા માનતો નહોતો તેની સામે વિક્રમાદિત્યને જાતે યુદ્ધ કરવા જવું પડયું, તેને હરાવ્યો અને તે નાસી ગયો. પછી તે રાજા પાછો પોતાની રાજ્યધાનીમાં[1] આવ્યો. વિક્રમાદિત્યે વિષ્ણુનું એક મોટું મંદીર બંધાવ્યું, અને તેની સામે એક તળાવ ખોદાવ્યું. અને તેની પડોશમાં વિક્રમપુર નામનું એક ગામ વસાવ્યું. તેણે પોતાની પ્રજા ઉપર સારી રીતે રાજ્ય કર્યું અને પ્રજા તેના અમલમાં સુખી હતી. તેના રાજ્યમાં જે નિર્ભયતા હતી તે એટલી બધી હતી કે બિલ્હણના લખવા પ્રમાણે "તેઓ રાત્રે પોતાના ઘરનાં બારણાં બંધ કરવાની દરકાર કરતા નહીં, અને તે બારીબારણાંઓમાં થઇને ચોરને બદલે ચંદ્રનાં કિરણો અંદર પેસતાં." તે ગરીબ તરફ ઘણો ઉદાર અને છુટા હાથનો હતો અને દરેક પવિત્ર પર્વમાં[3] સોળ મહાદાન આપતો. તે વિદ્યાનો ઉત્તેજક હતો એ વાત એ ઉપરથી માલમ પડે છે કે બિલ્હણ જેવો કાશ્મિરી પંડિત જે આખા હિંદુસ્થાનમાં આશ્રયની શોધમાં ફર્યો હતો તેને વિદ્યાપતિ એટલે મુખ્ય પંડિતની પદ્વિએ ચઢાવ્યો હતો. હિંદુસ્થાનના ઘણા ભાગમાં અને મુખ્યત્વે કરીને મરાઠા દેશમાં કાયદા અને ધર્મની બાબતમાં મુખ્ય આધાર તરીકે હાલના સમયમાં સ્વીકારવામાં આવી છે તે મિતાક્ષરાનો કર્ત્તા વિજ્ઞાનેશ્વર વિક્રમાદિત્યના સમયમાં થઇ ગયો હતો અને કલ્યાણમાં રહેતો હતો. તે પુસ્તકની ઘણી હસ્તલિખિત પ્રતોને અંતે ત્રણ શ્લોકો આવે છે જેનું ભાષાંતર નીચે પ્રમાણે થાય[4] છેઃ—

"આ પૃથ્વી ઉપર કલ્યાણ જેવું નગર થયું નથી, છે નહીં, તેમ જ થવાનું નથી; શ્રીમાન્ વિક્રમાર્ક જેવો રાજા જોયો અથવા સાંભળ-

---

૧ બિલ્હણનું વિક્રમાંકદેવચરિત સ. ૧૭ શ્લો. ૪૩-૬૮.

૨ એજ સ. ૧૭ શ્લો. ૧૫, ૨૨, ૨૯ તથા જ. રો. એ. સો. વા. ૪ પૃ ૧૫.

૩ એજ. સ. ૧૭ શ્લોક, ૩૬-૩૭.

૪. જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૯ પૃ. ૧૩૪ માં તે વિષય ઉપર બ્યૂલરનો નિબંધ જુઓ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વામાં આવ્યો નથી, અને અધિક શું કહેવું ! પંડિત વિજ્ઞાનેશ્વર સાથે કોઇની ઉપમા થઈ [1]શકતી નથી. આ ત્રિમૂર્તિ કલ્પ સુધી [2]કલ્પલતાની પેઠે સ્થાયી રહો. ”

“ [3]વિજ્ઞાનનાથ સૂર્ય અને ચંદ્રમાં રહે ત્યાંસુધી જીવો–જે શબ્દો-

---

૧. છેલ્લી બે લીટીનો પાઠ ડો. બ્યુલર પ્રમાણે આવો છેઃ—

**विज्ञानेश्वरपंडितो न भजते किंचान्दस्योपमां। कल्पस्थं स्थिर मस्तु कल्पलतिकाकल्पं तदेवत्रयम् ॥** ડોકટર બ્યુલર **कल्पस्थं** આ શબ્દ **किंचान्यत्** ની સાથે લે છે અને આ પ્રમાણે તરજુમો કરે છેઃ— આ કલ્પમાં જે બીજું કાંઈ છે તેની તુલના પંડિત વિજ્ઞાનેશ્વર સાથે થઇ શકતી નથી. ” પણ “ બીજું કાંઈ ” એ માટે **किंचान्यत्** ને સ્થાને **किमप्य न्यत्** જોઇએ. વળી આમ અર્થ કરીએ તો “ **पंडितो** ” એ શબ્દ પ્રથમામાં હોઇ તેને ક્રિયાપદ નથી કારણ કે **भजते** નો કર્તા **अन्यत्** શબ્દ લેવાય છે. વળી તેનો અર્થ આવો પણ ન થઇ શકે કેઃ—“ આકલ્પમાં જે કોઇ છે તેની તુલના ઈત્યાદિ;” કારણકે આ કલ્પમાં અર્ધ ભાગ હજુ ગયો છે, અને બીજો અર્ધ ભાગ હજુ બાકી છે અને તેમાં જે કાંઇ ઉત્પન્ન થશે પણ હજુ થયું નથી તે આ કલ્પમાંનું એમ કહેવાય નહી. માટે જરાક ફેરફાર કરીએ તો ખરેખરો જે પાઠ આવે તે માત્ર મુંબાઈમાં પ્રસિદ્ધ થએલી શિલા છાપની આવૃત્તિમાં આપવામાં આવ્યો છે અને તે ત્યાં ફુટનોટમાં આપવામાં આવ્યો છે તે નીચે પ્રમાણેઃ– “ **किंवान्यद न्योपमामाकल्पं** ” આ પાઠમાં “ **वा** ” ને બદલે“**चा**” શબ્દ જોઇએ. અને મેં આ વર્ષે મુંબાઇ સરકાર માટે જે હસ્તલિખિત પ્રત મિતાક્ષરાની સંવત ૧૫૩૫ અથવા શાકે ૧૪૦૧ની ખરીદ કરી છે તેમાં પણ આ પાઠ છે. તેનો તરજુમો ઉપર લખ્યા પ્રમાણે થાય છે.

૨. કલ્પલતાની ઉપમા એ માટે આપી છે કે તે ત્રણે સર્વ ઇચ્છાઓ પૂરી પાડે છે.

૩. ડો. બ્યુલરનો પાઠ આ પ્રમાણે છેઃ— “ **तत्र विज्ञाननाथ** ” અને છેલ્લા શબ્દને સંબોધનમાં લે છે. પણ અહીયાં સંબોધન સ્વાભાવિક ગણાય

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માંથી મધ ઝરે છે તેવા શબ્દો જે લખે છે, અને જેના કરતાં વિદ્વાનોને બીજું કાંઇ વધારે આશ્ચર્યોત્પાદક નથી. [२]માગનારાના વૃન્દને તેઓની ઇચ્છાથી પણ અધિક દ્રવ્ય જે આપેછે, મુરને મારનારના રૂપનું જે ધ્યાન ધરે છે, અને શરીરની સાથે જ ઉત્પન્ન થએલા શત્રુઓને જેણે જીત્યાછે."

"રાજા વિક્રમાદિત્ય આ સમસ્ત પૃથ્વીનું સૂર્ય ચંદ્રમા અને તારાઓ ટકે ત્યાંસુધી રક્ષણ કરો. રઘુકુલના ઉત્તમોત્તમ નરની કીર્ત્તિના સમૂહરૂપ સેતુથી પર્વતરાજ સુધીના તથા માછલીઓના ઢગલાથી જે સમુદ્રનાં મોજાં અતિ ભારથી અથડાય છે તે પશ્ચિમ સમુદ્રથી પૂર્વ સમુદ્ર સુધીના, સર્વ નમન કરતા રાજાઓનાં [३]મુકુટ રત્નોથી જેના પાદ

---

નહી. મુંબાઇની શિલાછાપની આવૃત્તિમાં તથા મારી પાસેની હસ્તલિખિત પ્રતમાં **विज्ञानननाथः** ( પ્રથમામાં ) છે. **तत्र** ને સ્થાને શિલા છાપની આવૃત્તિમાં **तज्ञ** છે, અને મારાવાળી પ્રતમાં **तत्त्व** છે. આ છેલ્લો પાઠ મેં લીધો છે. પુસ્તક કર્ત્તાએ અહીંયાં વિજ્ઞાનેશ્વર શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણેનો અર્થ કર્યો છે અને વિજ્ઞાનની સાથે **तत्त्व** મુકયું છે. તત્વ એટલે સત્ય અને તે આખા વાકયનો અર્થ આવો થાય છેઃ—" સત્યના જ્ઞાનનો નાથ "

૨. આ બાબતમાં ડો. બ્યુલરનો પાઠ આ પ્રમાણે છેઃ—**दातार्थानामतिशयजाममार्थिसार्थार्थतायाः ॥** આમાં **अर्थतायाः** નો અર્થ કાંઇ થતો નથી. માટે તે " **अर्थितायाः** " હોવું જોઇએ. આ પાઠ શિલાછાપની આવૃત્તિમાં તથા મારી પ્રતમાં છે. મારી પ્રતમાં આખો પાઠ નીચે પ્રમાણે છેઃ—**दातार्थानामतिशयजुषामर्थिसार्थार्थिना ( ता ) या** [:] આની પછી વળી બીજો **या** શબ્દ છે પણ તે વધારેનો છે.

૩. પશ્ચિમ સમુદ્રનાં વિશેષણો ત્રણે પ્રતોમાં દૂષિત થએલાં છે. શિલાછાપની આવૃત્તિમાં **चटुलातिमिकुलोतुंगरिगंतरंगात्** છે. તેને બદલે **चटुलातिमिकुलोत्तुंगरिगत्तरंगात्** કરવું જોઇએ. અને મારી પ્રતના પાઠને બદલે **त्तंगनृत्यत्तरंगात्** કરવું જોઇએ. એ ધાતુ મોજાંની સાથે વપરાય છે (બી. અને આરનો કોષ જોવો. )

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દેદિપ્યમાન થાય છે; ”

જોકે સંસ્કૃત પુસ્તકકર્તાઓ ઘણી વાર પૂરતાં કારણો વિના પણ બહુ અતિશયોક્તિ ભરેલાં વચનો ફકત માનની ખાતર પણ વાપરે છે, તોપણ આ શ્લોકોની ભાષા તથા રીતિથી એમ દેખાય છે કે તે લખનારના મનમાં તે નગર, તેના રાજ્યકર્તા, અને તે મહાન પંડિત માટે ખરેખરૂં ઉત્સાહપૂર્ણ માન હોવું જોઇએ; વળી તે પંડિતની ઉદારતા વિશેના લખાણ ઉપરથી એમ લાગે છે કે તેના ઉપર રાજાની પ્રીતિ હશે અને કદાચિત્ તેના રાજ્યમાં કોઇ મોહોટા હોદ્દા ઉપર પણ હશે. આ ઉપરથી, તેમ બિલ્હણે આપેલા વર્ણન ઉપરથી, તેમ વિક્રમાદિત્યના શિલાલેખો જે આશરે બસો સુધી આપણને મળી આવ્યા છે, તે સર્વ ઉપરથી એમ દેખાય છે કે આ પછીના સમયના ચાલુક્ય વંશમાં તે રાજા મોટામાં મોટો હતો અને તેના રાજ્યમાં દેશમાં સુખ તથા આબાદી હતી, એ વાત નિઃશંક છે.

**સોમેશ્વર ૩ અથવા ભૂલોકમલ્લ.**

વિક્રમાદિત્ય ૨ ની પછી તેનો પુત્ર સોમેશ્વર ૩ શકે ૧૦૪૮ પરાભવ નામના સંવત્સરના વર્ષમાં ગાદીએ આવ્યો. તેણે [1]ભૂલોકમલ્લ નામ ધારણ કર્યું, તેણે આશરે ૧૧ વર્ષનું ટુંક રાજ્ય કર્યું. તેના વિશે એમ કહેવામાં આવ્યું છે કે તેણે આંધ્ર, દ્રવિલ, મગધ, અને નેપાલના રાજાઓના મસ્તક ઉપર પોતાના પગ મુકયા હતા, અને તેની સર્વ વિદ્વાનો [1]પ્રસંશા કરતા હતા. આ પ્રસંશાનો તે ખરેખર પાત્ર હતો કારણકે સોમેશ્વરે સંસ્કૃતમાં લખેલું એક પુસ્તક

**સોમેશ્વરકૃત અભિલષિતાર્થ.**

નામે માનસોલ્લાસ અથવા અભિલષિતાર્થચિંતામણિ વિદ્યમાન છે, જેમાં જુદા જુદા વિષયો ઉપર ઘણું

---

૧. જ. રો. એ. સો. વો. ૪ પ. ૧૫. પરાભવને મળતું આવતું શક વર્ષ ૧૦૪૯ નું હતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**ચિંતામણિ.** બોધદાયક જ્ઞાન આપવામાં આવ્યું છે. તે પુસ્તકના પાંચ ભાગ કરેલા છે. પેહેલા ભાગમાં જે કારણો રાજ્યપ્રાપ્તિમાં સહાયભૂત થાય છે તે આપવામાં આવ્યાં છે; બીજામાં રાજ્ય પ્રાપ્ત કર્યા પછી તે કેવી રીતે સાચવવું તે કારણો આપ્યાં છે; ત્રીજામાં એક રાજાએ પોતાની સત્તા સુદૃઢ કર્યા પછી જે જે જૂદી જૂદી જાતના ભોગો રાજાએ ભોગવવાને યોગ્ય છે તે આપવામાં આવ્યા છે; ચોથામાં રમતગમતોની રીતો જેથી માનસિક પ્રસન્નતા મળે છે તે આપવામાં આવી છે; અને પાંચમામાં રમતો તથા વિનોદક્રીડાઓ આપવામાં આવી છે. આ દરેક વીસ જાતની હોય છે. પેહેલામાં અસત્યને ત્યજવું, અન્યને પીડા કરવામાંથી વિરમવું, જીતેંદ્રિયત્વ, ઔદાર્ય, સૌજન્ય, દેવોમાં શ્રદ્ધા, નિર્ધન તથા અનાથોને, મિત્રો તથા આશ્રયીઓને આહાર તથા આશ્રય આપવાં, ઇત્યાદિ સદ્ગુણો લેવામાં આવ્યા છે. બીજા વિષયમાં જે સાત અંગો કહેવાય છે તે, એટલે સર્વ યોગ્યતાયુક્ત રાજા, રાજ્યગુરૂ તથા જ્યોતિષી સહિત મંત્રીઓ, કોષ, તથા તે સંપૂર્ણ રાખવાનાં સાધનો, સેના, ઇત્યાદિનું વર્ણન કરવામાં આવ્યું છે. ઉપભોગોમાં સુંદર રાજ્યગૃહ, સ્નાન, લેપન, મૂલ્યવાન્ વસ્ત્રો, આભૂષણો ઇત્યાદિ આવે છે. રમતોમાં શસ્ત્રાસ્ત્રવિદ્યાનો અભ્યાસ, અશ્વારોહણ, હસ્તિપાલન, મલ્લયુદ્ધ, કુકકુટયુદ્ધ, શ્વાનપાલન, કાવ્યો, સંગીત, નૃત્ય ઇત્યાદિ આવે છે. વિનોદનક્રીડાઓમાં ઉપવનો તથા ક્ષેત્રો, અને પર્વતો તથા રેતીવાળાં સ્થાનોમાંની ક્રીડાઓ, ખેલવાની રમતો, સ્ત્રીસંગનો ઉપભોગ ઇત્યાદિ આવે છે. આ વિષયોના સંબંધમાં વિદ્યા અથવા કલાની એવી કોઇ પણ શાખા નથી કે જેનાં મુખ્ય તત્ત્વો કહેવામાં આવ્યાં ન હોય. એ વિષયોમાં રાજ્યનીતિવિદ્યા, ખગોળવિદ્યા, જ્યોતિષવિદ્યા, અલંકારશાસ્ત્ર, કાવ્ય, સંગીતવિદ્યા, ચિત્રવિદ્યા, શિલ્પવિદ્યા, ઔષધિવિદ્યા, હસ્તિ અશ્વ તથા શ્વાનપા-

---

૧ જ. બો. બ્રો. રો. એ. સો. વા. ૧૧ પૃ. ૩૬૮.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લનવિદ્યા ઇત્યાદિ આવે છે. તે રાજા વિદ્વાન્ પુરૂષ હતો તેમ દેખાય છે. અને તેથી કરીને જ તેને " સર્વજ્ઞ[1]ભૂપ " એટલે બધુ જાણનાર રાજા એ પદ તેને મળ્યું હતું. માનસોલ્લાસમાં પંચાંગ તૈયાર

**અભિલષિતાર્થ-ચિંતામણિમાં આપેલી તારીખ.**

કરવાના સંબંધમાં અમુક ગ્રહોની સ્થિતિની ગણત્રી કરવામાં જે દીવસને નિર્ણીતકાલ તરીકે લેવામાં આવે છે, તે દીવસ " શકે ૧૦૫૧ સૌમ્ય નામના સંવત્સર વર્ષના ચૈત્રનો પેહેલો દીવસ શુક્રવાર, જ્યારે ચાલુક્ય-વંશભૂષણ રાજા સોમ, જે શાસ્ત્રોરૂપી સમુદ્રનો અગસ્ત્ય-ઋષિ હતો, જેના શત્રુઓ નાશ પામ્યા હતા, તે રાજા સમુદ્રરૂપી મેખલા-વાળી પૃથ્વી ઉપર રાજ્ય કરતો હતો,[1] માટે આ પુસ્તક તે રાજાના ગાદીએ આવ્યાને ચોથે વર્ષે લખાયું હતું.

સોમેશ્વર ઉર્ફે ભૂલોકમલ્લની પછી તેનો પુત્ર જગદેકમલ્લ શકે ૧૦૬૦ કાલ[2]યુક્તિ નામના સવંત્સર વર્ષમાં એટલે ઇ. સ.

---

૧ એજ પુસ્તક પૃ. ૨૫૯ અને ૨૬૮.

૨ જેમ અગસ્ત્ય રૂષિએ સર્વ સમુદ્રનું પાન કર્યું હતું તેવીજ રીતે આ રાજાએ સર્વ શાસ્ત્રોના તત્ત્વનું પાન કર્યું હતું.

१ एकपंचाशदधिके सहस्रे शरदांगते ।
शकस्य सोमभूपाले सति चालुक्यमंडने ॥
समुद्ररसनामुर्वीं शासति क्षतविद्विषि ।
सर्वशास्त्रार्थसर्वस्वपाथोधिकलशोद्भवे ॥
सौम्यसंवत्सरे चैत्रमासादौ शुक्रवासरे ।
परिशोधितसिद्धांतलब्धाःस्युर्ध्रुवकाइमे ॥

૨ તેના રાજ્યનું સિદ્ધાર્થી સંવત્સર બીજુ વર્ષ હતુ એમ લખેલું છે માટે તે પેહેલાંનું કાલયુક્તિ ૧૦૬૦ તે પેહેલું હોવું જોઈએ. તે સમયે ચાલુ શક વર્ષ ૧૦૬૧ હતું. ઇ. એ. વા. ૬ પૃ ૧૪૧. જગદેકમલ્લ આવે છે એવા ઘણા શિલાલેખો છે. પણ તે આ રાજાના છે કે જયસિંહ જગદેકમલ્લના છે તે નક્કી કરવું અઘરૂ છે કારણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**જગદેકમલ્લ. તૈલપ ૨.** ૧૧૩૮ માં ગાદીએ આવ્યો. તેના વિશે કંઇ પણ ખાસ વૃત્તાંતની નોંધ નથી. તેણે બાર વર્ષ રાજ્ય કર્યું અને તેની પછી તેનો ભાઇ તૈલપ ૨., નર્મદીતૈલ અથવા ત્રૈલોકયમલ્લ શકે ૧૦૭૨ પ્રમોદ[3] નામના સંવત્સરમાં ગાદીએ આવ્યો. આ બે રાજ્યના સમયમાં ચાલુક્ય વંશની સત્તા જલદી ઓછી થતી ગઈ, અને કેટલાએક ખંડણીઆ રાજા બળવાન અને ઉદ્ધત થયા. આ પ્રસંગનો લાભ કલચુરી જાતિનો એક ખંડણીઓ રાજા વિજ્જલ અથવા વિજ્જણ જે તૈલપના હાથ નીચે દંડનાયક એટલે યુદ્ધસેનાપતિના પદ ઉપર હતો તેણે લીધો. તેણે પોતાના સ્વામિ રાજા તૈલપનું રાજ્ય બળથી લઈ લેવાનો વિચાર કર્યો, અને કેટલાએક બળવાન અને અર્ધ—સ્વતંત્ર રાજાઓની તેમાં સહાય[1] મેળવવાની યુક્તિ કરી. તેને સહાય કરવામાં એક કોલ્હાપુરનો મહામંડલેશ્વર વિજયાક હતો અને તૈલંગણના કૈકટેય વંશનો પ્રોલરાજ જેણે તૈલપ સાથે યુદ્ધ કર્યું હતું એમ કહેવામાં આવ્યું છે તેણે પણ તે કામમાં[2] ઘણું કરીને મદદ કરી હતી.

---

કે ફકત તેમાં સવંત્સરનું નામ આપ્યું છે. કેટલીક વખતે રાજ્યનું વર્ષ પણ આપ્યું છે પણ તે પણ રાજા કીયો તે નક્કી કરવામાં કામ આવતું નથી. કારણ કે જયસિંહે શક ૯૪૦ માં એટલે જગદેકમલ્લ ૨. પેહેલાં ૧૨૦ વર્ષ પૂર્વે એટલે ૬૦ વર્ષનાં બે સંવત્સર યુગો પૂર્વે રાજ્ય કરવું શરૂ કર્યું હતું. આથી કરીને સંવત્સર વર્ષોનાં નામો તથા રાજ્યનાં વર્ષો પણ તે બનેના રાજ્યનાં એકજ હોય છે.

૩ કારણ કે તેના રાજ્યનું છઠ્ઠુ વર્ષ યુવ સંવત્સરનું હતું અને તે શકે ૧૦૭૭ પછીજ આવે છે. પ્રમોદ સંવત્સરમાં ૧૦૭૩ વર્ષ ચાલુ હતું અને ૧૦૭૨ વર્ષ પૂર્ણ થયાં હતાં. પાલી, સંસ્કૃત અને જુના કામના શિલાલેખોમાંનો નં. ૧૮૧ જુઓ.

૧. કોલ્હાપુરના ભોજ ૨ નું દાન પત્ર, ટ્રાન્ઝે. બો. લી. સો. વા. ૮ માં સે. ૧૫ લેવો.

૨ એમ કહેવાય છે કે તેણે તૈલપને પકડયો હતો અને પોતાના ઉપર તેની ભક્તિ જોઇને તેને છોડી મુકયો હતો. તે ચાલુકય વંશના રાજાનો આશ્રયી હતો. રૂદ્રદેવનો શિલાલેખ જોવો ઇ. એ. વા. ૧૧ પૃ. ૧૨—૧૩ લી. ૨૭-૩૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેણે પોતાના સ્વામિ તૈલપ રાજાને શકે ૧૦૭૯ એટલે ઈ. સ. ૧૧૫૭ સુધી પૂર્ણ વશ રાખ્યો, જે વર્ષમાં તૈલપ કલ્યાણનગર છોડીને ધારવાડ જીલ્લામાં આવેલા અન્નીગીરીમાં નાસી ગયો. અને ત્યાં પોતાની રાજ્યધાની કરી. આ સમયે તેનું રાજ્ય વિસ્તારમાં ઘણું ઘટી ગયું હતું. વિજ્જલના નામનો એક શિલાલેખ છે, જેમાં શકે ૧૦૭૯ ની તારીખ છે અને ઇશ્વર નામનો સંવત્સર છે. અને તે પછીના બીજા સંવત્સર નામે બહુધાન્યને તેના રાજ્યનું બીજું વર્ષ કહેવામાં આવ્યું[3] છે. તો પણ શકે ૧૦૮૪ સુધી તેણે સર્વોપરિરાજાનું પદ ધારણ કર્યું નહોતું એમ દેખાય છે, પણ તે વર્ષમાં તે અન્નીગીરીમાં તૈલપ ૨. ની સામે સેના લઈને ગયો અને પોતાને સ્વતંત્ર રાજા તરીકે જાહેર કર્યો. તે સમયે તૈલપ તેથી પણ વધારે દક્ષિણમાં ગયો હતો અને બનવાસીમાં પણ પોતાના રાજ્યની સ્થાપના કરી હતી એમ પણ દેખાય છે.[1] શિલાલેખમાં લખેલું તેના રાજ્યનું છેલ્લામાં છેલ્લું વર્ષ ૧૫ મું છે તેનો સંવત્સર પાર્થિવ નામનો છે અને શકે ૧૦૮૭[2] પછી આવ્યું હતું.

**વિજ્જલે સર્વોપરિ રાજ્યત્વ ધારણ કરવું.**

ચાલુક્ય વંશની સત્તામાં થોડા સમય સુધી ભંગ પડયો, અને તે વંશના તાબાના સર્વ પ્રદેશોનો કબજો કલચુરી વંશના હાથમાં રહ્યો એમ દેખાય છે. પરંતુ લિંગાયત સંપ્રદાયના અભ્યુદયથી થએલો અંદર અંદરનો કુસંપ તથા વિજ્જલનો ઘાત થયો તેથી કલચુરી વંશની સત્તા ઘણીજ નરમ પડી ગઈ અને આશરે શકે ૧૧૦૪ ના વર્ષમાં નુર્મદીતૈલપનો પુત્ર સોમેશ્વર પોતાના વંશપરંપરાગત રાજ્યનો મોટો ભાગ જબરાઈથી પાછો

**સોમેશ્વર. ૪.**

---

૩ પી. એસ તથા ઓ. સી. શિલાલેખો નં. ૨૧૯ અને ૧૮૨.

૧. જ. રો. એ. સો. વા. ૪. પૃ. ૧૬.

૨. પ. એસ એન્ડ ઓ. સી. વા. શિલા લેખના નં. ૧૪૦

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મેળવવામાં વિજયી થયો અને અજીગીરીમાં પોતાનું રાજ્ય ચલાવ્યું. પોતાના વંશનો એક ખંડણીઓ રાજા નામે બ્રહ્મ અથવા બોમ્મના શૌર્ય તથા દઢ સ્વામિભક્તિને લીધેજ આ રાજાને પોતાની સત્તા પાછી મળી. એ પોતાના રાજાના શત્રુઓ સાથે ઘણી લડાઇઓ લઢયો હતો અને એમ કહેવાય છે કે પોતાના એકજ હસ્તિ વડેજ શત્રુના સાઠ હાથીઓને જીત્યા હતા.[1] શકે ૧૧૦૬ ના અનિગેરી આગળના એક શિલાલેખમાં એમ લખેલું છે કે તેણે કલચુરીનો નાશ કર્યો અને ચાલુકયોને પાછી ગાદી[2] અપાવી હતી, પરંતુ થોડા સમય પછી દક્ષિણના યાદવો વીર બલ્લાલની સરદારી નીચે, અને ઉત્તરના ભિલ્લમ નીચે ઉઠયા. તે

**ચાલુકય વંશની સત્તાનું નિર્મૂલ થવું.**

બંન્નેએ બોમ્મ સાથે યુદ્ધ કર્યાં. પણ પ્રથમ તો વીરબલ્લાળ વિજયી થયો, તેણે ચાલુકય રાજાના આ સરદારને તાબે કર્યો એને તે વંશની સત્તાનો અંત આણ્યો.[3] વીરસોમ ઉર્ફે સોમેશ્વર ૪ ની કાંઇ પણ ખબર શકે ૧૧૧૧ પછી આપણને બીલકુલ મળતી નથી.

ચાલુક્ય વંશમાંથી નાના રાજાઓની ઘણી શાખાઓ નીકળી હોવી જોઈએ. રત્નાગિરિ જીલ્લાના[4] રાજાપુર તાલુકામાંના તેરવણ નામના એક ગામના ખોટ પાસે એક તામ્રપટ્ટનો લેખ રૂદ્ર સંવત્સર શકે ૧૧૮૨ ની તારીખનો છે, તે ઉપરથી આવી એક શાખા પ્રકાશમાં આવી છે. કામદેવ નામના સરદાર અથવા મહામંડલેશ્વરનો પ્રધાન કેશવ મહાજની હતો તેણે એ ઇનામ આપ્યું હતું, આ સરદારનાં પદોમાં એક

---

૧. જ. રો. એ. સો. વા. ૪. પૃ. ૧૬ ઇ એ. વા. ૨, પૃ. ૩૦૦ લી. ૨૯.

૨. જ. રો. એ. સો. વા. ૪. પૃ. ૧૬.

૩. ઇ. એ. વા. ૨. પૃ. ૩૦૦ લી. ૨૯-૩૦.

૪. જ. રો. એ. સો. વા. ૫ માં તા. જ. બો. બો. રો. એ. સો. વા. ૪. પૃ. ૧૦૫માં પ્રગટ થયેલું. તથા મે. સાવંતવાડી સ્ટેટ ગવર્મેન્ટ રેકર્ડ નં. ૧૦ જુઓ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પદ આ પ્રમાણેનું છે.—" ચાલુકય વંશરૂપી કમલની કળીને વિકાસ પમાડનાર સૂર્ય. " તેનું બીજું પદ " કલ્યાણપુરવરાધીશ્વર " એટલે " ઉત્તમ જે કલ્યાણનગર તેનો અધીશ્વર. " આ પદ બીજાં પદોની પેઠે ફકત એટલુંજ બતાવે છે, કે જે વંશનું એક સમયે સમૃદ્ધિથી અથવા મહાન્ કીર્ત્તિથી કલ્યાણમાં[1] રાજ્ય હતું તે વંશનો આ રાજા હતો. જે ગામ ઇનામમાં આપ્યું હતું તે તેરવાટક હતું અને તેજ હાલનુ તેરવાણ છે, જે ઉપરથી એમ દેખાય છે કે કોંકણના તે ભાગનો રાજા કામદેવ હોવો જોઇએ. કોલ્હાપુરમાં અંબાબાઇના મંદીરમાં એક લેખ છે, જેમાં ચાલુકય વંશનો રાજા સોમદેવ જે સંગમેશ્વરમાં રાજ્ય કરતો હતો તેણે રત્નાગિરિથી ઇશાનમાં બાર કોસ ઉપર આવેલા એક ગામને ઇનામમાં આપ્યાની નોંધ છે. સોમદેવ તે વેટુંગી દેવનો પુત્ર હતો. અને વેટુંગીદેવનો પિતા કર્ણદેવ[2] હતો. તેરવણના દાનપત્રમાંનો કર્ણદેવ આ વંશની આ શાખાનો ધણું કરીને હતો. સંગમેશ્વર તાલુકામાં અથવા તેની પડોશમાં ચાલકે નામનાં મરાઠા કુટુંબો નિર્ધન સ્થિતિમાં આવેલાં હજુ પણ છે.

## પ્રકરણ ૧૩ મું.

### કલચુરી વંશના રાજાઓ.

આ નામના વંશ બાબતનું પ્રથમમાં પ્રથમ લખાણ પ્રથમના ચાલુકય વંશના મંગલીશ રાજાના સંબંધમાં આવે છે.

**કલચુરી અથ-** વિનયાદિત્યના એક લેખમાં એવી હકીકત છે કે તેણે

૧. નીચે પ્રકરણ ૧૯ જુઓ.

૨. જ. ઓ. બે. રો. અ, સો. વ. ૨. પૃ. ૨૬૩ જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**વા હૈહય વંશનું મૂલસ્થાન.** હૈહય[1] જાતના લોકોને વશ કર્યા હતા. આ નામનું એક કુટુંબ જેની સાથે પછીના સમયના રાષ્ટ્રકૂટ રાજાઓ લગ્ન સંબંધથી જોડાયા હતા. ( એ વાત ઉપર આવી ગઇ છે. ) તેનું રાજ્ય ચેદી દેશ એટલે જબલપુરની આસપાસના પ્રદેશમાં હતું. તે હૈહય લોકોને કલચુરી અથવા કુલચુરી[2] પણ કહેવામાં આવતા હતા. કલ્યાણના કલચુરીઓ પણ આજ કુટુંબની એક શાખા હોવી જોઇએ. વિજ્જલના અનેક પદોમાંનું એક " કલંજરપુરવરાધીશ્વર " એ હતું; તેના અર્થ " કલંજર[3] નામના ઉત્તમ શેહેરનો મહારાજા" એમ થાય છે. કલંજર એ કિલ્લો ચેદીના[4] રાજ્યકર્ત્તાઓનો હતો, અને ઘણું કરીને તે તેઓની રાજ્યધાની હતી, જો કે ત્રીપુર એટલે હાલનું તેવુર પણ એ વંશના રાજાઓનું મુખ્ય સ્થાન હતું એમ પ્રસિદ્ધ છે. વિજ્જલે પોતે રાજ્ય જબરાઇ લઈ લીધું. તે પૂર્વે પોતાને ફકત મહામંડલેશ્વર એટલે નાનો રાજા કહેતો હતો. અને તેનું નામ પેહેલ વેહેલું સોમેશ્વર[1] ૩ ની પછી ગાદીએ આવનાર જગદેકમલ્લના ખંડણીઆ રાજા તરીકે આવે છે. જે

**કલ્યાણમાં ધર્મ સંબંધી બળવો.** રીતે તેણે તૈલપ ૩ ને કલ્યાણમાંથી કાઢી મુકયો તથા તે રાજ્યમાં સર્વોપરિ સત્તા મેળવીને સર્વોપરિ રાજાનું પદ ધીમે ધીમે તેણે ધારણ કર્યું તે વાત આગળ આવી ગઇ છે. પણ થોડા સમય પછી એક ધર્મનો બળવો કલ્યાણમાં થયો અને વિજ્જલનો વંશ તેથી નાશ પામ્યો.

---

૧. ઉપર પ્રકરણ ૧૦ પૃ. ૪૩ જોવું.

૨. આ સ. એ. ઇ. નં. ૧૦ માં પ્રગટ થએલું દાન પત્ર જુઓ,

૩. જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૯, પૃ. ૩૩૦, નં. ૫૦.

૪. બિલ્હણકૃત વિક્રમાંક દેવચરિત્ર સ. ૧૮ પૃ. ૯૩ કર્ણે કાલંજર જીત્યો હતો એવું આમાં લખેલું છે.

૧. પી. એસ. એન્ડ ઓ. સી. શિલાલેખમાંનો નં, ૧૧૯ નો લેખ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તે બળવાનો અગ્રણી, બસાવા નામનો એક શખસ હતો. બુસાવા-

**તેનો અગ્રણી.**

પુરાણ નામના કાનડી ભાષામાં લખેલા પુસ્તકમાં તેનું વૃત્તાંત આપેલું છે. પણ તેમાં ઘણી આશ્ચર્યકારક વાતો છે અને તેણે કરેલા આશ્ચર્યકારક ચમત્કારોનું વર્ણન છે. તો પણ મુખ્ય બનાવો ઐતિહાસિક છે, એમ વિશ્વાસ રાખી શકાય. તેથી ઉલટું એક જૈને લખેલું વિજ્જલરાયચરિત નામનું બીજું પુસ્તક છે, જેમાં તેની સામેની બાજુનાં વૃત્તાંતો આપેલાં છે, કારણકે લિંગાયતોની લડાઇ તો ઘણું કરીને જૈનો સામેજ હતી કારણકે તેઓ તેમના શત્રુઓ હતા.

**બસાવા.**

કલાદગી જીલ્લામાં આવેલા બાગેવાડીના રહેનાર માદીરાજ નામના એક બ્રાહ્મણનો પુત્ર બસાવા હતો. વિજ્જલનો મુખ્ય પ્રધાન બલદેવ તેનો મામો થતો હતો, અને પોતાની પુત્રી તેને પરણાવી[૨] હતી. બલદેવના મરણ પછી રાજાએ બસાવાને તેનો નજીકનો સગો હોવાથી મુખ્ય[૧] પ્રધાન નીમ્યો. જૈન કોમનું એમ કહેવું છે કે બસાવાને પદ્માવતી નામની એક સુંદર બ્હેન હતી તેના ઉપર રાજા મોહિત થયો અને તેને તે પરણ્યો કે રાખ વરીકે રાખી[૨] હતી. અને આટલા જ કારણથી બસાવાને તે પદવીએ ચઢાવ્યો હતો અને રાજ્યનો વગવાળો માણસ તે બન્યો હતો. આવી વાત છે કે રાજાએ પોતાની નાની બેન નામે નીલલોચનાને બસાવાને પરણાવી હતી. આ વાત બસાવા સંબંધીની જે વાત[૩] તેના માનને હાનિકારક

---

૨. બસાવા પુરાણ, જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૮. પૃ. ૬૭.

૧. તેજ પુસ્તકનું પૃ. ૬૯

૨. તેજ પુસ્તકનું પૃ. ૯૭. સર વી. ઇલીયટનો નિબંધ, જ. રો. એ. સો. વા, ૪. પૃ. ૨૦.

૩. જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૮. પૃ. ૭૦

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતી તે ન મનાય તે માટે તેના સામી ઉભી કરેલી હોય એમ લાગે છે. બસાવાને બીજી એક બહેન હતી જેનું નામ નાગલામ્બિકા હતું અને તેને ચેન્નાબસાવા એટલે નાનો બસાવા નામનો એક પુત્ર હતો. તેની સાથે મળીને બસાવાએ એક નવો મત પ્રસારવા માંડયો, એટલે કે શિવને પુજવાની એક નવી રીત જેમાં લિંગ અને નંદી પ્રધાનપણે આવે છેતે. તેના અનુયાયીઓ જલદીથી વધ્યા, અને જંગમ નામના સાધુઓ તેણે કર્યા. રાજાની ત્રીજોરીનો અખ્ત્યાર બસાવા પાસે હતો, અને તેમાંથી ઘણી મોટી રકમો તેણે આ જંગમોને આશ્રય આપવામાં તેમ મીજબાનીઓ આપવામાં ખરચી હતી. આ સાધુઓ દુરાચારી જીંદગીઓ ગાળતા હતા. વિજ્જલને મંચન્ના નામનો બીજો પ્રધાન હતો તે બસાવાનો શત્રુ હતો, અને પૈસા ખાઇ ગયાની તેની વાત રાજાને તેણે[1] કહી. સમય જતાં રાજા વિજ્જલને બસાવાની સાથેની મૈત્રી પુરેપુરી ભાગી, અને તેને પકડવાનો પ્રયત્ન રાજાએ કર્યો. પણ તે પોતાના ઘણા અનુયાયીઓ સાથે નાશી ગયો, જે ઉપરથી તેની પાછળ કેટલાએક માણસો રાજાએ મોકલ્યા. આ લોકોને બસાવાએ સેહેલાઇથી વિખેરી નાંખ્યા, અને પછી રાજા વિજ્જલ જાતે તેની સામે ગયો. પણ ઘણા અનુયાયીઓ બસાવાને મળી ગયા અને રાજાની હાર થઈ અને પોતાના પ્રધાનને તાબે થવું પડયું. બસાવાને કલ્યાણમાં પાછો આવવા દીધો અને તેની જગ્યાએ પાછો મુકરર કરવામાં[2] આવ્યો, તો પણ તે બંને વચ્ચે પૂર્ણ અનુરાગ તો થવાની શકયતાજ નહોતી, અને થોડા સમય પછી તે નવા મતના સ્થાપનારે તે રાજાને મા

**બસાવાનો બળવો.**

**રાજાને મારી નાંખવાની સુ-**

1. તેજ પુસ્તકનાં પૃ. ૭૮ અને ૮૯.

2. જ. રો. એ. સો. વા. ૪, પૃ. ૨૧. જ. બો. બ્રે રો. એ સો. વા. ૮, પૃ. ૮૯.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**કિત બસાવા રચે છે.** રી નાંખવાની યુકિત રચી. આ કૃત્ય કરવાને જે તુરતનું કારણ બન્યું તે અને જે રીતે તે કૃત્ય કરવામાં આવ્યું તેનું વર્ણન બસાવાપુરાણમાં આ પ્રમાણે આપવામાં આવ્યું છે.

**બસાવાપુરાણમાં લખ્યા પ્રમાણે તે બનાવનો વૃત્તાંત.** કલ્યાણમાં હાલેયગ અને મધુવેય્ય નામના બે પવિત્ર લિંગાયતો હતા; આ બંને તેમના ગુરૂ બસાવાના ચુસ્ત અનુયાયીઓ હતો. તેમના શત્રુઓએ મુકેલાં નિંદાયુકત દૂષણો સાંભળીને રાજા વિજ્જલે તેઓની આંખો ફોડી નંખાવી. આ પવિત્ર માણસો ઉપર આવો નિર્દય જૂલમ ગુજરવાથી બસાવાના સર્વ શિષ્યો ઘણાજ ક્રોધાયમાન થયા અને તેમના ગુરૂના ઘરમાં એકઠા મળ્યા. બસાવાએ જગદ્દેવને તે રાજાને મારી નાંખવાનો હુકમ કર્યો, કલ્યાણનગરને શાપ આપ્યો અને તે છોડીને ચાલ્યો ગયો. જગદ્દેવે થોડા સમય આનાકાની કરી પરંતુ તેની માતાએ તેને ઉશ્કેર્યો, અને મલ્લય તથા બોમય નામના બે સોબતીઓને લઇને સીધોજ રાજાના મહેલમાં ગયો. અને દરબારીઓ, મંત્રીઓ, અને શાહજાદાઓના ટોળા વચ્ચે થઇને ઘુસીને તેઓએ પોતાની કટારો કાઢી અને રાજાને મારી નાંખ્યો. ત્યાંથી તેઓ શેહેરના મેહેલ્લાઓમાં ગયા અને પોતાનાં હથીયારો ફેરવીને આકૃત્ય કરવાનું કારણ જાહેર કર્યું. પછી શેહેરમાં ફાટફુટ થઇ, માણસો માણસો સાથે, ઘોડાઓ ઘોડાઓ સાથે અને હાથીઓ હાથીઓ સાથે લડયા. વિજ્જલનો વંશ નિર્મૂલ થયો, કલ્યાણ ખંડીયેરનો ઢગલો થઈ ગયું અને બસાવાએ દીધેલો શ્રાપ ખરો પડયો. કૃષ્ણાનદી સાથે મલપ્રભાના સંગમ ઉપર આવેલા સંગમેશ્વર નામના પોતાના ઇષ્ટના મંદીરમાં બસાવા ઉતાવળથી ગયો અને ત્યાં સ્તુતિ કરતો કરતો દેવે તેને પોતાના શરીરમાં ખેંચી લીધો.[1]

૧. જ. બો, બ્રે, રો. એ. સો. વા, ૮ પૃ, ૯૬; વીલ્સનનાં મેકેનઝી, હસ્ત લિખિત પુસ્તકો પૃ ૩૦૯—૩૧૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**જૈનોની હકીકત**

જૈનોએ આપેલી હકીકત જૂદી છે. શિલીહાર રાજા ભોજ. ૨. ને તાબે કરવાને વિજ્જલ ચઢાઈ લઇને કોલ્હાપુર ગયો હતો. ત્યાંથી પોતાની રાજ્યધાનીમાં પાછા આવતાં ભીમા નદીના તટે એક અમુક સ્થાને તેણે છાવણી નાંખી હતી. ત્યાં પોતાના તંબુમાં વિશ્રામ લેતો હતો તેવામાં ઝેર ભેળેલું એક ફળ લઇને એક જંગમને જૈનના વેશમાં બસાવાએ રાજા પાસે મોકલ્યો. વિજ્જલ જે પોતે જૈન હતો એમ કહેવાય છે તેણે તે દેખીતા જૈન સાધુના હાથમાંથી તે ફળ વગરશંકાએ લીધું, અને જેવું તેણે સુંઘ્યું કે તુરતજ તે બેભાન થયો. તેનો પુત્ર ઇમ્માદીવિજલ અને બીજાઓ ત્યાં ઉતાવળથી આવ્યા પણ તે નિષ્ફળ ગયું. તો પણ વિજ્જલને થોડો સમય જરા ભાન આવ્યું, અને આ ઝેરવાળું ફળ મોકલનાર કોણ છે તે જાણીને, બસાવાને મારી નાંખવાની પોતાના પુત્રને આજ્ઞા કરી. ઇમ્માલીવિજ્જલે એવો હુકમ કર્યો કે બસાવાને કેદ કરવો અને સર્વ જંગમોને જ્યાં જ્યાં મળે ત્યાં ત્યાં મારી[1] નાખવા. આ સાંભળીને બસાવા નાસી ગયો, અને તેની પાછળ માણસો મોકલ્યા હતા તેથી તે મલબાર કિનારા ઉપર ગયો અને ઉલવી[2] નામના સ્થાનમાં આશ્રય લીધો. એ ગામ ઉપર સખ્ત ઘેરો ઘાલ્યો અને બસાવાએ નિરાશામાં એક કુવામાં પડતું મુકયું અને મરી ગયો અને તેની સ્ત્રી નીલામ્બાએ ઝેર પીને પોતાનો અંત આણ્યો. જ્યારે વિજ્જલનો પુત્ર શાંત થયો,

**ચેન્ના બસાવાનું આગેવાનપણું.**

ત્યારે ચેન્નાબસાવાએ પોતાના કાકાની સર્વ મીલકત તેને આપી અને તે રાજાનો પ્રીતિપાત્ર[3] થયો. તે હવે લીંગાયતોનો એકલોજ આગેવાન થયો. પણ તે

---

૧ વીલ્સનની મેકેનઝી હસ્ત લખિત પ્રતો પૃ. ૩૨૦.

૨ જ. રો. એ. સો. વા. ૪ પૃ. ૨૨.

૩ વીલ્સનના મેકેનઝી હસ્ત લિખિત પ્રતો પૃ. ૩૨૦

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂર્વે પ્રણુ બસાવા કરતાં તેની પદ્ધિ ચઢીયાતી હતી. તે સંપ્રદાયનો ધાર્મિક ભાગ તેના એકલાના જ અધ્યક્ષપણા નીચે હતો, અને તે સંપ્રદાયના મતને તેણેજ રૂપ આપ્યું હતું. બસાવાને વીરશૈવ ધર્મના મતો શિખવવાને માટે પ્રણુવ એટલે પવિત્ર મંત્ર ૐએ તેનામાં અવતાર લીધો હતો;[२] અને ચેન્નાબસાવાપુરાણમાં લખ્યા પ્રમાણે તો ચેન્નાબસાવા શિવ હતો; બસાવા વૃષભ (એટલે શિવનો નંદી અગર પોઠીયો) હતો; બિજ્જલ દ્વારપાલ હતો; કલ્યાણનગર કૈલાસ હતું, અને શિવના ભકતો (એટલે લિંગાયતો) શિવના ગણુ હતા.

**સોવી દેવ.**

**સંકમ.**

વિજ્જલનું મરણ શાકે ૧૦૮૯ (ચાલુ વર્ષ ૧૦૯૦) માં એટલે ઇ. સ. ૧૧૬૭ માં થયું તેના પછી તેનો પુત્ર ગાદીએ આવ્યો, જેનું નામ શિલાલેખોમાં સોવીદેવ અથવા સોમેશ્વર છે. તેણે શાકે ૧૧૦૦ સુધી રાજ્ય કર્યું અને તેની પછી તેનો ભાઇ સંકમ ગાદીએ આવ્યો. આ રાજાના શિલાલેખો શુભકૃત્ નામના સંવત્સર વર્ષ સુધી આવે છે. બાળગામના એક શિલાલેખમાં વિકારિ નામનું સંવત્સર વર્ષ (શાકે ૧૧૦૧) તેના રાજ્યનું ત્રીજું વર્ષ હતું એમ કહેવામાં આવ્યું છે, અને તેજ સ્થાનના બિજા શિલાલેખમાં એજ વર્ષ પાંચમું હતું તેમ[૫] લખેલું છે. અન્ય શિલાલેખોમાં બે નામો એટલે સંકમ અને આહવમલ્લ છે તથા બે સંવત્સર વર્ષો નામે શાર્વરી (શાકે ૧૧૦૨) અને પ્લવ (શાકે ૧૧૦૩) તેના અથવા તેઓના

---

૨ એજ પૃ. ૩૧૧.

૩ જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૮ પૃ. ૧૨૭.

૪ પી. એસ. અને ઓ. સી. શિલાલેખ નં. ૧૮૩.

૫. પી. એસ. અને ઓ. સી. શિલાલેખો નં. ૧૮૯.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજ્યનાં ત્રીજા વર્ષ તરીકે ગણવામાં આવ્યાં છે. આ શક્ય છે. અને શુભકૃત ( શાકે ૧૧૦૪ ) ને આઠમુ[૨] વર્ષ ગણવામાં આવ્યું છે. આશરે શાકે ૧૧૦૪ માં ચાલુકય રાજા સોમેશ્વરે કલચુરી રાજાઓ પાસેથી પોતાના વંશપરંપરાના રાજ્યના કેટલાએક મુલકો પાછા મેળવ્યા, અને બાકીના પ્રદેશો ઉત્તરના યાદવો એ જીતી લીધેલા હોવા જોઈએ, એટલે આ સમયમાં કલચુરી વંશ નષ્ટ થયો.

**કલચુરી વંશનો નાશ.**

પાછળના સમયના ચાલુકય વંશના તથા કલચુરી વંશના સમયમાં ( એટલે શાકે ૮૯૫ થી ૧૧૧૦ સુધી અથવા ઇ. સ. ૯૭૩ થી ૧૧૮૮ સુધી ) દેશની ધાર્મિક અને સામાજીક સ્થિતિના સંબંધમાં જૂની સ્થિતિ તદ્દન પુરેપુરી નાશ પામી તથા નવી સ્થિતિ શરૂ થઇ હતી એમ કલ્પી શકાય. પ્રથમ તો આ સમયમાં બૌદ્ધ ધર્મનાં છેલ્લાં ચિન્હો જેને આપણે ગણીએ તે થયાં. ત્રિભુવનમલ્લ અથવા અથવા વિક્રમાદિત્ય ૨ ના રાજ્યમાં સંવત્સર વર્ષ યુવા અને તેના સંવતના ૧૯ મા વર્ષમાં ( એટલે શાકે ૧૦૧૭ માં) વૈશ્ય જાતિના સોળ વ્યાપારીઓએ ધર્મવોળલ એટલે ધારવાડ જીલ્લામાં આવેલા હાલના દમ્બાલ નામના સ્થાનમાં બૌદ્ધવિહાર અથવા મઠ અને મંદીર બંધાવ્યું, અને તેના તથા લોક્કીગુન્ડી એટલે હાલના લક્કુનડીમાંના બીજા વિહારના નિભાવ માટે એક ખેતર તથા સ્વેચ્છાથી[૧] આપવાના કરથી ઉત્પન્ન કરેલી પૈસાની એક અમુક રકમ આપી હતી. શાકે ૧૦૩૨ માં કોલ્હાપુરના

**પાછળના ચાલુકય વંશના સમયમાં લોકોની ધાર્મિક તથા સામાજીક સ્થિતિ.**

**બૌદ્ધ ધર્મ.**

---

૨. તેજ નં. ૧૯૦, ૧૯૨ અને ૧૯૩.

૧ ઈ. એ. વો. ૧૦ પૃ. ૧૮૫.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શિલિહાર રાજાએ એક મોહોટું તળાવ બંધાવ્યું અને તેના તટ ઉપર શિવ અને અર્હતની જોડે બુદ્ધની મૂર્ત્તિ પધરાવી અને તેઓના નિભાવ માટે જમીન [1] બક્ષીસ આપી. જૈનધર્મ જે એક સમયે જયવાળો ધર્મ હતો તે આ સમયમાં તેમ ગણાતો બંધ પડયો અને તે વંશના અંતના સમયમાં લિંગાયત સંપ્રદાયના ઉદ્‌ભવથી તેના ઉપર સારો અંકુશ મુકાયો. આ નવો સંપ્રદાય વ્યાપારી વર્ગોમાં ઘણોજ વિસ્તાર પામ્યો, જે લોકો અગાઉ જૈનધર્મના મુખ્ય આશ્રયદાતા હતા. દેશના કેટલાએક ભાગમાં એવી દંતકથા ચાલે છે કે હાલ વિદ્યમાન મંદિરોનાં કેટલાંએકમાં એક સમયે જૈન મૂર્ત્તિઓ હતી તે પાછળથી તેમાંથી કાઢી નાંખી તેને સ્થાને બ્રાહ્મણ ધર્મની મૂર્ત્તિઓ મુકવામાં આવી હતી આ ઉપરથી એમ દેખાય છે કે જૈન ધર્મના ઉપરની લાગણી બદલાઇ ગઇ હતી જેની શરૂઆત આ સમયમાં થએલી ગણવી જોઇએ.

**જૈનધર્મ.**

પુરાણમાંના દેવોની પૂજા બહુ વધી; અને આ સમયમાં બ્રાહ્મણોએ તથા તેમના આશ્રિતોએ દીવાની તથા ધાર્મિક કાયદાને એક શાસ્ત્ર રૂપે કરવા તરફ અથવા સામાન્ય ભાષામાં કહીએ તો તેને એક પુસ્તક રૂપે નિશ્ચિત કરવા તરફ પહેલીજ વખતે પ્રયત્ન કરવા માંડયા. તે વિષયના લેખો અથવા વચનો ઘણી સ્મૃતિઓ અને પુરાણોમાં છુટાં છુટાં પડેલાં હતાં, અને ઘણીવાર દેખીતો ફેર પણ તેમાં હતો અને કાયદો શંકા પુર્ણ હતો. નિબંધો જેમાંના હાલ ઘણા વિદ્યમાન છે તે તે સમયમાં લખાવા માંડયા; પરંતુ જે રૂપ તેને પ્રથમ આપવામાં આવ્યું તથા હજુ પણ જે રૂપ સ્વીકૃત થએલું છે તે રૂપ સ્મૃતિઓ ઉપરની ટીકાનું છે. ધારાનગરીનો રાજા ભોજ

**પૌરાણિક ધર્મ. દીવાની તથા ધાર્મીક કાયદાનું એક પુસ્તક રૂપે મુકરર થવું.**

---

૧ જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૩, પૃ. ૪ અને નીચેનું પ્રકરણ૧૯ મું જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જે આ સમયના પ્રથમના ભાગનો છે, તેણે આ વિષય ઉપર એક પુસ્તક લખેલું હોવું જોઇએ, કારણકે વિજ્ઞાનેશ્વરે પોતાના પુસ્તકમાં તેને ધારેશ્વરને નામે ઓળખાવેલો છે. તેની પછી વિજ્ઞાનેશ્વર થયો જે, આપણે ઉપર જોયું છે તે પ્રમાણે, કલ્યાણમાં વિક્રમાદિત્ય ૨ ના રાજ્યમાં થઇ ગયો. યાજ્ઞવલ્કય સ્મૃતિ ઉપરની બીજી ટીકા કરનાર અપસર્ક જે પોતાના પુસ્તકને "યાજ્ઞવલ્કય કૃત ધર્મ શાસ્ત્ર ઉપરનો નિબંધ" એવું નામ આપે છે, તે ઉત્તર કોકણના શિલિહાર વંશનો રાજા હતો, અને તે શાકે ૧૧૦૯ (એટલે ઇ. સ. ૧૧૮૭)માં પરાભવ[1] નામના સંવત્સર વર્ષમાં રાજ્ય ગાદી ઉપર હતો. અથવા તેજ નામનો અગાઉના સમયમાં થઇ ગએલો રાજા તે હોય, તો તે ૫૦ વર્ષ પેહેલાં થઇ ગએલો હોવો જોઇએ. આ રીત તે પછીના એટલે તેરમા શતકમાં હેમાદ્રિએ ચાલુ રાખી અને ચૌદમા શતકમાં આપણે ચાલુ રાખી.

---

## શાકે ૯૪૬ ના જયસિંહના મીરજના દાનપત્રમાં આપ્યા પ્રમાણે વિજયાદિત્ય અને તૈલપ વચ્ચેની ચાલુક્ય વંશની વંશાવલિ.

---

વિજયાદિત્ય.

- વિક્રમાદિત્ય–૨.
  - કીર્ત્તિવર્મા–૨.
- બીજો પુત્ર.
  - કીર્ત્તિવર્મા.

---

૧. જ. બો. બ્રે. રો. એ. સો. વૉ. ૧૨ પૃ. ૨૨૪ ૩૩૫

|
તૈલપ.
|
વિક્રમાદિત્ય.
|
અય્યન
|
( જે કૃષ્ણની પુત્રીને પરણ્યો )
|
વિક્રમાદિત્ય
( જે ચેદીના રાજા લક્ષ્મણની પુત્રી બોમથાદેવીને પરણ્યો )
|
તૈલપ.

---

## પાછળના સમયના ચાલુક્ય વંશના રાજાઓની વંશાવલિ.

(૧) તૈલપ. ૧. ( શાકે ૮૯૫–૯૧૯ ઈ. સ. ૯૭૩–૯૯૭ )

- (૨) સત્યાશ્રય ઇરીવી ભુજંગ. ( શાકે ૯૧૯–૯૩૦ ઇસ. ૯૯૭–૧૦૦૮ )
- દશવર્મા
  - (૩) વિક્રમાદિત્ય ( શાકે ૯૩૦-૯૪૦ ઇ.સ. ૧૦૦૮-૧૦૧૮ )
  - (૪) જયસિંહ અથવા જગદેકમલ્લ. ૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(શાકે ૯૪૦-૯૬૨
ઇ.સ.૧૦૧૮-
૧૦૪૦)

(૫) સોમેશ્વર. ૧.
આહવમલ્લ અથવા
ત્રૈલોક્યમલ્લ, ૧.
( શાકે ૯૬૨-૯૯૧
ઇ.સ.૧૦૪૦-
૧૦૬૯)

(૬) સોમેશ્વર. ૨.
ભુવનૈકમલ્લ
( શાકે ૯૯૧-૯૯૮
ઇ.સ.૧૦૬૯-૧૦૭૬ )

(૭) વિક્રમાદિત્ય ૨.
ત્રિભુવનમલ્લ
(શાકે ૯૯૮-૧૦૪૮
ઇ.સ.૧૦૭૬-૧૧૨૬)

જયસિંહ

(૮) સોમેશ્વર. ૩ ભૂલોકમલ્લ
( શાકે ૧૦૪૮-૧૦૬૦-ઇ.સ.
૧૧૨૬-૧૧૩૮ )

(૯) જગદેકમલ્લ. ૨.
(શાકે ૧૦૬૦-૧૦૭૨
ઇ.સ. ૧૧૩૮-૧૧૫૦ )

(૧૦) તૈલપ ૨.
નુર્મદીનેલ
ત્રૈલોક્યમલ્લ.૨
( શાકે ૧૦૭૨-૧૦૮૭
ઇ.સ.૧૧૫૦-૧૧૬૫)

(૧૧) સોમેશ્વર ૪.
(શાકે ૧૧૦૪-૧૧૧૧
ઇ. સ. ૧૧૮૨-૧૧૮૯)

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૧૪ મું.

## દેવગિરિના યાદવો.
## તે વંશનો પ્રાચીન ઇતિહાસ.

**આધારો.** આ વંશના પાછળના સમયમાં થએલા એક રાજા નામે મહાદેવના પ્રધાન હેમાદ્રિએ રચેલા અથવા તેણે રચેલા કહેવાતા વ્રતખંડ નામના ગ્રંથની પ્રસ્તાવનામાં યાદવોની વંશાવલિ આપેલી છે. તો પણ તે ગ્રંથની કેટલીએક પ્રતોમાં તે છે નહીં, અને અન્ય પ્રતોમાં તે વંશાવલિ ભિલ્લમથી શરૂ થાય છે; કારણકે તે રાજાએ સર્વોપરિ સત્તા પ્રાપ્ત કરી અને તે વંશને ઉત્કૃષ્ટ સ્થિતિએ ચઢાવ્યો. અન્ય પ્રતોમાં તે વંશનો વૃત્તાંત મૂલ આરંભથી જ છે. અને દુગ્ધ સમુદ્રમાંથી મંથન કરતાં ઉત્પન્ન થએલા ચંદ્રને મૂળ પુરૂષ તરીકે લખવામાં આવ્યો છે. ચંદ્રમાની પછી તે વંશાવલિમાં પુરાણમાંના અથવા દંતકથાના સર્વ પૂર્વજોનાં નામ વચમાં આવે છે અને છેવટે મહાદેવ આવે છે. પરંતુ તે સર્વ વૃત્તાંત ઉપરથીજ નિશ્ચિત કરવું અઘરૂ નથી કે દંતકથાનો કયાં આગળ અંત આવે છે અને ઇતિહાસનો કયાં આગળ આરંભ થાય છે. વળી ભીલ્લમની પૂર્વે જે ઐતિહાસિક પુરૂષો થઇ ગયા તેઓનાં નામો પંડિત ભગવાનલાલ ઇંદ્રજીએ ભાષાંતર કરેલા તામ્રપટના દાનપત્ર[1] સાથે મળતાં આવે છે. પોતાની પાસેના દાનપત્રમાં લખેલો યાદવવંશ દેવગિરિના યાદવવંશ કરતાં જૂદો હતો તેમ એમનું માનવું હતું અને તે વંશને તેમણે " એક નવો યાદ-

---

૧. ઇ. એ. વા-૧૨ પૃ. ૧૧૯ અને તે પછીના પૃષ્ઠો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વવંશ " એવું નામ આપ્યું હતું. પણ હાલ જે વૃત્તાંત હું પ્રગટ કરૂંછું તે તેમને માહીત નહોતો તેથી તેમ કરવામાં તે વ્યાજબી હતા. પરંતુ એ વાત હાલ પૂર્ણ રીતે સ્પષ્ટ છે કે તે દાનપત્રમાં લખેલા રાજાઓ દેવગિરિના યાદવોના પૂર્વજો હતા. તે વંશના નીચે આપેલા અસલના ઇતિહાસનો આધાર [1]વ્રતખંડમાં આપેલા વૃત્તાંત ઉપર તથા સદરહુ મી.

---

૧ બીબ્લીઓથીકા ઈન્ડીકામાંની વ્રતખંડની આવૃત્તિમાં આ ઘણી મૂલ્યવાન અને ઉપયોગી બંને પ્રશસ્તિઓમાંથી એકે નથી. માટે મારે હસ્તલિખિત પ્રતોમાં જોવું પડયું છે. ડેકન કોલેજની લાયબ્રેરીમાં મુકેલા સરકારી સંગ્રહમાં ફકત એક જ હસ્ત લિખિત પ્રત છે, અને આ પ્રત સને ૧૮૮૧—૮૨ માં સંગ્રહ (એ) નં. ૨૩૪ ની છે. આ સંગ્રહ મેં કર્યો હતો. તેમાં ભીલ્લમના રાજ્યથી શરૂ થતી ટુંકી પ્રશસ્તિ છે. વળી પૂનાની જુની સંસ્કૃત કોલેજના સંગ્રહમાં એક બીજી પ્રત છે, તેમાં લાંબી પ્રશસ્તિ છે. કમનસીબે તેમાંથી ત્રીજું અને ચોથું પૃષ્ઠ ખોવાયું છે. અને બીજું પાનું સેઉણચંદ્ર ૨. ના પછી ગાદીએ આવનાર પરમદેવ આગળ અટકે છે, અને પાંચમું પાનું હેમાદ્રિ અને તેનાં પુસ્તકો સંબંધી પ્રસ્તાવ-નાના કેટલાએક છેલ્લા શ્લોકોથી શરૂ થાય છે. માટે ઘણો કીમતી ભાગ પાનાં ૩ અને ૪ માં હતો. પણ તે તો ખોવાઇ ગયો છે અને હાથ લાગે તેમ નથી. માટે પુના શેહેરમાં ખાનગી સંગ્રહમાંથી પ્રતો મેળવવાનો મેં પ્રયત્ન કર્યો, અને ખાસ-ગીવાલેના પુસ્તકસંગ્રહમાંથી એક પ્રત મને મળી. તેમાં ફકત ટુંકી પ્રશસ્તિ છે. મારા વિદ્વાન મિત્ર ગંગાધર શાસ્ત્રી દાતારે બીજી પ્રત મેળવી તેમાં ટુંકી અને લાંબી એ બંને પ્રશસ્તિઓ એકઠી કરી દીધી છે. શરૂઆતમાં ટુંકી પ્રશ-સ્તિના પેહેલા સત્તર શ્લોકો છે. અને તે પછી લાંબી પ્રશસ્તિ શરૂ થાય છે, અને તે પુરી થયા પછી પાછી ટુંકી પ્રશસ્તિના બાકીના શ્લોકો આવે છે. જે ચાર હસ્ત-લિખિત પ્રતો મારી પાસે છે તેમાંથી આજ એક પ્રતમાં આખી લાંબી પ્રશસ્તિ લખેલી છે, અને શિલાલેખોમાંથી જાણવામાં આવેલા તે વંશના પાછળના રાજા-ઓનું વૃત્તાંત જે તેમાંથી મળી આવે છે તે નવું અને ઘણું કીંમતી છે. પણ તે પ્રત બહુજ ભૂલ ભરેલી છે. માટે મેં પ્રતો માટે નાસીકમાં તથા કોલ્હાપુર અને અમ-દાવાદમાં તપાસ કરાવી પણ ત્યાંથી કાંઇ પણ જડી નહીં. આ બંને પ્રશસ્તિઓ પરિશિષ્ટ (સી) માં મેં આપી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પંડિતે પ્રગટ કરેલા દાનપત્ર ઉપર રાખવામાં આવ્યો છે. દાનપત્રમાં તો તે વંશાવલિ ફક્ત સેઉણચંદ્ર ૨. સુધી આવે છે. આ રાજા શાકે ૯૯૧ એટલે ઈ. સ. ૧૦૬૯ માં ગાદી ઉપર હતો. અને વચમાંના કેટલાએક રાજાઓનાં નામો તે દાનપત્રમાં નથી.

**તે વંશનો સ્થાપનાર દઢપ્રહાર.** યાદવવંશનો સુબાહુ રાજા સાર્વભૌમ રાજા હતો. તેને ચાર પુત્રો હતા જેઓને તેણે પોતાના રાજ્ય નીચેની સઘળી પૃથ્વી વહેંચી આપી. બીજો પુત્ર દઢ[1]પ્રહાર દક્ષિણમાં એટલે દખણનો રાજા થયો. એમ કહેવામા આવ્યું છે કે પ્રથમ તો યાદવો મથુરાના રાજા હતા. પછી શ્રી કૃષ્ણના સમયથી તેઓ દ્વારામતી અથવા દ્વારકાના રાજા થયા, અને સુબાહુના પુત્ર દઢપ્રહારના સમયથી દક્ષિણના રાજ્યકર્ત્તા થયા. વ્રતખંડમાં લખ્યા પ્રમાણે તેઓની રાજ્યધાની શ્રીનગરમાં હતી, અને દાનપત્રમાંથી એમ દેખાય છે કે ચંદ્રાદિત્યપુર નામના શહેરમાં હતી. આ શહેર નાસીક જીલ્લામાં આવેલું હાલનું ચામડોર હોય. તેને સેઉણચંદ્ર નામનો પુત્ર હતો

**સેઉણચંદ્ર ૧** તે ગાદીએ તેની પછી આવ્યો. તે દેશ ઉપર તે રાજ્ય કરતો હતો તે ઉપરથી[2] તેનું નામ સેઉણ દેશ પડયું, અને સેઉણપુર નામનું નગર પણ તેણે વસાવ્યું હતું એમ દેખાય છે. નાસીકથી દેવગિરિ એટલે હાલના દૌલતાબાદ સુધીના વિસ્તારવાળા દેશનું નામ સેઉણદેશ

**સેઉણદેશ.** હતું, કારણકે પાછળના ભાગમાં એમ કહેવામાં આવ્યું છે કે દેવગિરિ સેઉણદેશમાં આવેલું છે અને

---

૧ વળી તેને તે હસ્ત લિખિત પ્રતમાં " દઢ પ્રહારી " પણ કહેવામાં આવ્યો છે. શ્લો. ૨૦ પરિશિષ્ઠ સી. ૧ જોવું

૨ પરિશિષ્ટ સી. ૧ માં શ્લોક. ૨૨ જોવો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સેઉણુદેશ દંડકારણ્યની[1] સીમા ઉપર આવેલો છે. સેઉણચંદ્રની પછી તેનો પુત્ર ધાદીયપ્પા[2] રાજા થયો. અને તેની પછી તેનો પુત્ર ભીલ્લમ થયો. ભીલ્લમની પછી, તેનો પુત્ર દાનપત્ર પ્રમાણે શ્રીરાજ અને બીજા આધાર પ્રમાણે રાજગી ગાદીએ આવ્યો, અને તેની પછી વડડીગ અથવા વાડુગી ગાદીએ[3] આવ્યો જે તેના પહેલાંના રાજાનો ઘણું કરીને ભાઇ હતો, પછી ધાદીયસ[4] થયો જે વ્રતખંડમાં લખ્યા પ્રમાણે વાડુગીનો પુત્ર હતો. દાનપત્રમાં આનું નામ નથી.

**સેઉણચંદ્ર પછીના રાજાઓ.**

દાધીયસની પછી તેનો પુત્ર [5]ભિલ્લમ ગાદીએ આવ્યો. દાનપત્રમાં

---

૧ પરિશિષ્ઠ (સી) ૨ માં શ્લોક ૧૯ મો જુઓ.

૨ હસ્ત લિખિત પ્રતમાં "ધાદીયસ" નામ આપેલું છે. પરિશિષ્ટ ( સી ) ૧ શ્લો. ૨૩.

૩ એજ જુઓ. પંડિત ભગવાનલાલ ઈંદ્રજી યાદવના દાનપત્રમાં આવતા "अर्वाक् तस्य" ( નીચેની નોટ છ જુઓ. ) નો અર્થ તેના પેહેલાં એવો કરે છે, અને શ્રી રાજ પેહેલાં વડડીગને મુકીને એવું અનુમાન કરે છે કે તે ભીલ્લમનો પુત્ર હતો અને તેના કાકા શ્રીરાજે તેને પદભ્રષ્ટ કર્યો અને ગાદી પોતે પચાવી પડયો. (ઈ. એ. વા. ૧૨ પૃ. ૧૨૫ અ અને ૧૨૮ બ) પણ "अर्वाक् तस्य" નો અર્થ તેના પેહેલાં એવો કદી પણ થાય નહીં પણ "તેના પછી" એવો થવો જોઇએ. માટે કરેલાં અનુમાનો પાયા વગરનાં છે. "તેના પેહેલાં અમુક નામનો રાજા થયો" એવા શબ્દોથી કોઇ પણ દાન પત્રમાં એક અમુક તેના પછી થયેલા રાજાના સંબંધમાં તેના પેહેલાં થયેલા રાજાનું વર્ણનઆવેલું મેં કદીજોયુંનથી. પરિશિષ્ટ સી ૧ના શ્લોક ૨૪ની બીજી લીંટીમાં अजानिष्ट શબ્દ આવે છે તેથી એમ દેખાય છે કે રાજગી તે ભીલ્લમ ૧ નો પુત્ર હતો.

૪ પરિશિષ્ઠ સી. ૧ શ્લોક ૨૪. જો દાનપત્રમાં તેનું નામ હોત, તો તે ઘણું કરીને દાધીયપ્પા કહેવામાં આવ્યું હોત.

૫. પંડિત ભગવાનલાલ આ રાજાનું નામ મુકી દે છે, જો કે તેમના દાન-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લખ્યા પ્રમાણે ભિલ્લમ ઝંઝની પુત્રી [1] લક્ષ્મીયવ્વાને પરણ્યો હતો. આ ઝંઝરાજા ઘણું કરીને થાણાનો સિલિહાર વંશનો તે નામનો રાજા હતો.

પત્રમાં તેનું નામ આવે છે. આમાંના ચોથા શ્લોકની છેલ્લી બે લીટીઓ નીચે પ્રમાણે છે—

**अर्वाक्तस्य वभूव भूतलहरिः श्रीवद्दिगाख्यो नृपः ।**
**तस्मात् श्रीवरभिल्लम क्षितिपतेः प्रत्यक्ष धर्माभवत् ॥**

આનો તરજુમો પંડિત આવો કરે છેઃ—" તેના પેહેલાં શ્રી વદ્દિગ નામનો રાજા, પૃથ્વી ઉપર હરિ જેવો થયો હતો. માટે તેના કાર્યોમાં તે બરોબર ઉત્તમ શ્રી ભિલ્લમ રાજાની બરોબરી કરનારો હતો. " આમાં " તેના પહેલાં " નં બદલે " તેની પછી " એમ આપણે અર્થ કરવો જોઇએ. " **तस्मात्** "નો અર્થ તેટલા માટે કર્યો છે. પણ તેવો અર્થ કરવાનું શું કારણ? એમ હું પુછું છું, કારણકે " તેની બરોબરી કરે એવો તે થયો " તેનું કાંઈપણ કારણ આપવામાં આવ્યું નથી. માટે **तस्मात्** નો અર્થ તેટલામાટે કરવો જોઇએ નહી. વળી તે પંડિત **प्रत्यक्षधर्मा**નો અર્થ કાર્યોમાં તેની બરોબર એવો કર્યો છે તે બંધબેસતો અને યોગ્ય નથી. વળી **क्षितिपतेः** એ શબ્દમાંની પંચમી અથવા ષષ્ઠી બીજા કોઇપણ શબ્દ સાથે બંધબેસાડી શકાતી નથી માટે તે તેમાંની અસંખ્ય ભુલોમાંની એક હોવી જોઇએ, અને તે પંડિતે પોતે તેમાં બહુ ભુલો બતાવી છે. માટે **क्षितिपतेः** ને બદલે **क्षितिपतिः** પ્રથમા જોઇએ. આ રીતે અર્થ બરાબર સમજાય એવું થાય છે. અને **तस्मात्**નો અર્થ તેની પછી અથવા તેનામાંથી એવો થશે તે બરાબરજ છે. માટે તેનો ખરો તરજુમો આ પ્રમાણે છેઃ—તેના પછી શ્રી વદ્દિગ નામનો રાજા થયો, જે પૃથ્વી ઉપર હરિ હતો. અને તેના પછી અથવા તેનામાંથી ( એટલે વદ્દીગમાંથી ) ઉત્તમરાજા શ્રી ભિલ્લમ થયો જે ધર્મનો પ્રત્યક્ષ અવતાર હતો. આ રીતે એક બીજો ભિલ્લમ રાજા આવે છે અને ઉપર લખેલા વાકયસમૂહમાંથી વ્રતખંડની પ્રશસ્તિમાં પણ તેમજ લખેલું છે.

૧. મારા ભાષાંતર પ્રમાણે આ રાણી ભિલ્લમ જેનું નામ તુરતજ પેહેલાં આવે છે તેની રાણી હોવી જોઇએ. અને મી. પંડિતના લખવા પ્રમાણે તેના દાદા વદ્દિગની નહી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

લક્ષ્મીયવ્વા તેની માના તરફથી રાષ્ટ્રકૂટ વંશની હતી અને પોતાના પુત્રદ્વારા "યદુવંશની[1] ઉદ્ધારક" થઇ. આ રીતે તે ત્રણ રાજ્યકર્ત્તા

૧ અહીયાં વળી દાનપત્રમાં એક ભુલ છે જેનો ખુલાસો પંડિત ભગવાનલાલ કરી શકયા નથી તેથી વળી બીજો ઘોંટાળો થયો છે. અને તે ભુલ ઉપરથી તે એવાં અનુમાનો કરે છે કે જે અનુમાનો ઘણાં અયોગ્ય છે. ( પૃ. ૧૨૫ અ ઈ, એ. વા. ૧૨ ) તે શ્લોક નીચે પ્રમાણે છે.—

भार्या यस्य च झंझराजतनया श्रीलस्थियव्वाह्वया
धर्मत्यागविवेकबुद्धिसगुणा राष्ट्र कूटान्वया ।
या जाता नवबालनाजसमये यदन्वयाधारिता
सप्तांगोद्यतराज्यभारधरणाद्रायत्रयाध्यातत: ॥

આનો અર્થ મી. પંડિત આ પ્રમાણે કરે છે—"જેની રાણી નામે લઠીયાબા ઝંઝરાજાની પુત્રી હતી, જેનામાં ધર્મ, ત્યાગ, વિવેક બુદ્ધિ એ ગુણો હતા અને જે રાષ્ટ્રકુટ વંશની હતી; જેને નવા બાલરાજાના સમયમાં ( તેની નાની ઉમરમાં) જેના વંશમાં દત્તક લીધેલી હતી, અને સાત અંગવાળા રાજ્યનો ભાર ધારણ કરવાથી જે ત્રણ રાજ્યોમાં માન પામવા યોગ્ય હતી."

"**राष्ट्रकूटान्वया**" ના પેહેલાં શ્રી મુકવો તથા **रायत्रय**ને બદલે **राज्यत्रय** વાંચવું. એ બાબતોમાં હું મી. પંડિતને મળતો આવું છું, અને પેહેલી બે તથા ચોથી લીટીનું ભાષાંતર બરોબર છે એમ પણ હું માનું છું. પણ ત્રીજી લીટીનો તરજુમો ઘણો વાંધા ભરેલો છે. **नाज**ને બદલે મી. પંડિત **राज** વાંચે છે અને કહે છે કે **यदन्वया**માંનો **य** તે છંદના ગણ પ્રમાણે દીર્ઘ જોઇએ પણ તેમ કરવાથી કોઇ અર્થ થતો નથી. માટે હવે એ બાબતનું ખરૂ નિરાકરણ કરવામાં આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ચોથી લીંટીમાં તે રાણી વિશે "ત્રણ રાજ્યમાં માનને લાયક" એવું લખ્યું છે. તો તે ત્રણ રાજ્યો કીયાં ? પેહેલું તો ખુલ્લી રીતે તેના બાપ ઝંઝનું, જેનું નામ પેહેલી લીંટીમાં આવે છે; બીજુ રાષ્ટ્રકુટવંશના રાજાઓનું, કારણ કે બીજી લીંટીમાં લખ્યા પ્રમાણે તે વંશથી તે ઉતરી આવેલી હતી. માટે ત્રીજી લીંટીમાં ત્રીજા રાજ્યનું સૂચન કાંઇક છે એવી આપણે આશા રાખીએ, માટે ત્રીજું રાજ્ય યાદવોનું હોવું જોઇએ, કે જેના વંશમાં તે પરણી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વંશો તથા ઉત્કૃષ્ટ રાજ્યો સાથે સબંધ ધરાવતી હતી. તેના પછી વેસુગી રાજા થયો, જેનું નામ દાનપત્રમાં તેસુક લખવામાં આવ્યું છે; અને વેસુક[1] અથવા વેસુગને બદલે તે ભૂલ હશે તે સંભવિત છે. ગોગી જેને ચાલુકય[2] વંશનો ખંડણીયો કહેવામાં આવ્યો છે તેની પુત્રી નાથલદેવીને તે પરણ્યો, અને થાણાના રાજા ઝાંઝની પછીનો રાજા તેજ હતો તે સંભવિત છે. ઝાંઝના રાજ્યના અંતના સમયમાં રાષ્ટ્રકૂટ વંશનો ચાલુકયોએ પરાજ્ય કર્યો હશે અને આ રીતે તેના પછીનો રાજા ચાલુકયોનો ખંડણીયો થયો.

---

હતી. માટે **यदन्वया**ને બદલે હું **यद्वन्वया** વાંચુ છું. આ રીતે છંદના ગણની ભુલ પણ જતી રહે છે, કારણ કે પધના નિયમો પ્રમાણે **द्व** જોડાક્ષર પુર્વે આવેલો **य** દીર્ઘ ગણાય. એવીજ રીતે હું ધારૂં છું કે **बालनाज** ભુલ છે અને તેને બદલે **बालजान** હોવું જોઇએ. હવે **जान** એ શબ્દ તે લખનારે દેશી ભાષામાંથી લીધો હશે અને તેને સંસ્કૃત તરીકે ગણ્યો હશે, અથવા બરાબર સંસ્કૃત તેને નહી આવડતું હોવાથી તેણે તે **जान** શબ્દ **जन्** ધાતુ ઉપરથી કર્યો હશે; જેમકે **नद्** ઉપરથી **नाद्**, **मद्** ઉપરથી **माद्** અને **मन्** ઉપરથી **मान**. અથવા **बालनाज** તે **बालजन्म**ને બદલે ભુલથી લખાયુ હશે અને તેના અર્થનો **बालजान** જેવોજ એટલે બાલકનો જન્મ. **यद्वन्वया धारिता** એ સમાસ આ પ્રમાણે છોડવાનો કે **आधारितः यद्वन्वयःयया ॥ आधारिता**ને પાણિની વ્યાકરણના પ્ર. ૨. ૨. ૩૭ પ્રમાણે બીજો શબ્દ ગણવાનો. માટે આ રીતે તે લીટીનો અર્થ એવો થાય છે કે—જે નવા બાલકના જન્મથી ચંદ્રના વંશની ઉદ્ધારક થઈ એટલે કે તેના બાલકદ્વારા તેણે યદુવંશ ટકાવી રાખ્યો. નાનારાજાની સગીર ઉમરમાં તેને રાષ્ટ્રકુટવંશમાં દત્તક લીધેલી એવું અનુમાન આ મુજબ આધાર વીનાનુ થાય છે. તે તેની માના તરફથી રાષ્ટ્રકુટવંશની હોવી જોઇએ.

૧. શ્લોક ૨૪ પરિશિષ્ઠ (સી) ૧ નો.

૨. દાનપત્રમાંના શબ્દ **चालुक्यान्वय मंडलीक** નો અર્થ મેં જેવો કર્યો છે તેવો થાય છે. ગોજીરાજ ચાલુકય વંશનો હતો એમ મી. પંડિત સમજે છે પણ મારો અર્થ વધારે સંભવિત મને લાગે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વ્રતખંડમાં વેસુગી[1] પછી અર્જુન આવે છે, પરંતુ દાનપત્રમાં તેનું નામ નથી. તે પછીનો રાજા ભિલ્લમ[2] હતો તે જયસિંહની પુત્રી અને ચાલુક્યવંશના આહવમલ્લ રાજા (જેની સેનામાં તે ઘણી[3] લઢાઈઓ લઢયો હતો તે) ની બેન હામ્માને પરણ્યો હતો. ત્યાર પછી તે દાનપત્રમાં તે દાન આપનાર રાજ્ય કરતા રાજા સેઉણનો વૃત્તાંત આવે છે, જેના વિશે સામાન્ય રીતે એમ કહેવામાં આવ્યું છે કે પૂર્વે લખેલા રાજાના વંશમાંથી તે જન્મ્યો હતો, તથા તેણે કેટલાએક રાજાઓને હરાવ્યા અને ભિલ્લમના મરણ પછી કેટલાએક શત્રુઓમાંથી પોતાના દેશને મુક્ત કર્યો. આ ભિલ્લમ તેના પૂર્વે તરતજ થઈ ગએલો રાજા હતો, પણ આહવમલ્લના બંનેવીથી આ બીજો જ હતો કારણ કે સેઉણ આહવમલ્લનો પુત્ર અથવા એવો કોઇક નજીકનો સગો હતો તેમ કહેવામાં આવ્યું નથી, પણ માત્ર એટલુંજ કહેવામાં આવ્યું છે કે તેના વંશમાંથી તે જન્મ્યો હતો. તે વચ્ચેના રાજાઓનાં નામ વ્રતખંડમાં આવે છે. મોટા ભિલ્લમની પછી તેનો પુત્ર વાડુગી[4] ગાદીએ આવ્યો "જેનાં વખાણ કવિઓએ મધુર શબ્દોમાં ગાયાં છે." તેની પછી વેસુગી[5] રાજા થયો, પણ વાડુગીનો તે શો સગો હતો તે કહેવામાં આવ્યું નથી; ઘણા તાબેદાર રાજાઓ જેઓ તોફાની થયા હતા તેમને તેણે નરમ પાડયા. તેના

**જયસિંહનો જમાઇ ભિલ્લમ ૩.**

---

૧. પરિશિષ્ટ સી (૧) નો શ્લો. ૨૪

૨. તેજ શ્લો. ૨૬

૩. શ્લો. ૮ નો સામાન્ય અર્થ છે એમ લાગે છે અને પંડિત ભગવાનલાલના સમજવા મુજબ અહવમલ્લ સાથે તે લ્હડાઇયો લઢયો નથી. તે બાબત અહીયાં વિગતવાર ચર્ચા થવાની જરૂર નથી.

૪ પરિશિષ્ટ સી, ૧ શ્લો. ૨૬.

૫ ,, એજ શ્લો. ૨૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પછી ભિલ્લમ થયો અને તેના પછી સેઉણ[1] જેણે પંડિત ભગવનલાલે ભાષાંતર કરેલું દાનપત્ર પ્રગટ કર્યું હતું. આ છેલ્લા ત્રણ રાજાઓની અરસપરસ શો સગાઇ હતી તે કહેવામાં આવ્યું નથી. સેઉણના વિશે એમ કહેવામાં આવ્યું છે કે તેણે પરમર્દિદેવ એટલે વિક્રમાદિત્ય ૨ જેને " ચાલુકયવંશનો તારો " કહેવામાં આવ્યો હતો તેને તેના શત્રુઓના સમૂહચક્રમાંથી બચાવ્યો અને તેને કલ્યાણીની[2] ગાદીએ બેસાડયો. વેંગીના રાજા અને વિક્રમાદિત્યના ભાઇ સોમેશ્વર વચ્ચે જે મૈત્રીચક્ર બંધાયું હતું તેનાજ સંબંધમાં આ ઉપર લખેલી હકીકત છે એમ દેખાય છે. આ રીતે યાદવવંશનો રાજા સેઉણ ચાલુકય વંશના રાજાનો ગાઢો મિત્ર હતો અને તે બંને રાજાઓની તારીખો પણ આ વૃત્તાંતને મળતી આવે છે. સેઉણચંદ્રના દાનપત્રની તારીખ શાકે ૯૯૧ સૌમ્ય સંવત્સરની છે, અને વિક્રમાદિત્ય ૨ ને ચાલુકયગાદી શાકે ૯૯૮ નલ સંવત્સરમાં મળી. કલ્યાણના ચાલુકય રાજાઓના પૂર્વેના યાદવ વંશના રાજાઓની સાથેના સંબંધની વાત તે દાનપત્રમાં આવે છે, પણ સેઉણચંદ્રે વિક્રમાદિત્યને કરેલી અગત્યની સહાયની વાત તેમાં નોંધવામાં આવી નથી અને "સર્વ રાજાઓ"ને તેણે હરાવ્યા એમ સામાન્ય શબ્દોમાં તેના વિશે લખ્યું છે. આ ઉપરથી એમ દેખાય છે કે સેઉણચંદ્રે તે રાજાને તેના શત્રુઓથી છોડવ્યો અને ગાદી ઉપર બેસાડયો. તે વ્રતખંડમાં લખેલી વાત ઘણું કરીને શાકે ૯૯૧ પછી થઇ હોવી જોઈએ. અને આપણે ખરી રીતે જાણીએ છીએ કે શાકે ૯૯૮ માં વિક્રમાદિત્ય ગાદીએ આવ્યો હતો.

**સેઉણચંદ્ર ૨. તે વિક્રમાદિત્ય ૨ નો મિત્ર.**

સેઉણચંદ્રની પછી ગાદીએ પરમદેવ આવ્યો; આ રાજા ઘણું કરીને

---

૧ ,, એજ શ્લો. ૨૮.

૨ ,, એજ શ્લોક ૨૯.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેનો પુત્ર હતો; આની પછી સિંહીરાજ[1] આવ્યો.

**સેઉણચંદ્ર પછી નાં રાજાઓ.**

સિંહીરાજ તે નામ ઘણું કરીને સિંહરાજને ઠેકાણે દૂષિત લખાયું હશે, અને તે રાજાનું પુરૂં નામ સિંહણ અથવા સિંઘણ હશે. સિંહને પરમરાજા સાથે શી સગાઇ થતી હતી તે આપણને ખબર નથી; પણ ઘણું કરીને તે તેનો ભાઇ હતો. તેણે લં(ચં)જીપુરથી[2] કર્પૂરતિલક નામનો એક હાથી આણ્યો હતો એમ કહેવાય છે. તેની પછી તેનો પુત્ર મલ્લુગી ગાદીએ આવ્યો, તેણે પોતાના શત્રુઓ પાસેથી પર્ણખેટ નામનું ગામ લીધું, અને જ્યારે તેનો મુકામ તે ગામમાં હતો, ત્યારે ઉત્કલ એટલે ઓરીસ્સાના રાજાના હાથીઓનું ટોળું તે જબરાઇથી

**મલ્લુગી.**

લઇ ગયો હતો. પછી તેનો પુત્ર અમરગાંગેય[4] થયો જેનું નામ તે પછીના [5]એક રાજાના રાજ્યમાં પ્રગટ કરવામાં આવેલા તામ્રપટ્ટના દાનપત્રમાં લખવામાં આવ્યું છે. તેની પછી ગોવિંદરાજ થયો, તે ઘણું કરીને તેનો પુત્ર હતો. ગોવિંદરાજની પછી મલ્લુગીનો એક પુત્ર અમરમલ્લગી થયો, અને તેની પછી કાલીય બ-લ્લાળ થયો. આ રાજા ઘણું કરીને અમરમલ્લગીનો પુત્ર હતો પણ આ વાત સ્પષ્ટ રીતે કહેવામાં આવી નથી. બલ્લાળના

**ભિલ્લમ તે યાદવ વંશનો સ્થાપનાર**

પુત્રોને બાજુએ મુકવામાં આવ્યા અને યાદવવંશનું સાર્વભૌમ રાજ્ય તેના કાકા ભિલ્લમના[6] હાથમાં ગયું. આ રાજા બહુ ઉત્કૃષ્ટ બુદ્ધિનો

---

૧ એજ શ્લોક ૩૦-૩૧.

૨ એજ શ્લોક ૩૨ ત્રેંજીપુર તે હાલનુ ગંજાવર હોય કે

૩ એજ શ્લો. ૩૩ અને ૩૪.

૪ એજ શ્લો. ૩૫.

૫ જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૫ પૃ. ૩૮૬.

૬ પરિશિષ્ટ (સી) ૧) ના શ્લો. ૩૫-૩૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતો. ભિલ્લમને બલ્લાળનો કાકો કહેવામાં આવ્યો છે. માટે તે મલ્લુગીનો બીજો પુત્ર હોવો જોઇએ, અને ઉપર લખેલા દાનપત્રમાં આવી વાત લખવામાં આવી છે. તેના બે ભાઇઓ અને તેમના પુત્રો પછી તેને ગાદી મળી હતી, માટે તે સમયે તે ઘણો વૃદ્ધ હોવો જોઇએ. માટેજ તેણે ઘણો જ ટુંકો સમય રાજ્ય કર્યું એટલે શાકે ૧૧૦૯ માં ગાદીએ આવ્યો અને શાકે ૧૧૧૩ માં મરણ પામ્યો. ચાલુકય રાજાઓ જે મોટા રાજ્ય ઉપર રાજ્ય કરતા હતા તે રાજ્ય પોતાના વંશ માટે પ્રાપ્ત કરનાર આજ રાજા ભિલ્લમ હતો.

**અંજનેરીનો સેઉણચંદ્ર.**

નાસીકની પાસે આવેલા અંજનેરીના એક પડી ગએલા મંદિરમાંનો એક શિલાલેખ[1] પંડિત ભગવાનલાલે પ્રસિદ્ધ કર્યો છે. જેમાં યાદવવંશના સેઉણદેવ નામના રાજા વિષે એમ લખવામાં આવ્યું છે કે તેણે એક જૈન મંદિરને શાકે ૧૦૬૩ ના વર્ષમાં કાંઇક દાન આપ્યું હતું. ઉપર આપેલા વૃતાંત ઉપરથી એમ દેખાશે કે યાદવવંશમાં સેઉણ નામના ફક્ત બે રાજાઓ હતા, અને તેમાંનો છેલ્લો સેઉણ રાજા વિક્રમાદિત્ય ૨. નો મિત્ર હતો. માટે શાકેસંવત્ના દશમા શતકના અંતમાં અને અગીયારમા શતકના આરંભમાં તેનું રાજ્ય ચાલ્યું હશે. માટે અંજનેરીના શિલાલેખમાંનો સેઉણદેવ આ રાજા હોઈ શકે નહીં. અને વ્રતખંડમાં તે નામનો બીજો કોઇ રાજા કહેવામાં આવ્યો નથી. વળી સેઉણદેવ તો પોતાને મહાસામંત એટલે ખંડણીઓ રાજા માત્ર કહે છે. ત્યારે આશરે શાકે ૧૦૬૩ માં કે જ્યારે ચાલુકય રાજાઓની સત્તા નરમ પડવા માંડી હતી તે સમયે એ સંભવિત હોય એમ લાગતું નથી કે સેઉણ દેશના યાદવોએ આવું હલકું પદ પોતાને આપ્યું હોય. માટે મને એમ લાગે છે કે અંજનેરીવાળો સેઉણદેવ યાદવવંશની મુખ્ય શાખાની આશ્રયભૂત એક

---

૧ ઇ. એ. વા. ૧૨ પૃ. ૧૨૬.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નાની શાખાનો હોવો જોઈએ અને તે શાખાનું રાજ્ય એક નાનો પ્રદેશ જેનું મુખ્ય શેહેર અંજનેરી હતું તે ઉપર હતું.

**યાદવવંશ સ્થાપન થયાની તારીખ.**

દૃઢપ્રહારથી ભિલ્લમ ૫ મા સુધી જે રાજાઓ થયા તેમની સંખ્યા ૨૩ થાય છે. તે યાદીમાં એવા ઘણા રાજાઓ છે કે જેઓનો તથા તેમની પૂર્વેના રાજાઓનો સમય એકજ હતો, માટે આ તેવીસ રાજાઓ એટલાજ જૂદા જૂદા સમયાંતરમાં થઇ ગયા તેમ લાગતું નથી. માટે આવી બાબતમાં જે સરાસરી ૧૯ વર્ષનો સામાન્ય સમય દરેક રાજ્યને આપવામાં આવે છે તે પ્રમાણે ગણતાં દૃઢપ્રહારના ગાદીએ આવવાનો સમય અને ભિલ્લમ ૫ માના મરણનો સમય તે વચ્ચેનો કાલ ૪૩૭ વર્ષનો થાય છે. માટે તે વંશ આશરે શાકે ૬૭૬ એટલે ઇ. સ. ૭૫૪ માં સ્થપાયો હતો, એટલે કે રાષ્ટ્રકૂટોએ પ્રથમના ચાલુકય વંશના રાજાઓને હરાવ્યા તેજ સમયે આશરે.

---

## પ્રથમના યાદવોની અથવા સેઉણ દેશના યાદવોની વંશાવલિ.

---

દૃઢપ્રહાર
|
સેઉણચંદ્ર ૧
|
ધાદીયપ્પા ૧
|
ભિલ્લમ ૧
|
રાજગી અથવા શ્રીરાજ
|
વાડુગી અથવા વાડીગ ૧

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

|
ધાદીયપ્પા ૨
|
ભિલ્લમ ૨
|
વેસુગી ૧
|
અર્જુન
|
ભિલ્લમ ૩
|
વાડુગી ૨
|
વેસુગી ૨
|
ભિલ્લમ ૪
|
*સેઉણુચંદ ૨ શાકે ૯૯૧ એટલે ઇ. સ. ૧૦૬૯.
|
પરમ
|
*સિંહ
|
મલ્લુગી
|

| | | |
|---|---|---|
| અમરગાંગેય | અમરમલ્લગી | ભિલ્લમ ૫. અથવા ૧. શાકે ૧૧૧૩ એટલે ઇ. સ. ૧૧૯૧માં મરણ પામ્યો. |
| \| | \| | |
| ગોવિંદરાજ | બલ્લાળ | |

---

* આ નિશાનવાળા રાજાઓનો તેમની પહેલાંના રાજા સાથે શો સબંધ હતો તે સ્પષ્ટ રીતે બતાવેલું નથી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૧૫.

## દેવગિરિના યાદવો. પછીના સમયનો ઈતિહાસ.

**હોયસલ યાદવોની રાજ્યલોભની યુક્તિઓ.**

આપણે જોયું છે કે માઇસુરમાં હાલેબાડના હોયસલ યાદવો ત્રિભુવનમલ્લ અથવા વિક્રમાદિત્ય ૨ ના સમયમાં સત્તાવાન થતા હતા, અને દખણનું સર્વોપરિ રાજ્ય મેળવવાની ઉમેદ રાખતા હતા. તે વંશના તે સમયના રાજ્યકર્ત્તા રાજા વિષ્ણુવર્ધને ચાલુક્ય રાજ્ય ઉપર ચઢાઇ પણ કરી હતી અને કૃષ્ણાવેણા નદીના તટ ઉપર મુકામ નાંખ્યો હતો. પણ પોતાની રાજ્યલોભની યુક્તિઓ માટે તે સમય અનુકૂળ હતો નહિ. ચાલુક્ય રાજા ઘણો બુદ્ધિશાળી પુરૂષ હતો, તે વંશની સત્તા તે દેશઉપર દૃઢ રીતે સ્થપાએલી હતી, તેનાં સાધનો ઘણાં હતાં, તથા આશ્રયી સરદારો અને ઉમરાવો આજ્ઞામાં રહેતા હતા. પરંતુ હાલ આ સ્થિતિ બદલાઇ ગઇ હતી. નિર્બળ રાજાઓ ગાદી ઉપર આવ્યા હતા, ચાલુક્યોની સત્તા તેમના આશ્રયી કલચુરીઓએ ભાંગી નાખી હતી, અને લિંગાયત સંપ્રદાયની ચઢતીને લીધે ઉત્પન્ન થયેલ અંદર અંદરના તોફાન તથા ફાટફુટને લીધે કલચુરીઓ પણ નિર્બળ થઇ ગયા હતા. આ સમયે હોયસળની ગાદી ઉપર વીરબલ્લાળ જે વિષ્ણુવર્ધનનો પૌત્ર હતો તે હતો. છેલ્લા ચાલુક્ય રાજા સોમેશ્વર ૪ ના સરદાર બ્રહ્મ અથવા બોમની સાથે તેણે યુદ્ધ કર્યું અને પોતાના અશ્વો વડે તેના હાથીઓને હઠાવી તેને હરાવ્યો અને જે પ્રદેશો તે સરદારે વિજ્જલ પાસેથી પાછા મેળવ્યા હતા તે તેણે જીતી લીધા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તે દેશની આવી અસ્વસ્થ સ્થિતિનો લાભ લેઇને પોતાની સત્તા તથા રાજ્ય વધારવામાં ઉત્તરના યાદવોએ સમય ખોયો નહીં.

**ભિલ્લમનો અભ્યુદય.** તે સમયનો રાજ્ય કરતો રાજા અમર મલ્લગીનો પુત્ર બલ્લાળ હોવો જોઈએ. પરંતુ તેના કુળમાં સર્વથી વધારે સાહસવાન માણસ તેનો કાકો ભિલ્લમ હતો. અંસલ નામના રાજા પાસેથી શ્રીવર્ધન નામનું નગર તેણે પકડયું. પ્રત્યંડકના રાજાનો યુદ્ધમાં પરાજય કર્યો, મંગળવેષ્ટક ( મંગળ વેઢમ )ના વજ્રીન નામના રાજાને મારી નાંખ્યો, અને કલ્યાણનું સર્વોપરી રાજ્ય પ્રાપ્ત કરીને, હોયસળ યાદવની[2] અવગણના કરવા લાગ્યો. કૃષ્ણાની ઉત્તરના આખા પ્રદેશનો તે આ પ્રમાણે સ્વામિ થયો, ત્યારે તેણે દેવગિરિ [3]નગર સ્થાપ્યું, અને પોતાનો રાજ્યાભિષેક કરાવી,

**દેવગિરિની સ્થાપના.** તે નગરને પોતાની રાજ્યધાની કરી. આ વૃત્તાંત શાકે ૧૧૦૯ માં થયો.

પછી ભિલ્લમે પોતાનું રાજ્ય વધારે દક્ષિણ તરફ વધારવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ત્યાં તેની સામે વીરબલ્લાળ થયો, આ

**પ્રતિસ્પર્ધિઓ વચ્ચે વિગ્રહ.** સમબલ પોતાની જીતોને વધારીને ઉત્તર તરફ આવતો હતો. એક મોટા રાજ્યની પ્રાપ્તિ માટેનો આ વિગ્રહ હતો, અને તેથી કરીને તે દુઃસાધ્ય અને દઢ હતો. તે બંને પ્રતિસ્પર્ધિઓ વચ્ચે ઘણાં યુદ્ધો થયાં; અને અંતે એક નિશ્ચાયાત્મક યુદ્ધ લોકીગુંડી એટલે ધારવાડ જીલ્લામાં આવેલા હાલના લકકુન્ડી આગળ

---

૧. ઈ. એ. વા. ૨. પૃ. ૩૦૦.

૨. પરિશિષ્ટ (સી) ૧. શ્લો. ૩૮. જે પ્રત ઉપરથી મેં આ લખ્યું છે તે દૂષિત છે, માટે ઉપર આપવામાં આવેલાં નામો સુધારવાને યોગ્ય છે. મંગળવેઢેમ પંઢરપુર પાસે છે. તે ઘણું કરીને એક નાના રાજાની રાજ્યધાની હતી.

૩. એજ શ્લો. ૩૯.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

થયું હતું, જેમાં જૈત્રસિંહ, જેને ભિલ્લમના જમણા હાથની ઉપમા આપવામાં આવી છે અને જે તેનો પુત્ર હોવો જોઈએ, તેનો પરાજય થયો, અને વીરબલ્લાળ કુંતલનો મહારાજા થયો. જે શિલાલેખમાં આ વાત નોંધવામાં આવેલી છે તેની તારીખ શાકે ૧૧૪ એટલે ઇ. સ. [1] ૧૮૯૨ ની છે; અને તેમાં લખેલી બક્ષીસ જેણે કરી હતી તે વીરબલ્લાળ પોતાની જયવાન સેના સાથે લોકીગુંડી આગળ છાવણી નાંખીને પડયો હતો; એ ઉપરથી એમ દેખાય છે કે તે લઢાઇ માત્ર થોડાજ સમય ઉપર થઈ હતી. ઉત્તરના યાદવોને કુંતલ એટલે દક્ષિણ મહારાષ્ટ્ર દેશ જીતવાનું કામ ઘણી મુદત સુધી મુલ્તવી રાખવું પડયું હતું.

**જૈત્રપાલ.**

ભિલ્લમની પછી શાકે ૧૧૧૩ માં તેનો પુત્ર જૈત્રપાલ અથવા જૈતુગી ગાદીએ આવ્યો. પોતાના પિતાનાં યુદ્ધોમાં તેણે મોટો ભાગ લીધો હતો. " રણક્ષેત્રની પવિત્ર ભૂમિ ઉપર તેણે યજ્ઞવ્રત લીધું હતું અને પોતાનાં શસ્ત્રરૂપી સ્રુવાઓથી પોતાના પરાક્રમ રૂપી અગ્નિમાં ઘણા રાજાઓને હોમીને, તૈલંગણના ઉગ્ર રાજા રૂદ્રનું બલિદાન આપી નરયજ્ઞ કર્યો હતો અને ત્રણે લોકને જીત્યા હતા. [2]રણક્ષેત્રમાં જે રૂદ્રને મારવાનું લખવામાં આવ્યું છે તે રાજા ઘણું કરીને કાકટેય વંશનો રૂદ્રદેવ હતો જેનો શિલાલેખ વરંગળ પાસે અનામકુંડ આગળથી મળી આવેલો છે. બીજે સ્થાને પણ આંધ્ર અથવા તૈલંગણના લોકો સાથેનાં તેનાં[3] યુદ્ધની વાત નોંધેલી છે, અને

---

૧. ઇ. એ. વા. ૨. પૃ. ૩૦૦.

૨. પરિશિષ્ટ (સી) ૧. શ્લો. ૪૧. જેમ અશ્વમેધનુ ફલ સમસ્ત પૃથ્વીનો જય છે, તેમ નરયજ્ઞનું ફલ અત્રે ત્રણે ભુવનનો જય છે એમ જણાવવામાં આવ્યું છે. જૈત્રપાલે આવો યજ્ઞ કર્યો હતો તેની ઉપમા અત્રે છે. અને તેને સર્વત્ર જય મલ્યો તેનું કારણ તે છે એમ ગણવામાં આવ્યું છે. એટલે કે તેણે ત્રણે ભુવનોને જીત્યાં હતાં એમ અતિશયોકિતથી કહેવામાં આવ્યું છે.

૩. જ. બો. બ્રે. રો. એઓ. વા. ૧૫ પૃ. ૩૮૬.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આંધ્રની સ્ત્રીઓનું સુખ તેણે હરી લીધું હતું એમ લખેલું છે.[1] પ્રસિદ્ધ ગણિત શાસ્ત્રી અને ખગોળવેત્તા ભાસ્કરાચાર્યનો પુત્ર લક્ષ્મીધર જૈત્રપાલની નોકરીમાં હતો, અને સર્વ વિદ્વાન પંડિતોને શિખરે તેને મુકવામાં આવ્યો હતો. તે વેદપારંગત હતો અને તર્કશાસ્ત્ર તથા મિમાંસામાં નિપુણ[2] હતો.

**સિંઘણ.** જૈત્રપાલ પછી ગાદીએ આવનાર તેનો પુત્ર સિંઘણ હતો, જેના રાજ્યમાં તે વંશની સત્તા અને રાજ્યપ્રદેશ ઘણાં જ વધ્યાં. તે શાકે [3]૧૧૩૨ માં ગાદીએ આવ્યો. તેણે જજ્જલ નામના રાજાનો પરાજય કર્યો અને તેના હાથીઓ હરી આણ્યા હતા. તેણે કક્કુલ નામના રાજાનું રાજ્ય લઇ લીધું. અર્જુન જે ઘણું કરીને માળવાનો રાજા હતો તેનો નાશ કર્યો, અને ભોજને બંધીવાન કર્યો. "ભંગીરાગના સિંહ રાજા લક્ષ્મીધરને તાબે કર્યો, ધારાના રાજાને અશ્વોની સેનાથી ઘેરો ઘાલ્યો, અને બલ્લાળના કબજામાંનો સઘળો દેશ લેઇ લીધો. આ સર્વ રાજા સિંઘણને ફક્ત એક છોકરાની [4]રમત જેવું હતું." મથુરા અને કાશીના રાજાઓને તેણે લઢાઇમાં માર્યા અને સિંઘણના ફક્ત એક છોકરા જેવા સરદારે હમીરને[5] હરાવ્યો. ધારવાડ જીલ્લામાં આવેલા તીળીવલ્લી આગળના એક શિલાલેખમાં પણ એમ લખવામાં આવ્યું છે કે તેણે જજ્જલદેવને હરાવ્યો, હોયસલ્લ રાજા બલ્લાળને જીત્યો, પનહાલાના રાજા ભોજને તાબે કર્યો અને માળવાના મહારાજાને નમ્ર [6]કર્યો.

---

૧. જે. રો. એ. સો. જા ૧. ન. સ. પૃ. ૪૧૪.
૨. જ. રો. એ. સો. વા. ૧. એન. અસ. પૃ. ૪૧૫.
૩. જ. રો. એ. સો. વા. ૪. પૃ. ૫
૪. પરિશિષ્ટ (સી) ૧ શ્લો. ૪૪ અને ૪૪
૫. જ. રો. એ. સો. વા. ૧. એન. અસ. પૃ. ૪૧૪
૬. જ. બો. બ્રે. રો. એ. સો. વા. ઇ. પૃ. ૩૨૬.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વળી "ગુર્જર રાજા રૂપી [1]હાથીનું અંકુશ તે હતો" એમ પણ કહેવામાં આવ્યું છે. શાકે ૧૧૩૫ નો એક તેનો શિલાલેખ ગક્ક આગળનો આપણને મળી આવ્યો છે જે ઉપરથી જણાય છે કે તે સમય પહેલાં વીર બલ્લાળ પાસેથી તેનો મુલક જીતી લીધો હોવો [2]જોઇએ. અને સિંધણ તેની રાજ્યધાની દેવાગિરિમાં રાજ્ય કરતો હતો તેમ પણ લખવામાં આવ્યું છે.[3]

પનહાલાના રાજા ભોજ જેના વિશે ઉપર કહેવામાં આવ્યું છે તે સિલિહાર વંશનો હતો અને તેના પરાજય પછી કોલ્હાપુરનું રાજ્ય યાદવોએ પોતાના રાજ્ય સાથે જોડી દીધુ હતુ એમ દેખાય છે. તે કુટુંબની આ શાખાનો તેઓએ અંત આણ્યો, જેવી રીતે પાછળથી પણ તેઓએ ઉત્તર કોંકણ ઉપર રાજ્ય કરતા બીજા કુટુંબને પણ કર્યું હતું. આ સમય પછીથી કોલાપુરના સિક્કાઓમાં યાદવ રાજાઓનાં નામો તે પ્રદેશ ઉપર તેઓએ નીમેલા સુબાઓનાં નામ સાથે આવે છે. તે જીલ્લામાં આવેલા ખેડરાપુરમાંથી મળી આવેલા સિંધણના એક લેખમાં શાકે ૧૧૩૬ માં કોપેશ્વરના મંદીરને એક ગામ ઇનામમાં આપ્યાની વાત લખેલી છે.

**ગુજરાત ઉપર સિંધણની ચઢાઇઓ.**

સિંધણે ગુજરાત ઉપર બહુવાર ચઢાઇઓ કરી હતી તેમ દેખાય છે. આંબીનના એક શિલાલેખમાં એમ લખવામાં આવ્યું છે કે મુદ્દગલ ગોત્રનો ખોલેશ્વર નામનો, એક ઘણો શૂરો બ્રાહ્મણસરદાર યાદવરાજાની નોકરીમાં હતો. તેણે ગુર્જર રાજાનો મદ ઉતાર્યો, માલવરાજાને હરાવ્યો, આભીર લોકોનાં રાજાના વંશનો નાશ કર્યો

---

૧. કોલાપુર વિરોના મેજર ગ્રેહામનો રીપોર્ટ. શિલાલેખ ૧૩.

૨. ઇ. એ. વા. ૨. પૃ. ૨૯૭.

૩. મેજર ગ્રેહામનો રિપોર્ટ. શિલાલેખ ૪૧૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અને પોતાના સ્વામિના " શત્રુઓને દાવાગ્નિ રૂપે " હોઈસિંઘણ રાજા માટે કાંઇ પણ કરવાનું બાકી રાખ્યું નહોતું. તેની પછી તેનો પુત્ર રામ ગાદીએ આવ્યો, અને તેની સરદારી નીચે એક મોટી સેના ગુજરાત ઉપર ફરીથી મોકલવામાં આવી. રામ નર્મદા નદી સુધી આવ્યો, જ્યાં આગળ લઢાઈ થઇ તેમાં ગુર્જર લડવૈયાઓની ઘણી સંખ્યા તેને હાથે મરાઇ પણ તેના પોતાના પ્રાણ પણ [1]ગયા. આ ઉપરથી એમ દેખાશે કે ગુજરાત ઉપર વધારે નહી તો ઓછામાં ઓછી બેવાર સિંઘણે ચ-ઢાઇઓ કરી હતી. અને ગુજરાતના ઇતિહાસનાં આધારલાયક પુસ્તકોમાં પણ લખેલા વૃત્તાંત ઉપરથી આ વાતને પુષ્ટિ મળે છે. કીર્તિ-કૌમુદી નામનું પુસ્તક જેમાં પ્રધાન વસ્તુપાલનો તથા તેના રાજા જેઓ ચાલુક્ય વંશના વાઘેલાની શાખાના હતા તેઓનાં વૃત્તાંત આપેલાં છે તે પુસ્તકનો કર્ત્તા સોમદેવ ગુજરાત ઉપર લવણપ્રસાદ અને તેના પુત્ર વીરધવલના સમયમાં સિંઘણે કરેલી ચઢાઇનું વર્ણન આપે છે. જ્યારે

**પહેલી ચઢાઇ.** સિંઘણની સેના ચઢી આવ્યાની ખબર પડી ત્યારે ગુ-જરાતની રાજ્યધાની ભયથી થરથર કંપી. આ પર-દેશની ચઢાઇથી ભય પામીને ગુર્જર રાજાની પ્રજા-માંથી કોઈ પણ નવું ઘર બાંધવા માંડતુ નહોતું તેમ ધાન્ય પણ સંગ્રહતું નહીં, અને સર્વનાં મનો ઉંચાં હતાં. પોતાનાં ખેતરોમાંનુ ધાન્ય લઇ લેવાનુ ભુલી જઇને ગાડાં મેળવવાની ખાસ ઉત્સુકતા તેઓએ બ-તાવી, અને શત્રુની સેના જેમ જેમ વધારે પાસે આવતી ગઈ તેમ તેમ ઘણાજ ભયથી અસ્વસ્થ બની લોકો દૂરને દૂર જતા ગયા. યાદવ રાજાની અગણિત સેના જલદીથી આવે છે એવું જ્યારે લવણપ્રસાદે સાંભળ્યું ત્યારે ક્રોધથી પોતાની ભ્રૂકુટી ચઢાવી અને જો કે પોતાની પાસે એક નાનુ લશ્કર હતું, તો પણ શત્રુની સેના જે ઘણીજ મોટી હતી તેની

---

૧. આ. સર્વે. ઓફ. વે. ઇન્ડીઆ, વા. ૩. પૃ. ૮૫.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સામે તે લઇને ગયો. તાપી નદીના કીનારા ઉપર જ્યારે સિંઘણની સેના આવી ત્યારે તે તુરત મહી ઉપર આવ્યો. એક બાજુએ શત્રુઓની મોટી સેના જોઇને, અને બીજી બાજુએ ચાલુકય સેનાનુ અજીત શૌર્ય જોઇને, લોકોના મનમાં શંકા થઈ અને પરિણામ શું આવશે તે જાણી શકયા નહીં. શત્રુઓએ પોતાના માર્ગમાં આવતાં ગામો બાળી નાંખ્યાં, અને તેથી જે ધુમાડાના ગોટેગોટ ઉંચે ચડતા તેથી ભયત્રસ્ત લોકોને તે સેનાનું સ્થાન માલુમ પડતું અને તે મુજબ પોતે પોતાનું સ્થાન બદલી શકતા. ભરૂચ આગળના પ્રદેશ ઉપર યાદવો ફરીવળ્યા અને તે સમયે ખેતરોમાં ઘણો જ પાક હતો. પણ ગુજરાતના રાજાને તે સેના નહી જીતી શકાય એમ લાગ્યું [૧]નહી. પરંતુ તે દરમ્યાનમાં મારવાડના ચાર રાજાઓ લવણપ્રસાદ અને તેના પુત્ર વીરધવળની સામે બળવો કરી ઉઠયા, અને ગોધરા અને લાટના રાજાઓ જેઓએ પોતાનું લશ્કર મેળવી એકત્ર કર્યું હતું, તેઓ તેને મુકીને મારવાડના રાજાઓ સાથે મળી ગયા. આ હકીકત બનવાથી લવણપ્રસાદે પોતાનું આગળ વધવાનું એકદમ બંધ રાખ્યું અને [૨]પાછો ફર્યો. સોમેશ્વરના લખ્યા પ્રમાણે યાદવની સેના આગળ આવી નહી. પણ તેનુ કાંઈપણ કારણ તે બતાવતો નથી, અને ફકત એમ જ લખે છે કે " સિંહ પોતાનો માર્ગ મુકીને જાય તોપણ હરણ તેની [૩]પાછળ જતાં નથી. " પરંતુ સોમેશ્વરે પોતે અગાઉ લખ્યું છે તે મુજબ તે દેશ ઉપર આટલો બધો ભય વર્ત્યો હોય અને સિંઘણની સેના એવડી બધી મોટી હોય, તો પછી જ્યારે ગુર્જર રાજા પાછો ફર્યો ત્યારે તે સેના આગળ જતી કેમ અટકી તે સમજવું અશકય છે; ફકત એકજ અનુમાન થઈ શકે છે તે એ કે ગુર્જર રાજાએ ખંડણી આપવાનું કબુલ કર્યું હોય અથવા બીજી કોઇ રીતે યાદવ સરદારનું મન મનાવ્યું હોય તે સીવાય આમ બની શકે નહી. પત્રો, દસ્તાવેજો, વિશિષ્ટાધિકારપત્રો ઇત્યાદિ લખવાની પદ્ધતિ બ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તાવનારા એક પુસ્તકની એક હસ્ત લિખિત પ્રત હમણાં જ હાથ આવી છે તેમાં એક સંધિપત્રનો નમુનો આપેલો છે જેમાં સિંઘણ અને લવણપ્રસાદનાં નામો બંને પક્ષકારો તરીકેનાં આપેલા છે જે ઉપરથી એમ દેખાય છે કે તે જાતની એક સંધિ તેઓની ૧વચ્ચે થએલી હોવી જોઇયે. માટે તે ચઢાઇનું પરિણામ એ થયું કે લવણપ્રસાદને તાબે થવું પડયું અને સિંઘણની સાથે મૈત્રી બાબતની સંધિ કરવી પડી.

---

૧ આ પુસ્તકનું નામ "લેખપંચાશિકા" છે અને હસ્ત લિખિત પ્રત ગયે વર્ષે મેં સરકાર માટે ખરીદી છે. તેનું પહેલું પાનું ખુટતું છે અને અંતે પુસ્તકકર્તાનું નામ આવતું નથી. તોપણ એ પ્રત ૪૦૦ વર્ષથી વધારે જુની છે એમ લાગે છે અને તે પ્રત વિક્રમ સંવત ૧૫૩૬ માં લખેલી છે. પુસ્તકકર્તા પોતાની પદ્ધતિમાં દ્રષ્ટાંત આપે છે તેમાં, "अमुक" શબ્દ આવે છે તેનો અર્થ "કોઇ એક" એવો થાય છે. તો પણ તારીખની જગાએ આ સામાન્ય શબ્દ આવતો નથી, અને સર્વ દ્રષ્ટાંતોમાં એકજ તારીખ એટલે વિક્રમ સંવત ૧૨૮૮ ના વૈશાખ સુદી ૧૫ ની આવે છે. ફકત એકજ જગાએ તે નથી અને ત્યાં સુદી ૩ છે. માટે આ તારીખ પુસ્તકકર્તાઓએ પુસ્તક લખ્યાની ઘણુંકરીને હોવી જોઇયે. તેવી જ રીતે તામ્રપટ્ટ ઉપર લખવાના દાનપત્રની પદ્ધતિ બતાવતાં પુસ્તકકર્તા તે દ્રષ્ટાંત સ્પષ્ટ કરવા સારૂ ખરાં અને વિશિષ્ટ નામો લખે છે. અણહિલપટ્ટનના ચાલુકય રાજાઓની વંશાવલિ મુળરાજથી ભીમ ૨ સુધીની તે આપે છે, અને પછી લવણપ્રસાદનું નામ આવે છે, જેને તે લાવણ્યપ્રસાદ કહે છે અને તે મહામંડલેશ્વર છે એમ દાનપત્ર કરી આપનાર તરીકે તેનું નામ લખે છે. તેવી જ રીતે મૈત્રીની સંધિ જે "यमलपत्र" કહેવાય છે તેની પદ્ધતિ બતાવતાં, તેમાં બંને બાજુએ જે પક્ષકારો તરીકે નામો લખ્યાં છે તે સિંઘણ અને લાવણ્યપ્રસાદનાં છે, અને તે દૃષ્ટાંત નીચે પ્રમાણે છેઃ—

"संवत् १२८८ वर्षे वैशाख शुदि १५ सोमेऽद्येह श्री मद्विजय कटके महाराजाधिराज श्रीमत् सिंहणदेवस्य महामंडलेश्वर राणक श्री लावण्यप्रसाद स्यच । संराजे (સામ્રાજ્ય અથવા सम्राट्) कुल श्री श्रीमत्त् सिंहणदेवेन महामंडलेश्वरराण श्री

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ ગુજરાતની ચઢાઇ અમ્બીનના શિલાલેખમાં લખેલી પ્રથમના સમયની ચઢાઇઓમાંની એક હોવી જોઈએ, અને તે

**બીજી ચઢાઇ**

પ્રસંગે યાદવ સેનાનો સેનાની ખોલેશ્વર પોતે હોવો જોઈએ. કારણકે, એમ લખવામાં આવ્યું છે કે અણહિલપાટણનો રાજા ભીમ ૨ જે લવણપ્રસાદનો મૂલનો સ્વામી હતો તેનાથી તે વિક્રમ સંવત ૧૨૭૬ એટલે શાકે ૧૧૪૧ માં સ્વતંત્ર થયો, જે વર્ષે સિંધણના રાજ્યનું આશરે નવમું કે દશમું વર્ષ હતું. અને ઉપર લખેલી સંધિ જે પુસ્તકમાં આવે છે તે પુસ્તક વિક્રમ સંવત ૧૨૮૮

---

लावण्यप्रसादेन पूर्वरूढयात्मीय २ ( i. e. आत्मीय ફરીથી ) देशेषु रहणीयं । केनापि कस्यापि भूमी नाक्रमणीया.

**ભાષાંતરઃ**—સંવત ૧૨૮૮ વર્ષે વૈશાખ શુદિ ૧૫ સોમવારેને દિને આ દિને શ્રી વિજયી સેનાની છાવણીમાં ( સંધિ ) મહારાજાધિરાજ શ્રીમત સિંહણદેવ તથા મહામંડલેશ્વર રાણક શ્રી લાવણ્યપ્રસાદની વચ્ચે ( થઇ ) સામ્રાટ કુલ શ્રી સિંહણદેવે તથા મહામંડલેશ્વરરાણા શ્રી લાવણ્યપ્રસાદે પુર્વની રૂઢી મુજબ પોત પોતાના દેશોમાં રહેવું. કોઈ એ કોઇની ભૂમી ઉપર ચઢાઇ કરવી નહી. " પછી આ સંધિમાં એવી શરત આવે છે કે જ્યારે તેઓ મધ્યેના કોઇ એક ઉપર શત્રુ ચઢી આવે ત્યારે તેની સાથે બંનેની સેનાઓ એકઠી થઇને જવું, તેમાંના જો કોઈ એક દેશના રાજા તેમાંના બીજા દેશમાં કોઇ કીમતી વસ્તુ લઇને નાસી જાય, તો તેને આશ્રય આપવો નહી ઇત્યાદિ. હવે આ પુસ્તકકર્તાએ આવી કોઈ સંધિ વાંચી અથવા સાંભળી હોય તે સીવાય આ પોતે પોતાના પુસ્તકમાં દાખલ કરી શકે નહી સિંહણ એ સિંધણનું બીજુ રૂપ છે અને તેને મહારાજાધિરાજ કહેલો છે, વળી ઉપરથી જણાશે કે તે સંધિ શ્રી વિજયી સેનાની છાવણીમાં કરવામાં આવી છે માટે સોમેશ્વરે વર્ણવેલી ચઢાઇનું સુચન અમાં છે એ સ્પષ્ટ છે.

" **रहणीयं** " આ શબ્દમાં દેશી ધાતુ **रह** રહેવું આવ્યો છે એમ મને લાગે છે. વધારે વીગત માટે સને ૧૮૮૨—૮૩ માં હસ્ત લિખિત પ્રતો માટેની શોધનો મારો રિપોર્ટ પ્ર. ૩૯ અને ૨૨૫ મે જોવો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એટલે શાક ૧૧૫૩ માં રચાએલું હતું. પરંતુ ખોલેશ્વરના પુત્ર રામની સરદારી નીચેની ચઢાઇ તો અંબીનના શિલા લેખની તારીખ શાકે ૧૧૬૦ ની પૂર્વે થોડા સમય ઉપર મોકલવામાં આવેલી હોવી જોઇએ. કારણકે એમ લખવામાં આવ્યું છે કે રામનો પુત્ર નાની ઉમરનો હતો, અને તેની વાલી તે રામની બેન નામે લક્ષ્મી હતી જે તે સગીરપુત્રના નામથી રાજ્ય ચલાવતી હતી. માટે રામનું મૃત્યુ શાકે ૧૧૬૦ પૂર્વે એટલા બધા વર્ષ ઉપર થએલું હોવું જોઇએ નહી, કે જેથી તે સમયે તેનો પુત્ર મોટી ઉમરનો થાય. આ ચઢાઈને સમયે વીરધવલનો પુત્ર વિશલદેવ, ગુજરાતનો રાજા હતો. કારણ કે પોતાના એક શિલાલેખમાં તે એવું મગરૂરી ભરેલું વાક્ય લખે છે "તે [૨]સિંઘણની સેના રૂપી સમુદ્રને શોષણ કરી લેનાર વડવાનલ હતો." અને તે પોતાના પિતા પછી વિક્રમ સંવત્ ૧૨૯૨ એટલે શાકે ૧૧૫૭ માં ગાદીએ આવેલો હોવો જોઈએ. તેના મગરૂરી ભરેલા વાકયનું કારણ એ હોવું જોઈએ કે તે યુદ્ધમાં રામ ઘણું કરીને મરાયો હતો. તોપણ તેનું છેવટ પરિણામ શું થયું હતું તે બાબત શિલાલેખમાં મળતી નથી.

**દક્ષિણમાંની જીતો.**

પોતાના દક્ષિણ તરફના પ્રદેશોના સુબા અને પોતાના પ્રતિનિધિ તરીકે સિંઘણે ચિકકના પુત્ર અને મલ્લના નાનાભાઇ બિચણ અથવા બિચને નીમ્યો. જેમ ખોલેશ્વર ઉત્તરમાં લઢયો હતો, તેમ આ પોતાના સ્વામિના શત્રુઓ સાથે દક્ષિણમાં લઢયો હતો, અને તેમને દાબી રાખ્યા હતા. એમ લખવામાં આવ્યું છે કે બિચણે રાટ્ટ લોકો જેઓ દક્ષિણ મરાઠા દેશમાં નાના ખંડણીયા હતા તેમને, કોંકણ એટલે ગોવાના કદ-

---

૧ ઇ. એ. વા. ૬. પૃ. ૧૯૦

૨ ઇ. એ. વા. ૬ પ્ર. ૧૯૧ તા. ૨૧૨

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભ લોકોને, પ્રાચીન ગુપ્ત લોકોમાંથી ઉતરી આવેલા તુંદ્ર લોકો જેઓનું દક્ષિણમાં એક નાનુ રાજ્ય હતું. તેઓને, પાંડય લોકોને, હોયસલ લોકોને તથા બીજા દક્ષિણના પ્રદેશોના સરદારોને હરાવ્યા હતા, અને કાવેરી[2] નદીના કીનારા ઉપર એક જયસ્તંભ બંધાવ્યો હતો. જે દાન પત્રમાં આ સર્વ હકીકત નોંધેલી છે તેની તારીખ શાકે ૧૧૬૦ એટલે ઈ. સ. ૧૨૩૮ ની છે.

**સિંધણની પદ્વિઓ.**

આ ઉપરથી એમ દેખાય છે કે સિંધણના સમયમાં યાદવોનું રાજ્ય, તેના પૂર્વના વંશોના મોટા બળવાન રાજાના જેટલુંજ વિસ્તારને પામ્યું હતું. સિંધણના લેખોમાં તેને સાર્વભૌમરાજાની પૂરેપૂરી સર્વ પદ્વિઓ આપવામાં આવી છે, જેવી કે " સર્વ પૃથ્વીનો આશ્રય, પૃથ્વીવલ્લભ, રાજાધિરાજ. વિષ્ણુના આઠમા અવતાર શ્રી કૃષ્ણ યાદવ વંશના હતા એમ પુરાણોમાં લખેલું છે, તેથી દેવગિરિના રાજાઓ પોતાને " વિષ્ણુ[3]વંશોદ્દ્ભવ " કહેતા હતા, અને શ્રી કૃષ્ણ તથા પાસેના વંશજોનું રાજ્ય દ્વારકામાં હતું, તેથી તેમણે " દ્વારાવતી પુરવરા[4]ધીશ્વર " એ પદ ધારણ કર્યું. ભાસ્કરાચાર્યનો પૌત્ર અને લક્ષ્મીધરનો પુત્ર ચંગદેવ તે સિંધણનો[5] મુખ્ય જ્યોતિષી હતો.

---

૧ એમ કહેવામાં આવ્યું છે કે વીરધવલ વસ્તુપાલની પહેલાં થોડા સમય પૂર્વે ગુજરી ગયો હતો. વસ્તુપાલનું મૃત્યુ વિક્રમ સં. ૧૨૯૭ માં થયું. વસ્તુપાલ થોડા સમય સુધી વિશલદેવનો પણ પ્રધાન હતો, માટે વિશલદેવ વિ. સં. ૧૨૯૨ માં ગાદીએ આવ્યો હોવો જોઇએ. ઈ. એ. વા. ૬૦ પૃ. ૧૯૦.

૨ જ. બો. બ્રં. રો. એ. સો. વા. ૧૫ પૃ ૩૯૬-૭ અને વા. ૧૨ પૃ. ૪૩

૩ એટલે વિશ્ણુના વંશમાં ઉત્પન્ન થએલા.

૪ ગ્રેહામના રીપોર્ટ; શિલા લેખ નં. ૧૦ તથા જ. બો. બ્રં. રો, એ, સો. વા. ૧૨ પૃ, ૭,

૫, જ. રો, એ. સો. વા, ૧ એન, એસ, પૃ ૪૬૫,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સિંઘણનો પુત્ર જૈતુગી અથવા જૈત્રપાળ હતો, જે સર્વ કલાનું નિધાન હતો, અને પૃથ્વીનું રક્ષણ કરવાને ઉતરી આવેલો સર્વકલાસંપન્ન પૂર્ણચંદ્ર હતો. તે શત્રુ રાજાઓનો યમ હતો અને વિષમ[1] યુદ્ધમાં દઢ હતો. પરંતુ પૃથ્વીનું પાલન તે કરતો હતો, તો પોતાના પિતાના સમયમાં યુવરાજ તરીકે તેણે કર્યું હોય, કારણ-કે સિંઘણની છેલ્લામાં છેલ્લી તારીખ શાકે ૧૧૭૯ ની છે, અને તેના પૌત્ર એટલે જૈતુગીના પુત્ર કૃષ્ણના તામ્રપટ્ટના લેખમાં પ્રમાદિનામનો સંવત્સર શાકે ૧૧૭૫ ના વર્ષને તેના રાજ્યનું સાતમું વર્ષ કહેવામાં આવ્યું છે, તેથી કૃષ્ણના રાજ્યનો આરંભ શાકે ૧૧૬૯ એટલે ઇ. સ. ૧૨૪૭[2] માં થયો હતો. અને વૃતખંડની બે ઐતિહાસિક પ્રસ્તાવનાઓમાંની લાંબી એકમાં જૈતુગીનું નામ બીલકુલ આવતું નથી.

**સિંઘણનો પુત્ર જૈત્રપાલ તેના પહેલાં ગુજરી ગયો હતો.**

**કૃષ્ણ.**

એમ કહેવામાં આવ્યું છે કે, સિંઘણની પછી તેના પૌત્રો કૃષ્ણ અને [3] મહાદેવ ગાદીએ આવ્યા. કૃષ્ણનું પ્રાકૃત નામ કન્હાર, કન્હર અથવા કંધાર હતું. તેના વિશે એમ કહેવામાં આવ્યું છે કે તે માલવા, ગુજરાત તથા કોંકણના રાજાઓને ત્રાસરૂપ હતો, તેણે " તૈલુંગના રાજાને સ્થાપન કર્યો હતો. " અને ચોલ રાજાના દેશનાં [4] સર્વોપરિ રાજા હતો. પણ વૃતખંડમાં તેના વિશે કાંઇ પણ ખાસ કહેવામાં આવ્યું નથી અને તેના વિષે સામાન્ય શબ્દોમાં એટલુંજ કહેવામાં આવ્યું છે, કે ઘણા હાથીઓ અને ઘોડાઓ જેમાં રોકાએલા હતા તેવાં ઘણાં દારૂણ યુદ્ધોમાં ઘણા શત્રુઓનો તેણે પરાજય કર્યો હતો, કેટલાએકને બંધીવાન કર્યા હતા,

---

૧. અરિશિષ્ટ (સી) ૨ શ્લો, ૭,

૨ જ. બો, બ્રે. રો, એ, સો. વા, ૧૨. પૃ. ૪૨.

૩ પરિશિષ્ટ. (સી) ૧ શ્લો. ૪૫.

૪ જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૨. પૃ. ૩૮

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અને બીજાઓને કીલ્લાઓમાં આશ્રય લેવાની ફરજ પાડી હતી; અને આ રીતે આ પૃથ્વીના સર્વ રાજાઓનો પરાજય કરીને સ્વર્ગમાં ઈંદ્રને જીતવાને[1] ગયો હતો. રાજા કૃષ્ણે ઘણા યજ્ઞો કર્યા હતા, એ "વૈદિક યજ્ઞો કર્યા હતા અને વૈદિક વિધિ–ધર્મ જે સમય જતાં લોકોમાં અસ્ત પામ્યો હતો તેને આ રીતે પુનઃ પુષ્ટિ આપી." બેલગામ તાલુકામાંથી મળી આવેલા શાકે ૧૧૭૧ ના એક તામ્રપટ્ટના દાનપત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે મલ્લ અથવા મલ્લી સેટ્ટી તે બિચ અથવા બિચણનો મોટો ભાઈ હતો. બિચણ દક્ષિણમાં સિંઘણનો પ્રતિનિધિ હતો અને મલ્લ અથવા મલ્લી સેટ્ટી પોતે કુહુડી નામના મુલકનો સુબો હતો. તે મુદ્‌ગલ એટલે ઘણું કરીને હાલના મુદ્દગલમાં રહેતો હતો, અને પોતાના ઉપરી રાજા કૃષ્ણની સંમતિથી જૂદા જૂદા ગોત્રોના[2] બત્રીસ બ્રાહ્મણોને બાગેવાડીના ગામમાંની જમીનો આપી હતી. ગોત્રોનાં નામોમાં હાલના કેટલાએક મહારાષ્ટ્ર બ્રાહ્મણોનાં ગોત્રાંનાં નામો પણ મળી આવે છે, જેવાંકે ચિતપાવનોમાં પ્રચલિત પટવર્ધન તથા ધૈસાસ,દેશસ્થોમાં પ્રચલિત ધળીસાસ, ધળીશ તથા પાઠક. ત્રિવાડીએ નામ પણ આવે છે; પણ મરાઠા બ્રાહ્મણોમાં એનું કાંઈ પણ ચિહન માલુમ પડતું નથી પણ ગુજરાત તથા ઉત્તર હિંદુસ્થાનના બ્રાહ્મણોમાં એ પ્રચલિત છે. બીજા દાનપત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે બિચણનો પુત્ર ચૌન્દ જે તેના પિતા પછી તેની ગાદી તથા પદ્વિને પામ્યો હતો તેણે તેમાં લખેલું ગામ ઈનામમાં આપવાને દેવગિરિના રાજા કૃષ્ણને જાતે[3] વિનંતી કરી હતી.

---

૧ એટલે આ દુનીયાનો ત્યાગ કર્યો અથવા મરણ પામ્યો અપરિશિષ્ટ (સી) ૧ સો. ૧૧

૨ જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૨. પૃ. ૨૭. ઇ. એ. વા. ૭. પૃ. ૩૦૪ કુહુડી એ પ્રદેશ હાલના બેલગામ જીલ્લાના કેટલાક ભાગને મળતો આવે છે.

૩. જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૨ પૃ. ૪૩.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**મહાદેવ.**

કૃષ્ણની પછી તેનો ભાઇ મહાદેવ શાકે ૧૧૮૨ એટલે ઈ. સ. ૧૨૬૦ માં ગાદીએ આવ્યો. "તૈલંગ દેશના રાજારૂપી રૂના ઢગલાને ઉડાવી દેનાર તોફાની પવન રૂપે તે હતો, ગર્વિત ગુર્જર લોકોના મદરૂપી પર્વતને તોડનાર વજ્ર સમાન તેના બાહુનુ વીર્ય હતું, તેણે કોંકણના રાજાને સેહેલાઇથી જીતી લીધો, અને કર્ણાટ તથા લાટ દેશોના ગર્વિષ્ટ રાજાઓનું વિડંબન [1] કર્યું હતું" (એટલે તેમને હરાવીને હસવા જેવી સ્થિતિમાં આણ્યા હતા.) અત્રે લખવામાં આવેલો કર્ણાટનો રાજા ઘણું કરીને હાલેબાડનો હોયસળ યાદવ હશે. "સ્ત્રી, બાળક અથવા જે કોઈ તેને શરણે આવ્યો હતો તેને રાજા મહાદેવ કદીપણ મારતો નહીં; આ વાત જાણીને તથા તેનાથી ભય પામીને આંધ્ર લોકોએ ગાદી ઉપર એક સ્ત્રીને બેસાડી; અને તેજ કારણથી માલવાના રાજાએ પોતાને સ્થાને એક બાલકને રાજ્યગાદી ઉપર બેસાડયો, અને ત્યાર પછી પોતાનું સર્વસ્વ ત્યજીને લાંબા સમય સુધી મોટું તપ આદર્યું[2] હતું." "કોંકણનો રાજા સોમ જો કે સમુદ્રમાં તરવામાં હોંશીયાર હતો, તોપણ મહાદેવ રાજાના ઉદ્દમ હાથીઓના ગંડસ્થલમાંથી ઝરતા મદની નદીઓમાં તેની સેના સાથે ડુબ્યો હતો." "મહાદેવે સોમેશ્વરનું રાજ્ય તેમજ તેના પ્રાણ લીધા.[3]"

**ઉત્તર કોંકણની જીત.**

આપણે જોયું છે કે કૃષ્ણ કોંકણના રાજા સાથે લઢયો હતો, પણ એમ દેખાય છે કે તે દેશ તેણે પૂર્ણરીતે તાબે કર્યો નહતો, તોપણ તેના પછીના રાજા મહાદેવે તે દેશ ઉપર હાથીની અગણિત સંખ્યા સહીતની સેના વડે ફરીથી ચઢાઇ કરી. સોમ અથવા સોમેશ્વરની જમીન ઉપર પૂર્ણ હાર થઇ અને

૧. પરિશિષ્ટ (સી) ૧ શ્લો. ૪૮ અને (૨) શ્લો ૧૩.
૨. એજ. ૨. શ્લો. ૧૪-૧૫
૩. એજ. ૧ શ્લો ૫૦ અને ૨ શ્લો ૧૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેની સત્તા ભાગી, જે ઉપરથી તેણે પોતાનાં વહાણોમાં આશ્રય લીધો એમ દેખાય છે. ત્યાં કોઇપણ કારણથી[1] તેનું મૃત્યુ થયું, ઘણું કરીને ડુબીને, કારણ કે એમ કહેવામાં આવ્યું છે કે " સમુદ્રે પણ તેનું રક્ષણ કર્યું નહીં. " અને મહાદેવના વીર્યરૂપી અગ્નિને વધારે દુઃસહ ધારીને તેણે સમુદ્રની અંદરના વડવાનળ અગ્નિનો [2] આશ્રય લીધો. " આથી કરીને કોંકણને યાદવોના રાજ્ય સાથે જોડી દેવામાં આવ્યું. માટેજ આ દેશ ઉપર મહાદેવની પછીના રાજાના સમયમાં દેવગિરિના રાજાએ નીમેલો સુબો રાજ્ય ચલાવતો હતો, અને મી. વાથેને પ્રગટ કરેલા થાણાના લેખોમાં પણ આ પ્રમાણે માલમ [3]પડે છે. જે સોમેશ્વરને મહાદેવે તાબે કર્યો હતો, તે ઘણું કરીને થાણાના જે સિલિહાર વંશનું કોંકણના તે ભાગ ઉપર ઘણા સમય સુધી રાજ્ય ચાલ્યુ હતું તે વંશનો હતો. જો કે તે સંબંધી આપણી હાલની માહીતી શાકે ૧૧૦૯ માં રાજય કરતા અપરાદિત્ય પછી [4] છેજ નહીં. મહાદેવ પણ પોતાના પૂર્વેના રાજાઓની પેઠે દેવગિરિમાં રાજ્ય કરતો હતો; તે દેવગિરિ તેના વંશની રાજ્યધાની હતી, અને દંડકારણ્યની સીમા ઉપર આવેલા સ્યુણ દેશમાં આવેલી હતી એમ લખવામા આવ્યું છે. " ત્રણે લોકના સૌંદર્યના સારનું તે સ્થાન હતું અને તેમાંનાં ઘરો દેવવસિત પર્વતોનાં

---

૧. એજ. ૧. શ્લો ૪૯.

૨. એજ. ૧. શ્લો ૫૧ અને ૨ શ્લો ૧૮.

૩. જ. રો. એ. સો. ( જુની ગ્રંથાવળી ) વા ૫. પૃ. ૧૭૭.

૪. જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧૩ પૃ. ૧૩. ઉપરની હકીકત લખાયા પછી મુંબાઇના ગેઝીટીયરના થાણા જીલ્લાના ભાગો પ્રગટ થયા છે. વો. ૧૩ ભા. ૨ પૃ. ૪૨૨ મે થાણાના સિલિહાર રાજાઓની સુધારેલી વંશાવલી છે. હાલમાં જડી આવેલા લેખો જે હજુ પ્રગટ થયા નથી તે ઉપરથી તે લખેલી છે. તેમાં લખેલો છેલ્લો રાજા સોમેશ્વર છે. અને તેની તારીખો શાકે ૧૧૭૧ અને ૧૧૮૨ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શિખરો સાથે સ્પર્ધા કરતાં હતાં, અને જે સર્વ મધુર અને ભૂષણ રૂપ અલંકારો તેને લગાડવામાં આવ્યા છે તે સર્વ તે સ્થુણ દેશને યોગ્ય રીતે [1]બરોબર લાગતા હતા." પંઢરપુરમાં પ્રમાદિ નામ સંવત્સર શાકે ૧૧૯૨ નો એક શિલાલેખ છે, જેમાં તે સમયે મહાદેવ રાજા રાજ્ય કરતો હતો એમ લખેલું છે. એમાં તેને "પ્રૌઢપ્રતાપ ચક્રવર્તિ" એ પદ લખેલું છે. કાશ્યપ ગૌત્રના કેશવ નામના એક બ્રાહ્મણસરદારે કરેલા આપ્તોર્યામ યજ્ઞની નોંધ તે શિલાલેખમાં લખેલી છે.

મહાદેવની પછી શાકે ૧૧૯૩ એટલે ઇ. સ. ૧૨૭૧ માં તેનો ભત્રીજો એટલે કૃષ્ણનો પુત્ર રામચંદ્ર ગાદીએ આવ્યો.

**રામચંદ્ર અથવા રામદેવ.** તેને રામદેવ અથવા રામરાજ પણ કહેવામાં આવતો હતો. થાણાના તામ્રપટ્નાં દાનપત્રોમાં તેને વિશે "માલવના રાજારૂપી ઉદ્દ્ંત હાથીનો સિંહ" એમ લખવામાં આવ્યું છે. જે ઉપરથી એમ દેખાય છે કે તે દેશ સાથે તેને [2]યુદ્ધ હતું. વળી તે દાનપત્રોમાં બીજા ઘણા અલંકારો જેવા કે "તૈલંગ રાજા રૂપી વૃક્ષનો સમૂલ ઉચ્છેદ કરનાર હાથી" ઇ. આવે છે; પરંતુ તે સર્વ અલંકારો રામચંદ્રને તેના પૂર્વજો તરફથી બિરૂદ રૂપે માત્ર મળેલા હતા, અને તે ઉપરથી તેના રાજ્યના કોઇ પણ વિશેષ બનાવનું સૂચન થતું નથી. દક્ષિણમાં છેક મૈસુરની હદ સુધી તેના શિલાલેખો મળી આવે છે, માટે તેનું રાજ્ય સર્વથી વધારે વિસ્તારવાળું તે સમયે હતું. કલિયુગના ૪૩૯૮ માં વર્ષ એટલે શાકે ૧૨૧૯ અથવા ઇ. સ. ૧૨૯૭ માં તેના રાજ્યમાં તાલપત્રો ઉપર

---

૧. પરિશિષ્ટ (સી) ૨ શ્લો. ૧૯–૨૦ દેવ જેમાં રહેતા તે પર્વત હિમાલય કે મેરૂ હોય. આ અલંકારમાં દેવગિરિ એટલે દેવનો પર્વત એ વ્યુત્પતિના અર્થનું સુચન છે.

૨. ઉપર લખી ગયા છીએ તે પ્રમાણે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કોંકણમાં લખેલી અમરકોષની એક હસ્તલિખિત પ્રત ડેક્કનકોલેજની પુસ્તકશાળામાં છે. કોંકણમાં શાકે ૧૨૧૨ માં તેનો સુબો ભારદ્વાજ ગોત્રનો કૃષ્ણ નામે એક બ્રાહ્મણ હતો જેના પિતામહ પદ્મનાભે પ્રથમ રાજાની મરજી સંપાદન કરી હતી, અને સિંઘણના રાજયમાં પ્રસિદ્ધિમાં આવ્યો હતો. થાણાના દાનપત્રોમાંનું એક તેણે પ્રગટ કર્યું હતું અને બીજું શાકે ૧૧૯૪ નું અચ્યુત નાયકે પ્રગટ કર્યું હતું. આ પણ એક બ્રાહ્મણ હતો, અને એક નાનો સરદાર હશે, અને કાંઇક રાજયની નોકરીએ હશે ( પણ જે લખવામાં આવી નથી ) એમ દેખાય છે. વળી તે કયાં રહેતો હતો તે પણ સ્પષ્ટ નથી.

**માહાદેવ તથા રામદેવનો પ્રધાન હેમાદ્રિ.**

પ્રખ્યાત ગ્રંથકાર અને મુખ્યત્વે કરીને ધર્મશાસ્ત્રનાં પુસ્તકોનો કર્તા હેમાદ્રિ માહાદેવ તથા રામચંદ્ર એ બંન્નેના રાજયમાં થઈ ગયો અને તે બંન્નેનો પ્રધાન હતો. ધર્મશાસ્ત્રનાં તેનાં પુસ્તકોની પ્રસ્તાવનામાં તેને માહાદેવનો " શ્રી કરણાધીપ " અથવા " શ્રી કરણપ્રભુ " કહેવામાં આવ્યો છે. વળી શાકે ૧૧૯૪ ના થાણાના તામ્રપટ્ટમાં પણ તેણે સર્વ કરણોનું આધિપત્ય લીધું હતું તેમ લખવામાં આવ્યું છે. આ તેની જગા ઘણું કરીને મુખ્ય સેક્રેટરી એટલે પોતાના રાજા તરફથી સર્વ હુકમો જે લખે અને પ્રગટ કરે અને રાજયનું દફતર રાખે તેની હતી એમ દેખાય છે. વળી હેમાદ્રિને સામાન્ય રીતે મંત્રી અથવા રાજયસલાહકાર કહેવામાં આવ્યો છે. તેનાં બીજાં પુસ્તકોમાં અને થાણાના લેખમાં માહાદેવને બદલે રામચંદ્ર તેનો રાજા હતો એમ લખવામાં આવ્યું છે. ધર્મશાસ્ત્ર ઉપરનાં તેનાં પુસ્તકોના આરંભમાં રાજા મહાદેવની તેમજ તેની વંશાવલિઓ આપવામાં આવી છે. માહાદેવની વંશાવલિ કોઇક વખતે સિંઘણથી શરૂ થાય છે, અને કોઇક વખતે ભિલ્લમથી થાય છે. અને દાનખંડમાં તો ફક્ત એકલા માહાદેવ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નાંજ પરાક્રમો વર્ણવવામાં આવ્યાં છે. ઘણાએક રાજાઓનાં વર્ણન સામાન્ય શબ્દોમાં લખવામાં આવ્યાં છે, અને તેમાં વખાણ વિના બીજું કાંઈ નથી. પણ વ્રતખંડ જે હેમાદ્રિએ રચેલું પ્રથમ પુસ્તક હતું તેમાં તો આપણે ઉપર જોયું છે તેમ છેક શરૂઆતથીજ તે વંશનો કીમતી વૃત્તાંત છે અને તેનો ઘણો ભાગ ઘણુંકરીને શંકારહિત ઐતિહાસિકજ છે.

**હેમાદ્રિનાં પુસ્તકો**

હેમાદ્રિ એ વત્સ ગોત્રનો બ્રાહ્મણ હતો. તેના પિતાનું નામ કામદેવ, પિતામહનું નામ વાસુદેવ, અને પ્રપિતામહનું નામ[1] વામન હતું. બહુ વખાણના શબ્દોથી તેનું વર્ણન ભરેલું છે. અને આ સર્વમાંથી ઐતિહાસિક સત્ય જે શોધી કઢાય તે આ છે કે હેમાદ્રિ બ્રાહ્મણો તરફ ઘણો જ ઉદાર હતો અને દરરોજ ઘણા બ્રાહ્મણોને જમાડતો, તે પોતે વિદ્વાન્ હતો, અને વિદ્વાનોનો તે આશ્રયદાતા હતો. વળી એમ કહેવામાં આવ્યું છે કે તે ધાર્મિક, પવિત્ર અને વળી તેની સાથે ઘણો બહાદુર હતો. તેની સત્તા ઘણી જ હતી એ સ્પષ્ટ છે. જે સર્વ મોટા મોટા ગ્રંથો તેણે રચેલા કહેવાય છે તે સર્વ ખરેખર તેણેજ રચેલા હતા કે નહિ તે સંશયની વાત હોઇ શકે; પરંતુ ઘણા પ્રાચીન સમયથી પરંપરાથી ચાલી આવેલા ધાર્મિક રીવાજો અને આચારોને એક ધાર્મિક વ્યવસ્થા અથવા પદ્ધતિ રૂપે મુકવાનો વિચાર તો નિશ્ચિત રીતે તેનો જ હોવો જોઇએ, અને તેની જ દેખરેખ નીચે તે અમલમાં મુકાએલો હોવો જોઇએ.

**ચતુર્વર્ગ ચિંતામણિ.**

તેનો મોટો ગ્રંથ " ચતુર્વર્ગચિંતામણિ " નામનો છે; તેના ચાર ભાગ કરવામાં આવ્યા છે. એટલે ( ૧ ) **વ્રતખંડ**—આમાં ધર્મના ઉપવાસો અને પાળવાના આચારોનું સ્પષ્ટીકરણ આવે છે; ( ૨ ) **દાનખંડ**—આમાં જૂદાં

---

૧ પરિશેખખંડ બી. ઇન્ડીકાની આવૃત્તિ પૃ. ૪. ૫.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જૂદાં દાનો જે મોટી ધાર્મિક મહત્તાનાં ગણાય છે તે સમજાવવામાં આવ્યાં છે; ( ૩ ) **તિર્થખંડ**—આમાં તીર્થનાં પવિત્ર સ્થાનોની યાત્રાઓ વિશે લખવામાં આવ્યું છે, અને ( ૪ ) **મોક્ષખંડ**—આમાં મોક્ષનો માર્ગ દર્શાવ્યો છે. વળી તેમાં એક પાંચમો ખંડ અથવા ભાગ છે જેનું નામ **પરિશેખખંડ** અથવા પરિશિષ્ટ છે જેમાં (૧) જે દેવોને પૂજવા જોઈએ તે, (૨) શ્રાદ્ધ એટલે પિતૃઓને આપવાનાં બલિદાન (૩) ધર્મ વિધિઓ કરવા માટે યોગ્ય કાલ તથા ઋતુઓનો નિર્ણય અને (૪) પ્રાયશ્ચિત્ત વિશે મોટા નિબંધો છે. આ સર્વ લેખો ઘણી જ નિપુણતા તથા અસંખ્ય ઉતારાઓથી ભરેલા છે. તેને ઘણું માન આપવામાં આવે છે, અને તે વિષયો ઉપરના ભવિષ્યના લેખકો તેમાંથી ઘણું લેછે. વાગ્ભટ્ટના વૈદ્યકીય ગ્રંથ ઉપર આયુર્વેદરસાયણ નામની ટીકા, અને વૈષ્ણવ મતના નિરૂપણવાળા બોપદેવ કૃત મુક્તાફલ નામના પુસ્તક ઉપર એક બીજી ટીકા, આ બંને પણ તેણે રચી હોય તેમ કહેવાય છે.

**બીજું પુસ્તકો.**

આ બોપદેવ તે હેમાદ્રિના આશ્રયિઓમાંનો એક હતો. તેણે ઉપર કહેલું પુસ્તક રચ્યું છે, તથા ભાગવતના એક સંક્ષેપ રૂપે હરિલીલા નામના પુસ્તકનો પણ તે કર્ત્તા હતો. તે પુસ્તકકર્ત્તાના પોતાના કહેવા પ્રમાણે આ બંને પુસ્તકો[1] હેમાદ્રિના કહેવાથી લખ્યાં હતાં. બોપદેવ કેશવ નામના વૈદ્યનો

**બોપદેવ.**

---

१ विद्वद्धनेशशिष्येण भिषक्केशवसूनुना ।
हेमाद्रिर्बोपदेवेन मुक्ताफलमचीरकत् ॥
श्रीमद्भागवतस्कंधाध्यायार्थादिनिरूप्यते ।
विदुषा बोपदेवेन मंत्रिहेमाद्रितुष्टये ॥

હસ્ત લિખિત પ્રતો વિશે ડો. રાજેંદ્રલાલનો ઉલ્લેખ વા. ૨. પૃ. ૪૮ તથા ૨૦૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પુત્ર અને ધનેશનો શિષ્ય હતો. તેનો પિતા તેમ તેનો ગુરૂ એ બને વ-રદા નદીના કિનારા ઉપર આવેલા સાર્થ નામના સ્થાનમાં રહેતા હતા. માટે બોપદેવ વેરાડ પ્રાંતનાં રહેવાશી હતો. મુગ્ધબોધ નામના વ્યાકરણ-ના એક ગ્રંથનો કર્તા બોપદેવ તે આજ હતો તેમ દેખાય છે, કારણકે તેમાં લખેલાં તેના પિતાનાં તથા ગુરૂનાં નામો આ પુસ્તકોમાં લખેલાં છે તેજ છે. બોપદેવે રચેલાં થોડાં વૈદ્યવિદ્યાનાં પુસ્તકો પણ મળી આવ્યાં છે.

**મરાઠાઓનો હેમદપંત.**

મરાઠા દેશમાં હેમાદ્રિની હજી વિસ્મૃતિ થઈ નથી. તે સામાન્ય રીતે હેમદ્દપંતના નામથી ઓળખાય છે, અને આખા દેશની અંદરના અમુક બાંધણીનાં જૂનાં મંદીરો તેનાં બંધા-વેલાં છે એમ કહેવાય છે. મોડી લીપી અથવા હાલ-માં જે લખવાની લીપી પ્રચલિત છે તે તેણે દાખલ કરી એમ કહેવાય છે. અને તે લંકા અથવા સિંહલદ્વીપમાંથી તે લાવ્યો હતો તેમ માનવામાં આવે છે. મુખ્ય સેક્રેટરી તરીકે રાજ્ય સંબંધીનાં સર્વ કાગળો અને નોંધ પત્રો [ દસ્તાવેજો ] ને લખવાના કામ ઉપર તેને દેખરેખ રાખવાનું હતું, અને લખવાની પદ્ધતિમાં તેણે કેટલાએક સુધારા કર્યા હશે એ શકય છે.

**મરાઠા સાધુ જ્ઞાનેશ્વર.**

મહાન્ મરાઠા સાધુ જ્ઞાનેશ્વર અથવા સામાન્ય રીતે ઉચ્ચાર કરતાં ધ્યાનેશ્વર એ રામચંદ્રના રાજ્યમાં થઇ ગયો. ભગવદ્ગીતા ઉપરની તેની મરાઠી ટીકાને અંતે તે એમ કહે છે કે " કલિયુગમાં મહારાષ્ટ્ર દેશમાં અને ગોદાવરીના નદીના દક્ષિણ તટ ઉપર એક પવિત્ર સ્થાન છે જે વિસ્તારમાં પાંચ કોસ છે અને ત્રિભુવનમાં પવિત્રમાં પવિત્ર છે, જ્યાં જગતનું જીવન સૂત્ર શ્રીમહાલયા છે. ત્યાં યદુકુલવિલાસ, સર્વકલાનિધાન, શ્રી રામચંદ્રણે રાજા ન્યાયથી ક્ષિતીનું રક્ષણ કરે છે અને ત્યાં મહેશના કુલમાં ઉત્પન્ન થએલા શ્રી નિવૃત્તિનાથના પુત્ર જ્ઞાનદેવે શ્રી ગીતાજીનુ આ દેશી પરિધાન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કર્યું " [1]તે પુસ્તકની સમાપ્તિની તારીખ શાકે ૧૨૧૨ એટલે ઈ. સ. ૧૨૯૦ ની આપવામાં આવી છે, જે સમયે રામચંદ્ર ગાદીએ હતો તે વાત આપણને માહીત છે.

**તે દેશને મુસલમાનોએ જીતી લેવો.**

દખણના સ્વતંત્ર હિંદુ રાજાઓમાં રામચંદ્ર છેલ્લો હતો. આશરે એક શતકથી મુસલમાનો દિલ્હીમાં સારી પેઠે જામેલા હતા, અને હજુ તેઓએ દખણ દેશ તરફ પોતાનું ધ્યાન ફેરવ્યું નહોતું, તોપણ લાંબા સમય સુધી તેમ કરવામાં તેઓ અટકે તેમ બની શકે તેમ નહોતું. રાજ્યકરતા મુસલમાન રાજાનો ભત્રિજો અલ્લાઉદીન ખિલજી જેને કારાનો સુબો નીમવામાં આવ્યો હતો, તે બહાદુર અને સાહસિક જુસ્સાવાળો પુરૂષ હતો. તેણે ઇ. સ. ૧૨૯૪ એટલે શાકે ૧૨૧૬ માં ૮૦૦૦ માણસોનું એક નાનું લશ્કર એકઠું કર્યું અને સીધો દખણ તરફ ચાલ્યો, અને ઇલીચપુર સુધી આવ્યો અને પછી એકાએક પશ્ચિમ તરફ વળીને થોડા સમયમાં દેવગિરિ આગળ દેખાયો. આવી ચઢાઇની રાજાને લગાર પણ આશા નહોતી, તેથી કરીને તેની સીમા થવાને તે તૈયાર નહોતો. એક વૃત્તાંત પ્રમાણે તો તે પોતાની રાજ્યધાની માં પણ હતો નહીં. તેણે એકદમ ૪૦૦૦ નું લશ્કર ઉભુ કર્યું અને પોતાની રાજ્યધાની અને

---

१ ऐसे युगी परि कळीं । आणि महाराष्ट्र मंडळी ।
श्रीगोदावरीच्या कूळीं । दक्षिणलीं ॥ १ ॥
त्रिभुवनैकपवित्र । अनादिपंचक्रोशक्षेत्र ।
जेथ जगाचें जीवनसूत्र । श्रीमहालया असे ॥ २ ॥
तेथ यदुवंशाविलास । जोसकळकलानिवास ।
न्यायातें पोषी क्षितीश । श्रीरामचंद्र ॥ ३ ॥
तेंथ महेशान्वय संभूतें । श्रीनिवृत्तिनाथ सूतें ।
केले ज्ञानदेव गीते । देशीकार लेणे ॥ ४ ॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચઢાઈ લાવનાર લશ્કરની વચ્ચે પડાવ નાંખ્યો. પણ લાંબા સમય સુધ. ટકી શકાશે નહી તેમ તેની ખાત્રી હોવાથી, તેણે પોતાના કીલ્લામાં ખોરાક એકઠો કરવાના ઉપાય લીધા, અને તેમાં ભરાઇ પેઠો. પછી તે શેહેર મુસલમાનોએ લીધું અને લુંટયું અને કીલ્લા ઉપર સખ્ત ઘેરો ઘાલ્યો. અલ્લાઉદીને અગમચેતીથી એવી ખબર ફેલાવી હતી કે મારી સાથેનું લશ્કર તો ફક્ત આગળ મોકલેલું નાનું લશ્કર છે અને પાછળ રાજા મોહોટું લશ્કર લઇને દખણ ઉપર આવવા નીકળી ચુકયા છે. આથી કરીને જીત મેળવી શકાય એવી રીતે તેના સામા ટકી રહેવાની આશા રામચંદ્રે મુકી દીધી અને સલાહ કરવા માટે સંધિ શરૂ કરી. અલ્લાઉદીન પોતાની નબળાઇ સારી રીતે જાણતો હતો, તેથી તેની માગણી ખુશીથી સ્વીકારી, અને વેરો ઉઠાવી લઇ પાછા જવાનું કબુલ કર્યું, પણ એ શરતે કે ઘણું સોનું તેને આપવામાં આવે. તે દરમ્યાનમાં રામચંદ્રના પુત્ર શંકરે એક મોટું લશ્કર એકઠું કર્યું અને તે કીલ્લાને ઉગારવા માટે મદદે આવવાને નીકળ્યો હતો, તેવામાં એક હજારનું લશ્કર તે કીલ્લાનો ઘેરો ચાલુ રાખવા માટે ત્યાં આગળ રહેવા દઇ અલ્લાઉદીન બાકીનું પોતાનું લશ્કર લઈ તે શેહેરથી થોડે દૂર ગયો અને શંકરના લશ્કર સાથે લઢાઈ કરી. હિંદુઓની સંખ્યા મુસલમાનો કરતાં ઘણીજ વધારે હતી માટે મુસલમાનોને પાછા હઠવાની ફરજ પાડી; પરંતુ સામા લશ્કરની રીતભાત ઉપર નજર રાખવાને મુકેલી ટુકડી તેમને આ સમયે આવીને મળી અને દીલ્લીથી જે મોટું મુખ્ય લશ્કર આવે છે તેજ આ છે એમ શંકરના લશ્કરે ધાર્યું તેથી તેઓ ગભરાટમાં પડયા અને અવ્યવસ્થા બહુ થઇ તેથી હિંદુઓની પૂરેપૂરી હાર થઇ.

પછી રામચંદ્ર અથવા રામદેવે કોલકરાર ચલાવ્યા, પણ અલાઉદીને પોતાની માગણીઓ વધારી. હિંદુરાજાના મિત્રો તેની મદદે આવવાની તૈયારીઓ કરતા હતા, એટલામાં રામચંદ્રને માલુમ પડયું કે કીલ્લામાં જે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધાન્યના કોથળા નાંખવામાં આવ્યા હતા તેમાં તો મીઠું ભરેલું છે. ખોરાક ઘણો ખરો પુરો થઈ ગયો હતો માટે સંધિ ઉતાવળથી કરવાને તે આતુર હતો. એટલા માટે એવા કોલકરાર કર્યા કે તેણે અલાઉદીનને ૬૦૦ મણ મોતી, બેમણ રત્નો, ૧૦૦૦ મણ રૂપું ૪૦૦૦ થાન રેશમી કાપડનાં, અને બીજી મૂલ્યવાન વસ્તુઓ આપવી, ઇલીચપુર તથા તે તાબાનો મુલક મુસલમાનોને તાબે કરવો, અને દર વર્ષે દીલ્હીમાં ખંડણી મોકલવી. આ રીતે દેવગિરિના રાજાએ મૂલ્યવાન ખજાનો તેને આપ્યો તે લઇને અલ્લાઉદીન પાછો ગયો.

થોડા સમય પછી અલાઉદીને પોતાના વૃદ્ધ કાકાને મારી નાંખ્યો અને ગાદી પોતે લીધી. રાજા રામચંદ્રે ખંડણી કેટલાંએક વર્ષો સુધી મોકલી નહીં, માટે તેને શિક્ષા કરવા સારૂ દિલ્હીના રાજાએ પોતાના ઘણા માનીતા ગુલામ મલીકકાફુરની સરદારી નીચે ૩૦૦૦૦ ઘોડાનું એક લશ્કર મોકલ્યું. મલીકકાપુરે " પથર અને પર્વતો ઉપર લગામ ખેંચ્યા વીના " પોતાની લાંબી અને અઘરી મુસાફરી પુરી કરી અને ઇ. સ. ૧૩૦૭ ના માર્ચ માસમાં એટલે શકે ૧૨૨૮ ના અંતમાં દેવગિરિ આવી પહોચ્યો. ત્યાં આગળ લઢાઇ થઈ તેમાં હિંદુઓની હાર થઈ અને રામદેવને બંધીવાન[1] કરવામાં આવ્યો. બીજા વૃત્તાંત પ્રમાણે મલીકકાપુર દેવગિરિની આજુબાજુના મુલકનો નાશ કરતો કરતો આવ્યો, અને સામે થવું નિષ્ફળ છે એમ સમજી હિંદુ રાજા તાબે થયો. રામચંદ્રને દિલ્લી મોકલવામાં આવ્યો, ત્યાં તેને છમાસ સુધી રોકી સઘળા માન સાથે છુટો કરવામાં આવ્યો, ત્યાર પછી તે ખંડણી નિયમિત રીતે મોકલતો અને મુસલમાનોને નિમકહલાલ રહ્યો. શાકે ૧૨૩૧ એટલે ઇ. સ. ૧૩૦૯ માં મલિકકાપુરને ફરીથી દખણમાં તૈલંગણ તાબે કરવાને મોકલવામાં આવ્યો

---

૧ ઈલીયટકૃત હિંદુસ્થાનનો ઈતિહાસ વા. ૩ પૃ. ૭૭

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હતો; ત્યાં જતાં રસ્તામાં તે દેવગિરિમાં રહ્યો હતો અને ત્યાં આગળ રાજાએ તેનો સત્કાર ઘણી સારી રીતે કર્યો હતો.

આ વર્ષમાં રામદેવનું મૃત્યુ થયું અને તેની પછી તેનો પુત્ર શંકર થયો. તેણે વાર્ષિક ખંડણી દિલ્હી મોકલવાની બંધ કરી, અને તેને તાબે લાવવા માટે શાકે ૧૨૩૪ એટલે ઇ. સ. ૧૩૧૨ માં મલિકકાફુરને ફરીથી દખણમાં મોકલવામાં આવ્યો. તેણે શંકરને મારી નાંખ્યો, તેનું રાજ્ય નાશ કર્યું અને પોતાનું નિવાસસ્થાન દેવગિરિમાં રાખ્યું.

અલ્લાઉદ્દીનના રાજ્યના પાછલાં વર્ષોમાં, મલીકકાફુરે રાજા ઉપર જે બળવાન્ સત્તા પ્રાપ્ત કરી હતી તેથી કંટાળી જઇને તેના અમીરોએ બળવો ઉઠાવ્યો. તે દરમ્યાનમાં અલાઉદ્દીન ગુજરી ગયો અને તેની પછી તેનો ત્રીજો પુત્ર, મુબારીક ગાદીએ આવ્યો. રામચંદ્રના જમાઇ હરપાળે આ પ્રસંગનો લાભ લીધો. તેણે બળવો કર્યો અને કેટલાએક મુસલમાન સુબાઓને કાઢી મુકયા. તે બળવો દાબી દેવાને શાકે ૧૨૪૦ એટલે ઇ. સ. ૧૩૧૮ માં મુબારીક જાતે દખણમાં આવ્યો. તેણે હરપાલને બંધીવાન કર્યો અને ઘણી ક્રૂર રીતે જીવતાં ને જીવતાં તેની ચામડી ખેંચી કાઢી.

આ રીતે દખણના છેલ્લા મરાઠા એટલે હિંદુ રાજ્યનો અંત આવ્યો, અને ત્યાર પછી તે દેશ મુસલમાની રાજ્યનો એક પ્રદેશ થયો.

---

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પછીના સમયના યાદવો એટલે દેવગિરિના યાદવોની વંશાવલિ.

મલ્લુગી.

૧. ભિલ્લમ. ( શાકે ૧૧૦૯–૧૩ એટલે ઇ. સ. ૧૧૮૭—૯૧. )

૨. જૈત્રપાલ–અથવા જૈતુગી ( શ. ૧૧૧૩–૩૨ એટલે ઇ. સ. ૧૧૯૧—૧૨૧૦ )

૩. સિંહણ–( શ. ૧૧૩૨–૬૯ એટલે ઈ. સ. ૧૨૧૦–૪૭ )

જૈત્રપાલ અથવા જૈતુગી.

૪. કૃષ્ણ–( કન્હાર અથવા કંધાર ) ( શ. ૧૧૬૯–૮૨ અથવા ઇ. સ. ૧૨૪૭–૧૨૬૦ )

૫, મહાદેવ. ( શ. ૧૧૮૨–૯૩ એટલે ઈ. સ. ૧૨૬૦–૭૧ )

૬. રામચંદ્ર અથવા રામદેવ. ( શ° ૧૧૯૩–૧૨૩૧ એટલે. ઈ. સ. ૧૨૭૧–૧૩૦૯ )

૭. શંકર. ( શ. ૧૨૩૧–૩૪ એટલે ઇ. સ. ૧૩૦૯–૧૩૧૨ )

બનેવી હરપાલ શા. ૧૨૪૦ એટલે ઇ. સ. ૧૩૧૮ માં મરાયે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૧૫.

## કોલાપુરના શિલાહાર વંશના રાજાઓ.

**શિલાહાર વંશની ત્રણ શાખાઓ.**

સરદારો અથવા નાના રાજાઓનાં ત્રણ કુટુંબો જેનું નામ સિલાર અથવા શિલાહાર હતું તેઓ દેશના જુદા જુદા ભાગ ઉપર રાજ્ય કરતાં હતાં. જીમૂતકેતુના પુત્ર જીમૂતવાહનથી તેઓ પોતાની ઉત્પત્તિ કાઢતા હતા. આ જીમૂતકેતુ વિદ્યાધર લોકોનો રાજા હતો અને શંખચૂડ નામના નાગના પ્રાણ તેની જગાએ ગરૂડને પોતાના પ્રાણ અર્પી તેણે બચાવ્યા[1] હતા. આ સઘળા ત્રણે કુટુંબના રાજાઓની એક પદ્વિ " તગરપુરવરાધીશ્વર " એટલે સારામાં સારૂં શેહેર જે તગર તેના અધીશ્વર " હતી; આ પદ્વિ ઇતિહાસમાં બહુ ઉપયોગી છે. આપણે જોયું છે કે રાજાપુરના દાનપત્રનો દાતા કામદેવ જે જાતે ચાલુક્ય હતો, તેણે " કલ્યાણપુરવરાધીશ્વર " એ પદ લીધું હતું, અને પછીના સમયના કદંબ વંશના રાજાઓએ ઉતરતી પંક્તિના થઇ પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવ્યું તેઓનું તથા ગોવાના રાજ્ય કરનારાઓનું પદ " બનવાસી પુરવરાધીશ્વર " હતું. જેમ આ પદો ઉપરથી એમ સૂચિત થાય છે કે તે પદ ધારણ કરનારાના વંશની એક સમયે કલ્યાણમાં તથા બનવાસીમાં ઉપરી સત્તા હતી, તેવીજ રીતે " નગર પુરવરાધીશ્વર " એ પદથી એમ દર્શિત થાય છે કે જે સિલાહાર વંશના લોકોનું આ પદ હતું તેમનો વંશ એક સમયે ઉપરિ સત્તાવાળા હોવો જોઇએ અને તગરમાં રાજ્ય કરતો હોવો જોઇએ. સિલાહાર રાજાઓના એક દાનપત્રમાં

---

૧. આ વારતા નાટકરૂપે સંસ્કૃતમાં નાગાનંદ નામના નાટકમાં શ્રી હર્ષે લખી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**તે વંશનું મૂલ સ્થાન તગર.**

એવું સ્પષ્ટ લખેલું છે કે "શિલાહારના નામથી પ્રસિદ્ધ થએલા વંશના રાજાઓ તગરના સ્વામીઓ[1] હતા." ઉપર કહી ગયા પ્રમાણે ઈસવી સનના પ્રથમના શતકોમાં તગર એ એક પ્રખ્યાત શેહેર હતું, અને તેની પ્રખ્યાતિ ઘણા પછીના સમય સૂધી ટકી રહી હતી, પણ દુર્ભાગ્યે તે શેહેરનું હાલનું સ્થાન હજુ નિશ્ચિત થયું નથી, તેમ જેની રાજ્યધાની તગરમાં હતી તેવા કોઇ પણ શિલાહાર રાજ્યનાં કોઈ પણ ચિહનો હજુ સુધી આપણને મળ્યાં નથી. આંધ્રભૃત્ય સમયના અંત પછી અને ચાલુક્ય સત્તાની સ્થાપના પૂર્વે કદાચિત્ તે થઇ ગયું હોય.

**ઉત્તર કોંકણની શાખા.**

મહા મંડળેશ્વર રાજાઓ અથવા ખંડણીયા રાજાઓના ત્રણ શિલાહાર વંશો જે વિશે આપણે હાલ વિચાર ચલાવીએ છીએ, તે રાષ્ટ્રકૂટોના સમયમાં સ્થપાયા હતા. તેમાંના એકનું રાજ્ય ઉત્તર કોંકણમાં હતું. જેમાં ૧૪૦૦ ગામાં આવેલાં હતાં, અને જેનું મુખ્ય શહેર પુરી હતું જે એક સમયે તે પ્રદેશની રાજ્યધાની હતું. ઉપર લખી ગયેલા કાન્હેરીના શિલા લેખમાં લખ્યા પ્રમાણે અમોઘવર્ષે શાકે ૭૭૫ પૂર્વે થોડાં વર્ષો ઉપર પુલ્લશક્તિને કોકણનો પ્રદેશ આપ્યો હતો. બીજી શિલાહાર વંશની શાખા દક્ષિણ કોંકણમાં

**દક્ષિણ કોંકણની શાખા.**

અધિષ્ઠિત થઈ હતી. તેનો સ્થાપનાર અથવા પ્રથમ રાજા શણફુલ્લ ઉપર કૃષ્ણરાજની બહુજ

---

૧ ડો. ટેલરે ભાષાંતર કરેલું દાનપત્ર અને મુંબાઈની લીટરરી સોસાયટીમાં વા. ૩ માં પ્રગટ કરેલું દાન પત્રઃ **शिलाहाराख्य वंशोयं तगरेश्वर भूभृताम् ॥**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રીતિ[1] હતી, તેણે સહ્યાદ્રિ પર્વત અને સમુદ્ર તટની વચ્ચેનો પ્રદેશ પ્રાપ્ત કર્યો. કૃષ્ણરાજ નામના ત્રણ રાષ્ટ્રકૂટ વંશના રાજાઓ થઈ ગયા છે. પણ અહીયાં લખવામાં આવેલો કૃષ્ણરાજ તે નામનો પેહેલો રાજા જેનું રાજ્ય શક સંવત્સરના સાતમા શતકના છેલ્લા ચતુર્થ ભાગને અંતે એટલે ઇ. સ. ૭૫૩ અને ૭૭૫ ની વચ્ચે થઇ ગયું હતું તે હોવો જોઇએ. આ વંશની વંશાવલિ ખારેપાટણના દાનપત્રમાં આપવામાં આવેલી છે: જેમાં લખેલો છેલ્લો રાજા શાકે ૯૩૦ માં જ્યારે ચાલુક્ય રાજા સત્યાશ્રય રાજ્ય કરતો ત્યારે ગાદીએ હતો. તેમની રાજ્યધાની ખારેપાટણની સમીપમાં કોઈ એક સ્થાને આવી હોવી જોઇએ.

---

૧. ખારેપાટણના લેખો જ. બો. બ્રે. રો. એ. સો. વા. ૧. પૃ. ૨૧૭ બાળગંગાધર શાસ્ત્રી પેહેલા રાજાનું નામ "ઝલ્લ કુલ્લ" વાંચે છે. પણ પેહેલો અક્ષર **स** જેવો દેખાય છે, જોકે તેમાં થોડોક ફેર છે, તેથી તે **श** હોય તેમ વધારે મળતો આવે છે. જે અક્ષરને તેમણે **ल** વાંચ્યો હતો તે ચોખો **ण** છે. **देशसभावनो** ને બદલે **देशसंसाधनो** લેખ ઉપર મને માલુમ પડે છે.

૨. પેહેલા રાજા શણફુલ્લથી છેલ્લા રાજા રાટ સુધી ૧૦ પેઢીઓ થઇ ગઈ છે. ગમે તે કારણથી આ વંશમાં એક પછી આવતા રાજાઓ તે પેહેલાના પુત્રો છે એમ બન્યું છે. કેટલાક રાજાઓ જેઓ પૂર્વેના રાજાના ભાઇ અથવા કાકાના સંબંધ ધરાવે છે તેમાંના દરેક રાજાનો સરાસરી રાજ્યનો સમય ૧૯ થી ૨૧ વર્ષનો હોય છે, તોપણ એક પેઢીનો સરાસરી સમય તેથી વધારે લાંબો હોય છે અને ૨૬ થી ૨૮ વર્ષ સુધીનો હોય છે. દુનીયામાં થઇ ગએલા કોઇપણ વંશના રાજાઓની વંશાવલિ લઈ જોવાથી આ બાબતની ખાત્રી થાય છે. શાકે ૯૩૦ માં રાટ ગાદી ઉપર હતો, અને તેજ વર્ષમાં તેણે રાજ્ય શરૂ કર્યું એમ ધારીયે, તો તે વંશની સ્થાપનાને ૯૩૦ થી પૂર્વે ૨૭×૯=એટલાં વર્ષો થઇ ગએલાં હોવાં જોઇએ. માટે ૯૩૦ માંથી ૨૭+૯=૨૪૩ વર્ષો બાદ કરતાં સા ૬૮૭ આવે છે તે ઘણું કરીને શણફુલ્લનો સમય હોવો જોઇએ. જો સરાસરીમાં વર્ષ ૨૬ ગણીયે સો, તે તારીખ ૬૯૬ ની આવે. ગમે તેમ ગણીએ તોપણ કૃષ્ણ ૧ ના રાજ્યમાં આપણે આવીએ છીએ. કૃષ્ણ બીજાની તારીખો શાકે ૭૯૯ થી ૮૮૩ સુધી આવે છે અને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**કોલ્હાપુરશાખા**

શિલ્લાહાર વંશની ત્રીજી શાખા જેના રાજ્યનો ઇતિહાસ આ નિબંધમાં આવે છે તેનું રાજ્ય કોલ્હાપુર, મીરજ અને કર્હાડ જીલ્લાઓ ઉપર હતું અને પછીના સમયમાં દક્ષિણ કોંકણ ઉમેરવામાં આવ્યું હતું. આ શાખા ત્રણેમાં સર્વથી છેલ્લી હતી અને આગળ ઉપર બતાવવામાં આવશે તે પ્રમાણે આશરે રાષ્ટ્રકૂટ વંશની પડતીના સમયમાં તેની સ્થાપના થઇ હતી, તે શાખાનો પેહેલો રાજા જતીગ હતો.

**તેનો સ્થાપનાર જતીગ.**

તેની પછી તેનો પુત્ર નાયીમ્મ અથવા નાયીવર્મા ગાદીએ આવ્યો હતો. નાયીમ્મની પછી તેનો પુત્ર ચંદ્રરાજ આવ્યો હતો અને તેની પછી તેનો પુત્ર જતીગ થયો હતો જેને "પનહાલના[1] પર્વતના કિલ્લાનો સિંહ" કહેવામાં આવ્યો છે. જતીગનો પુત્ર જે તેની પછી ગાદીએ આવ્યો તે ગોંક હતો જેનું બીજું

---

કૃષ્ણ ત્રીજાની તારીખો શ. ૮૬૭-૮૭૮ આવે છે; માટે આ બેમાંથી એકે હોય નહીં. વળી જો આપણે દરેક રાજ્યની સરાસરી બીજી રીતે લઇએ, અને ૯૩૯ માંથી ૧૯×૯=૧૭૧ વર્ષો બાદ કરીએ તો શા. ૭૫૯ આવે છે, જે વર્ષ કૃષ્ણ બીજાના રાજ્યનું નહી; કારણકે તેનું વહેલામાં વેહેલું વર્ષ શ ૭૯૯ નું છે અને તેની પેહેલાંના રાજાનું છેલ્લામાં છેલ્લું વર્ષ ૭૮૫ નું છે માટે ખારેપાટણનો વંશ તે ત્રણેમાં જૂનો હતો અને કૃષ્ણ પેહેલાના રાજ્યમાં સ્થપાયો હતો.

તે દાનપત્રમાં છેલ્લા રાજાનું નામ બાલ શાસ્ત્રીએ "રાહુ" વાંચ્યું. પણ તે નામનો બીજો અક્ષર "હુ" નથી કારણકે જે દાનપત્રમાં તેનું રૂપ બીજું લખેલું છે. તે બરાબર ट्ट જેવુંજ દેખાય છે જેમકે **परम भट्टारक** તથા **आघट्टनानि** જે શબ્દો તેજ દાનપત્રમાં અન્ય સ્થળે આવે છે તેમાંના ટ્ટ જેવોજ તે છે.

૧. જ. બા. બ્રે. રો. એ. સો. વ. ૧૩. પૃ. ૨ એ પ્રગટ થએલા ગંડરાદિત્યના દાનપત્રમાં જાુવું, તથા જ. રો. એ. સે. વા. ૪ પૃ. ૨૮૦ એ મારસિંહના દાનપત્રમાં જોવું, તથા આ. સ. વે. ઇન્ડીયા નં. ૧૦ પૃ. ૧૦૨ તથા ટ્રા. લી. સો. I. વા. ૩ માં ભોજ બીજાનું દાનપત્ર જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નામ ગોકલ અથવા ગોયલ હતું. કર્હાડ[૨], કુડી અને મૈરીંજ નામના જીલ્ધાઓ ઉપર તેનું રાજ્ય હતું અને કોંકણને તે પજવ્યાં કરતો હતો તેમ લખવામાં આવ્યું છે. તેને ગુવાલ, કીર્ત્તિરાજ અને ચંદ્રાદિત્ય નામના ત્રણ ભાઇઓ હતા. જેમાંનાં પેહેલો તેની પછી ગાદીએ આવ્યો હતો તેમ દેખાય છે. તેની પછી ગોંકનો પુત્ર મારસિંહ થયો, જેનું દાનપત્ર મી. વાઘેને પેહેલે વહેલું પ્રગટ કર્યું છે અને તેની તારીખ શાકે ૯૮૦ ની છે. તેને વિશે એમ લખવામાં આવ્યું છે કે, તેણે મંદીરો બંધાવ્યાં, અને ખીળાગીળી નામના કીલ્લામાં પોતાની રાજ્યધાની કરી તે રાજ્ય કરતો હતો, જે ઘણું કરીને કોલ્હાપુર જીલ્લામાં આવેલા પનહાલનું બીજું નામ હતું. મારસિંહની પછી તેનો પુત્ર ગુવળ ગાદીએ આવ્યો અને તેની પછી તેનો ભાઈ ભોજ ૧ લો થયો. ભોજના બે ભાઈઓ બલ્લાળ અને ગંડરાદિત્યે તેની પછી એક પછી એક એમ તે પ્રદેશ ઉપર રાજ્ય કર્યું હતું.

કોલ્હાપુરમાંના એક શિલાલેખમાં વળી ગંગદેવ નામના એક બીજા ભાઇનું નામ લખવામાં આવ્યું છે, અને જે અનુક્રમે તે ભાઇઓનાં નામો લખવામાં આવ્યાં છે, તે આ પ્રમાણે છેઃ–ગુવલ, ગંગ, બલ્લાળ, ભોજ અને ગંડરાદિત્ય; પણ ગંડરાદિત્ય તથા ભોજ ૨ ના દાનપત્રોમાં લખ્યા પ્રમાણે ભોજ સર્વથી મોટો અને બલ્લાળ નાનો હતો તથા ગંગનું નામ તદ્દન મુકી દેવામાં આવ્યું છે.

**ગંડરાદિત્ય.** આ સર્વ ભાઇઓમાં સર્વથી નાહાનો ગંડરાદિત્ય સર્વથી વધારે પ્રખ્યાત લાગે છે. ઉપર લખ્યા પ્રમાણે પંડિત ભગવાનલાલ ઈંદ્રજીએ પ્રગટ કરેલા દાનપત્રોનો તથા કોલ્હાપુર અને બીજા જીલ્લાઓમાં શિલાઓ ઉપર લખવામાં

---

૨. મારસિંહનું દાનપત્ર, કુંડી અથવા કુહુંડી એ બેલગામ જીલ્લાનો કેટલોએક ભાગ હતો. પૃ. ૮૬મે નોટ ૮ જોવી. મૈરીંજ તે મીરજ છે.

૧ મેજર ગ્રહામના રીપોર્ટમાં લેખ નં. ૪.

૧. તેજ જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવેલાં બીજાં દાનપત્રોનો તે દાતા હતો. તેની તારીખો શાકે [2]૧૦૩૨, ૧૦૪૦ અને ૧૦૫૮ છે. મીરીંજના દેશ ઉપર તેમ સાતખોલ્લ ઉપર અને કોંકણ ઉપર તે રાજ્ય કરતો હતો; આ સર્વ કોલ્હાપુરના શિલાહાર રાજાઓએ ૧૦૩૨ પહેલાં જીતી લીધા હતા એમ દેખાય છે. ઘણું કરીને ગોન્કના રાજ્યમાં અથવા તે પછી તુરતજ તે તેમના રાજ્યમાં ઉમેરવામાં આવ્યાં હશે. ભોજ બીજાના દાનપત્ર ઉપરથી એમ દેખાય છે કે દખણના શિલાહારોનું રાજ્ય કોંકણના જે ભાગપર હતું તે અને [3]ખારેપાટણનાં દાનપત્રમાં લખેલી શાખાના કબજામાં જે ભાગ હતો તે એકજ હતા, જે ઉપરથી એમ નીકળે છે દક્ષિણ કોંકણના શિલાહાર રાજાઓનો કોલ્હાપુર જીલ્લાઓના તેમના સગાઓએ નાશ કર્યો હતો. ગંડરાદિત્યે પ્રયાગ એટલે હાલના અલ્લાહાબાદમાં એક લાખ બ્રાહ્મણો જમાડયા હતા. [1]કોલ્હાપુર જીલ્લામાં આવેલા આજરેં નામના એક ગામમાં તેણે એક જૈનમંદિર બંધાવ્યું, તથા મીરજ જીલ્લામાં ઇરૂકુડીમાં એક મોટું સરોવર બંધાવી તેને પોતાના ઉપરથી "ગંડસમુદ્ર" નામ આપ્યું, અને તેના તટ ઉપર ઇશ્વર અથવા શિવ, બુદ્ધ અને અર્હત્ (જીન) ની મૂર્તિઓ પધરાવી, જે દરેકના નિભાવ માટે જમીનનો એકેક ટુકડો આપ્યો હતો. બીજાં તેનાં ઘણાં ધર્મદાનો જેમાં જૈનોને પણ ભાગ મળ્યો હતો, તેનું વર્ણન કરવામાં આવ્યું છે, અને તેની ઉદાર વૃત્તિ અને ન્યાયી રા-

---

૨ મે. ગ્રેહામના રીપોર્ટમાં ભગવાનલાલના લેખો તથા શિલાલેખો નં. ૧ ૨ તથા ૩ ભગવાનલાલના દાનપત્રમાં તથા મેજર ગ્રેહામના નં. ૧ ના શિલાલેખમાંની તારીખ એકજ છે; એટલે ૧૦૩૨ શાકે, જોકે નં. ૧ ના શિલાલેખના તરજુમામાં તે તારીખને બદલે ભુલથી ૧૦૩૭ લખવામાં આવી છે, પણ સંવત્સરનાં નામો જૂદાં છે. તેને માટે પરિશિષ્ઠ (બી) જોવું.

૩. કારણકે ઇનામમાં આપેલું ગામ 'કશેળી' છે જે જૈતાપુર અને ખારેપાટણની પાસે છે.

૧. ઇ૦ એ. વા. ૧૦ પૃ. ૭૬ નોટ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જયનાં વખાણ [૨]કરવામાં આવ્યાં છે. તીરવાડ નામના સ્થાનમાં તે પેહેલાં રહેતો હતો, અને પછીથી વલવાતમાં રહેતો હતો, જે સ્થાન હાલનું વલવડું[૩] છે એમ નિશ્ચિત કરવામાં આવ્યું છે.

ગંડરાદિત્યની પછી તેનો પુત્ર વિજયાર્ક ગાદીએ આવ્યો જે, શાકે ૧૦૬૫ અને ૧૦૭૩ માં ગાદીએ હતો. થાણાની આજુબાજુના મુલકના સરદારોએ પોતાનો જે મુલક ખોયો હતો ત્યાં તેમને તેણે ફરીથી સ્થાપ્યા; તથા ગોવાના રાજાઓને ગાદીઉપર ફરીથી બેસાડયા, અને તેમની સ્થિતિ [૧]હાલણડોલણ થઇ ગઇ હતી તે દઢ કરી [૨]વિજ્જન અથવા વિજ્જલે પોતાના ઉપરિ કલ્યાણના ચાલુકય રાજાઓ સામે બળવો કર્યો હતો તેમાં તેને તેણે સહાય કરી અને સર્વોપરિ સત્તા પ્રાપ્ત કરવાને તેને શકિતમાન કર્યો. આ વૃત્તાંત, આપણે ઉપર જોઈ ગયા છીયે તેમ આશરે શાકે ૧૦૭૯ માં બન્યો.

**ભોજ ૨.** વિજયાર્કની પછી તેનો પુત્ર ભોજ ૨ મહામંડલેશ્વર થયો અને પણહાલાના કિલ્લામાં રાજ્ય કરતો હતો. તેની તારીખો શક ૧૧૦૧, ૧૧૦૯, ૧૧૨૨, ૧૧૧૩, ૧૧૧૪ અને

---

૨. તેજ પુસ્તકમાં તેજ પૃષ્ટે તેનું દાનપત્ર જોવું.

૩. ભગવાનલાલનો લેખો તથા મે. ગ્રેહામનો લેખ નં. ૨.

૪. મે. ગ્રેહામના રીપોર્ટમાંનાં શિલાલેખ નં. ૪. ૬.

૧. ઉપર બતાવેલે સ્થાને ભોજ ૨ નું દાનપત્ર જોવું.

૨. ટા. લી. સો. ઓ. ના વા. ૪ માંના શિલાલેખની નકલમાં વિજ્જનને સ્થાને વીક્ષણ છે. તે લેખના કોતરનારની કે વાંચનારની આ ભુલ હોવી જોઇએ એમાં શક નથી. કારણકે કલ્યાણમાંની ગાદી લઇ લેનાર કલચુરી વંશના રાજાનું નામ તેના શિલાલેખોમાં વિજ્જલ તેમ વિજ્જણ એ બંને છે અને તે લેખમાં લખ્યા પ્રમાણે વિજયાર્કના સમયમાં જેણે સર્વોપરિ સતા અથવા ચક્રવર્તિ પદ મેળવ્યું હોય તેવો તેમાં કોઇ પણ રાજા નહોતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૧૧૨૫[1] છે. ખારેપાટણની પાસે કોંકણમાં આવેલું કારિલી નામનું ગામ પોતાના પુત્ર ગંડરાદિત્યના કહેવા ઉપરથી [2]નિયમીત રીતે બ્રાહ્મણોને જમાડવામાં દાનમાં આપ્યું; અને વળી બીજે સ્થાનોએ હિંદુ તેમજ જૈન મંદિરો માટે જમીનો આપી હતી. કોલ્હાપુરમાં આવી રીતે આપેલાં દાનો પૈકી બેમાં દાન આપનારાઓને કર્હાટક કહેવામાં આવ્યા છે. જે ઉપરથી એમ દેખાય છે કે કર્હાટક બ્રાહ્મણોની જ્ઞાતિ તે સમયમાં સ્વીકૃત થએલી સંસ્થા હતી. અને બીજાં બેનાં નામ ઘૈસાસ હતાં, જે નામ હાલ ચિત્પાવન બ્રાહ્મણોમાં મળી[3] આવે છે. ભોજ ૨ ના રાજ્યમાં સોમદેવ નામના એક જૈન પંડિતે શાકે ૧૧૨૭ માં પૂજ્યપાદના સંસ્કૃત વ્યાકરણ ઉપર **શબ્દાર્ણવચંદ્રિકા**[4]નામની ટીકા રચી. કોલ્હાપુરના સરદારો કાંઇક અર્ધ-સ્વાતંત્ર્ય ભોગવતા હતા. પણ કલ્યાણના નવા રાજા વિપૂલે ભોજ ઉપર પોતાની સર્વોપરિ સત્તા સ્થાપવાનો ઘણું કરીને પ્રયત્ન કર્યો, પરંતુ તે રાજા તેનો ખંડણીયો થવાથી સંતોષ માનતો નહતો. અને તેથી તેને પોતાને તાબે કરવા સારૂ વિજજલ શાકે [5]૧૦૮૯ માં પોતાના ઘાતની અલ્પ સમય પૂર્વે કોલ્હાપુર સામે સેના લઈને ગયો. દેવગિરિના યાદવોની સત્તા સ્થપાઈ એટલે ભોજે પણ તેવી

---

૧. મેજર ગ્રેહામના લેખો નં. ૬. ૭. ૮. તે દાનપત્ર તથા ઈ. એ. વા ૧૦ પૃ. ૭૬ નોટ.

૨ તે દાનપત્રની નકલમાં કેટલીએક ભુલો છે, તેથી તેનો અર્થ સ્પષ્ટ નથી જો કે એટલું તો ઘણું ખરૂ નકકીજ છે કે જે દાનમાં આપવામાં આવ્યું છે તે ગામ છે અને તેમાનું એક ખેતર અથવા બીજું કાંઇ નહી; આનુ કારણ એમ છે કે તે ગામની ચારે દીશાની હદો આપવામાં આવી છે.

૩. મે. ગ્રેહામના રીપાર્ટનો લેખ. નં. ૮

૪. ઇ. એ. વા. ૧૦ પૃ. ૭૬ નોટ. અત્રે વર્ણવેલી હસ્તલિખિત પ્રત દેખણકોલેજની પુસ્તકશાળામાં છે અને તે નોટમાં આપેલી ઇતીશ્રી મેં જોઇ છે.

૫. વીલ્સનની મેકેનઝી હસ્તલિખિત પ્રતોમાં વિજલરાયચરિત પૃ. ૩૨૦ મે જોવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જ રીતે સ્વાતંત્ર્ય ધારણ કર્યું હતું એમ દેખાય છે; પણ સિંઘણે તેને પૂર્ણ રીતે તાબે કર્યો અને તેનો મુલક યાદવના મહારાજ્યમાં ભેળી દીધો.[1]

**કોલ્હાપુરની શાખા-ની સ્થાપનાની આશરેથી તારીખ.**

તે વંશના સ્થાપનાર જતીગથી ગંડરાદિત્ય સુધીની પેઢીઓની સંખ્યા સાત છે. ગંડરાદિત્યની છેલ્લામાં છેલ્લી તારીખ શાકે ૧૦૫૮ છે અને તેની પછી ગાદીએ આવનાર વિજયાર્કની વહેલામાં વહેલી તારીખ ૧૦૬૫ ની છે તે ઉપરથી ગંડરાદિત્ય ૧૦૬૦માં મરણ પામ્યો હતો, એમ આપણે ધારીએ, અને દરેક પેઢીને આશરે ૨૭ વર્ષ આપીએ, તો તે વંશના સ્થાપન થયાની આશરેની તારીખ શાકે ૮૭૧ ની આવશે. તે સમયે રાષ્ટ્રકૂટ વંશનો રાજ્ય કરનાર રાજા કૃષ્ણ ૩ હતો અને તે છેલ્લા રાજા કક્કલનો કાકો થતો હતો.

**કોલ્હાપુરના શિલાહાર વંશના રાજાઓનો ધર્મ.**

શિલાહાર વંશના રાજાઓએ વાપરેલા પદોમાંનું એક "શ્રીમન્ મહાલક્ષ્મી-લબ્ધ-વરપ્રસાદ " એ હતું, તેનો અર્થ "શ્રીમતી મહાલક્ષ્મી દેવી પાસેથી વરદાન રૂપી પ્રસાદ પ્રાપ્ત થયો છે જેને તે રાજા" એવો થાય છે. આ ઉપરથી એમ માલમ પડે છે કે મહાલક્ષ્મી તેમની કુલદેવી હશે: માટે સ્પષ્ટ દેખાય છે કે તેઓ પૌરાણિક અને વૈદિક ધર્મના અનુયાયીઓ હતા. પણ તેઓ બ્રાહ્મણો તથા જૈનો બંનેને સરખી રીતે ઉત્તેજન આપતા; અને આ બાબતમાં તેઓનું નિષ્પક્ષપાતપણું એટલા જ ઉપરથી જણાઈ આવે છે કે અગાઉ કહી ગયા પ્રમાણે ગંડરાદિત્યે પોતે ખોદાવેલા સરોવરના તટ ઉપર બ્રાહ્મણો તથા જૈનોના દેવો સાથે બુદ્ધ ( કે જેનો ધર્મ ઘણો ખરો નિર્મૂલ થયો હતો તે ) ની મૂર્ત્તિ પણ પધરાવી હતી.

હાલના સમયમાં સેલાર નામનાં ઘણાં મરાઠા કુટુંબો નિર્ધન સ્થિતિમાં છે, અને ખંડાળાથી પુનાની વચ્ચેની રેલવે લાઇન ઉપર સેલાર-

---

૧. પ્ર. ૧૫. પૃ. ૮૨-૮૩.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વાડી નામનું સ્ટેશન છે તે પણ તગરના રાજાઓના વંશના નામ ઉપ-રથી નીકળ્યું હોય એમ હું માનું છું.

**કોલ્હાપુરના શિલાહાર રાજાઓની વંશાવલિ.**

જતીગ, ૧.
|
નાયીમ્મ.
|
ચંદ્રરાજ.
|
જતિગ. ૨
|
ગોમ્ક, | ગુવલ, | કીર્ત્તિરાજ, | ચંદ્રાદિત્ય.

ગોમ્ક
|
મારસિંહ [ શકે. ૯૮૦ એટલે ઈ. સ. ૧૦૫૮ ]
|
ગુવલ. ૨, | ભોજ. ૧. | બલ્લાળ. | ગંડરાદિત્ય(શને૧૦૩૨,૧૦૪૦, ૧૦૫૮ એટલેઇ. ૧૧૧૦ ૧૧૧૮,૧૧૩૬.]

ગંડરાદિત્ય
|
વિજયાર્ક. ( શ. ૧૦૬૫, ૧૦૭૩ એટલેઈ.સ.૧૧૪૩,૧૧૫૧)
|
ભોજ. ૨. (શ. ૨૧૦૧; ૧૧૦૯. ૧૧૧૨, ૧૧૧૩ ૧૧૧૪ તથા ૧૧૨૭ એટલે ઈ. સ. ૧૧૭૯, ૧૧૮૭ ૧૧૯૦, ૧૧૯૧, ૧૧૯૨, ૧૨૦૫.)

**સમાપ્ત.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પરિશિષ્ટ. અ.

## ગુપ્ત સંવત્સર ઉપર નિબંધ.

ઇસવીસનના આરંભના શતકોમાં પશ્ચિમ તથા ઉત્તર હિંદુસ્થાનમાં જે જૂદા જૂદા વંશોનાં રાજ્ય થઇ ગયાં તે વંશોના કાલક્રમ એક બીજા સાથે બંધબેસતા કરવાને માટે ગુપ્ત સંવત્સરના આરંભની તારીખ વિશે વિચાર કરવો એ આવશ્યક છે. અગીયારમા શતકના પ્રથમના ભાગ માં મહમુદ ગઝનવીની સાથે તેની ગુજરાતની ચઢાઈમાં સાથે આવનાર એલ્બીરૂની એમ કહે છે કે, તે સંવત્સર શક સંવત્સરથી ૨૪૧ વર્ષ પાછળનો હતો અને તે ગુપ્ત વંશના રાજાઓના નાશનો સમય હતો. બલ્લભ રાજા ઉપરથી નીકળેલા બીજા સંવત્સરની વાત તે કહે છે, જેના આરંભની તારીખ તથા ગુપ્તના સંવત્સરના આરંભની તારીખ એકજ છે.

ગુપ્ત રાજાઓના તથા તેમના તાબાના સરદારોના કેટલાએક શિલાલેખોમાં તારીખો ગુપ્તકાલ અથવા ગુપ્તસંવત્સરની લખેલી છે; માટે તે સંવત્સર ગુપ્ત વંશના નાશની હતી તેમ એલ્બીરૂનીનું જે કહેવું છે તે ખરૂ હોઇ શકે નહીં. વળી તેણે બીજી વાત જે કહી છે તે-એટલે કે તે સંવત્સર શક સંવત્સરથી ૨૪૧ વર્ષ પછીનો હતો એ વાત-ઉપર પણ આ તેની ભૂલને લીધે વિશ્વાસ રહી શકતો નથી. પરંતુ તે સાથે એને કાંઇ પણ સંબંધ નથી. એલ્બીરૂનીએ તે સંવત્સરના આરંભની તારીખની માહીતી તે સમયના પુરાવા ઉપરથી લીધી હશે, કારણકે તેના કહેવા પ્રમાણે ગુપ્ત લોકોનો સંવત્સર તો તેના સમયમાં તે દેશમાં સાધારણ રીતે વપરાતો સંવત્સરમાંનો એક હતો; વળી વિક્રમ સંવત્સર તથા શક સંવત્સરના આરંભની તારીખો વિશે તેણે લખેલી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વાતો ખરી છે, માટે ગુપ્ત સંવત્સરના સંબંધીની પણ તેણે લખેલી વાત ખરી હોવીજ જોઇએ. વળી તેથી બીજા હાથ ઉપર, જે વૃત્તાંતના સ્મરણ સારૂ ગુપ્ત વંશ સ્થાપવામાં આવ્યો હશે તે બાબતની તેની માહીતી તે સમયના હિંદુ જ્યોતિષીઓમાં ચાલતી દંતકથા ઉપરથી મેળવવામાં આવેલી હોવી જોઈએ, કારણ કે તેઓએ તેને આ બાબત ખબર આપી હશે. આવી દંતકથાઓ ઘણીવાર ભૂલભરેલી હોય છે. અને તે ઘણા દૃષ્ટાંતોમાં સાબીત થયેલું છે. એલ્બીરૂનીને વળી એવી પણ ખબર આપવામાં આવી હતી કે શક સંવત્સર તો શક લોકોનો વિક્રમાદિત્યે પરાજય કર્યો તે કાલની બાબતનો છે. તે સંવત્સરની ઉત્પત્તિની બાબતમાં હિંદુજ્યોતિષીઓમાં આ દંતકથા હતી, જોકે હાલ તો તેને બદલે બીજીજ માન્યતા ચાલે છે. ભાસ્કરાચાર્યકૃત કરણકુતૂહલ જેની હસ્તલિખિત પ્રત ચારસો વર્ષથી વધારે જૂની સરકાર સારૂ ગયે વર્ષે કરેલા મારા સંગ્રહમાં વિદ્યમાન છે તે પુસ્તક ઉપરની ટીકામાં તેનો કર્તા સોઢલ એમ કહે છે કે, " શક નામના મ્લેચ્છોને વિક્રમાદિત્યે માર્યા તેનો સમય સામાન્ય રીતે શક સંવત્સર કહેવામાં આવે છે. " પણ આપણે જાણીએ છીએ કે બાડામી આગળના મંગલીશના શિલાલેખમાં તે સંવત્સર " શક રાજાના રાજ્યાભિષેકનો સંવત્સર હતો એમ કહેવામાં આવેલું છે, તથા ઐહોલના શિલાલેખમાં રવિકીર્ત્તિ તે સંવત્સર શક રાજાઓનો સંવત્સર હતો એમ વર્ણન કરે છે, તથા બીજે ઘણે સ્થાને તે સંબંધમાં આવીજ હકીકત લખવામાં આવી છે. માટે જેમ શક સંવત્સરની ઉત્પત્તિ વિશે એલ્બીરૂનીએ કરેલી ભૂલથી તે સંવત્સરના આરંભની તારીખ વિશે તેણે લખેલી હકીકત ખોટી પડતી નથી, તેવી જ રીતે ગુપ્ત સંવત્સરની ઉત્પત્તિ વિશે તેણે કરેલી ભૂલથી તે સંવત્સરના આરંભની તારીખ વિશે તેણે લખેલી હકીકત પણ ખોટી પડતી નથી. માટે આ સર્વ હકીકત ધ્યાનમાં લેતાં જે એક ઉચિત રસ્તો આપણે લેવાનો છે તે એ છે કે ગુપ્ત વંશના નાશના સમયનો તે સંવત્સર છે તે હકીકત સ્વીકારવી નહી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પરંતુ તે સંવત્સરના આરંભના તારીખની હકીકત ખરી માનવી. પરંતુ કેટલાએક પ્રાચીનવિદ્યાવેત્તાઓ આ બંને હકીકતો માનતા નથી, પણ જે હકીકત તેમના ઉપર આવીને પડે છે અને જે હકીકત તેમના પોતાના મન સાથે મળતી આવે છે તેજ ખરી માને છે અને તે એ કે શાકે ૨૪૨ માં ગુપ્તોનો નાશ થયો, અને તે સંવત્સરના આરંભની તારીખ તેથી પણ અગાઉની હતી એમ ઠરાવવાનો ભગીરથ પ્રયત્ન કરે છે. જો શિલાલેખો ઉપરથી એમ માલુમ પડે કે તે સંવત્સર તેના પછીના સમયનો નહોતો પણ તે તો સમકાલીન હતો, તો શાકે ૨૪૨ માં ગુપ્ત સંવત્સર શરૂ થયો એવી એલ્બીરૂનીએ લખેલી હકીકત તે સમયના પુરાવા ઉપરથી લેવામાં આવી હશે. તેને યોગ્ય વજન આપી આપણે એમ માનવું જોઇએ કે તેજ વર્ષમાં ગુપ્ત લોકો સત્તામાં આવ્યા. પણ આને બદલે આપણે એમ કહીએ કે શાકે ૨૪૨ માં ગુપ્ત લોકોનું રાજ્ય બંધ પડયું, તો એમ પરીણામ આવે છે કે તે વખતના સમકાલીન પુરાવા જે આપણે માનતા નથી, પણ એક દંતકથા માત્રને આપણે માનીએ છીએ, કે જે દંતકથાની તે સંવત્સર તે પછીના સમયનો હતો તે વિશેની હકીકત ભૂલ ભરેલી છે એમ સાબીત થયું છે.

વળી ગુપ્ત સંવત તથા વલભી સંવત્ એ બંનેના આરંભની તારીખો એકજ હતી એમ જે એલ્બીરૂનીનું કહેવું છે તે " તદ્દન અસંભવિત " કેટલાએકને લાગે છે. પરંતુ મારા મનમાં એ અસંભવિતતા એટલી બધી મોટી નથી લાગતી કે જેથી એલ્બીરૂનીના તે વચનની કીંમત સમકાલીન પુરાવા રૂપે કાંઇ પણ ઓછી થઈ જાય. આપણે સર્વે જાણીયે છીએ કે તે વંશના સ્થાપનારના એક પુત્રના દાનપત્રમાં આવતી તારીખ ૨૦૭ છે, અને તે પછીના રાજાઓની દાનપત્રોની એક મોટી સંખ્યા પણ આપણી પાસે છે કે જેની તારીખો આના પછીની છે અને તે કારણથી તે સર્વ બંધએસતી આવે છે. માટે આ ઉપરથી એટલું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તો ૨૫૪ છે કે આ તારીખો તે વંશના સ્થાપનથી શરૂ થતા સંવત્ ને લાગુ પડી શકે નહીં. ૨૦૭ વર્ષ જેટલો લાંબો સમય તે વંશ સ્થાપનાર પિતાની અને તેના પુત્રના સમયની વચ્ચે થઈ ગયો હોય એમ બને નહી, જો કે તે પુત્ર તેના મરણ પછી જન્મ્યો હોય એમ ધારીએ તો પણ. માટે તે તારીખો ગુપ્ત સંવત્‌ને લાગુ પડતી છે એમ સમજાય છે. ત્યારે વલભી વંશની હયાતી જે આશરે ૨૭૫ વર્ષો સુધી રહી તે દરમ્યાન વલભી વંશના રાજાઓએ વલભી સંવત્ કદી પણ વાપર્યો નહોતો, તો પછી વલભી સંવત્ કેવો હોય ? જો એક અમુક સંવત્ એક અમુક વંશના રાજાઓએ વાપર્યો ન હોય, એટલે થોડોક વખત પણ વાપર્યો હોય નહી અને અમલમાં મુકયો હોય નહી, તે વિના તે સંવત્ તે વંશનો કહેવાય નહીં, માટે વલ્લભી વંશના રાજાઓએ વાપરેલો સંવત્ વલ્લભી સંવત્ હોવો જોઇએ, આમ હોવું જ જોઇએ એમ ધારણા કરી શકાય જ. માટે આ સર્વ હકીકત સમજાય તેવી થાય છે તે ફકત એક ધારણા કરવાથી અને તે એકે વલ્લભી વંશના રાજાઓએ સુરાષ્ટ્રમાં દાખલ કરેલો અને પોતે વાપરેલો સંવત્ જે હતો તેને તેની પ્રજા વલ્લભી સંવત્ કહેતી, પણ તે વંશના સ્થાપનથી શરૂ થતા સંવત્‌ને તે નામ આપેલું નહોતું; કારણ કે સ્થાપનથી શરૂ થતો સંવત્ વલ્લભી રાજાઓએ પોતેજ વાપરેલો નહોતો, માટે જે સંવત્ વલ્લભીવંશના રાજાઓએ દાખલ કર્યો અને પોતે વાપર્યો તે ગુપ્ત સંવત્ હતો, અને જે લોકોના તેઓ પોતે આરંભમાં આશ્રિતો હતા. આ રીતે ગુપ્ત તથા વલ્લભી સંવતોના આરંભની તારીખો એક જ છે એમ જે એલ્બીરૂનીનું કહેવું છે તે સત્ય છે. કર્નલ ટોડે શોધી કાઢેલા સોમનાથ આગળના એક શિલાલેખ ઉપરથી આપણને સમજાય છે કે શાકે ૨૪૨ એ વલ્લભી સંવત્‌નું પેહેલું વર્ષ હતું. માટે ગુપ્ત સંવત્‌ના આરંભની તારીખ પણ એલ્બીરૂનીના કહેવા પ્રમાણે શાકે ૨૪૨ હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ત્યારે મને લાગે છે કે હવે એ નિર્ણય કરવાનો પ્રશ્ન તદ્દન સાદો છે. તોપણ ઍલ્બીરૂનીએ આપેલી તારીખ ખોટી છે એમ સાબીત કરવા સારૂ તથા શાકે ૨૪૨ માં ગુપ્તવંશના નાશની તારીખ મુકાય તેવી રીતે તેથી પણ અગાઉની તારીખ નિશ્ચિત કરવા સારૂ ખગોળશાસ્ત્રની ગણનાઓની મદદ લેવામાં આવી છે, માટે આ વિષયમાં વધારે ઉંડા ઉતરવાનું આવશ્યક છે. એકાદ સૂચિત આરંભની તારીખનું સત્યાસત્ય નિર્ણય કરવા સારૂ નીચે લખેલાં પ્રમાણો વપરાય અને તે વાપરવામાં પણ આવ્યાં છે:—

(૧) એરાનમાં આવેલા બુદ્ધ ગુપ્તના સ્તંભના લેખની તારીખ; જે ગુપ્ત સંવત્ ૧૬૫ ના આષાઢ ૧૨ ગુરૂવાર છે.

(૨) રાજા હસ્તીનો શિલાલેખ ૧૫૬ ગુપ્ત સંવત્નો, ગુરૂના બારવાર્ષિક સંવત્સરનુ નામ મહાવૈશાખ.

(૩) રાજા હસ્તીનો શિલાલેખ ગુપ્તસંવત્ ૧૭૩ નો, ગુરૂના બારવાર્ષીક સંવત્સરનું નામ મહાશ્વાયુજ.

(૪) રાજા હસ્તીનો શિલાલેખ ગુપ્તસંવત્ ૧૯૧ નો બારવાર્ષીક સંવત્સરનુ નામ મહાચૈત્ર.

(૫) રાજા શંખોબાનો શિલાલેખ ગુપ્તસંવત્ ૨૦૯ નો, બારવાર્ષિક સંવત્સરનુ નામ મહાશ્વાયુજ.

(૬) ગુપ્તસંવત્ ૫૮૫ ફાલગુણ સુદી ૫ ની તારીખના મોરબીના તામ્રપટ્ટના પત્રમાં લખેલું સૂર્યગ્રહણ.

ઍલ્બીરૂનીએ આપેલી આરંભની તારીખને આ પ્રમાણે લગાડતા પૂર્વે એટલુ તો સ્વીકારવું જોઇએ કે એ આરબ્બી પુસ્તકકર્ત્તા પ્રમાણે તે ગુપ્તસંવત્ શકસંવત્ થી ૨૪૧ વર્ષ પાછળ હતો. શાકેસંવત્ને વલ્લભીસંવત્માં એટલે ગુપ્તસંવત્માં ઉતારવા માટે ૬ નું ધન તથા ૫ નો વર્ગ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેમાંથી બાદ કરવો એટલે ૨૪૧ બાદ કરવા એમ તે કહે છે; અને ખરે-ખરાં દૃષ્ટાંતો આપતાં તે કહે છે કે શાકે ૯૫૩ વલ્લભી અથવા ગુપ્તસંવત્ ૭૧૨ ને મળે છે. માટે આ રીતે શાક સંવત્ શોધી કાઢવા માટે ગુપ્તસંવત્માં આપણે ૨૪૧ ઉમેરવાના છે. વળી પરિશિષ્ટ (બી) માં હું બતાવીશ તે મુજબ, શિલાલેખોમાં લખેલા સંખ્યાવાચક અક્ષરો ઘણાં દૃષ્ટાંતોમાં તે સંવતનાં જેટલાં વર્ષો થઇ ગયાં છે તે બતાવે છે, એટલે કે ગયું વર્ષ બતાવે છે, અને આપેલાં દૃષ્ટાંતોમાંથી આશરે ત્રીજા ભાગમાંજ ચાલુ વર્ષ બતાવે છે. તોપણ સંવત્સરના વર્ષનું નામ જ્યારે જ્યારે આપવામાં આવ્યું છે, ત્યારે તો તે નિયમિત રીતે ચાલુ વર્ષજ બતાવે છે, જો કે ઘણાંજ થોડાં દૃષ્ટાંતોમાં તે પણ ગયું વર્ષ બતાવે છે. માટે જો ગયા ગુપ્ત વર્ષને ચાલુ શક વર્ષમાં આણવું હોય, તો ગુપ્ત વર્ષમાં ૨૪૨ ઉમેરવા પડશે. પણ જો તે બંને વર્ષો ચાલુ સાલનાં હોય અથવા ગઇ સાલનાં હોય, તો તે બંને વચ્ચેનો તફાવત ૨૪૧ નો છે.

ત્યારે હવે પેહેલું પ્રમાણ લગાડતાં, ગુપ્ત ૧૬૫+૨૪૧=૪૦૬ શક જો ઍલ્બીરૂનીનુ લખવુ સત્ય હોય, તો આ વર્ષના આષાઢ સુદી ૧૨ ને દીને ગુરૂવાર હોવો જોઇએ. આ બાબતની ગણત્રી કરવાનું મેં મારા મિત્ર કેરૂ લક્ષ્મણ છત્રેને કહ્યું, અને તે મને કહે છે કે તે દીને ગુરૂવાર હતોજ. આપણી ખગોળવિદ્યાની રીતિઓ ગયા શક વર્ષ ઉપર આધાર રાખે છે અને આપણું હાલનું ચાલુ શક વર્ષ ૧૮૦૫, હું આગલા પરિશિષ્ટમાં બતાવીશ તે પ્રમાણે, જેટલાં વર્ષ થઇ ગયાં છે તે સંખ્યા ખરી રીતે દર્શાવે છે, તો હાલનુ ચાલુ વર્ષ ૧૮૦૬ ખરી રીતે હોવું જોઇએ અને ગુપ્ત સંવત્ ૧૬૫ તેમજ શક ૪૦૬ નું::વર્ષ ગયુ વર્ષ હોવું જોઇએ. માટે ફક્ત ૨૪૧ ઉમેરવા જોઇએ. શાકે ૪૦૬ ઈ. સ. ૪૮૪ ને મળતું આવે છે. જનરલ કનીંગહામ ગુપ્ત સંવત્ ૧૬૫ ઇ. સ. ૪૮૩ ને મલે છે એમ ગણે છે, કારણ તે ૨૪૦+૭૮=૩૧૮ તેમાં તે ઉમેરે છે, અને તેથી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેનું પરિણામ એ આવે છે કે આષાઢ સુદી **૧૨** ને દિને ગુરૂવારને બદલે શુક્રવાર આવે છે. પણ જો તેણે ૨૪૧+૩૮=૩૧૯ ઉમેર્યાં હોત અને ગુપ્ત સંવત્ ૧૬૫ ને ઇ. સ. ૪૮૪ મળતા આવે છે એમ ગણ્યું હોત, તો તેનું પરિણામ ખરૂ આવત.

બાર વર્ષના ચક્રનાં વર્ષોની તારીખોની બાબતમાં જનરલ કનીંગહામે પોતેજ તે સત્ય છે કે કેમ તે નિશ્ચિત કરવાનાં સાધનો આપણા આગળ મુકેલાં છે. પ્રાચીન શોધ ખોળને લગતા રીપોર્ટોના પુ. ૧૦ માં તેમણે પ્રગટ કરેલાં કોષ્ટકોમાં ચાલુ ઇસવીસનના વર્ષને મળતું સંવત્સરનું વર્ષ આપવામાં આવ્યું છે, અને વર્ષના આંકડામાંથી ૭૮ આપણે બાદ કરીએ તો ચાલુ શક વર્ષ આવશે. ત્યારે હવે ગુપ્તના આંકડાની તારીખનાં વર્ષ તે સંવત્સરના વર્ષનું વર્ષ શરૂ થતા પૂર્વે એટલાં વર્ષો વ્યતીત થઇ ગયા હતાં એમ દર્શાવે છે એમ સ્વીકારીએ ( અને ઉપર કહ્યા મુજબ તે તારીખો નક્કી કરવાની આ રીત સાધારણ રીતે હમેશાં આપણને માલુમ પડે છે ) તો ઉપર લખેલી તારીખમાંની ત્રીજી તારીખ એટલે **૧૭૩** નું ગુપ્ત વર્ષ શક સંવત્સરનાં ૪૧૪ વર્ષો **વ્યતીત** થયાં અને ૪૧૫ મું વર્ષ હાલ **ચાલે** છે તેને મળતુ આવે છે, ૨૪૧ વર્ષ પેહેલામાં ઉમેરવા અને ૨૪૨ બીજામાં ઉમેરવાથી ઉપર પ્રમાણે પરિણામ આવે છે. ૪૧૫ માં ૭૮ આપણે ઉમેરીએ તો ચાલુ ઇસવીસનનું વર્ષ જે ૪૯૩ છે તે આવે છે. હવે જનરલ કનીંગહામના કોષ્ટકોમાં મહાશ્વાયુજનુ વર્ષ ઇ. સ. ૪૯૩ ને મળતું છે તેમ આપવામાં આવ્યું છે. તેજ રીતે ૧૯૧ ગુપ્ત વ્યતીત થયાં+૨૪૨=૪૩૩ શક ચાલુ વર્ષ+૭૮ =૫૧૧ ઇ. સ. ચાલુ કોષ્ટકોમાં ૫૧૧ ના વર્ષને મહાચરિત નીચે મુકેલું આપણને માલુમ પડે છે. તેવી જ રીતે ૨૦૯ ગુપ્ત વ્યતીત+૨૪૨=૪૫૧ શક ચાલુ+૭૮=૫૨૯ ઈ. સ. ચાલુ જે “ મહાશ્વાયુજ ” હતું.

ત્યારે હવે બારવર્ષીય ચક્રમાંની પેહેલી તારીખના સબંધમાં કહેતાં,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૧૫૬ ગુપ્ત+૨૪૨+૭૮ તે ૪૭૬ ઈ. સ. ની બરોબર છે, જે વર્ષ મહા-વૈશાખને બદલે મહાચરિત છે, અહીયાં એક વર્ષનો ફરક છે; પરંતુ આવો ફરક તો શક તારીખોમાં અને તેની સાથે આપેલા ૬૦ વર્ષીય ચક્રનાં વર્ષોમાં પણ આવે છે, અને આમાંનાં કેટલાંક બીજા પરિશિષ્ટમાં લખેલી નોટમાં નોંધવામાં આવેલાં છે. આવી ભૂલો થવાનું કારણ ઘણુંકરીને એમ છે કે ગત વર્ષ એટલે જે વર્ષ પૂર્ણ થઇ ગયું તે અને ચાલુ વર્ષ એ બંનેનો વારંવાર ઉપયોગ કરવામાં આવતો નથી. ચાલુ વર્ષને બદલે ભૂલથી ગયું વર્ષ ગણવામાં આવતું જેવી રીતે કે ૧૮૦૫ ના શક વર્ષને ચાલુ લખેલ છે એમ ભૂલથી આપણે હમણાં સમજીએ છીએ, જોકે ખરેખરી રીતે તે પુરૂં થઇ ગયેલું અથવા ગત વર્ષ છે માટે પ્રસ્તુત દૃષ્ટાંતમાં તે શિલાલેખના લખનારે ભૂલથી ૧૫૭ વર્ષો વ્યતીત થયાં હતાં તેને બદલે તે ચાલુ વર્ષ છે એમ ગણ્યું હશે, અને તેથી ૧૫૬ મા વર્ષને ગયું વર્ષ ગણ્યું અને તેટલા માટે ૧૫૭ ને બદલે તે વર્ષ આપ્યું. હવે ૧૫૭ગુપ્ત+૨૪૨+૭૮=૪૭૭ ઇ.સ., જે વર્ષ કોષ્ટક મુજબ **મહાવૈશાખ** છે.

મારા મિત્ર પ્રો. કેરૂ લક્ષ્મણની ગણત્રી મુજબ મોરબીના લેખમાં વર્ણવેલું ગ્રહણ શાકે ૮૨૭ ના વૈશાખ વદી અમાવાસ્યાએ થયું હતું. તે લેખમાં આપેલું ગુપ્ત વર્ષ ૫૮૫ નું છે. જો ખગોળવિદ્યાની ગણત્રી પ્રમાણે ૮૨૭ નું વર્ષ ચાલુ વર્ષ હોય, તો તે ૫૮૫ ગુપ્ત વર્ષ વ્યતીત થયાં તેને મળતું આવવું જોઇએ; કારણ કે ૫૮૫+૨૪૨=૮૨૭ તે શિલાલેખમાં લખેલી ફાલ્ગુન શુદી પંચમીની તુરતજ અગાઉ આવેલા શુદી પડવાને દીવસે જ તે ગ્રહણ થયું હતું તેમ ધારવાનું કોઇપણ રીતે જરૂરનું નથી. કારણકે દાનના સંબંધની ખરેખરી ધાર્મિક ક્રિયા વૈશાખમાં કરવામાં આવી હતી અને તે દાનપત્ર ફાલ્ગુનમાં કરવામાં આવ્યું હતું. તે પૂર્ણ રીતે શકય છે.

આ રીતે મેં બતાવ્યું છે કે **એલ્બીરૂનીએ** આપેલી ગુપ્ત સંવત્સર-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ના આરંભની તારીખ આ સર્વ કસોટીઓમાંથી પસાર થાય છે. વળી એટલે સુધી કહી શકાય કે જનરલ કનીંગહામે કહેલી ૧૬૭ ઈ. સ. ની તારીખ તેમ સર ઇ. કલાઇવિએલીએ કહેલી ૧૯૦ ઈ. સ. ની તારીખ એ બંને તારીખો કરતાં ઉપર લખેલી તારીખ કસોટીમાંથી બહુ સારી રીતે પસાર થાય છે; પરંતુ આવા મુદ્દા ફક્ત ખગોળવિદ્યાનાં જ કારણો ઉપરથી નિશ્ચિત કરવાં એમ કરવા હું નાખુશ છું. કારણકે બહુ ગુંચવાડા ભરેલાં ઘણાં તત્વો તેમાં આવે છે અને હાલના સમયના ખગોળવેત્તાઓ સર્વથી માહીત હોઈ તેમને માટે ગણત્રી કરી શકે નહી.

ત્યારે હવે એલ્બીરૂનીના સામાવાળાઓ જે છેલ્લા પૉઇન્ટ ઉપર ભરૂસો રાખે છે તે વિશે વિચાર કરવો બાકી રહે છે. વલ્લભીના છેલ્લા શિલાદિત્યના અત્યાર સુધીમાં મળી આવેલા દાનપત્ર ઉપરની તારીખ ૪૪૭ ની છે. આ શિલાદિત્યને તે દાનપત્રમાં ધ્રુભટ એ પદ આપવામાં આવ્યું છે, અને ઈ. સ. ૬૪૦ માં હ્વેનસંગ વલ્લભીમાં ગયો હતો. તેણે લખેલો તુ–લુ–વ–પો–તુ એટલે ધ્રુવભટ તે એજ એમ નક્કી થએલું છે. ૪૪૭ના વર્ષની તારીખ ગુપ્ત સંવત્સરની છે એમ સમજવામાં આવે છે, અને તેમાં ૩૧૯ ઉમેરવામાં આવે તો તેને મળતું ઈ. સ. ૭૬૬ આવે છે, માટે આ ઉપરથી એમ તકરાર કરવામાં આવી છે કે ગુપ્ત સંવત્સરના આરંભની તારીખ તેથી વધારે વેહેલી હતી એમ ગણવું જોઇએ, કે જેથી આ શિલાદિત્ય અથવા ધ્રુભટ હવેનસંગના પ્રવાસની તારીખની વધારે પાસે આવે. પણ છેલ્લો શિલાદિત્ય તેજ હવેનસંગનો ધ્રુભટ હતો. તેમ માનવું એ ટકી શકે તેવું નથી. સી–યુ–કી–માં ચીનાઇ ગ્રંથકર્ત્તા એક રાજા વિશે બોલતો નથી, પણ બહુ રાજા વિશે બોલે છે, અને એમ કહે છે કે તેઓ માલવાના શિલાદિત્યના ભત્રીજાઓ હતા, અને તેમાંનો સૌથી નાહાનો જેનું નામ ધ્રુવભટ હતું તે હર્ષવર્ધનના પુત્રનો જમાઇ થતો હતો. માલવાના રાજાના જો તેઓ ભત્રીજાઓ થતા હતા, તો તેઓ બંને ભા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઇઓ હોવા જોઇએ અને તે બંને રાજાઓ હોવા જોઇએ. હવે વલભીના છેલા શિલાદિત્યની પૂર્વે તો તેનો પિતા ગાદીએ આવી ગયો હતો, અને વલભીના રાજાઓમાં આ સમયમાં એક પછી એક એમ રાજ્ય કરતા એવા ભાઇઓ તો મળી આવતા જ નથી. આ સમય પૂર્વે એક પછી એક એમ ગાદીએ આવી ગયા હતા તેવા ભાઇઓનાં નામો તો મળી આવે છે; જેમાંનો એક **ધરસેન** છે અને બીજો **ધ્રુવસેન** છે. તેઓ ખારાગ્રહના પુત્રો હતા, અને તેમાંનો નાનો તો ધરસેન ચોથાની પૂર્વે ગાદીએ આવ્યો હતો અને તેનો પિતા હતો. આ નાનો ભાઇ અથવા ધ્રુવસેન તેજ હવેનસંગે લખેલો ધ્રુવભટ હોવો જોઇએ. **ભટ** એ પ્રત્યયથી તો કોઇપણ અમુક અર્થ સૂચિત થતો નથી. હાલ મરાઠાઓમાં જેમ પંત અને રાવ એ પ્રત્યયો છે તેવીજ રીતે તે ફકત એક માન ભરેલું પદ હતું. **સેન, સિંહ** અને **ભટ** એતો વલ્લભીના રાજાઓના માનદર્શક પ્રત્યયો હતા, અને ગમે તેમ વાપરવામાં આવતા. લેખોમાં લખવામાં આવેલા ધ્રુવસિંહ રાજાને સામાન્ય લોકો ધ્રૂવભટ કહેતા હોય, અને તેમની પાસેથીજ હવેનસંગને તે નામ મળ્યું હોવું જોઇએ. હવે ધ્રુવસેનની એક તામ્રપટ્ટના દાનપત્ર ઉપર ૩૧૦ ની તારીખ છે અને તેની પછી ગાદીએ આવનાર ધરસેન ચોથાની વેહેલામાં વેહેલી તારીખ ૩૨૬ ની છે. ૩૧૦ નું વર્ષ ઇ. સ. ૬૨૯ ને મળતું આવે છે ( ૩૧૦+૨૪૧+૭૮=૬૨૯ ) અને ૩૨૬ નુ વર્ષ ઈ. સ. ૬૪૫ ને મળતું આવે છે. ( ૩૨૬+૨૪૧+૭૮=૬૪૫ ) માટે એ ઘણું જ શકય છે કે ઈ. સ. ૬૪૦ માં જ્યારે હવેનસંગ વલભીમાં આવ્યો હશે તે સમયે ધ્રુવસેન ગાદી ઉપર હતો.

આ રીતે માલુમ પડશે કે એલ્બીરૂનીએ આપેલી આરંભની તારીખ જે સર્વ બાબતો સાથે મળતી આવતી નથી એમ ધારવામાં આવ્યું છે તે સર્વ સાથે તે બરોબર મળતી આવે છે. મેં બતાવ્યું છે કે તે અરબસ્તાનના ગ્રંથકર્ત્તાનું કહેવું આપણા વિશ્વાસને પાત્ર છે, કારણ કે વિ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ક્રમ તથા શક સંવત્સર વિશેનાં તેનાં કથનોની પેઠે આ પણ સમકાલીન પુરાવા ઉપર આધાર રાખી કરેલું હોવું જોઇએ. હવે હું એમ બતાવીશ કે ઇસવીસનના પ્રથમના શતકોમાં ગુજરાત અને કાઠીઆવાડ ઉપર જે જૂદા જૂદા વંશોએ રાજ્ય ચલાવ્યું તે વંશોના સંબંધ વિશે જે સર્વ હકીકત આપણને મળી છે તે સાથે એલ્બીરૂનીએ કહેલી તારીખ જ ફ-ક્ત મળતી આવે છે અને જનરલ કનીંગહામે તથા સર. ઇ. બેલીએ સુચ-વેલી તારીખો મળતી આવતી નથી. આપણે જાણીએ છીએ કે સેટ્રપોની પછી ગુપ્ત વંશ આવ્યો, તથા વલ્લભી વંશના રાજાઓ પ્રથમ તો ગુપ્તના આશ્રિ-તો હતા, અને પાછળથી સ્વતંત્રતાને પામ્યા હતા. જે રાજાએ સેટ્રપોનો પરાજય કર્યો તે રાજા ચંદ્રગુપ્ત ૨ હોવો જોઇએ. કારણ કે સેટ્રપોના સિક્કાઓને બરાબર અનુકરણ કરતા સિક્કાઓ તે રાજાઓના મળી આવે છે તે સર્વમાં તે પેહેલો છે. તે રાજાની મોડામાં મોડી તારીખ ૯૩ છે. આ તારીખ ઇ. સ. ૨૬૦ તથા ઈ. સ. ૨૦૩ ને મળતી આવે છે. જો ગુપ્ત સંવત્સર ઈ. સ. ૧૬૭ માં તથા ઈ. સ. ૧૯૦ માં શરૂ થયો એ ધારણા પ્રમાણે આપણે ગણત્રી કરીએ તો હવે સેટ્રપ વંશની છેલ્લામાં છેલ્લી તારીખ ૩૦૪ છે. જો તે શક સંવત્સરની છે એમ ગણીએ તો તેને ઈ. સ. ૩૮૨ મળતા આવે છે, એટલે કે તે વંશનો ચંદ્રગુપ્તે અંત આણ્યો ત્યાર પછી આશરે એકસો વર્ષ સુધી તે વંશના એક રાજાએ રાજ્ય કર્યું હશે એમ આપણને ધાર-વું પડશે, માટે શક સંવત્સરની તે તારીખ છે એમ ગણવું બને નહીં. હવે સેટ્રપની તારીખો વિક્રમ સંવતની છે એમ ગણીએ તો ૩૦૪ ને મળ-તી ઇ. સ. ૨૪૮ ની સાલ આવે છે, જે તારીખ ચંદ્રગુપ્તની ઇ. સ. ૨૬૦ અથવા ૨૮૩ ની તારીખની સાથે બંધબેસ્તી છે. ત્યારે જો સેટ્ર-પોની તારીખો વિક્રમ સંવત્‌ની હોય તો રૂદ્રદામનની ૭૨ ની સાલ ઈ. સ. ૧૬ ને મળતી આવવી જોઇએ. રૂદ્રદામનના પિતામહ ચષ્ટન-ની તારીખ આશરે ઇ. પૂ. ૪ ની હોવી જોઇએ. પણ ટોલેમી જેનું પુ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રતક ઇ. સ. ૧૫૦ પછી લખાએલું છે તે આપણને એમ કહે છે, કે જે સમયે તેણે પુસ્તક લખ્યું હતું તે સમયે ઉજ્જયિનીમાં ટીએસ્ટીનીઝનુ રાજ્ય હતું, અને આ રાજા ચષ્ટનજ હતો એમ ઘણી સારી રીતે નક્કી કરવામાં આવ્યું છે. ટોલેમીની ખબર ૧૫૦ વર્ષની જૂની હોઇ શકે નહીં. પરંતુ એમ દલીલ કરવામાં આવી છે, કે તેણે પુસ્તક લખ્યું તે સમયે ટીઆસ્ટીનીઝ રાજ્ય કરતો હતો તથા તે રાજા અને સીરોપોલેમીઓસ સમકાલીન હતા એમ તે કહેતોજ નથી. કારણકે આ હકીકત તે બે નાની નોટના રૂપમાં તે આપે છે તે એ કે:—"ટીઆસ્ટીનીસની રાજ્યધાનીનું શેહેર આંજોન" અને "સીરોપોલેમીઓસની રાજ્યધાનીનું શેહેર બૈઠણુ" જેમ હાલના સમયનો ભૂગોળ કર્ત્તા બર્લીનને "ફ્રેડરીક મહાનની રાજ્યધાની" અને ગીજનીને "મહમુદની રાજ્યધાની" લખે તેવીજ રીતે તે રાજાઓનું તે પુસ્તકકર્ત્તાના સમય પૂર્વે ઘણાં શતકો ઉપર રાજ્ય થઇ ગયું હોય, તોપણ તેમ લખી શકાય એ શકય છે. આ સંબંધમાં મારૂ કહેવું એ છે કે આ દષ્ટાંત બરોબર નથી. હાલના સમયનો ભૂગોળકર્ત્તા તથા તેના વાંચકો પાછલા ઇતિહાસથી પૂર્ણ રીતે વાકેફ છે, અને તેથી ઉલટું તો ટોલેમીને તથા જેના ઉપરથી તેણે આધાર રાખી હકીકત લખી તેઓ હિંદુસ્તાનના પાછલા ઇતિહાસથી વાકેફ હોઈ શકેજ નહીં. હાલના સમયનો ભૂગોળકર્ત્તા એમ જણાવે છે કે આગળના સમયમાં અમુક પ્રદેશ ઉપર રાજ્ય કરનાર રાજામાંથી કીયો અમુક રાજા સર્વથી વધારે શક્તિમાન હતો, અને ઘણા રાજાઓમાંથી તેને ચૂંટી કાઢીને પછી અમુક એક સ્થાનના સંબંધમાં તેનું નામ લખે છે. ટોલેમીએ પોતાના સમય અગાઉ રાજ્ય કરી ગએલા ઘણા હિંદુસ્થાનના રાજાઓનાં નામો જાણ્યાં હોય તેમ તેમનાં પરાક્રમો પણ જાણ્યાં હોય અને પોતાના પુસ્તકમાં તે સર્વમાંથી વધારેમાં વધારે સત્તાવાન રાજાનું નામ ચૂંટી કાઢીને લખ્યું હોય તે વાત ઘણીજ અસંભવિત છે અથવા તદ્દન અશકય છે. અને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ખરી રીતે તો આપણે જાણીએ છીએ કે તેણે કહેલા રાજાઓમાંથી એક તો કાંઈ પણ અગત્યનો રાજા હોઇ શકેજ નહીં. કારણકે તેના કહેવા પ્રમાણે બેલીઓકુરોસ જેની સત્તા હીપોકયુરા ઉપર હતી, તે પુલુમાયી તથા ગોતમીપુત્ર યજ્ઞશ્રીનો માત્ર સુબો અથવા તાબેદાર હતો, કારણકે તેનું નામ વીલીવાયકુર તરીકે તે બંને રાજાઓનાં નામ સાથે કોલ્હાપુરના સિક્કાઓમાં આવે છે. વળી ટૉલેમીએ પોતાની માહીતી હિંદુસ્થાન સાથે વેપાર ચલાવનાર વેપારીઓ પાસેથી મેળવી હશે અને આ વેપારીઓએ હિંદુસ્થાનના વતનીઓ પાસેથી મેળવી હશે. અને વળી આપણે એ પણ જાણીએ છીએ કે હિંદુસ્થાનના લોકો પાછલા ઇતિહાસ સંબંધી થોડી દરકાર રાખે છે અને પોતાના રાજાઓનાં નામો તુરતજ ભૂલી જાય છે. માટે વેપારી લોકોએ મેળવેલી હકીકત ટૉલેમીની પૂર્વે ઘણા કાલ અગાઉ થઇ ગએલા રાજાઓના સંબંધની હોઇ શકે નહીં. હિંદુસ્થાનના લોકો અમુક એક પ્રખ્યાત રાજાનું નામ એકાદ અથવા બે શતકો સુધી સંભારી રાખે એ શક્ય છે. પરંતુ ઉપર કહ્યા પ્રમાણે ટૉલેમીના કહેલા રાજાઓમાંનો એક તો આશ્રિત રાજા હતો, અને તે પ્રખ્યાત રાજા હોઇ શકેજ નહીં. આપણા સામા પક્ષના જે બીજી ધારણા કરી શકે તે એજ કે ટૉલેમીએ લખેલા રાજાઓના સમકાલીન જે પૂર્વેના ભૂગોળકર્તાઓ હતા તેઓના લખાણ ઉપરથી ટૉલેમીએ પોતાની હકીકત લખી હશે. પરન્તુ આ ધારણાનું સમર્થન કરવા માટે કોઇપણ કારણો આપવામાં આવ્યાં નથી. પેરીપ્લસ નામનું પુસ્તક જે ટૉલેમીના પેહેલાં લખાએલું છે તેમાં પૈઠણ અને ઓઝોન એ નામો આવે છે, પણ પોલેમીઓસ તથા ટીએસ્ટીનીઝ એ નામો આવતાં નથી. તેથી ઉલટું તો તે પુસ્તકનો કર્તા એમ કહે છે કે, ઓઝોન તો " અગાઉ રાજ્યધાની હતી જેમાં રાજા રહેતો હતો. " જો ટીએસ્ટીનીસ તેના અગાઉ થઇ ગયો હોય અને હાલના સમયમાં જેમ ફ્રેડરીક મહાન્ તથા મહમુદ ગીજનવી પ્રખ્યાત રાજાઓ છે તેમ ટીએસ્ટીનીસ પણ અગાઉના સમયમાં હતો તેને લીધે તેનું નામ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ટૉલેમીએ લખ્યું હતું એમ હોય, તો, પેરીપ્લસના કર્ત્તાએ પણ તેનું નામ લખ્યું હોત, અને વળી જ્યારે ઓઝેનના રાજાઓનાં નામો તે આપે છે ત્યારે તો ખસુસ તેનું નામ આપત જ. માટે ટીઆસ્ટીનીઝે, પોલેમીઓસે તથા બેલીઓકુરોસે ટૉલેમીના સમયની આજુ બાજુમાં રાજ્ય કર્યા હશે. આપણેજાણીએ છીએ કે છેલ્લા બે રાજાઓ તો સમકાલીન હતા અને તેવી જ રીતે ત્રીજો રાજા પણ હોવો જ જોઇએ.

આ રીતે સેટ્રપની તારીખો માટે વિક્રમ સંવત્ તો હોય નહીં. તેમ વળી ઇસવીસનના પ્રથમના શતકોમાં આ વિક્રમ સંવતનો કેવો ઉપયોગ કરવામાં આવતો તે બાબત કાંઇપણ ચિહ્નો હજુ સુધી શોધી કાઢવામાં આવ્યાં નથી. ત્યારે હવે તે સમયે વપરાએલા બીજા કોઈ પણ સંવત્ બાબત પૂર્ણ રીતે પુરાવો નથી, માટે સેટ્રપ લોકોએ શકે સંવત્ વાપર્યો હશે એમ ધારવું જોઇએ. મેં ઉપર બતાવ્યું છે તેમ, શક લોકો કે જે તે વખતે રાજ્ય કરતા હતા તેઓએ સંવત્ સ્થાપન કર્યો તે વાત તે સમયની આ દેશની સ્થિતિથી હરેક રીતે સંભવિત લાગે છે. માટે આ રીતે, છેલ્લામાં છેલ્લી સેટ્રપની તારીખ ઈ. સ. ૩૮૨ ને મળતી આવે છે, અને ગુપ્ત સંવત્ના આરંભની તારીખ શાકે ૨૪૨ એટલે ઇ૦ સ. ૩૨૦ લેઇએ તોજ, સેટ્રપોને જીતનાર ચંદ્રગુપ્ત રાજાનો સમય તે સમય પછી આવી શકે છે; કારણ કે ત્યારેજ તેનાં કહેલાં વ્યતીત થએલાં ૯૩ વર્ષોને મળતી સાલ ઈ. સ. ૪૧૨ ની આવશે. આ રીતે રૂદ્રદામનની ૭૨ ની સાલ ઈ. સ. ૧૫૦ ને મળતી આવશે; અને ચષ્ટમની તારીખ આસરે ઇ. સ. ૧૩૦ ની થશે, એટલે ટોલેમીની ભૂગોળની તારીખ પેહેલાં આશરે ૨૫ વર્ષની થશે.

પંડિત ભગવાનલાલે થોડા સમય ઉપર પ્રથમની ચાલુક્ય વંશની ગુજરાતની શાખાના સ્થાપન કરનાર જયસિંહવર્માના પુત્ર શ્રાશ્રય શિલાદિત્યના દાનપત્રનો આબેહુબ નમુનો, તે ઉપરથી ઉતારેલી પ્રત તથા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેનો તરજુમો પ્રગટ કર્યો છે, તેમાં આવતી તારીખ ૪૨૧ છે. શ્રયાશ્રયના ભાઈ, વિનયાદિત્ય યુદ્ધમલ્લના એક દાનપત્રનું વર્ણન પણ સદરહુ પંડિત આપે છે, જેની તારીખ શાકે ૬૫૩ છે. પેહેલા દાનપત્રની તારીખ કીયા સંવતની છે તે લખેલું નથી, પણ તે શકે અથવા વિક્રમ સંવત હોઇ શકે જ નહી. માટે તે ગુપ્ત સંવત હોવો જોઇએ, જે સંવત ગુજરાતમાં ચાલતા સંવતોમાંનો એક હતો, અને જેને વલ્લભી રાજાઓ પોતે પણ વાપરતા હતા એમ કહેવામાં આવ્યું છે. જો તેમ હોય, તો તે સંવતના આરંભની તારીખ ઈ. સ. ૧૬૭ અથવા ઈ. સ. ૧૯૦ હોઈ શકે નહીં. કારણકે તેમ હોય, તો ૪૨૧ ને મળતું વર્ષ ઈ. સ. ૫૮૮ અથવા ઇ. સ. ૬૧૧ આવે; અને યુધ્ધમલની તારીખ તો ઇ. સ. ૭૩૧ ની છે. માટે આ પ્રમાણે તો તે બંને ભાઇઓ વચ્ચેના સમયનું અંતર ૧૪૩ અથવા ૧૨૦ વર્ષનું થાય, જે અશક્ય છે. માટે ગુપ્ત સંવતના આરંભની તારીખ જેથી આ બંને ભાઇઓનો સમય પાસે આવે છે તે ફક્ત આલ્બીરૂનીએ આપેલી એટલે ૨૪૨ શકની જ છે; કારણ કે આ પ્રમાણે શ્રયાશ્રયની તારીખ શકે ૬૬૨ આવે છે, અને તેના ભાઈની શક ૬૫૩ ની આવે છે. જે લોકો પોતે એમ માને છે કે વલ્લભી વંશના રાજાઓ પોતે જ વલ્લભી સંવત વાપરતા નોહોતા, તેઓ એવું ધારી શકે જ નહીં, કે બીજા કોઈ તેમની સાથે સ્પર્ધા કરનારા વંશના રાજાઓએ તે વાપરી હોય, અને શ્રયાશ્રયની તારીખ તે સંવતની હોય; પરંતુ જો તે તે સંવતની હોય, તો મેં અગાઉ કહ્યું છે તેમ વલ્લભી સંવત અને ગુપ્ત સંવત તે એકજ છે. તેમ છતાં પણ પંડિત ભગવાનલાલ તો હાલ એક પોતે પ્રગટ કરેલા નિબંધમાં શ્રયાશ્રયની તારીખ એક અણજાણીતા સંવત જેની આરંભની તારીખ ઇ. સ. ૨૫૦ છે તેની છે એમ સુચવે છે; પણ આમ હોય તો પણ તે બંને ભાઇઓ વચ્ચેનું અંતર ૬૦ વર્ષનું થાય છે. જે અંતર લાંબુ છે. કારણકે ઉપર લખેલા અનુમાન પ્રમાણે શ્રયાશ્રયની તારીખ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૪૨૧ ની છે તે ઈ. સ. ૬૭૧ ને મળતી આવે, અને વિનયાદિત્યની શાકે ૬૫૩ ની તારીખ ઈ.સ. ૭૩૧ ને મળતી આવે. માટે એક નવા જ સંવતની આ તારીખ છે એમ ધારણા કરવાનાં જે કારણો છે તે મને ઘણાં સંશયાત્મક લાગે છે. ગુર્જર વંશનો ડડ્ડા ૨, જેની તારીખ ૩૮૦ છે, તેના સંબંધમાં એક દાનપત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે વલ્લભીના એક રાજા જેના ઉપર હર્ષદેવનો બહુ જૂલમ હતો તેને તેણે બચાવ્યો હતો. આ હર્ષદેવ તે જ કનોજનો હર્ષવર્ધન, જે હવાંનસંગ તથા દક્ષણના પુલકેશી ૨ નો સમકાલીન હતો તેજ છે એમ મિ. પંડિતનું ધારવું છે. પણ તે ચીનાઈ મુસાફર તો એમ લખે છે કે વલ્લભીનો રાજા હર્ષવર્ધન ૨ ના પુત્રનો જમાઈ હતો, માટે તે રાજાનો શત્રુ નહીં પણ મિત્ર હતો. વળી થોડો વખત આપણે એમ માનીએ કે ડડ્ડા ૨ નું શાકે ૪૦૦નું ઉમેટાનું દાનપત્ર અને શાકે ૪૧૭ નું ઇલાવનું દાનપત્ર, એ બંને દાનપત્રો ખોટાં ઉભાં કરેલાં છે, તો પછી જે રાજાના નામનાં તે દાનપત્રો બનાવવામાં આવ્યાં છે તે રાજાઓ જે સમયમાં થઇ ગયા તે સમય સંબંધમાં પણ તે બનાવટી લેખો ઉભા કરનારા માણસો બરોબર ખરા હોય, એમ માનવું બહુ વધારે પડતુ નથી એમ હું ધારૂ છું. માટે ડડ્ડાના ખેડાના દાનપત્રોની તારીખો ૩૮૦ અને ૩૮૫ શક સંવતની છે તે અસંભવિત નથી. અને ડડ્ડા શક ૪૧૭ એટલે ઈ. સ. ૪૯૫ સુધી જીવ્યો હોય. આથી ઉજ્જયિનીના રાજા હર્ષના સમય સુધી આપણે આવીએ છીએ, અને જે રાજામાંથી વલ્લભી રાજાનું ડડ્ડાએ રક્ષણ કર્યું તેજ આજ હોય. વળી નવો સંવત ધારવાનું જે બીજુ કારણ છે તે એ છે કે શ્યાશ્રયના બીજા એક દાનપત્રના આરંભના વાક્યમાં વિનયાદિત્ય સત્યાશ્રય વલ્લભનાં વખાણ કરવામાં આવ્યાં છે. આ વિનયાદિત્ય તથા તેજ નામનો દખ્ખણનો રાજા વિનયાદિત્ય એ બંને એક હતા એમ પંડિત કહે છે. પરંતુ શક ૬૫૩ ના દાનપત્રના દાન કરનાર શ્યાશ્રયનો તે ભાઇ હતો એમ માનવું વધારે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સ્વાભાવિક છે એમ હું ધારૂં છું. કારણકે આ છેલ્લા રાજાને યુવરાજ કહેવામાં આવ્યો નથી, પણ શ્યાશ્રયને કહેવામાં આવ્યો છે, અને આ ઉપરથી એમ દેખાય છે કે શ્યાશ્રય પોતાના ભાઇ સાથે રાજ્ય કારભારમાં જોડાએલો હતો અને તેના પ્રતિનિધિ તરીકે એકાદ પ્રદેશ ઉપર રાજ્ય ચલાવતો હતો. આજ કારણને લીધે તે દાનપત્રના આરંભમાં તેના ભાઇનું નામ પણ લખવામાં આવ્યું છે. સત્યાશ્રય વલ્લભ એ પદ તો સર્વ ચાલુક્ય રાજાઓને વગર તફાવતે લગાડવામાં આવતું હતું. ગુજરાતના વિનયાદિત્ય યુદ્ધમલ્લની શાકે ૬૫૩ ની તારીખ, પણ એ ધારણાને બંધબેસતી આવતી નથી, કે તેનો ભાઈ દખ્ખણના વિનયાદિત્યનો સમકાલીન હતો. મિ. પંડિતના નિબંધ ઉપર મી. ફ્લીટે કરેલી ટીકામાં તેણે વર્ણવેલો બે ખગાડેના પ્રસંગો એકલા ઉપરથી તો કાંઇ પણ સાબીત થતું નથી. નવસારી તથા કાવીના દાનપત્રોની ૪૫૬ અને ૪૮૬ ની તારીખો પ્રસિદ્ધ સંવતોમાંના એકની છે એમ સમજવામાં આવે ત્યારે ઉપર લખેલા પ્રસંગો બનતા નથી એમ બતાવવામાં આવે નહી ત્યાં સુધી તે ઉપરથી કાંઇ પણ સાબીત થતું નથી. વળી આ નવો સંવત ગુજરાતમાં આટલો બધો પ્રચલિત હતો, તો પછી અસલના સમયથી એલ્બીરૂનીના સમય સુધીમાંના કોઇપણ ગુજરાતના શિલાલેખમાં કે કોઇ સાહિત્યના પુસ્તકમાં તે વિશેનું કાંઈપણ લખાણ હોવુંજ જોઇએ. પણ આ નોટમાં ચર્ચવામાં આવેલા મુદ્દા શાથે આ પ્રશ્નને કાંઇ પણ સીધો સંબંધ નથી, તેથી તે પ્રશ્નની અંદર વધારે ઉંડા ઉતરવાની જરૂર નથી.

આ રીતે, ગુપ્ત સંવતના આરંભની તારીખ જે એલ્બીરૂનીએ આપી છે તેના લાભમાંનો પુરાવો મને ઘણોજ છે એમ લાગે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પરિશિષ્ટ ( બી )

## શિલાલેખોમાં આવતી શક તારીખો, તથા બાર્હસ્પત્ય ચક્રનાં વર્ષો ઉપર ટીકા.

શિલાલેખોમાં આવતી શક તારીખો તથા સંવત્સરોનાં નામોનાં સંબંધમાં કેટલીએક મુશ્કેલીઓ છે કે જેનો ખુલાસો કરવાની જરૂર છે. મુંબાઇ ઇલાકામાં ચાલતુ હાલનું વર્ષ શકે ૧૮૦૫ (ઇ. સ. ૧૮૮૩-૮૪) છે, અને ૬૦ વર્ષના ચક્રમાંનું સંવત્સરનું નામ **સુભાનુ** છે. દક્ષિણ તરફના પ્રદેશોમાં તથા મદ્રાસ ઇલાકામાં હાલ ચાલતું શક વર્ષ ૧૮૦૬ નું છે, અને સંવત્સરનું નામ તેજ છે. ત્યારે હવે પ્રથમ પ્રશ્ન એ છે કે, " શિલા લેખોમાં આવતી તારીખો મુંબાઈ ઇલાકાની ગણત્રી પ્રમાણે છે કે મદ્રાસ ઇલાકાની ગણત્રી પ્રમાણે ? " અને બીજો પ્રશ્ન એ છે કે " આ રીતે એક વર્ષના ફેરનું કારણ શું ? " વળી આપણે એ પણ વિચારવાનું છે કે શિલાલેખોમાં લખેલી તારીખો તેમાં બનેલા બનાવો તે પહેલાં એટલાં વર્ષો વ્યતીત થઇ ગયાં છે એમ બતાવે છે, કે જે વર્ષમાં તે બનાવો બન્યા હતા તે ચાલતું વર્ષ બતાવે છે ? "

મદ્રાસ સીવીલ સર્વિસવાળા મી. રોબર્ટ સેવલ પોતે રચેલાં વર્ષક્રમના કોષ્ટકના પહેલા ખાનામાં તેજ કોષ્ટકના ત્રીજા ખાનામાં તેજ લાઇનમાં તેની સામે આપવામાં આવેલા સંવત્સર આરંભ પૂર્વે જેટલાં શક વર્ષો વ્યતીત થઈ ગયાં તેની સંખ્યા આપે છે. તે સંવત્સરને મળતું આવતું ચાલુ શક વર્ષ પહેલા ખાનામાં તેની બીજી લીંટીમાં આપેલું છે તે છે. આ પ્રમાણે રાષ્ટ્રકૂટ વંશના ગોવિંદ ૪ ના સાંગલીના દાનપત્રમાંની તારીખ જે શાકે ૮૫૫ ની છે તેની સાથે ત્રીજા ખાનામાં સંવત્સરનું નામ **વિજય** છે, જે એમ બતાવે છે કે **વિજય** નામના સંવત્સ-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રનું વર્ષ શરૂ થયું તે પહેલાં શક સંવતનાં ૮૫૫ વર્ષો વ્યતીત થઇ ગયાં હતાં, અને **વિજય** સંતત્સરને મળતું આવતું ચાલુ શક વર્ષ તેની પછીની લીંટી આપેલું છે તે છે, એટલે ૮૫૬. મી. સેવેલ મદ્રાસની ગણત્રી પ્રમાણે ચાલે છે. જો આ કોષ્ટકોનો અર્થ આપણે મુંબાઇ ઇલાકાની ગણત્રી પ્રમાણે કરીએ, તો પ્રથમના ખાનામાં આવેલું શકવર્ષ તેજ લીંટીમાં ત્રીજા ખાનામાં આપવામાં આવેલા સંવત્સરના વર્ષને મળતું ચાલુ વર્ષ છે એમ જણાશે, અને તેથી તુરત જ ઉપરની લીંટીમાં આપેલી સંખ્યા તે સંવત્સરના આરંભ પૂર્વે જેટલાં વર્ષો વ્યતીત થઇ ગયાં તે બતાવે છે. આ રીતે આ દેશના આ ભાગમાં હાલમાં ચાલતા શાકે ૧૮૦૫ ના વર્ષની સામે, ત્રીજા ખાનામાં ચાલુ સંવત્સરનું નામ **સુભાનુ** આપેલું છે અને તેથી ઉપરની લીંટીમાં ૧૮૦૪ નો આંકડો આપેલો છે તે જેટલાં વર્ષો થઇ ગયાં છે તે બતાવે છે. શિલાલેખોમાં આવતી શક તારીખો તથા સંવત્સરોનાં નામો તે કોષ્ટકોમાં આપવામાં આવેલી તારીખો તથા નામો સાથે સરખાવતાં ઉપર ઉઠાવેલા પ્રશ્નોનો નિર્ણય આપણે કરી શકીશું.

મી. ફ્લીટ અને ડો. બર્ગેસે પ્રગટ કરેલી પાલી, સંસ્કૃત અને પ્રાચીન કાનડી શિલાલેખના પૃથક્કરણમાં એવા ૯૭ દૃષ્ટાંતો છે, કે જેમાં શક વર્ષ તેમજ સંવત્સર વર્ષનું નામ એ બંને સ્પષ્ટ રીતે આપવામાં આવ્યાં છે. આને કોષ્ટકો સાથે સરખાવતાં મને એમ દેખાય છે કે આમાંનાં ૫૮ દૃષ્ટાંતોમાં, આપવામાં આવેલી શક તારીખ તે શિલાલેખમાં આપવામાં આવેલા સંવત્સરના નામ સાથે તેજ લીંટીમાં આવે છે. આ વર્ષો નીચે પ્રમાણે છેઃ—

નં: ૧૮–૨૦–૨૧–૨૩–૨૪–૨૫–૨૮–૨૯–૩૫–૩૬–૩૭–૩૮–૫૨ ૭૦–૮૭–૮૮–૯૦–૯૨–૯૮–૯૯–૧૦૧–૧૦૨–૧૦૯–૧૧૪–૧૨૩–૧૨૫ ૧૨૬–૧૨૭–૧૨૮–૧૨૯–૧૩૧–૧૩૪–૧૩૬–૧૪૧–૧૪૮–૧૪૯–૧૫૦ ૧૫૪–૧૫૫–૧૫૬–૧૫૭–૧૫૮–૧૫૯–૧૬૦–૧૬૧–૧૮૩–૧૮૯–૨૦૧ ૨૧૪–૨૧૫–૨૧૯–૨૨૯–૨૩૦ ( પહેલો ભાગ )–૨૪૦–૨૪૧–૨૪૩ ૨૮૩–૨૮૬.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ પ્રમાણે નં. ૨૦ ના શિલાલેખમાં, આપવામાં આવેલી તારીખ ૧૨૦૦ ની છે, અને સંવત્સરનું નામ બહુધાન્ય છે, કે જે બન્ને તે કોષ્ટકમાં એકજ લીંટીનાં એકબીજાની સાથે આપવામાં આવેલાં છે.

૨૮ દૃષ્ટાંતોમાં શિલાલેખમાં આપવામાં આવેલી શક તારીખ જે લીંટીમાં લેખમાં લખેલું સંવત્સરનું નામ આવે છે તેની નીચેની લીંટી-માં આવે છે. આ નીચે પ્રમાણે છેઃ—

નં. ૧૯–૨૨–૨૬–૩૩–૩૪–૪૭–૭૨–૮૯–૯૧–૯૫–૯૬ ( પ્રથમ ૯૬—( બીજો ભાગ )—૧૦૦–૧૧૦–૧૧૧–૧૧૨–૧૧૮ (પ્રથમ ભાગ) ૧૧૮—( બીજો ભાગ )—૧૪૬–૧૫૧–૧૯૪–૨૨૯–૨૩૦ (બીજોભાગ) ૨૩૧–૨૩૪–૨૩૬–૨૩૭–૨૮૧.

દૃષ્ટાંત તરીકે ૧૯ દૃષ્ટાંતોમાં શક તારીખ ૧૧૮૪ ની છે અને સં-વત્સરનું નામ દુર્મતિ છે. કોષ્ટકમાં દુર્મતિ એ નામ ૧૧૮૩ ની સામેની ઉપરની લીંટીમાં આવે છે, અને ૧૧૮૪ તેથી નીચેની લીંટીમાં છે. અને તેની સામે લખવામાં આવેલું નામ દુંદુભિ છે.

જ્યારે હવે આ શિલાલેખો મદ્રાસની ગણતી પ્રમાણેના છે એમ ધારીએ તો પ્રથમના ૫૮ દૃષ્ટાંતોમાં આપવામાં આવેલી શક તારીખ તે શિલાલેખમાંના ચાલતા સંવત્સરના વર્ષ પહેલાં જેટલાં શક વર્ષ થઈ ગયાં તે બતાવે છે, અને ૨૮ દૃષ્ટાંતોમા તે શક સંવતનું ચાલુ વર્ષ બ-તાવે છે. મુંબાઇની ગણત્રી તે વખતે ચાલતી હતી, એમ જો આપણે ગણીએ તો પહેલા ૫૮ દૃષ્ટાંતોમાં આપેલી તારીખો ચાલુ વર્ષ બતાવશે, અને તે પછીના ૨૮ દૃષ્ટાંતોમાં તે પછીનું આવતું વર્ષ બતાવશે, પણ પાછળનું ગયેલું વર્ષ નહીં. પણ તે વર્ષ પછી તુરતજ આગળ આવ-વાનું બીજું વર્ષ શિલાલેખમાં લખવામાં આવ્યું હોય તે તદ્દન અસંભ-વિત છે. તેથી એમ નીકળે છે કે મદ્રાસ ઇલાકાની ગણત્રી તે સમયે ચાલુ હશે; તો પણ આ હરકત એમ ધારવાથી દૂર થઇ શકશે, કે આ ૨૮ દૃષ્ટાંતો મદ્રાસની ગણત્રી પ્રમાણેનાં છે, અને તેમાં ચાલુ વર્ષ આપવામાં આવેલું છે, અને પ્રથમનાં ૫૮ દૃષ્ટાંતો મુંબાઇની ગણત્રી પ્રમાણેનાં છે. પણ આ ધારણા સંભવિત નથી તેમજ વ્યાજબી પણ નથી, કારણ કે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ સર્વ દષ્ટાંતો અમુક એક પ્રદેશનાંજ નથી, અને પેહેલાંમાંનું એક દષ્ટાંત ઘણીવાર બીજામાંના દષ્ટાંતમાં લખેલા પ્રદેશ અથવા સ્થાનમાંનું હોય છે. આ પ્રમાણે આપણે જોઇએ છીએ કે ઘણાં દષ્ટાંતોમાં જો કે તે શિલાલેખોમાં ગયું શક વર્ષ નોંધવામાં આવ્યું છે, તોપણ એવાં ઘણાં દષ્ટાંતો પણ છે કે જેમાં ચાલુ વર્ષ આપવામાં આવ્યું છે અને ગયું વર્ષ નહીં.

કોષ્ટકોની સાથે બીજી તારીખો પણ મેં સરખાવી છે અને તેનું પરિણામ હું નીચે આપું છું:—

| લેખ. | શક તારીખ | સંવત્સરનું નામ. | શક તારીખ શું બતાવે છે. |
|---|---|---|---|
| રાષ્ટ્રકૂટવંશના ગોવિંદ ૩ નું કાનડી દાનપત્ર... ... ... ... ... | ૭૨૬ | સુભાનુ. | ચાલુ વર્ષ. |
| તેનુંજ રાધણપુરનુ દાનપત્ર ... ... | ૭૩૦ | સર્વજીત્ | ,, |
| કૃષ્ણ ૨ અથવા અકાલવર્ષ જૈન પુરાણની સમાપ્તિ... ... ... ... | ૮૨૦ | પિંગલ. | ,, |
| તેજ—જૈન મંદીરમાંનું ચીકાર્યનુ ... | ૮૨૪ | દુંદુભિ. | જેટલાં વર્ષ થઇ ગયાં તે. |
| ગોવિંદ ૪ સાંગલીનું દાનપત્ર... ... | ૮૫૫ | વિજય. | ,, |
| કુક્કલનું કરડાનું દાનપત્ર... ... ... | ૮૯૪ | અંગિરસ. | ,, |
| તૈલપનું રાજ્યારોહણ ... ... ... | ૮૯૫ | શ્રીમુખ. | ,, |
| સત્યાશ્રય, રટ્ટાના ખારે પાટણનો લેખો | ૯૩૦ | કીલક. | ,, |
| જયસિંહ જગદેકમલ્લ મીરજનું દાનપત્ર | ૯૪૬ | રક્તાક્ષિ. | ,, |
| કોલ્હાપુરનો મારસિંહ શિલાહાર, દાનપત્ર | ૯૮૦ | વિલંબી. | ,, |
| ગંડરાદિત્ય શિલાહાર કોલ્હાપુરનો શિલાલેખ નં. ૧ ... ... ... ... | ૧૦૩૨ | વિકૃતિ. | ,, |
| ,,—પંડિત ભગવાનલાલે તરજુમો કરેલું દાનપત્ર ... ... ... ... | ૧૦૩૨ | વિરોધિ. | ચાલુ વર્ષ. |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | | |
|---|---|---|---|
| —કોલ્હાપુરનો શિલા લેખ નં. ૨... | ૧૦૪૦ | વિલંબી | જેટલાં વર્ષ થઇ ગયાં તે. |
| વિજયાર્ક ,,—,, નં. ૪... ... ... | ૧૦૬૫ | દુંદુભિ | ચાલુ વર્ષ. |
| સોમેશ્વર ૩, ભૂલોક મલ્લ, અભિલષિત ચિંતામણિ ... ... ... ... | ૧૦૫૧ | સૌમ્ય. | જેટલાં વર્ષ થઇ ગયાં તે. |
| ભોજદેવ ૨ કોલ્હાપુર લેખ નં. ૬... | ૧૧૦૧ | વિલંબી | ચાલુ વર્ષ. |
| ,, ,, નં. ૮... | ૧૧૧૨ | સાધારણ | જેટલાં વર્ષ થઇ ગયાં તે. |
| ,, ,, ડો. ટેલરનું દાનપત્ર | ૧૧૧૩ | વિરોધી | ,, |
| ,, ,, કોલ્હાપુર લેખ નં. ૮ | ૧૧૧૪ | પરિધાવી. | ,, |
| સિંઘણયાદવ, ખેદ્રાપુર લેખ ... ... | ૧૧૩૬ | શ્રીમુખ. | ચાલુ વર્ષ. |
| કામદેવ ચાલુકય... ... ... ... | ૧૧૮૨ | રૌદ્ર. | જેટલાં વર્ષ થઈ ગયાં તે. |
| મહાદેવ યાદવ, પંઢરપુરનો લેખ | ૧૧૯૨ | પ્રમોદ. | ,, |
| રામચંદ્ર યાદવ, થાણા ,, | ૧૧૯૪ | અંગિરસ. | ,, |
| ,, ,, ,, | ૧૨૧૨ | વિરોધી. | ચાલુ વર્ષ. |

આ ચોવીસ તારીખોમાંથી ૮ માં ચાલુ વર્ષ આપવામાં આવેલું છે, અને બાકીનામાં જેટલાં વર્ષો થઈ ગયાં છે તે આપવામાં આવેલાં છે, અને તે વચ્ચેનું પ્રમાણ બીજા દૃષ્ટાંતના જેવું જ છે એટલે કે ૧:-૨: જે સર્વ દૃષ્ટાંતોમાં સંવત્સરનાં નામો આપવામાં આવ્યાં છે તેમાં તે વર્ષ ચાલુ સાલ બતાવે છે કે તે પેહેલાંની ગઈ સાલ બતાવે છે તે નક્કી કરી શકાય છે, અને બીજામાં તેમ થઇ શકતું નથી. શરૂઆતના ચાલુકય વંશ-ના રાજાઓના શિલાલેખોમાં તે આપવામાં આવેલું નથી, અને તેથી કરીને અમુક ચોકસ તારીખ સંશય ભરેલી રહે છે.

હવે મુંબાઈ ઇલાકાની ગણત્રી જે મદ્રાસ ઇલાકાની ગણત્રીથી એક વર્ષ પાછળ છે તે ભૂલને લીધે થયેલી છે એમ હું માનું છું. આપણે જોયું છે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કે અમુક તારીખની નોંધ કરવામાં ચાલુ વર્ષ નોંધવા કરતાં જેટલાં વર્ષો થઇ ગયાં તે નોંધવાનો વધારે રીવાજ હતો. તે દર્શાવનારો શબ્દ જેવો કે "**गतेषु**" ( ગયાં છે ) તે વર્ષના આંકડા પછી લખવામાં આવતો, અને સંવત્સરના વર્ષના સંબંધમાં "**प्रवर्त्तमाने**" ( ચાલુ ) એવો બીજો શબ્દ વાપરવામાં આવતો, પાછળથી ટુંકુ કરવાના ઇરાદાથી આ શબ્દો મુકી દેવામાં આવ્યા, અને વખત જતાં, જે અર્થ દર્શાવવાને માટે એ શબ્દો વાપરવામાં આવ્યા હતા તે અર્થ પણ ભૂલી જવામાં આવ્યો. અને તેથી વર્ષના આંકડાને ચાલુ વર્ષ છે એમ ગણવામાં આવ્યું. તે શિલાલેખોમાં એવી પણ થોડી તારીખો છે, કે તેમાં આવી ભૂલ જોવામાં આવે છે. આ પ્રમાણે પાલી, સંસ્કૃત અને કાનડી શિલાલેખોમાંના નં ૮૬ માં શાકે ૯૧૧ ની સાથે સંવત્સરનું નામ **વિકૃતિ** આપવામાં આવ્યું છે. હવે કોષ્ટક પ્રમાણે વિકૃતિ પહેલાં જેટલાં વર્ષો થઇ ગયાં હતાં તે ૯૧૨ હતાં અને ચાલુ વર્ષ ૯૧૩ હતું. આ મુશ્કેલીનો ખુલાસો એમ ધારવાથી થાય છે કે શાકે ૯૧૨ કે જે જેટલાં વર્ષ થઇ ગયાં હતાં તે બતાવવાને વાપરવામાં આવ્યું છે. તે ચાલુ વર્ષ છે એમ ગણવામાં આવ્યું; જેવી રીતે હાલ આપણા દેશમાં ૧૮૦૫નુ વર્ષ હાલ ચાલુ ગણીએ છીએ, જોકે તે તો ગયું વર્ષ છે એમ બતાવે છે. તે પ્રમાણે આ પ્રમાણે ચાલુ વર્ષની પહેલાં જેટલાં વર્ષો થઇ ગયાં હતાં તે બતાવવાની ઇચ્છાથી તે શિલાલેખના લખનારાએ તે દર્શાવનારો ૯૧૧ નો આંકડો મુકયો. નં. ૨૭–૬૭–૧૧૫–૧૩૦–૨૨૪ અને ૨૮૪ કે જેમાં આપેલી શક તારીખો અનુક્રમે ૧૪૪૪–૧૦૮૪–૧૪૩૦–૧૪૫૩–૧૧૧૪ ૧૧૨૮ છે, તેમાં પણ તેજ પ્રમાણે હકીકત છે, અને તેમાં તેની સાથે આપેલાં સંવત્સરોનાં નામો ઉપરથી નક્કી થાય છે તેમ ચાલુ વર્ષથી બે વર્ષ પાછળ છે. કેટલાંએક દૃષ્ટાંતોમાં શક તારીખો સંવત્સરથી એક વર્ષ અગાઉ છે. આ પ્રમાણે ગોવિંદ ૩ ના વાણીડીંડોરીના દાનપત્રમાં શક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તારીખ ૭૩૦ ની છે અને સંવત્સર **વિજય** છે, અને અમોઘવર્ષના કાન્હેરીના શિલાલેખમાં શક તારીખ ૭૭૫ ની છે અને સંવત્સર **પ્રજાપતિ** છે. હવે વ્યય તથા **પ્રજાપતિ** એ સંવત્સરોની તુરતજ પહેલાં આવતાં શક વર્ષો ૭૨૮ અને ૭૭૩ છે. અને તેનાં ચાલુ વર્ષો ૭૨૯ અને ૭૭૪ અનુક્રમે છે. આ શિલા લેખોમાંની તારીખોનો ખુલાસો એમ ધારવાથી થાય કે ૭૩૦ અને ૭૭૫ એ ચાલુ શક વર્ષો હતાં, અને **સર્વજાત** તથા **અંગિરસ** એ ચાલુ સંવત્સરોનાં નામોને બદલે ગયાં સંવત્સરોનાં નામો વ્યય તથા **પ્રજાપતિ** આપવામાં આવ્યાં હતાં, તેવી રીતે બીજા ઘણા દૃષ્ટાંતોમાં ગયેલાં શક વર્ષ આપવામાં આવ્યાં છે. તેવી જ રીતે અથવા બીજા શબ્દોમાં કહીએ તો આવા દૃષ્ટાંતોમાં જે ચાલુ રીવાજ હતો તે ઉલટાવવામાં આવ્યો હતો. પાલી, સંસ્કૃત અને કાનડી શિલાલેખમાંના નં. ૭૯ ની તારીખ ચાલુ સંવત્સરથી ત્રણ વર્ષ પાછળ છે, અને નં. ૨૮ માં ચાર વર્ષ પાછળ છે, નં ૨૨૧ માં ૧૧૨૧ ને બદલે ૧૧૧૩ છે અને નં. ૨૪૬ માં, ૧૪૮૫ ને બદલે ૧૪૯૨ છે. આ તો ચોખ્ખી ભૂલો જ છે એમ ગણવું જોઇએ.

આગળના પાનામાં આપેલી શક તારીખો ઘણાં દૃષ્ટાંતોમાં તેમાં વર્ણવેલા અમુક બનાવો બન્યા તે પૂર્વે જેટલાં વર્ષો થઈ ગયાં હતાં તે દર્શાવે છે. આ પ્રમાણે “ ૮૫૫ માં ” આમ લખેલું છે તેનો અર્થ ‘ શક સંવતના ૮૫૫ વર્ષ પૂરાં થયાં હતાં ત્યાર પછી ” એવો થાય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પરિશિષ્ટ સી.

## હેમાદ્રિના વ્રતખંડની પ્રસ્તાવના.

ટીકાની નોટમાં D એટલે દખણ કૉલેજની પુસ્તકશાળાની હસ્તલિખિત પ્રત તે અ. ૧૮૮૧–૮૨ નો નં. ૨૩૪.*

S એટલે પ્રાચીન સંસ્કૃત કૉલેજની હસ્તલિખિત પ્રત નં. ૬૫૭.

Kh એટલે ખાસગીવાલેની હસ્તલિખિત પ્રત.

G એટલે ગંગાધર શાસ્ત્રી દાતારે મેળવેલી હસ્તલિખિત પ્રત.

પ્રકરણ ૧૪ પૃ ૭૫ નોટ. ૨ જોવી.

* श्री गोपालमपारवैभवभवस्वच्छन्दलीलालयं  
सान्द्रस्निग्धतमालकोमलदलश्यामाभिरामाकृतिम् ।  
कूजत्कोकिलकामिनीकलरवप्रोल्लासिगोपांगना-  
गीतस्फीतपवित्र चित्रचरितव्रातं नमस्कुर्महे ॥१॥

उन्मीलत्कमनीयकान्तिसरसीमध्ये विबुद्धप्रभं  
सारासारविचारचारुमनसा हंसेन संसेवितम् ।  
नित्यानंदपरागसंगसुभगं वंदारुवृंदारक-

* આ બે શ્લોકો S માં ખંડિત રૂપમાં છે, પણ D માં પૂરેપુરા છે તેમ Kh માં પણ છે જેમાં ટુંકી પ્રશસ્તિ છે. G કે જેમાં બંને પ્રશસ્તિઓ એકઠી મિશ્રિત છે, તેમાં આ શ્લોકો ટુંકી પ્રશસ્તિને મથાળે છે. કે જેથી તે શ્લોકો પેહેલાના કરતાં છેલ્લાના હોય એમ લાગે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

श्रेणिभंग[1]मनंगवैरिचरणाम्भोजद्वयं पातुवः[2] ॥ २ ॥

## राजप्रशस्ति १

[3]जीयान्नूतनभूतसर्गसमयाविर्भावसंभावना-
तुष्यतल्य[4]भुजंगपुंगवशिरःश्रेणिशतैर्वंदितः ।
कल्पान्तोपरमेषु नाभिकमले प्रोद्दामसामस्वर-
स्वैरोच्चारणचारणायित विधिव्याधूत निद्रोहरिः ॥१॥

अस्ति प्रशस्तं पुरुषोत्तमस्य शय्यागृहं क्षीरमयः पयोधिः
यदीय पीयूषरसायनेन स्वर्लोकभाजामजरामरत्वम् ॥ २ ॥

संतानचिंतामणिकामधेनुकल्पद्रुमश्रीजननैकहेतोः ॥
सिंधोरमुष्मादुदभूदमन्दनिस्यन्दमाना[5]मृतबिन्दुरिन्दुः ॥३॥

ततस्तनूजं विबुधप्रधानं[6] बुध सुधादीधितिरप्यसूत ।
बभूव तस्मादथ चक्रवर्ती पुरूरवाः पुण्यपथानुवर्ती[7] ॥४॥

अभजत जनिमस्मादायुरायुः[8] प्रजानां
नघुषपदनिदानं ज्योतिरासीत्ततोपि ।
नृपतिरथ ययातिः ख्यातिमानप्यमुष्मात् ।

---

१ D & Kh માં ' भंग ' ને સ્થાને ' संग '.
२ D અને Kh માં ' वः ' ને સ્થાને ' नः '.
३ S जायान्नू०—जीवन्नू० G.
४ ऋल्प० S:—तुल्य. G.
५ ० मानो G—मानी. S.
६ ' प्रधानं ' ને સ્થાને ' प्रतापं ' G.
७ ' पथा० ' ને સ્થાને ' रवा० ' S.
८ जन S: जासि G: ' जनि ' ને સ્થાને.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

यमपि यदुमूर्त्तिं[४] कीर्त्तिमा विश्वकार ॥५॥
यदोरदोषविशदैर्यशोभिरभिशोभितः ।
अन्ववायः स एवायमवाप यदुवंशताम् ॥६॥
ततः क्रोष्टा तस्मादजनि वृजिनीवानपि नृप-
स्ततोजज्ञे राज्ञः क्षितिपतिरिह स्वाहित[५] इति ।
नृशंकुस्तत्पुत्रः समभवदथो चित्ररथ इ-
त्यतोजातः ख्यातः सकिल शशबिन्दुर्नरपतिः ॥७॥
ततः पृथुश्रवा वीरस्तदनन्तरमन्तरः ।
ततः सुयज्ञ उशनाः सितेयुरिति च क्रमात् ॥८॥
एतस्मादुदियाय रूक्मकवचस्तस्मात्पराजिन्नृपः-
तस्माद्भूरितुरंगमेधि सुकृती राजाजनि ज्यामघः ॥ ९ ॥
ततो विदर्भःक्रथकुन्तिवृष्णिनिवृत्तिसंज्ञाः परतो दशार्हः ।
[१]व्योमा च जीमूत इति क्रमेण जाता नरेन्द्रा विकृतिश्च
वीर : ॥ १० ॥

तदनु भीमरथः पृथिवीपति र्नवरथश्च ततो रथिनां वरः ।
दशरथःशकुनिश्च करम्भिरस्त्युपादिशन्ति पुराणपरायणाः॥११॥
देवराजस्ततः श्रीमान्देवक्षेत्रस्ततो मधुः ।
ततः कुरुबलो राजा[२] पुरुहोत्रः क्रमादभूत् ः ॥१२॥
अथायुरासी दथसात्वतोभूदथान्धकोऽस्माद्[३] भजमानसंज्ञः।

४ मूर्त्तिः S: मूर्त्ति G.
५ स्याहित S: स्ताहित G.
१ व्योमावृ S. व्योमाय G.
२ ' राजा ' ने स्थाने ' नाम ' G.
३ ०न्धकस्मा० G. S.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

विदूरथस्तत्परतोपि[४] शूरराशिः प्रतिक्षत्र इति क्षितीशः ॥१३॥
बभूवाथ स्वयंभोजस्ततोपि हृदिकोऽभवत् ।
असूत सोऽपि धर्मात्मा राजानं देवमीढुषम् ॥ १४ ॥
निस्त्रिंशनिःशोषितवैरिपूरस्ततः क्षितिं पालयति स्म शूरः ।
ततोपि राजा वसुदेवनामा यो विश्वहेतोरपि हेतुरासीत् ॥१५॥
वृन्दारवृन्दारकवृन्दमौलिमन्दारमालासुरभिकृतांघ्रिः ।
आसीदमुष्मादसुरावतारभारापहाराय पुरा[५]मुरारिः ॥ १६ ॥
बभूव प्रद्युम्नः किल कुसुमधन्वा मधुरिपोः
त्रिलोकीवीरोसौ तनयमनिरुद्धं प्रसुषुवे ।
ततोभूभृत्पक्षक्षपणनिपुणेनैव महसा
परिस्फूर्जन्वज्रः[१] शतमखसखः प्रादुरभवत् ॥१७॥
वज्रस्यसूनुः प्रतिबाहुरासी द्दासीकृतक्ष्मापतिचक्रवालः ।
ततोऽपि सम्राडभवत्सुबाहु[२]: प्रासूतसोयं
चतुरस्तनूजान् ॥१८॥
तेन ते सार्वभौमेन तनया विनयान्विताः ।
विभज्य वसुधाचक्रं चक्रिरे पृथिवीश्वराः ॥ १९ ॥
यथाविभागं वसुधामशेषां तेषां तदा पालयतां चतुर्णां ।

---

४ એજ પ્રમાણે બંને હસ્ત લિખિત પ્રતોમાં છે. પણ ત્યાં ભૂલ હોવી જોઇએ. शूर ના પુત્ર शोणिनुं નામ ફેરવી राशि એમ લખવામાં આવ્યું છે. સાચો પાઠ કદાચિત् शूरशोणी હોય.

५ पुरा सुरारिः S.

१. परिस्फूर्जद्धन्यः S; G તદ્દન દૂષિત છે. અને થોડો ભાગ ફાટી ગયો છે.

२. પુરાણની વંશાવલિ અત્રે પુરી થાય છે. અત્રે સુબાહુને સુચારૂ કહેવામાં આવ્યો છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

दृढप्रहारी दिशि दक्षिणस्यां प्रभुर्बभूव प्रथमान् (त्क)
कनीयान् ॥२०॥

सर्वेपि पूर्वं मथुराधिनाथाः कृष्णादितो द्वारवतीश्वरास्ते ।
सबाहुसूनोरनु दक्षिणाशाप्रशासिनो यादववंशवीराः ॥२१॥

ततः स राजा निजराजधानीमाधिष्ठितः श्रीनगरं गरीयः ।
लेभे सुतं सेउणचंद्रसंज्ञं यत्संज्ञया सेउणदेशमाहुः ॥२२॥

अथ धाडियसो महीपतिस्तनयस्तस्य बभूवभिल्लमः ।
अजनिष्ट ततोपि राजगिस्तदनु प्रादुरभूत्स [३]बादगिः ॥२३॥

जज्ञे धाडियमस्ततः प्रतिभटक्ष्मापालकालानलः
तस्मादाविरभूत्प्रभूतविभवो भर्ता भुवो भिल्लमः ।
एतस्मान्महसां महानिधिरसौ श्रीवेसुगिर्जज्ञिवान्
हन्ता भीष्मभुजिज्ञ[२]सामसहृदां तस्मादभूदर्जुनः ॥२४॥

अजस्रमाविष्कृतदानवारिः प्रभूतहस्तार्चितदानवारिः ।
ततः सराजा विरराज राजश्रियो विलासैर्जितराजराजः॥२५॥

आसीद्विलासी नृपतेरमुष्मात्स भिल्लमः पल्लवितोरुकीर्त्तिः ।
स वादुगिः स्वादुगिरां कवीनां स्तोत्रैकपात्रं[३]
भवति स्म तस्मात् ॥२५॥

---

३. सबाहुगिः S. सुबाहुदुणः G.

१. ' धाडियसं ' ને સ્થાને આ પાઠ S અને G બંનેમાં છે. પરંતુ પંડિત ભગવાનલાલના દાનપત્ર પ્રમાણે તે નામ 'धाडियप्प' હતું.

२. भीष्मभुजौ जसाम सुहृदां ને સ્થાને આ ભૂલ હોય તેમ લાગે છે. G માં ०मसुहृदाकस्मा કરવા.

३. पाव S: पावै G:, पात्र ને બદલે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ततो महीं महीपालः पालयामास[४] वेसुगिः ।
संहृतप्रोद्यदुद्दामधामसामन्तसंततिः ॥२७॥

ततोपि नृपभिल्लमः समरसीमभीमाक्रिया-
निरर्गलभुजार्गलायुगलकाललीलालयः ।
ततः समदमेदिनीपतिपतंगभंगव्रतः
प्रतापशिखिलंधितत्रिजगदंगणः सेउणः ॥२८॥

समुध्धृतो येन महाभुजेन द्विषां विमर्दोत्परमर्दिदेवः ।
आस्थापि चालुकयकुलप्रदीपः कल्याणराज्येपि
सएवयेन ॥२९॥

परम्मदेवः स ततो बभूव द्विषद्वधूनेत्रव्रताम्बुवृष्टौ ।
परम्मदेनेव रुचां चयेन यस्य प्रतापेन त्रिरव्यराजि[1] ॥३०॥

तस्मादनंतरमनन्तभुजप्रतापः[2] क्षोणीपतिः सममवत्सहि
सिंहिराजः ।
तस्यानुभुवचलयं बलीयान्[3] अत्रायत त्रिजगती-
विजयी स राजा ॥३१॥

---

४. બંને પ્રતોમાં વિસર્ગ નથી.

५. બંને પ્રતોમાં लंघितः त्रिजग० છે.

૧ અહીંયાં S પુરી થાય છે અને બાકીનું G ઉપરથીજ લેવામાં આવ્યું છે. પણ આ પ્રત અગાઉ કહ્યા પ્રમાણે ઘણીજ દૂષિત છે.

૨. ०प्रतापं પ્રત.

૩. અહીંયાં આગળ ત્રણ અક્ષરો પડયા છે. चलयं ને બદલે वलयं છે, પાઠ આ પ્રમાણે હુ વાંચું છું:-तस्यानुजस्तदनु भुवलयं बलीयान् । तस्य ' એ શબ્દ તેની પેહેલાંના રાજા પરમ્મને લાગે છે જેનો ભાઈ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

लञ्जीपुरा[४]त्समानीय कर्पूरतिलकं गजम् ।
स कर्पूरव्रतं[५] पूर्णमकरोत्पुरनंदितः ॥ ३२ ॥
तस्मादप्रतिमल्लोभूत्[६] मल्लुगिः वल्लभः क्षितेः ।
उदजभूतजंभारिभूरिर्द्दामदंडे चंडिमाः[८] ॥३३॥
आसाद्य सद्यः स निवासहेतोः[९] श्रीपर्णखेटं नगरंरिपुभ्यः ।
अहारि[१०] येनोत्कल भूमिपाला दुत्तुंगमातंगघटा हठेन ॥३४॥
तस्मादमरगांगेयः संबभूव भुवः पतिः ।
अथाविंदत गोविंदराजः साम्राज्यसंपदम् ॥३५॥

---

सिंह હતો એમ લાગે છે. પ્રતના લખતારે तस्यानु લખ્યા પછી तदनु નો नु લખ્યો એમ ધાર્યું અને તેથી जस्तदनु એ શબ્દો મુકી દીધા. अत्रायत એમ જે પાઠ દેખાય છે તે પ્રતમાં अशयत् દેખાય છે પણ તે શબ્દ अत्रायत જ હતો તેમાં શંકા નથી.

૪. આ त्रंजीपुरात् હોય.

૫. પ્રતમાં व्रतं ને બદલે वत्रं છે.

૬. પ્રતમાં ल्लो નથી.

૭. પ્રતમાં मूल्लुगि० છે.

૮. આ લીટી ખરાબ છે. તે હુ આ પ્રમાણે વાંચું છું:-उदजृंभत जंभारिभूरिदो दंडचंडिमा ॥

૯. પ્રતમાં निवास ને બદલે निवाह છે.

૧૦ પ્રતમાં अहारि ને બદલે जंहोरि તથા उत्कल ને બદલે उत्काल છે જેથી માત્રા ભંગ થાય છે.

૧૧. પ્રતમાં उत्तुंग ને બદલે उत्तंग છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ततो मल्लुगिपुत्रो[1]भूद्भूपालोमरमल्लगिः ।
अथ कालीयबल्लालः पालयाभास मेदिनीम्[2] ॥३६॥
महीपते स्तस्य विहाय पुत्रान् गुणानुरक्ता यदुवंशलक्ष्मीः ।
श्रीभिल्लमं[3] तस्य ततः पितृव्यमव्यात्रराजद्
भुजमाजगाम ॥३७॥
यः श्रीवर्द्धनमास[5]साद नगरं क्षोणीपते रंसला[6]
यः प्रत्यंडकभूभृतं च समरे दुर्द्धं त्यज-क्षणात्[7] ।
यो वा मंगलवेष्टकं क्षितिपतिं श्रीवाज्रिणं जघ्निवान्
कल्याण श्रियमप्यवाप्य विदधे यो होलसेयं वशे ॥३८॥

स दंडिका[1]मंडलमंडयित्रीमपंक[2]संपत्प्रभवै र्विलासैः ।
चक्रे पुरं देवगिरिं गिरीशप्रसाद[3]संसादितदिव्यशक्तिः ॥३९॥

---

१. प्रतमां आ लीटी आ प्रमाणे छे:-**ततो मल्लगिरः पुत्रोभूत् भूपालोमरमल्लगिः ।** २. **मेदिनी** ने बदले **देहिनी** प्रतमां छे. ३. प्रतमां **भीश्रमं** छे. ४. **अव्यात्र** नो अर्थ समजातो नथी. ५. प्रतमां **श्री** ने बदले **स्त्री** छे अने **र्द्ध** विचित्र रीते लखेलो छे. ६. ते राजानुं खरु नाम शुं हतुं ते कहेवुं मुस्केल छे. **अंसला** ते व्याकरण प्रमाणे नथी अने **अंसलात्** ने बदले होय. ७. आ शब्द शो छे ते निश्चयथी कही शकाय नहीं. **त्यज्** धातुनुं रूप चाली शके नहीं. पण कदापि **जिगाय** होय. ८. प्रतमां वारंवार आवे छे तेम आ शब्दनो **वे** जाणे **चे** होय एम लखेलो छे. ते. **होलसेयं** ते घणु करीने **होयसेलं** एटले हालबीडनो होयसळ यादव हशे. जे **वशे** वांच्युं छे ते प्रतमां **वसु** छे.

१. प्रतमां **दंडिका** ते **दंहिका** जेवुं लख्युं छे. २. आ शब्द शो छे ते कहेवु कठण छे. जे शब्द अत्रे जोइये छीये ते **अनंत, अतर्क्य** छे. ते **अकम्प** होई शके. **संपत्** ते **संप** जेवो लख्यो छे, अने **विलासैः** ते **विलासे** जेवो लख्यो छे. ३. प्रतमां **प्रसादमासादित॰** छे.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

तदनु मदनमूर्तिः कार्तिकी[४]चंद्रसद-
द्युतिविशदयशोभिः शोभिताशावकाशः[५] ।
अभवदवनिपालो जैत्रपालः करालः
प्रहरणरणरंगत्तुंगदुंत्तुंगखडगः ॥४०॥
दीक्षित्वा रणरंगदेवयजने[६] प्रोदस्त शस्त्रस्रुवः[७]
श्रेणीभि र्जगतीपतीन्हुतवता येन प्रतापानले ।
तैलिंगाधिपतेः[८] पशोर्विशसनं रौद्रस्य[९] राद्राकृतेः
कृत्वा पूरुषमेधयज्ञविधिना लब्धस्त्रिलोकीजयः ॥४१॥
तस्माद् भूदभिनवस्मरचारुमूर्त्तिः
[१].................पदं सिंघणदेवभूपः ।
उद्दण्डदोर्युगलगार्वितवैरिवर्गः[२]
सीमन्तिनी[३]वदनकैरवचण्डभानुः ॥४२॥

---

૪. કદાચીત્ सद् તે શબ્દ संघ ને બદલે હોય. ૫. પ્રતમાં अवकाश ને બદલે विकाशः છે. ૬. પ્રતમાં देवययल છે. પ્રત લખનારે ने લખવાનું જીનુ રૂપ न હતું તેને બદલે ल વાંચ્યો હશે. ૭. પ્રતમાં स्रुवः ને બદલે क्रेवः છે.

૮. तैलिंग ને બદલે પ્રતમાં तालिंग છે.

૯. रौद्रस्य ને બદલે रुद्रस्य હોવુ જોઇએ. પણ જો ત્યાં રૂદ્રના પુત્રનો અર્થ હોય નહીં તો.

૧ અત્રે ખાલી જગ્યા છે. પરંતુ નાની પ્રશસ્તિનો છઠ્ઠો શ્લોક અને આ એકજ છે, માટે બીજી લીટી આ પ્રમાણે હોવી જોઇએઃ—" कीर्तेः पदं जगति सिंघणदेवभूपः "

૨. પ્રતમાં वैव ને બદલે वर्ग છે.

૩. પ્રતમાં આ લીટી નીચે પ્રમાણે લખેલી છેઃ— " सीमंतविनी दनकैरवचंद्रभासान् .

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

येनानीयत मत्तवारणघटा यज्जल्ल[4] भूमिभृतः
कक्कूलादवनीपतेरपहृता येनाधिराज्यश्रियः ।
येन क्षोणीभृदर्जुनोपि बलिना नीतः कथाशेषतां
येनोद्दामभुजेन भोजनृपतिः काराकुटुम्बी कृतः ॥४३॥

यद्भंगारिगकेसरी विनिकृतो लक्ष्मीधरः क्ष्मापतिः
यद्वाहावलिभिः[5] प्रसह्य रुरुधे धाराधराधीश्वरः ।
बल्लालक्षितिपाललालितभुवां सर्वापहारश्चयः
श्रीसिंहस्य महीपतेर्विजयते यद्बाललीलायितम्[6] ॥४४॥

कृष्णो महादेव इति प्रतीतौ जातौ ततः सिंहनृपस्य पौत्रौ ।
तयोस्तु पुर्वप्रभवः पुरस्तात्[1] ..................... ॥४५॥

यनाकालि[2] विशात्वविलसचमूसंहारकालानले
हतोन्मूलितमूलराजसमरे निर्वीरमुर्वीतले ।
येनानेक महाफलक्रतु कृता संवर्ध्यमानोनिशं
क्षोणे कालवशात्पुनस्तरुणतां धर्मोपि संप्रापितः ॥४६॥

ततः कृष्णे राजन्यमरतरुणीचामरमरुत्
तरंगैरुत्तुंगं दिवि किमपि तेजः श्रितवति ।

---

४. પ્રતમાં यज्जल છે પણ તેથી છંદનો ભંગ થાય છે.

૫. પ્રતમાં यद्भाहावालिभिः છે.

૬. અહીંયાં यद् ને બદલે तद् વાંચવું જોઇએ.

૧. અત્રે ખાલી જગ્યા છે.

૨. આ બે લીટીમાં अकारि ને બદલે अकालि, हतो० ને બદલે हुत्वो० તથા उर्वीतले ને બદલે उर्वीतलं જોઇએ; અને તેથી સામાન્ય અર્થ ૨૫૯ થાય છે. તોપણ અસલ પાઠને પૂરેપૂરો ગોઠવવો એ અઘરૂ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

परित्राता भूमेः समजनि जगज्जित्वर[3]महा
महादेवः सेवारसिकसकलक्ष्माभृत[4]मुतः ॥४७॥
तैलंग[5]क्षितिपालतूलनिचयप्रक्षेपचंडानिलो
गर्जद्गुर्जरगर्वपर्वतभिदादम्भोलिदोर्विक्रमः ।
हेलोन्मूलितकौंकणक्षितिपतिः कर्णाटलाटोद्भव-
क्षोणीपालविडंबनः स हि महादेवः कथं वर्ण्यते ॥४८॥
यो भोजदेवान्नृपतेः प्रतापी जग्राह वाहं मदमंदसत्त्वः[1]
सार्धं...[2]द्यात्सहजीवितेन सोमेश्वरस्यापि जहार राज्यम् ॥४९॥
यदीयगंधद्विपगंडपालीनिष्ठ्यूतदानाम्बुतरंगिणीषु ।
सोमः समुद्रप्लवपेशलोपि ममज्ज सैन्यैः सह कुंकुणेशः ॥५०॥

---

૩, પ્રતમાં આ **महा** નથી, કારણકે તેની પછી બીજો **महा** આવે છે અને લખનારે એ ભૂલથી એમ જાણ્યુ કે તે લખ્યો છે- ( એટલે લખનારે એને બદલે એક **महा** ભૂલથી લખ્યો છે. આ સમાસ આ પ્રમાણે છોડવાનો છેઃ- **जगतो जित्वरम् जगज्जित्वरम् । जगज्जित्वरं महो यस्य स जगज्जित्वरमहाः॥**

૪. **मुतः** એ ચોખ્ખી ભૂલ છે, પણ અસલ શબ્દ **नुतः**, **वृतः** કે **स्तुतः** તે શંકા ભરેલું છે.

૫, આ શ્લોક તે બીજી પ્રશસ્તિના ૧૩ મા શ્લોક બરોબર છે. અને તે બંનેને મેળવીને પ્રતમાંની ભૂલો મેં સુધારી છે અને જેવા પાઠ લાગ્યા તેવાજ શબ્દો રાખ્યા છે.

१ **मदमंदसत्त्वः** એ મહાદેવની ઉપમા સ્તુતિને બદલે નિંદા વાચક છે. તેનુ ખરૂ રૂપ ઘણું કરીને **मदमंदसत्त्वात्** જોઇએ, આમ હોય તો તે ભોજદેવનુ વિશેષણ થાય.

૨. અત્રે બે અક્ષરો ખૂટતા છે. કદાચીત્ તે શબ્દો **समृद्धया** હોય

૩. પ્રતમાં **सोमेश्वर**ને બદલે **सौम्येश्वर** લખેલું છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

सीमोल्लंघनमेव यस्य जगतां संहार इत्युच्यते
क्रुद्धे वज्रधरेपि यः क्षितिभृतं मैनाकमत्रायत[४] ।
स्मारंस्मारममुष्य दुःसहमहः[५] संदोहदावानलं
तेनाम्भोनिधिनापि कुंकणपति नारक्षिकुक्षि[६]स्थितः ॥५१॥
वाहानामपि[७] यस्य वैरिविषयेप्यातन्वतां धन्विनां
मातिल्लिगनृपांगनादप्नु हितं बाह्यादिलीला भवत् ।
यस्तस्यैव चरणे जहार करिणस्तत्पंचशब्दादिकान्
यस्तन्याज्यवधूवधादुपरतस्तद्भुजुरुद्रमाम् ॥५२॥

## ॥ राजप्रशस्ति २ ॥

वंशोहिमांशोर्जयति प्रसिद्धो यस्मिन्स राजा यदुराविरासीत्।
बभूव यस्मिन्नसुरावतार भारापहाराय पुरा मुरारिः ॥३॥
वंशे तस्मिन् कंसविध्वंसनस्य क्षोणीपालो भिल्लमः प्रादुरासीत्
निर्न्ये नाशं वैरिभूभृत्पतंगान्यस्यानेकद्वीपदीपः प्रतापः ॥४॥
नम्रीभवत्सकलराजसमाजमौली माणिक्यदीधिति-
विबोधित पादपद्मः
उद्दामदर्परिपुसर्पविहंगराजः श्रीभिल्लमादवनिपोजनि
जैत्रपालः ॥५॥
तस्मादभूदभिनवस्मरचारुमूर्त्तिः कीर्त्तेः पदं जगति
सिंघणदेवभूपः ।

---

४. मैनाकमित्रायत એ પ્રમાણે પ્રતમાં છે.

५. પ્રતમાં ०मदःसंदोह છે.

६. પ્રતમાં कुंकणपति नरीक्षिकुक्षि० છે.

७. અહીંયાં એટલી બધી ખરાબ ભૂલો છે કે તે સુધારી અસલ પાઠ નક્કી કરવાનો પ્રયત્ન કરવો નિરર્થક છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

उद्दण्डदोर्युगल[1]गर्वितवैरिवर्गसमितिनिवद्न-
कैरवचंडभानुः[2] ॥६॥

अथ सकलकला नामालयः पालनाय
क्षितितलमवतीर्णः पौणमासीशशीव ।
अभवदवनिपालो जैतुगिर्नाम तस्माद्
असमसमरधीरद्वेषिभूपालकालः ॥ ७ ॥

स भूमिपालो जनयांबभूव कृष्णं महादेवमहीपतिं च ।
हिताय लोकस्य यथापयोधिश्चिंतामणिं कौस्तुभ-
मप्युदारम् ॥८।

जन्मान्तरोत्थं परिवर्तयन्तौ ज्येष्ठावरत्व किल कौतुकेन ।
कृतावतारौ यदुराजवंशे प्रीत्या पुनस्ताविव रामकृष्णौ ॥९॥

धर्मार्थाविवतौ साक्षात्पालयंतौ वसुंधराम् ।
विलोक्य लोकः सस्मार राजानौ रामलक्ष्मणौ ॥१०॥

दृप्यद्दारुणवाजिवारणरणक्षोणीषु जित्वा बहून्
दासीकृत्य तथापरान्विहितवानन्या नरण्यौकसः ।
इत्थं पार्थिवराजराजिविजयव्यापारपारंगतः
चक्रे शक्रजयाय कृष्णनृपतिः स्वर्लोक यात्रागतम्[1] ॥११॥

अथ प्रभावातिशयेनलब्धं विभज्य लोकद्वितयाधिपत्यम् ।
त्रिविष्टपं शासति कृष्णभूपे भुवं महादेवनृपः प्रशास्ति॥१२॥

तैलंग[2]क्षितिपालतूलनिचयप्रक्षेप[3]झंझानिलो[4]
गर्जद्गूर्जरगर्वपर्वतभिदादम्भोलि दोर्विक्रमः ।
हेलोन्मूलितकौंकणक्षितिपतिः कर्णाटलाटोद्भट-[5]

---

१. युगल kh. २. चंद्रभानु D तथा kh, चंडभातः G.

१. यात्रांगतः kh.: २. तालिंग kh तथा G. ३. प्रोत्क्षेप kh, क्षोक्षेप G. ४. चंडानिलो kh तथा G. ५. ०लाटोदूभव-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

क्षोणीपालविडंबनः स हि महादेवः कथं वर्ण्यते ॥१३॥
अयं शिशुस्त्रीशरणागतानां हन्ता महादेवनृपो न जातु ।
इत्थं विनिश्चित्य[6] ततोतिभीतैरन्धैः पुरंध्री निहिता
नृपत्वे ॥१४॥
अतएव हि मालवेश्वरः[7] शिशुमेव स्वपदेन्यवेशयत् ।
स्वयमाशु विहाय संपदः कपटेनैवाचिरं तपस्याति ॥१५॥
विषमसमरक्रतुः शात्रवो यस्य पाणौ[1]
प्रलयदहनधूमश्यामधामाति भीमम् ।
पृथुतरकरवालव्यालमालोकयंतो
भवशरणमितीमं मंत्रमुच्चारयान्ति ॥१६॥
यदीयगंधद्विपगंडपालीनिष्ठयूतदानाम्बुतरंगिणीषु ।
सोमः समुद्रप्लवपेशलोपि ममज्ज[2] सैन्यैः सह कुंकुणेशः॥१७॥
एतत्प्रतापो बहिरंबुराशे[3]र्वौन्तरप्यास्ति कुतः प्रयामि ।
चिरं विमृश्येति यदीयवैरी सोमेश्वरो वाडवमेव यातः॥१८॥
आस्ते मंडितदंडकापरिसरः श्रीसेउणाख्यः[4] परं
देशः पेशलवेशभूषणवचोमाधुर्यधुर्याकृतिः ।
तास्मिन् देवगिरिः पुरी विजयते त्रैलोक्यसारश्रियां
विश्रान्तिः सुरशालिशैलशिखरस्पार्धिष्णु[5]सौधावलिः ॥१९॥

---

क्षोणी० kh, ०लाटोद्भवः क्षोणी G. ६. इत्थं विनिश्चिन्तयतो विभीतैरान्धैः kh, विनिश्चित्य D. ७. हिमाचलेश्वरं G.

८. तपस्यातिने બદલે नपश्याति G.

१. पाणेः kh. २. सैन्यैः G. ३. ०राशेरन्तः पुरोप्यास्तिः कुतःप्रयामि D. प्रयासि kh. ४ शेवलाख्यः D सेवणाख्यः kh: G માં તે નામનો વચલો અક્ષર ठ જેવો કાંઇક દેખાય છે, પણ उ ને બદલે ठ લખીને લખનારે ભૂલ કરી છે એમાં શંકા નથી. ૫. स्पर्धालु D.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

जगत्त्रयीगीतगुणप्रशास्तिः शास्ता समस्तावनिमंडलस्य ।
श्रीमानिमामन्वयराजधानीं सोयं महादेवनृपो बिभर्ति ॥२०॥

कुर्वन् विभूतिविस्तारैरिलावृत्तसमाश्रियम् ।
अधितिष्ठति हेमाद्रिरिमां विबुधबान्धवः ॥२१॥

सासंपत्तदिदं यशो बलमिदं सोयं प्रलापो महा-
नेकैकं पृथिवीभृतो भुवि महादेवस्य लोकोत्तरम्।
यस्य श्री करणाधिपः स्वयमयं हेमाद्रिसूरिः पुरः
प्रौढप्रातिभवर्ण्यमानविलसद्वंशो भृशं शोभते ॥२२॥

इति राजप्रशस्ति ॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પરિપૂર્તિ.

## પ્રકરણ ૧૧ મુ.

### રાષ્ટ્રકૂટ વંશના રાજાઓ.
### ગોવિંદ ૨.

દિગંબર જૈનોના "હરિવંશ" નામના એક પુરાણને અંતે એમ કહેવામાં આવ્યું છે કે શક વર્ષ ૭૦૫ માં જયારે દક્ષિણમાં કૃષ્ણનો પુત્ર વલ્લભ રાજ્ય કરતો હતો ત્યારે તે પુસ્તક જીનસેને રચ્યું હતું. કાર્લીના દાનપત્રમાં ગોવિંદ ૨ ને વલ્લભ કહેવામાં આવ્યો છે, અને કૃષ્ણના બીજા પુત્ર ધ્રુવનું એક નામ કલિવલ્લભ હતું. માટે જે રાજાનુ સૂચન કરવામાં આવ્યું છે તે ગોવિંદ ૨ જોજ હોવો જોઇએ, અને તેથી તે રાજા શાકે ૭૦૫ એટલે ઇસ. ૭૮૩ માં ગાદી ઉપર હતો એમ આ રીતે દેખાય છે. તે સમયે ઉત્તરમાં ઈંદ્રાયુધ નામે રાજા રાજ્ય કરતો હતો. પૂર્વમાં અવન્તીનો રાજા, અને પશ્ચિમમાં વત્સલોકોનો રાજા રાજ્ય કરતો હતો. જે રાજાને ધ્રુવનિરૂપમે હરાવ્યો એમ કહેવામાં આવ્યું છે તે રાજા આ છેલ્લો એટલે પશ્ચિમનો હોવો જોઇએ. સૌર્ય લોકો ( સૌર ) ના દેશનો રાજા વરાહ હતો જે એક વિજયવીર [1] હતો એમ કહેવામાં આવ્યું છે.

---

* शाकेष्वब्दशतेषु सप्तसुदिशं पंचोत्तरेषूतरां
पातींद्रायुधनाम्नि कृष्णनृपजे श्रीवल्लभे दक्षिणाम् ।
पूर्वां श्रीमदवंतीभूभृति नृप वत्सादि ( धि ) राजेपराम्
सौर्या (रा) णामधिमंडले (लं) जययुते वीरे वराहेऽवति ॥

મી. રાજેન્દ્રલાલના સંસ્કૃત હસ્તલિખિત પુસ્તકોનુ પત્રક, વા. ૬ પૃ-૮૦, દખણ કોલેજ લાયબ્રેરીમાં મુકેલાં સરકારી સંગ્રહમાં આ પુરાણની એક પ્રત છે. પણ તે જર્મની મોકલવામાં આવી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## જગતુંગ.

કર્કાના દાનપત્રની મી. ફ્લીટે ફરીથી તપાસ કરી છે, અને તેની એક નવી પ્રત અને તરજુમો તથા એક આબેહુબ નકલ તેમણે પ્રગટ કરી [૧] છે. આબેહુબ નકલ ઉપરથી મને એમ દેખાય છે કે ગોવિંદ ૩ નું તથા તેના પ્રપૌત્રનું નામ જગદ્રુદ્ર જે વંચાય છે તે ખોટો પાઠ છે; અને બીજા લેખોમાં આપ્યા પ્રમાણે તેનું ખરૂ નામ જગત્તુંગ હતું.

## અમોઘવર્ષ ૧.

ધારવાડ જીલ્લામાં આવેલા શીરૂર આગળનો એક શિલાલેખ જે મી. ફ્લીટે પ્રગટ કર્યો છે તેની તારીખ શક ૭૮૭ વ્યય છે, જે અમોઘવર્ષ [૧] ના રાજ્યનું ૫૨ મું વર્ષ હતું એમ કહેવામાં [૨] આવ્યું છે. કાન્હેરીના એક શિલાલેખ પ્રમાણે તો તે રાજા આપણે ઉપર જોયું છે તેમ, શક ૭૯૯ માં ગાદી ઉપર હતો. ત્યારે આ વર્ષ તેના રાજ્યનુ ૬૪ મું હોવું જોઇએ. એક રાજા આટલા લાંબા વખત સુધી રાજ્ય કરે એ ઘણું અસંભવિત છે. અને મને લાગે છે કે કહીંક કંઇક ભૂલ હોવી જોઇએ. વ્યય નામનો સંવત્સર શક વર્ષ ૭૮૮ જે ગયુ અને ૭૮૯ નુ વર્ષ જે ચાલુ તેને મળતો આવે છે.

## પ્રભૂતવર્ષ તથા નિત્યવર્ષ.

મી. ફ્લીટે એક શિલાલેખ પ્રગટ કર્યો છે જેની તારીખ શક ૮૪૦ પ્રમાથીની છે, જે વર્ષમાં પ્રભૂતવર્ષ રાજ્ય કરતો રાજા [૧] હતો. આ રાજા તથા જગત્તુંગ ૨ એ બંને એકજ હતા એમ તે કહે છે. તે પછી તુરતજ બીજો શિલાલેખ જે તેણે આપ્યો છે તેની તારીખ શક

---

૧ ઇ. એ. વો. ૧૨ પૃ. ૨૬૩ તથા તે પછીનાં જોવાં.

૨ તેજ પુસ્તક પૃ. ૨૧૬.

૧. ઈ. એ. વો. ૧૨ પૃ. ૨૨૨

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૮૩૮ ધાતુની છે, જ્યારે નિત્યવર્ષ ગાદી ઉપર [2] હતો. હવે ઈંદ્ર ૩ જે જગત્તુંગ ૨ નો પુત્ર હતો તેનું એક નામ નિત્યવર્ષ હતું, કારણ કે સાંગલીના દાનપત્રમાં ઈંદ્રના પુત્ર ગોવિંદ ૪ ના વિશે એમ કહેવામાં આવ્યું છે કે તે નિત્યવર્ષના પગનું ધ્યાન કરતો હતો. અને મી. ફ્લીટ પોતે તેને ઈંદ્ર ૩ નું બીજું નામ હતું એમ સ્વીકારે છે. જો કે તે તેને ઈંદ્ર ૪ કહે છે. આ પ્રમાણે પિતાની તારીખ શક ૮૪૦ અને પુત્રની ૮૩૮ થાય છે જે અશક્ય છે. માટે હું એમ ધારૂં છું કે જે પ્રભૂતવર્ષ વિશે ત્યાં લખવામાં આવ્યું છે તે ગોવિંદ ૪ હતો. જો કે લોકો તેને સુવર્ણવર્ષ કહેતા હતા, તોપણ તેનું નામ તો તેજ હતું. કારણકે સાંગલીના દાનપત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે " જો કે તે પ્રભૂતવર્ષ હતો, તોપણ લોકોથી તેને સુવર્ણવર્ષ કહેવામાં આવતો (એટલે સોનાનો વર્ષાદ વરસાવનાર) કારણકે ( પોતાનાં દાનોથી ) સોનાની નદીઓ વહેવરાવીને તેણે આખી પૃથ્વીને એકલી સુવર્ણમય[1] કરી દીધી હતી. જગત્તુંગ ૨ ને પ્રભૂતવર્ષ કહેવામાં આવતો એવું મી. ફ્લીટનું કહેવું છે તેનો આધાર એક અનુમાન ઉપરજ છે, અને આ વાક્યમાં તો આપણને સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે તે તો ગોવિંદ

---

૨. એજ પુસ્તકનું પૃ. ૧૨૪

૧ **वर्षन्सुवर्णवर्षः प्रभूतवर्षोऽपि कनकधाराभि :।**
**जगदखिलमेककांचनमयमकरोदिति जनैरुक्त :।।**

આનો તરજુઓ મી. ફ્લીટ આ પ્રમાણે કરે છેઃ—બક્ષીસોનો વર્ષાદ વરશાવતો. સોનાની ધારા વરસાવતો અને બહુજ વર્ષતો—તેથી લોકો તેને વિશે એમ કહેતા હતા કે તેના સોનાના વરસાદથી તેણે આખા જગત્‌ને સુવર્ણમય કર્યું હતું. " ( ઈ. એ. વા. ૧૨ પૃ. ૨૫૦—૨૫૩ ) આ તરજુમામાં તે શ્લોકનો મુખ્ય મુદ્દો તો જતો રહ્યો છે તેથી તે ખોટો છે. **अपि** એ શબ્દ તો તદ્દન મુકીજ દેવામાં આવ્યો છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૪ ના નામોનું એક હતું. અકાલવર્ષ કૃષ્ણની છેલ્લામાં છેલ્લી તારીખ શક ૮૩૩ છે. તે વર્ષમાં તે મરી ગયો હતો એમ ધારીએ, તથા શકે ૮૪૦ [ જે ૮૪૧ ને બદલે ભૂલ છે તે ) માં ગોવિંદ ૪ એ પોતાનું રાજ્ય શરૂ કર્યું એમ ધારીએ, તો જગત્તુંગ ૨, તેનો પુત્ર ઇંદ્ર ૩, તથા ઇંદ્રના મોટામાં મોટા પુત્ર અમોઘવર્ષ ૨, એ ત્રણેનાં રાજ્યો ફકત સાત વર્ષ જ ચાલ્યાં. પણ ખારેપાટણના દાનપત્રમાં જગત્તુંગને અકાલ વર્ષની પછી કહેવામાં આવ્યો નથી, પણ અકાલવર્ષના પૌત્ર ઇંદ્રને કહેવામાં આવ્યો છે, તેથી હું એમ સમજુંછું કે જગત્તુંગ બીલકુલ ગાદી ઉપર આવ્યોજ નહોતો, અને અમોઘવર્ષ ૨ એ તો ઘણા થોડા વખત સુધી રાજ્ય કર્યું હશે અથવા કદાપિ થોડાએક મહીના જ રાજ્ય કર્યું હશે, કારણ કે તેના ભાઇ ગોવિંદ ૪ એ તેને રાજ્ય ઉપરથી ઉઠાડી મુકયો હતો.

મી. ફ્લીટ ગોવિંદ ૪ ના બીજા એક શિલા લેખ શક ૮૫૧[1] ની તારીખનાની પણ વાત કહે છે.

## ગોવિંદામ્બા

મી૦ ફ્લીટે પ્રગટ કરેલી ખરડાના દાનપત્રની આબેહુબ નકલમાં ગોવિંદામ્બાના નામવાળો શ્લોક જેવો મી. વેધામે આપ્યો છે તેવોજ મને માલુમ પડે છે, પણ તેમાં ફેરફાર એટલોજ છે કે જગદ્રુદ્રને સ્થાને જગત્તુંગ છે, અને તેથી જે ભૂલો વિશે મે નોટ ૪ પૃ. ૫૩ મેં કહ્યું છે તે ભૂલો મી. વાધેનથી થયેલી નથી, પણ તે દાનપત્ર રચનાર અથવા કોતરનારથી થએલી હોવી જોઈએ. ખરડાના દાનપત્રમાં આ સ્થાને શબ્દો વધાર્યાની અથવા શબ્દ મુકી દીધાની ભૂલો છે તે વાત તો નિ:શંક છે. તેનો પાઠ અસલ જેવો છે તેવોજ જેઓ લેછે તેઓ તે ઉપરથી એમ સમજે છે કે ચેદીના શંકરગણની બે પુત્રીઓ નામે લક્ષ્મી તથા ગોવિંદામ્બાને જગત્તુંગ ૨ પરણ્યો હતો. આપણે પણ જો તેમજ

---

૧. ઇ. એ. વા, ૧૨ પૃ. ૨૪૯.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સમજીએ, તો તેનું પરિણામ એ થશે કે તે કરડાના દાનપત્રમાં ઇંદ્રની સ્ત્રી વિજામ્બા[1] વિશે તેમજ તેના પુત્રો અમોઘવર્ષ અને ગોવિંદ ૪ વિશે કાંઇ લખાણજ નથી, અને આમાંના છેલ્લા એટલે ગોવિંદ ૪ એ તો ઓછામાં ઓછું ૧૫ વર્ષ રાજય કર્યું હતું એ આપણે ઉપર જોયું છે. આવી વાત મુકી દેવામાં આવે એ અસંભવિત છે. વળી ગોવિંદામ્બા નામની સ્ત્રી સાથે જગત્તુંગના લગ્ન સંબંધી કાંઇ પણ વાત સાંગલીના દાનપત્રમાં આવતી નથી. અગાઉ મેં જણાવ્યું છે તે મુજબ આ નામ વિચિત્ર છે. અને ખરડાના દાનપત્રમાંની આ લીંટી " **श्रीमानमोघ वर्षो गोविंदाम्बाभिधानायाम्** " નો અર્થ એમ જણાય છે કે ઇંદ્રના બે પુત્ર અમોઘવર્ષ અને ગોવિંદનાં નામ તથા તેમની માતા અમ્બા અથવા વિજામ્બા એ બધાંનાં નામ આપવાનો હેતુ છે. અને મને એમ જણાય છે કે નીચેનો શ્લોક જેમાં એક રાજાની ઉદારતાનાં વખાણ કરવામાં આવ્યાં છે તે શ્લોક ગોવિંદ ૪ ને લાગુ પડે છે, જેને પૂર્વે કહ્યા પ્રમાણે લોકો સુવર્ણવર્ષ કહેતા હતા કારણ કે " તે સોનાનો વર્ષાદ વરસાવતો હતો. " માટે તે રાજાનું નામ તેની અગાઉ તુરતજ જે શ્લોક આવે છે તેમાં આવવું જોઇએ. આની પૂર્વે જે લીટી **श्रीमान्** થી શરૂ થતી છે તે ભૂલથી અંદર લખાઇ ગઈ હશે. અને અત્રે તેમજ તેની આગળના શ્લોક પછી જયાં કૃષ્ણરાજનું નામ એકદમ આવે છે અને કૌંસમાં મુકવામાં આવ્યું હોય એમ લાગે છે ત્યાં આગળ ઘણું કરીને એકાદ અથવા બે શ્લોકો ભૂલથી મુકી દેવામાં આવ્યા છે.

---

૧. સાંગલીના દાનપત્રની પોતે ફરીથી તપાસીને કરેલી પ્રત તથા તરજુમામાં મી૦ ફલીટ તેને દ્વિજામ્બા કહે છે પણ તેની આબેહુબ નકલ જે તેણે આપી છે તેમાં જે બે સ્થાને તેનું નામ આવે છે ત્યાં ચોખ્ખું વિજામ્બા છે. વિજામ્બાનું સંસ્કૃતરૂપ વિદ્યામ્બા છે. ઇ. એ. વા. ૧૨ પૃ. ૨૫૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પછીના રાજાઓ.

ધારવાડ જીલ્લાનો એક શિલાલેખ [1] જે મી. ફ્લીટે પ્રગટ કર્યો છે તે મુજબ શક ૮૭૩ માં કૃષ્ણ ૩ ગાદી ઉપર હતો, અને બીજા એક શિલાલેખ [2] પ્રમાણે તેનો ભાઇ ખોટીગ શક ૮૯૩ પ્રજાપતિમાં રાજ્ય કરતો રાજા હતો. આ રીતે કૃષ્ણની તારીખો ૮૬૭, ૮૭૩ અને ૮૭૮ શક ની છે.

પૃ. ૫૪ ની નોટ ૨ માં આપેલા તે વાકયોના મી. વાથેનના ભાષાંતરને મી. ફ્લીટ વળગી રહે છે જે ઉપરથી એમ નીકળે છે કે તેમાં લખેલો કૃષ્ણ જગત્તુંગ ૨ નો પુત્ર હતો. તેના વ્યાકરણ બાબત જે ચર્ચા મેં કરી છે તેથી વધારે કરવાની જરૂર નથી. ઉપર અગાઉ કહ્યા પ્રમાણે તે એક બીજા કૃષ્ણને લાવે છે. જેને તે કૃષ્ણ ૪ કહે છે અને ખોટીગનો નાનોભાઈ અને છેલ્લા રાષ્ટ્રકૂટ રાજા કક્કલનો પિતા નિરૂપમ તે તેજ હતો, તથા જે કૃષ્ણની તારીખો શક ૮૬૭ થી ૮૭૮ સુધીમાં આવે છે તે પણ તેજ હતો એમ કહે છે. પણ જો ખોટીક તેનો મોટો ભાઈ હતો તો તે શકે ૮૯૩ માં રાજ્ય કરતો હતો અને કૃષ્ણ ૮૬૭ થી ૮૭૮ શક સુધીમાં એટલે તેની મોટાભાઇ પૂર્વે રાજ્ય કરતો હોય એ અશકય છે. માટે ખારેપાટણના દાનપત્રમાં કહ્યા પ્રમાણે એમાંથી કૃષ્ણ મોટો હતો અને ખોટીક નાનો હતો. તો પણ આ છેલ્લો મોટો ભાઇ હતો તેવી માન્યતા મી. ફ્લીટના મનમાં છે. તેથી તે તારીખોમાં જે તફાવત પડે છે તે વિશે તે નીચે પ્રમાણે ખુલાસો આપે છે. કોટીગ અથવા ખોટીગને કાંઈ પણ સંતતિ હતી નહીં અને હાલ પ્રગટ થએલા તેના શિલાલેખની તારીખ કૃષ્ણ ૪ ની મળી આવેલી તારીખો કરતાં ઘણી મોડી કેમ છે તેનું કારણ આથી સમજાઇ આવે છે, તે એ કે " ખોટીગને કાંઇ પણ

૧ ઈ. એ. વા. ૧૨ પૃ. ૨૫૭

૨ તેજ પુસ્તક પૃ. ૨૫૫

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ફરજંદ મુકી જવાનો સંભવ નહીં હતો તેથી પેહેલાં તેના નાના ભાઇ કૃષ્ણ ૪ ને તેની સાથે રાજ્યકારભારમાં જોડવામાં આવ્યો હતો અને તે પછીથી તેના પુત્ર કક્કલ ૩ ને જોડવામાં આવ્યો હતો, " [૧] આ અનુમાનને કોઇ પણ વાતથી ટેકો મળતો નથી; તેથી ઉલટું તો કૃષ્ણના શિલાલેખો જેમાં તેને " મહાન રાજાઓ [૨] ના ઉપરી રાજા " તરીકે કહેવામાં આવ્યો છે અને તે સમયે માન્યખેટમાં તે રાજ્ય કરતો હતો અને રાજ્ય ચલાવતો હતો એમ કહેવામાં આવ્યું છે, આ સર્વ શિલાલેખોથી આ વાત તદ્દન નાસાબીત થાય છે. કારણકે તેમ નહીં હોત તો તેને યુવરાજ કહ્યો હોત.

કરડાના દાનપત્રમાં ખોટીકને ખોટ્ટીગ કહેવામાં આવ્યો છે. પણ ખોટવીગ નહીં.

આ કેટલાએક નવા શિલાલેખો ઉપરાંત વળી એક નવા શિલાલેખ માટે આપણે મી. ફ્લીટના આભારી છીએ. તેની તારીખ શક ૮૯૬, ચાલુ વર્ષ **શ્રીમુખ** છે જે સમયે રાજ્ય કરતો રાજા કક્કલ [૧] હતો. આજ વર્ષમાં રાષ્ટ્રકૂટોનો તૈલપે પરાજય કર્યો હતો.

---

૧ ઈ. એ. વો. ૧૨ પૃ. ૨૫૫

૨ એજ પુસ્તક પૃ. ૨૫૮

૩ ઇ. એ. વા. ૧. પૃ. ૨૧૦

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૧૪, પૃષ્ઠ ૭૬.

## સેઉણદેશ.

આ નામ હાલના ખાનદેશમાં સચવાઇ રહયું હોય એમ લાગે છે. મુંબાઇ ગેઝીટીયરના ખાનદેશના પુસ્તકના આરંભના પૃષ્ટની એક ફુટ-નોટમાં તે પુસ્તકના પ્રગટ કર્ત્તા એમ લખે છે, કે તે દેશનું નામ મુસલમાન સમય અગાઉ ઘણું જાનુ હતું, અને ગુજરાતના અહમદ ૧ લાએ ફારૂકી રાજાઓને આપેલી "ખાન" ના ખીતાબને મળતું આવવા માટે તે જુનુનામ તેઓએ પાછળથી ફેરવ્યું હયું. માટે ઘણું કરીને તેનું અસલ નામ **સેઉણદેશ** હતું. અને આ નામ પાછળથી ફેરવીને ખાનદેશ કરવામાં આવ્યું હતું અને અસલના નામ માથે આ નામ વધારે મળતુ આવે છે તેથી આ નવું નામ તુરતજ સામાન્ય વાપરવામાં પ્રચલિત થયું. હાલના ખાનદેશના જીલ્લા કરતાં વધારે દક્ષિણ તરફ તે દેશનો વિસ્તાર હતો, કારણકે દેવગિરિ અથવા દોલતાબાદ તેમાં આવી જતું હતુ અને તાપી નદીની ઉત્તરનો પ્રદેશ ઘણું કરીને તેમાં આવતો નહોતો.

---

૧. ઈ. એ. વા. ૧૨ પૃ. ૨૭૦

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ફરજંદ મુકી જવાનો સંભ–

પ્રકરણ ૧૫, પૃષ્ટ ૯૨.

---

## જજજલ અને કકકુલ.

---

જજજલ કે જેના હાથીઓ સિંધણ લઈ ગયો હતો એમ કહેવામાં આવ્યું છે, તે છત્રીસગઢના પ્રદેશ ઉપર રાજ્ય કરતી ચેદી વંશની પૂર્વ તરફ.. શાખાનો એક રાજા હોવો જોઈએ, કારણકે તે વંશની ૧ વંશાવલિમાં તે નામ આવે છે. કકકલ એ નામ કોકકલ તેજ છે, અને તે વંશની પશ્ચિમ તરફની શાખા જેની રાજ્યધાની ત્રીપુર અથવા તેવુર હતી તે શાખાના કેટલાએક રાજાઓનું આ નામ હતું.

---

૧. જ. કનીંગહામના આ. રીપોર્ટસ વા. ૧૭ પૃ. ૭૫–૭૬ અને ૭૯.

સમાપ્ત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust